CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાષાશાસ્ત્ર અને પ્રાચીન ભારતીય આર્યભાષા

~ લેખક ~

પ્રોફે. વસન્તકુમાર મ. ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ

ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ-૩૮૦ ૦૦૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાષાશાસ્ત્ર
અને
પ્રાચીન ભારતીય આર્યભાષા

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ–૩૮૦૦૦૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

© લેખક

અદ્યતન આવૃત્તિ : ઈ.સ. ૨૦૧૮-૧૯

મૂલ્ય : રૂા. ૧૨૦-૦૦

પ્રકાશક : અશ્વિનકુમાર બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ - ૩૮૦૦૦૧. ફોન : ૨૫૩૫૬૬૯૨

મુદ્રક : શ્રી રામાનંદ ઑફસેટ, અમદાવાદ ★ મો. -૯૮૨૪૦૫૩૭૭૨

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમર્પણ

જેમને માટે આ પુસ્તક
તૈયાર કર્યું છે
તે
સૌ વિદ્યાર્થી–મિત્રોને સ્નેહપૂર્વક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિવેદન

સંસ્કૃત ભાષાને મૃતભાષા કહીને તેનાથી વિમુખ થનારા પરદેશી વિદ્વાનો પણ સર વિલિયમ જ્હોન્સના વ્યાખ્યાનથી પ્રેરાઈને સંસ્કૃત ભાષાની સમુપાસના કરવામાં લાગી ગયા. પરિણામે તુલનાત્મક ભાષાશાસ્ત્રનો જન્મ થયો અને સંસ્કૃત ભાષાનું અસાધારણ મહત્ત્વ ઉપસી આવ્યું ! ૧૯મી સદીની સૌથી મોટી ઘટના રૂપે જે તુલનાત્મક ભાષાશાસ્ત્રનો વિકાસ થયો તેનો સ્વલ્પ પરિચય કરાવતું આ ''ભાષાશાસ્ત્રીય અને પ્રાચીન ભારતીય આર્યભાષા'' નામનું પુસ્તક પ્રકટ થતાં આનંદ થાય છે.

ભાષાનો અભ્યાસ કરવાની બે જુદી જુદી પદ્ધતિઓ પાણિનિએ અને યાસ્કે બતાવી જ છે. એમાં પૂરક બનતી ત્રીજી પદ્ધતિ આ તુલનાત્મક ભાષાશાસ્ત્રે વિકસાવી છે. (તુલનાત્મક ભાષાશાસ્ત્રના પગલે પગલે ૨૦મી સદીમાં ભાષાવિજ્ઞાનનો ઉદય થયો છે; આ ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કરતાં પહેલાં ભાષાશાસ્ત્રનો પરિચય હોવો લગભગ અનિવાર્ય ગણાય)–આવા આ મહત્ત્વના શાસ્ત્રને જાણીને, સંસ્કૃતાનુરાગી વિદ્યાર્થી મિત્રોની વ્યુત્પત્તિ–જિજ્ઞાસા જાગે એવી અપેક્ષા છે.

*

આ પુસ્તક તૈયાર કરવામાં જેમના પુસ્તકોનો મેં ઉપયોગ કર્યો છે, તે સૌનો હું ઋણી છું. ડૉ. અરવિંદ ભંડારીની શુભેચ્છાઓ માટે આભારી છું તથા પ્રકાશક શ્રી અશ્વિનભાઈ બી. શાહનો પણ આભારી છું.

– વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

A–2, સુરભિ એપાર્ટમેન્ટ,
સુભાષ સોસાયટી, ઈશ્વરભવનની પાછળ,
વિજય ચાર રસ્તા (પૂર્વ)
અમદાવાદ–૩૮૦ ૦૦૯.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિષયાનુક્રમ

પ્રકરણ—૧ :

૧. ભાષાનું લક્ષણ (પૃ. ૧), ૨ અને ૩. મનુષ્ય અને ભાષા (૧), ૪. ભાષાની ઉત્પત્તિના પ્રેરક પરિબળો (૧, ૨), ૫. ભાષા : એક આડ—પેદાશ (૨), ૬. ભાષાની ઉત્પત્તિ અંગેના વિવિધ વાદો (૨, ૩), ૭. ભાષા અનાદિ—અનંત છે, સામાજિક વારસો છે અને શીખવી પડે છે.(૩, ૪), ૮. ભાષા પરિવર્તનશીલ છે (૪).

પ્રકરણ—૨ :

૯. પશ્ચિમના દેશોમાં ભાષાનું અધ્યયન (પૃ. ૫), ૧૦. પૂર્વના દેશોમાં ભાષાનું અધ્યયન (૫, ૬), ૧૧. બે ભાષાઓના તુલનાત્મક અભ્યાસનું બીજારોપણ (૬, ૭), ૧૨. તુલનાત્મક ભાષાઓનું ઉદ્‌ભાવક પ્રવચન (૭), ૧૩. ભાષાશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર (૭), ૧૪. ભાષાશાસ્ત્રનું ખેડાણ (૭, ૧૧), ૧૫. ભાષાશાસ્ત્રની ત્રિવિધ પદ્ધતિઓ (૧૧), ૧૬. ભાષાશાસ્ત્ર અને સંસ્કૃત ભાષા (૧૨, ૧૩).

પ્રકરણ—૩ :

૧૭. ધ્વનિ નિયમો (પૃ. ૧૪), ૧૮. ગ્રીમનોં નિયમ (૧૪—૧૭), ગ્રીમનો ઉપનિયમ (૧૭), ગ્રાસમેનનો નિયમ (૧૮—૧૯), વર્નેરનો નિયમ (૧૯, ૨૦), સાદશ્યનો નિયમ (૨૦, ૨૧), ૧૯. તાલવ્ય—નિયમ (૨૧), ગ્રીક નિયમ (૨૨), લેટિન નિયમ (૨૨), પ્રાકૃત નિયમો (૨૨); ૨૦. ભાષાના મુખ્ય ચાર અંગોમાં થતું પરિવર્તન (૨૨), ૨૧. ભાષા પરિવર્તનનાં કારણો (૨૩), ૨૨. ધ્વનિ પરિવર્તનના પ્રકારો (૨૩).

પ્રકરણ—૪ :

૨૩. ભારત—યુરોપીય પ્રજાનું નિવાસસ્થાન અને સ્થળાંતર દર્શાવતો નકશો (પૃ. ૨૭, ૨૮), ૨૪. ભારત—યુરોપીય પ્રજાના સ્થળાંતર વિષે મતમતાંતરો (૨૮), ૨૫. ભારોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન અને નામ (૨૯), ૨૬. ૨૭. ભારોપીય પ્રજાની જુદી જુદી ટુકડીઓનું જુદા જુદા તબક્કે સ્થળાંતર (૨૯—૩૦), ૨૮. તોખારી લોકોની ચોથી ટુકડી (૩૧).

પ્રકરણ—૫ :

૨૯. ભાષાઓનું દ્વિવિધ વર્ગીકરણ (૩૨), ૩૦. આકૃતિમૂલક વર્ગીકરણ (૩૨, ૩૩), ૩૧. ડો. ભાંડારકરની સમીક્ષા (૩૪), ૩૨. ભાષાઓનું આનુવંશિક વર્ગીકરણ (૩૪, ૩૫), ૩૩. ભારત—યુરોપીય ભાષાકુળ દર્શાવતો ચાર્ટ (૩૫), સતમ્ વર્ગ (૩૬), કેન્તુમ વર્ગ (૩૬), ૩૪. સતમ્ વર્ગ અને કેન્તુમ્ વર્ગનાં ભેદક લક્ષણો અને ઉદાહરણો (૩૬—૩૯), ૩૫. સતમ્ વર્ગની શાખાઓનું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિવરણ (૪૦–૪૩), ૩૬. કેન્તુમ્ વર્ગની શાખાઓનું વિવરણ (૪૩–૪૫), ૩૭. હિટ્ટાઈટ ભાષા (૪૬–૪૮), ૩૮. ભારત–યુરોપીય ભાષાકુળનાં નામાન્તરો (૪૯).

પ્રકરણ–૬ :

૩૯. આદિમ ભારત–યુરોપીય ભાષાનું સ્વરૂપ (૫૦), ૪૦. આ. ભા. યુ. ભાષાના મૂળ સ્વરો (૫૦), વ્યંજનો (૫૧), ૪૧. આ. ભા. યુ.ની પદરચના (૫૧), ૪૨. અપશ્રુતિ (સંપ્રસારણ) (૫૨), ૪૩. આ. ભા. યુ.નાં કારકો (૫૪), ૪૪. આ. ભા. યુ.નાં ક્રિયાપદો (૫૫–૫૬), ૪૫. આ. ભા. યુ.ની વાક્યરચના (૫૦).

પ્રકરણ–૭ :

૪૬. ભારત–ઈરાની શાખા (૫૮), ૪૭. ભારત–ઈરાની શાખાને બે પ્રતિનિધિ ગ્રન્થો (૫૮), ૪૮. ઈરાની પ્રજા (૫૯), ૪૯. ભારત–ઈરાની શાખાનું વિભાજન (૫૯), ૫૦. વેદ અને અવેસ્તાની તુલના (૬૦), ૫૧. સ્વર (૬૦), ૫૨. વ્યંજનો (૬૩), ૫૩. પદરચના (૬૪), ૫૪. અવેસ્તાની ભાષાનો પરવર્તી વિકાસ (૬૬), ૫૫. દરદ ઉપશાખા (૬૭).

પ્રકરણ–૮ :

૫૬. સંસ્કૃત ભાષા (૬૯), ૫૭. સંસ્કૃત ભાષાના સ્વર ધ્વનિઓનો વિકાસ (૭૦), ૫૮. સ્વરોનાં સાનુનાસિક રૂપો (૮૩), ૫૯. સંસ્કૃત ભાષાના વ્યંજન ધ્વનિઓનો વિકાસ (૮૪), ૬૦. અપરિવર્તિત વ્યંજન ધ્વનિઓ (૮૫), ૬૧. પરિવર્તિત વ્યંજન ધ્વનિઓ (૮૫), ૬૨. નવા વિકસેલા વ્યંજન ધ્વનિઓ (૯૫), ૬૩. નાસિક્ય ધ્વનિઓનો વિકાસ (૯૯), ૬૪. અન્તઃસ્થ ધ્વનિઓ અને તરલ ધ્વનિઓ (૧૦૦), ૬૫. ઊષ્માક્ષરોનો વિકાસ (૧૦૩) ૬૬. સંસ્કૃત ભાષામાં બલાઘાત કે સ્વરભાર (૧૦૫).

પ્રકરણ–૯ :

૬૭. ધ્વનિનું લક્ષણ (૧૧૬), વાગ્ અવયવો (૧૧૭); ૬૮. ધ્વનિઓનું દ્વિવિધ વર્ગીકરણ (૧૧૮), ૬૯. સ્વર ધ્વનિઓ (૧૧૮), ૭૦. વ્યંજન ધ્વનિઓના સ્થાન અને પ્રયત્ન (૧૨૦), ૭૧. વૈદિક ધ્વનિસમૂહ (૧૨૨).

પ્રકરણ–૧૦ :

૭૨. પ્રાચીન ભારતીય આર્યભાષાનો પરવર્તી વિકાસ (૧૨૪), ૭૩. ભારતીય આર્યભાષાઓનું કાલની દૃષ્ટિએ ત્રણ ભાગમાં વિભાજન (૧૨૫), ૭૪. મધ્યકાલિક આર્યભાષાઓ (૧૨૭), ૭૫. ભારત યુરોપીય ભાષાકુળનો પરિવાર દર્શાવતું વંશવૃક્ષ (૧૨૭, ૧૨૮).

★ ★ ★

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભારત–યુરોપીય ભાષાકુળનાં તુલનાત્મક શબ્દ રૂપો

अक्तो—१७
अग्नि—४३
अजति—७०
अज्ञात—७२
अज्र—७०
अदिशत्—५५
अपि—६१
अवि—७१, ७४
अश्मन्—६१
अष्ट—४६, ४७
असुर—६४
अस्ति—१७, ४३, ७१
अस्थि—४७
आर्य > ઇરાન—૫૯
इन्द्र—३१
इन्द्रशत्रुः—११३
उग्र—९०
ऋक्ष—७६, ८३, १०४
एधस्—७७
एति—४३, ७७
ओज्मस्—७८
कः—१६, २१, ३९, ८९
कर्म—२६
क्रविष्—८९
क्रूरः—८९
क्षा—७३
गच्छति—२५, ९३
गाम्—७३, ८१, ९०
गिरि—७४
गुरु—७५
गो—१६, ९०
घन—९१
च—२१
चकार—९२
चक्र—२४
चचक्ष—९२
चिद्—२१, ९२
जहि—२५
जात—७३
जानु—११४
जीव—९०, ९३
जोषति—७८
ततः—७२, ११४
त्रि—१६, ८६
ददर्श—६१
ददाति—७३, ८२, ८७
दधामि—१८
दश—८७
दातस्—५२
दिदोष्टि—७७

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

द्यौ–८१
धर्म–२५
धूम–८७
नप्ता–१७
नासत्यौ–३१
नौनौभिः–८१
पति–७१
पिता–१२, १६, ७४, ८५
पुस–७५
पुरुष–२५
फल–८६
बभास–१८
बल–८६
बाधन्–१६
बोधति–१८
भृ > भरामि–१२, ५७, ८६, १०२
भ्रातृ–१९
भ्रू–७५
मख–९०
मातृ–२०, ७२
मांस–७३
मित्र–३१
मुकुट–२५
यज्ञ–६४, ६५
युगम्–२१, ७५, ८३
वल्कल–२४
वरुण–३१
वाक्–६२
वाराणसी–२५
वित्त–२५
विधवा–१६
वीर–२९
वृकः–५४, ८३
वेद–७७
रथ–८७, १०२
रुधिर–२५, १०२
रोचयति–७८
लोक–७८, १०१
शतम्–१९
शुच (शुक)–९२
शोषु–८८
सखा–६३
सप्तन्–१९, १०३
स्नुषा–२०
स्पश–१७
स्वर्णः–२५

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ શ્રીઃ ॥

પ્રકરણ—૧

1. ભાષાનું લક્ષણ : યાદચ્છિક ધ્વનિસંકેતોની એક વિશિષ્ટ વ્યવસ્થાને 'ભાષા' કહે છે. આ ભાષા દ્વારા માનવ સમુદાય પોતાના વિચારો અને લાગણીઓની અભિવ્યક્તિ/આપ—લે કરતો હોય છે. અથવા તો આવી ભાષા શ્રોતામાં કોઈક પ્રતિભાવ જગાડવા વપરાતી હોય છે.

2. આજ દિન સુધી 'મનુષ્ય એક સામાજિક પ્રાણી છે;' 'મનુષ્ય એક બુદ્ધિશાળી પ્રાણી છે' એવાં વાક્યોથી માણસની ઓળખાણ (અન્ય પ્રાણીઓથી મનુષ્યપ્રાણી કેવી રીતે જુદું પડે છે તેની ઓળખાણ) આપવામાં આવતી રહી છે. પરંતુ આધુનિક જગતમાં, અનેક વિદ્વાનોએ એ વાત ઉપર ધ્યાન દોર્યું છે કે ''મનુષ્ય એક બોલતું—'ભાષા'નો ઉપયોગ કરતું—પ્રાણી છે.'' બીજા શબ્દોમાં કહીએ તો મનુષ્ય પાસે પોતાંના વિચારોનો વિનિમય કરવા માટે એક એવું—ભાષા રૂપી—સાધન છે કે જેના કારણે તે અન્ય પ્રાણીઓ કરતાં જુદું પડી જાય છે.

3. કેવળ મનુષ્ય પાસે જ ભાષા છે એમ કહીએ છીએ ત્યારે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે અન્ય પ્રાણીઓમાં પણ 'ભાષા' જેવું કંઈક જોવા મળે છે. દા.ત. પશુ—પક્ષીઓ ભય, સંવનન વગેરેની લાગણીઓ વ્યક્ત કરવા માટે અમુક અવાજો કાઢે છે. મધમાખીઓ ચોક્કસ પ્રકારની ગતિભંગિઓથી કઈ દિશામાં, કેટલે દૂર પુષ્પોનો બગીચો આવેલો છે ? એ બીજી મધમાખીને જણાવે છે. પરંતુ આ 'ભાષા' અત્યંત સીમિત જોવા મળે છે. જ્યારે મનુષ્યની ભાષા અસીમિત ક્ષમતા ધરાવે છે.

4. મનુષ્યોની પાસે 'ભાષા' કેવી રીતે આવી હશે ? ભાષાની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે ? — એ શાશ્વતિક વિવાદનો પ્રશ્ન છે. તથાપિ એટલું નિશ્ચિત છે કે — ૧. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ મુજબ, વાંદરામાંથી જ્યારે મનુષ્ય બન્યો હશે ત્યારે તે બે પગે ટટ્ટાર ચાલતો થયો હશે. પરિણામે વસ્તુઓ પકડવાનું કામં જે પહેલાં મુખ—દાંત—કરતા હશે તે કામ હવે હાથ કરવા લાગ્યા હશે. આમ મુખ વસ્તુઓ પકડવાના કામમાંથી નિવૃત્ત થયું હશે. પછી કાલક્રમે અકસ્માત્ શ્વાસ—ઉચ્છ્વાસની હવાને અંદર લેતી કે બહાર કાઢતી વખતે, મુખમાં રહેલી જીભને ઊંચી નીચી કરીને હવાને જુદા જુદા દાંત, તાલુ, મૂર્ધા વગેરે સ્થાનોમાં રોકીને/ઘર્ષણ કરીને તે અવાજ કાઢતાં શીખ્યો હશે. કાલક્રમે આ અવાજોની સંખ્યા પણ વધતી ગઈ હશે અને મનુષ્ય 'બુદ્ધિશાળી પ્રાણી' હોવાને કારણે તેણે તે દરેક અવાજને જુદા જુદા અર્થ (meaning)ની સાથે સાંકળ્યા હશે. આમ ભાષાના ઉદ્ગમમાં મનુષ્ય—જે ક્ષણે ટટ્ટાર ચાલતાં શીખ્યો હશે તે ક્ષણ ખૂબ જ મહત્ત્વની હશે. ૨. અન્ય પશુઓના બચ્ચાંઓની અપેક્ષાએ માનવનું બાળક જન્મ્યા પછી વધારે સમય પરાવલંબી રહેતું હોઈ સ્ત્રી—પુરુષને (અથવા બાળક અને જનેતાને)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વધારે સમય સાથે રહેવાનું પ્રાપ્ત થાય છે. તદુપરાંત ૩. મનુષ્ય જીવનમાં કોઈ નિશ્ચિત સંવનનકાળ જોવા મળતો નથી. આથી સ્ત્રી–પુરુષો બારે માસ પરસ્પર સાથે રહેતા હોઈને કુટુમ્બ વ્યવસ્થાનો જન્મ થયો હશે. આ કુટુમ્બ વ્યવસ્થાનું સ્વરૂપ જ એવું છે કે જેમાં વારંવાર પ્રત્યેક ક્ષણે વિચારો અને લાગણીઓની આપ–લે કરવાની અનિવાર્યતા ઊભી થાય. ભાષાની ઉત્પત્તિમાં આ ત્રણેય મોટાં પ્રેરક પરિબળો છે.

5. મુખમાં આવેલા દાંત, જીભ વગેરે અવયવો ખોરાક ચાવવાની અને ગળવાની ક્રિયા કરવા માટે કુદરતે બનાવ્યા છે કે અવાજનું ઉચ્ચારણ કરવા માટે બનાવ્યા છે ? એવો કોઈ પ્રશ્ન પૂછી શકે. તો અહીં એવું જણાય છે કે ખોરાક ખાવાની ક્રિયામાં સાહાય્ય કરવી એ દાંત, જીભ વગેરે અવયવોનું પ્રાથમિક કાર્ય છે. પરંતુ કાલાન્તરે અકસ્માત્ મનુષ્યે એ અવયવો પાસે અવાજનું ઉચ્ચારણ કરવાનું જે કાર્ય લીધું તે વધારાનું કાર્ય છે. અવાજના ઉચ્ચારણમાં મુખમાં આવેલાં દાંત, જીભ વગેરે અવયવોની સાથે હવાનો ઉપયોગ કરવામાં આવે છે. આ હવા શ્વાસ રૂપ હોય છે અથવા ઉચ્છ્વાસ રૂપ હોય છે. શ્વાસ–અંદર લેવાતી હવા–મુખમાં આવેલા ઉચ્ચારણ સ્થાનોની સાથે ઘસાઈને જે અવાજનું ઉચ્ચારણ થાય તેને Improsive sounds કહે છે. (સીંધી ભાષામાં અમુક વર્ણોના ઉચ્ચારણો મહદંશે આ પ્રકારનાં છે.) પરંતુ જો ઉચ્છ્વાસ–બહાર નીકળતી હવા–મુખમાં આવેલાં ઉચ્ચારણ સ્થાનોની સાથે ઘસાઈને જે અવાજનું ઉચ્ચારણ થાય તેને explosive sounds કહે છે. (દા.ત. સંસ્કૃત, ગુજરાતી). આમ, ખોરાક ખાવાની ક્રિયા કરનારાં અવયવોથી અને શ્વાસોચ્છ્વાસની હવાના ઉપયોગથી જે ભાષા (અથવા વૈખરી વાણી)નું પ્રકટીકરણ થાય છે તે એક પ્રકારની આડ–પેદાશ છે.

6. ભાષાની ઉત્પત્તિ અંગેના પ્રાથમિક એક–બે સંભવિત કારણોની ચર્ચા ઉપર ૪.માં કરી છે. આ ઉપરાંત, ભાષાની ઉત્પત્તિ અંગે બીજા પણ કેટલાક વાદો પ્રચલિત છે. જેમકે, ૧. ભાષા ઈશ્વરપ્રણીત છે. (Divine theory) નૈયાયિકોનું માનવું છે કે अस्मात् शब्दाद् अयम् अर्थो बोद्धव्य इति ईश्वरेच्छा । ''આ શબ્દમાંથી આ અર્થ મેળવવો એવી ઈશ્વરની ઇચ્છા છે.'' બીજું, આપણે સંસ્કૃત ભાષાને 'દેવોની ભાષા' કહીએ છીએ એનો અર્થ પણ એ જ છે કે મૂળમાં સંસ્કૃત ભાષા દેવોની હતી. જે પાછળથી મનુષ્યોને પણ પ્રાપ્ત થઈ હશે. ૨. અનુકરણ–વાદ. (Bow–Wow Theory) આદિ માનવોએ પોતાની આસપાસ પશુ–પક્ષીઓના અવાજ સાંભળીને અને વાદળોના ગડગડાટ, નદીઓના નાદ વગેરે સાંભળીને તેનું અનુકરણ કરવાનો જે પ્રયત્ન કર્યો હશે તેમાંથી 'ભાષા'ની ઉત્પત્તિ થઈ હશે. દા.ત. કૂતરાનો 'બાઉ–વાઉ' અવાજ સાંભળીને કૂતરા માટે 'બાઉ–વાઉ' શબ્દ નક્કી કરવામાં આવ્યો હશે. આને 'બાઉ–વાઉ વાદ' કહેવામાં આવે છે. આવા અનુકરણાત્મક શબ્દોને માટે Onomotopoeic અથવા Echoic શબ્દો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વપરાય છે. ૩. યા હે હો મત (Yo–he–ho theory) અર્થાત્ શ્રમધ્વનિ સિદ્ધાંત મુજબ, માણસોએ ભેગાં મળીને કોઈ ભારે પરિશ્રમવાળું કાર્ય કરતી વખતે જે હો હે હો–યો હે હો–ઇત્યાદિ અવાજો કર્યા હશે તેમાંથી ભાષા ઉત્પન્ન થઈ હશે. ૪. આવેગ સિદ્ધાંત અથવા પૂહ–પૂહ મત (Pooh–pooh theory or Interjectional theory) માણસોએ ભારે દુઃખની લાગણી અનુભવતાં તેમના મુખમાંથી જે 'અરેરે...' Pooh....Pooh વગેરે શબ્દો સરકી પડ્યા હશે તેમાંથી ભાષા ઉત્પન્ન થઈ હશે. ૫. સંકેત સિદ્ધાંત – Symbolic theory – ઇંગિત સિદ્ધાંત – Gestural theory – પ્રારંભે ચિત્રો દોરીને અને/અથવા આંગિક ચેષ્ટાઓ દ્વારા ભાવાભિવ્યક્તિ કરતાં કરતાં ધીરે ધીરે માણસ અવાજો કાઢતાં શીખ્યો હશે અને કાલક્રમે તે અવાજોને યાદૃચ્છિક રીતે અમુક અમુક અર્થની જોડે સાંકળવામાં આવ્યા હશે. કદાચ આ રીતે ભાષાની ઉત્પત્તિ થઈ હોય. ભાષાની ઉત્પત્તિ અંગે આવા બીજા ધાતુસિદ્ધાંત અથવા અનુરણન સિદ્ધાંત – Root theory or Ding–dong theory જેવા અનેક વાદો પ્રચલિત થયા છે. પરંતુ કમનસીબે આમાંથી એક પણ મત સર્વસ્વીકાર્ય બની શક્યો નથી. ઓટો જેસ્પર્સને લખ્યું છે કે ઇ.સ. ૧૮૬૬માં (આજથી એકસો ઓગણીસ વર્ષ પૂર્વે) ફ્રાંસમાં ભેગા મળેલા ભાષાશાસ્ત્રીઓએ નક્કી કર્યું હતું કે હવે પછી 'ભાષાની ઉત્પત્તિ' એ વિષય ઉપર કોઈએ સંશોધન–લેખ લખવો કે વાંચવો નહીં ! અદ્યાવધિ આ વિષય વિવાદાસ્પદ જ છે.

7. ભર્તૃહરિએ 'વાક્યપદીય'ના પ્રારંભે જે લખ્યું છે તે નોંધપાત્ર છે : अनादिनिधनं ब्रह्म शब्दतत्त्वम् यदक्षरम् । (વા. પ. ૧–૧અ) 'અક્ષર એવું બ્રહ્મ–શબ્દ તત્ત્વ–અનાદિ અને અનંત છે.' અર્થાત્ શબ્દવ્યવહારનું આરંભબિન્દુ નથી; અથવા હોય તો તે જાણી શકાય એમ નથી. કેમકે આપણા સૌનો એ અનુભવ છે કે માણસ પોતાના આસપાસના કુટુમ્બ–સમાજ–પાસેથી ભાષા શીખે છે. એક માનવશિશુ પોતાના માતા–પિતા પાસેથી ભાષા શીખે છે/મેળવે છે. આ માતાપિતાએ એમના માતાપિતા પાસેથી ભાષા મેળવી હતી. એ માતાપિતાએ–દાદાદાદીએ–એમના માતાપિતા પાસેથી ભાષા મેળવી હતી વગેરે. આમ વાગ્ વ્યવહાર સૌથી પહેલ–વહેલો એટલે કે કઈ સદીમાં, કયા યુગ યુગાન્તરમાં, કયા મન્વન્તરમાં શરૂ થયો હતો તે કોઈ જાણતું નથી. આ અર્થમાં શબ્દ–ભાષા–અનાદિ છે, નિત્ય છે.

અહીં ઉપરની ચર્ચામાંથી એક–બે મહત્ત્વના મુદ્દાઓ ફલિત થાય છે. ૧. ભાષા એ સામાજિક વારસો છે. અને ૨. ભાષાને શીખવી પડે છે. કોયલના બચ્ચાને ટહુકાર શીખવવો પડતો નથી કે વાંદરાના બચ્ચાને એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર કૂદતાં શીખવાડવું પડતું નથી. આ ક્રિયાઓ તેમને સહજ હોય છે. અર્થાત્ આ ક્રિયાઓ તેમને માટે એક આનુવંશિક વારસો છે. અમુક પક્ષીયોનિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કે પશુયોનિમાં જન્મ્યા એટલે અમુક ક્રિયા તેમને સહજ (= સાથે જન્મેલી હોય એમ સિદ્ધ જ) હોય છે. જ્યારે માનવશિશુને એ રીતે ભાષા સહજ હોતી નથી. એણે સમાજ પાસેથી ભાષા શીખવી (acquire કરવી) પડે છે. ઇતિહાસમાં એવાં દાખલાઓ નોંધાયા છે કે જંગલમાં યા એકાંતમાં ઉછરેલાં માનવ બાળકો મૂંગા હોય છે. આથી સિદ્ધ થયું છે કે માણસને ભાષા સહજ હોતી નથી. માણસે ભાષા પોતાના સમાજ પાસેથી શીખવી પડે છે. કોયલનું બચ્ચું કાગડાની માળામાં કાગડાના કા.....કા..... અવાજની વચ્ચે ઉછરે છતાંય તે જ્યારે બોલે ત્યારે તો કેવળ કુહૂ.....કુહૂ એવો કુહૂકાર જ બોલે છે. પરંતુ માનવશિશુની બાબતમાં આવું થતું નથી. ગુજરાતી માતાપિતાનું બાળક જો જર્મન બાળકોની વચ્ચે ઉછેરવામાં આવે તો તે પહેલી જર્મનભાષા જ શીખશે. એને ગુજરાતી ભાષા 'સહજ' નહીં હોય.

8. 'ભાષાને શીખવી પડે છે' એમ જ્યારે કહીએ છીએ ત્યારે ત્રીજી એક વાત તરફ આપણું ધ્યાન દોરવાય છે : એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ, એક પેઢી પાસેથી બીજી પેઢી ભાષા શીખે છે. ત્યારે એ ભાષામાં હંમેશા કંઈક પરિવર્તન થતું હોય છે. કેમકે શીખનાર વ્યક્તિની કે શીખવાડનાર વ્યક્તિની અમુક શ્રોત્રગત કે ઉચ્ચારણગત અશક્તિઓને કારણે ભાષાને યથાવત્ સ્વરૂપે સંક્રાન્ત કે સંગૃહીત કરી શકાતી નથી. શીખવનાર વ્યક્તિ અમુક વર્ણોનું સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકતી ન હોય તો અમુક અંશે ભાષાના ઉચ્ચારણમાં પરિવર્તન પ્રવેશે છે. એ જ પ્રમાણે, શીખનાર વ્યક્તિની અસાવધતાને કારણે તેની શ્રોત્રેન્દ્રિય અમુક ઉચ્ચારણ સ્પષ્ટ રૂપે ન સાંભળે તો પણ જુદા ઉચ્ચારણનો સંભવ ઊભો થાય છે. આવાં પરિવર્તિત ઉચ્ચારણો સમાજમાં જો વ્યાપક બને તો તે સમાજ ભાવિ પેઢીને મૂળમાં ન હોય તેવું જુદું જ ઉચ્ચારણ સંક્રમિત કરે છે. આમ જે તે સમાજની શીખવામાં આવતી ભાષામાં સતત પરિવર્તન થતું રહે છે.

★ ★ ★

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૨

9. પ્રાચીન સમયથી આરંભીને અદ્યાવધિ 'ભાષા'નું અધ્યયન થતું આવ્યું છે. પ્રાચીન ભારતમાં શિક્ષા ગ્રન્થો, પ્રાતિશાખ્યો, યાસ્કનું નિરુક્ત, પાણિનિની અષ્ટાધ્યાયી વગેરે આનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. ભારત બહારની દુનિયામાં જોઈએ તો પ્રાચીન ગ્રીસમાં પ્લેટોના Dialogues (ઇ.સ. પૂર્વે ૪૨૫—૩૪૮)માં aesthetics, stylistics અને philosophy ના દૃષ્ટિકોણથી ગ્રીક ભાષાનું અવલોકન કરવામાં આવ્યું છે. પ્લેટોના શિષ્ય એરિસ્ટોટલે (ઇ.સ. પૂર્વે ૩૮૪—૩૨૨) નામ, ક્રિયાપદ અને સંયોજક—એવા ત્રણ પ્રકારના શબ્દોનું પૃથક્કરણ કર્યું છે. એરિસ્ટોટલના અનુગામી Zeno (ઇ.સ. ૩૦૮) એ એક દર્શનશાખા સ્થાપી અને તેના અનુયાયીઓએ વ્યાકરણનો પાયો નાંખ્યો; તથા nominative, accusativ (પ્રથમા, દ્વિતીયાદિ) વિભક્તિઓનાં નામ પાડ્યાં અને છેક ઇ.સ. પૂ. ૩૦૦ થી ૧૫૦માં એલેકઝાન્ડ્રિયન યુગમાં ડાયોનિસિઅસ થ્રેક્સે ગ્રીક ભાષાનું પહેલું વ્યાકરણ રચ્યું. પ્રાચીન રોમની સ્થિતિ તપાસીએ તો, રોમનોએ ગ્રીકોની સંસ્કૃતિનો બધો વારસો સ્વીકાર્યો છે. રોમનોનું ભાષા વિષે કશુંય નવું અર્પણ નથી. રોમનોની લેટિન ભાષાનું વ્યાકરણ, ગ્રીકભાષાના વ્યાકરણને જ અનુસરતું હતું. ઇ.સ. ૫૧૨—૫૬૦માં પ્રિસિઅને Grammatical Categories વિષે ગ્રન્થો લખ્યા, જે પ્રમાણભૂત પ્રશિષ્ટ લેટિન વ્યાકરણ ગણાયું. ત્યારપછી રોમમાં ૧૮—૧૯મી સદી સુધી કશુંય નવું થયું નથી.

10. પ્રાચીન કાળથી પ્રવર્તેલા શબ્દ વ્યવહારને ભલે આપણે 'અનાદિ' (= જેનું આરંભબિન્દુ નથી તેવો, અથવા જેનું આરંભબિન્દુ જાણી શકાય એવું નથી તેવો) કહીને, શબ્દને નિત્ય માની લઈએ. પરંતુ ભાષાના અધ્યયનનો ઈતિહાસ જરૂર તપાસી શકાય એવો છે. ભાષાનું અધ્યયન કરતાં ભારતીય ગ્રંથોનો અગાઉ નિર્દેશ કર્યો છે. તેમાંથી બ્રાહ્મણગ્રન્થોના અમુક અંશો અને પ્રાતિશાખ્યો પ્રાયઃ અત્યંત પ્રાચીન ગણી શકાય, આ પ્રાતિશાખ્ય ગ્રન્થોમાં સન્ધિ, છન્દ, સ્વર; ઉચ્ચારણ વગેરેના સૂક્ષ્મ અને વિપુલ નિયમો નોંધાયેલા જોવા મળે છે. ત્યાર પછી પાણિનિ અને યાસ્કના ગ્રન્થો નોંધપાત્ર ગણી શકાય. (પાણિનિ અને યાસ્કનું પૌર્વાપર્ય અદ્યાવધિ વિવાદનો વિષય રહ્યો છે.) પરંપરા અનુસાર યાસ્કના નિરુક્તને પહેલા ગણીએ તો, શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ કેવી રીતે બંધાયો છે ?—એ યાસ્કની (અને યાસ્કની પૂર્વે શાકટાયન નામના એક વૈયાકરણની) ગવેષણાનો વિષય છે. પાણિનિ જેવા વૈયાકરણો શબ્દ, અર્થ અને તે બે વચ્ચેનો સંબંધ નિત્ય (અનાદિ) માને છે. પરંતુ યાસ્ક એવું માનતા નથી. યાસ્કના મતે, એવું જણાયું છે કે શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ માનવ પ્રયત્ન સાધ્ય છે. જગતના જે પદાર્થ—વસ્તુએ—જે ક્રિયા કરી હશે એ ક્રિયાને આધારે તે વસ્તુનું નામ પડ્યું હશે. દા.ત. વૃક્ષની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ડાળી પુષ્પ અને ફળનું વજન ઝીલી રાખવાનું કાર્ય કરે છે. આમ ડાળી વજન ઝીલી રાખવા શક્તિમાન છે તે જોઈને માણસોએ शक्नोति ક્રિયા ઉપરથી शाखा શબ્દ બનાવ્યો હશે ! આમ યાસ્કના મતે ભાષામાં વપરાતાં બધાં જ નામો કોઈકને કોઈક ક્રિયા(વાચક ધાતુ) ઉપરથી જ સાધવામાં આવેલાં છે : सर्वाणि नामानि आख्यातजानि (निरुक्त अ. १). જ્યારે પાણિનિ નામના વૈયાકરણના મતે તો શબ્દો, અર્થ અને તેમનો સંબંધ નિત્ય છે; આથી પાણિનિએ ભાષાનો અભ્યાસ જે દૃષ્ટિએ કર્યો છે તે યાસ્ક કરતાં ભિન્ન છે. કેટલાક લોકોના મતે પાણિનિએ પોતાના અષ્ટાધ્યાયી વ્યાકરણમાં સંસ્કૃત ભાષામાં વપરાતાં વાક્યો, રૂપો વગેરેનું પ્રકૃતિ–પ્રત્યયમાં વિભાજન = પૃથ્થકરણ કરીને વર્ણન કર્યું છે. (અર્થાત્ પાણિનિએ સંસ્કૃત ભાષાનું descriptive grammar લખ્યું છે.) પરંતુ આધુનિક મત એવો છે કે પાણિનિએ અમુક ચોક્કસ અર્થ અભિવ્યક્ત કરવા માટે કયા પ્રકૃતિ + પ્રત્યયને જોડવા પડશે અને એ પ્રકૃતિ + પ્રત્યયનો યોગ કરતી વખતે કયા કયા ધ્વન્યાત્મક ફેરફારો કરવા પડશે એના નિયમો લખીને, ''સંસ્કૃત વાક્ય'' કેવી રીતે નિષ્પન્ન કરી શકાય એ દર્શાવતું (वाक्यसंस्कारपक्ष ને સ્વીકારતું generative grammar) વ્યાકરણ લખ્યું છે. આમ પાણિનિના વ્યાકરણમાં અર્થ in–put છે અને રૂપ યા વાક્ય out–put છે. ઇ.સ. પૂર્વે છઠ્ઠી, પાંચમી સદીમાં ભારતની અંદર યાસ્ક અને પાણિનિ જેવા ભાષાવિદોએ અનુક્રમે શબ્દાર્થ સંબંધની ગવેષણા અને વાક્યરચના (અને વાક્યરચનાના એક ભાગરૂપે સંસ્કૃત ભાષામાં વપરાતાં/વાપરી શકાય એવાં રૂપોની સિદ્ધિ) કેવી રીતે કરવી એ દર્શાવતાં જે ગ્રંથોની રચના કરી છે તે અદ્યાવધિ જગતના ભાષાવિદોને આશ્ચર્યમુગ્ધ કરે છે; તથા ભાષાનું અધ્યયન કરવાની પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે છે.

11. પૂર્વના દેશોમાં અને પશ્ચિમના દેશોમાં ભાષાનું સર્વાંગીણ અથવા અંશતઃ અધ્યયન પ્રાચીન સમયથી આરંભાયું હતું. પરંતુ આ ભાષા–અધ્યયનોમાં કોઈ એક જ ભાષાને, અધ્યયનનો વિષય બનાવવામાં આવતો હતો. બે કે બેથી વધારે ભાષાઓ લઈને તેનું તુલનાત્મક અધ્યયન કરવાનું કોઈને સૂઝ્યું ન હતું. આવા પ્રકારના અધ્યયનનો વળાંક મધ્યયુગમાં અંશતઃ આરંભાયો હોય (અથવા તેનું બીજ રોપાયું હોય) એવા કેટલાક પૂરાવા પ્રાપ્ત થાય છે. જેમ કે, બાઈબલનો જગતની અન્ય ભાષાઓમાં અનુવાદ કરવાનું કાર્ય શરૂ થયું. ચોથી સદીમાં બાઈબલનો ગૉથિક ભાષામાં અનુવાદ થયો, પાંચમી સદીમાં આર્મીનિયમ ભાષામાં અનુવાદ થયો અને નવમી સદીમાં ઓલ્ડ ચર્ચ સ્લાવોનિક ભાષામાં અનુવાદ થયો. આ અનુવાદની પ્રક્રિયા દરમ્યાન બે ભાષાઓ વચ્ચે રહેલા સામ્ય–વૈષમ્યનો પહેલવહેલો પરિચય થયો હશે. એના સુપરિણામ રૂપે આમ્બ્રોઝિયો કાલેપિનોએ ઇ.સ. ૧૫૦૨માં poly glot– બહુભાષી ડીક્ષનેરી બનાવી. એક વ્યક્તિએ ૧૮૦૬–૧૮૧૭માં જગતની પાંચસો ભાષાની અંદર કેટલીક સ્તુતિઓનો અનુવાદ કર્યો. આ સમયે પશ્ચિમમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હિબ્રુને આદિમ ભાષા માનવામાં આવતી અને અન્ય ભાષાઓ તેમાંથી ઉતરી આવી છે એમ મનાતું હતું.

પરંતુ અઢારમા સૈકામાં, જેને આપણે વર્તમાન યુગનો આરંભ કહીશું તેમાં લાર્ડબનિત્સ નામના એક ભાષાવિદ્ થઈ ગયા. તેઓ હિબ્રુને 'મૂળ' ભાષા નહોતા માનતા. તેમને ભાષાઓના પારસ્પરિક સંબંધો અને ભાષાની વંશાવળી (અમુક, એક ભાષા બીજી કઈ ભાષામાંથી ઊતરી આવી છે ? તે) શોધવામાં રસ હતો.

12. કોલકાતાની અંદર રોયલ એશિયાટીક સોસાયટી ઓફ ઇન્ડિયાના ઉદ્‌ઘાટન પ્રસંગે સર વિલિયમ જોન્સે ઇ.સ. ૧૭૮૬માં જે પ્રવચન કર્યું, તેમાં તેમણે જણાવ્યું કે ગ્રીક અને લેટિન ભાષાની સાથે ભારતીય સંસ્કૃત ભાષાનું ઘણું સામ્ય જોવા મળે છે. આવું સામ્ય કેવી રીતે હોઈ શકે તે શોધવું જોઈએ. યુરોપ ખંડ અને એશિયા ખંડની આ ભાષાઓ વચ્ચેનું સામ્ય આકસ્મિક ન હોઈ શકે. આથી સંભવ છે કે આ ત્રણેય ભાષાઓ, તેમની પણ પુરોગામી એવી કોઈ એક અતિ પ્રાચીન ભાષામાંથી ઉતરી આવી હોય. ગ્રીક, લેટિન અને સંસ્કૃત ઉપરાંત, જગતની બાકીની જે ભાષાઓ છે (જર્મન, ઇરાનીયન વગેરે) તે પણ આ એક અતિપ્રાચીન ભાષામાંથી જ ઉતરી આવી હશે. જગતની વર્તમાન અનેક ભાષાઓનું મૂળ જે કોઈ એક અતિ પ્રાચીન ભાષામાં હોય, તે ભલે અત્યારે ઉપલબ્ધ ન હોય, પણ જગતની વર્તમાન ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને તે અતિ પ્રાચીનભાષાનું આપણે સંશોધન/કલ્પન કરવું જોઈએ. આમ સર વિલિયમ જોન્સે ભાષાઓના સામ્ય તરફ જે અંગુલિનિર્દેશ કર્યો, તેણે આજના ''ભાષાશાસ્ત્ર'' – Comparative Philology – નો જન્મ કરાવ્યો.

13. ''ફીલોલોજી'' એ બ્રીટીશ–પ્રયોગ છે. તુલનાત્મક અને ઐતિહાસિક ભાષા–વિજ્ઞાનને માટે એ શબ્દ વપરાયો છે. આ ફીલોલોજી (= ભાષાશાસ્ત્ર)ના અભ્યાસક્ષેત્રમાં ભાષાઓની ઉત્ક્રાંતિ, આંતરસંબંધો અને ભાષા પરિવર્તનનો સમાવેશ થાય છે. જ્યારે એ 'ફીલોલોજી' શબ્દ યુરોપ અને અમેરિકામાં પ્રયોજાય છે ત્યારે તે લિખિત–ગ્રન્થોના અભ્યાસને ઉલ્લેખે છે. અલબત્ત, આધુનિક સમયમાં ''Comparative Philology = તુલનાત્મક ભાષાશાસ્ત્ર''ને ''Comparative Linguistics = તુલનાત્મક ભાષાવિજ્ઞાન'' (પણ) કહેવામાં આવે છે. આ તુલનાત્મક ભાષાશાસ્ત્રનો વિકાસ અને પ્રચુર અભ્યાસ (મહદંશે) ૧૯મી સદીમાં થયો છે. આ તુલનાત્મક ભાષાશાસ્ત્રના સિદ્ધાંતો અને પદ્ધતિઓનો ઉપયોગ 'ભાષાકીય સંબંધો ઉપર આધારિત ભાષાઓના કુળોનો નિર્ણય' કરવા માટે થયો હતો. (The New Encyclopaedia Britannica, Micropaedia, Vol. VII, 15th edition, pp, 950–951).

14. સર વિલિયમ જોન્સના પ્રવચનથી પ્રેરાઈને ભાષાના કેટલાક અભ્યાસીઓ જગતની (= યુરોપ અને એશિયામાં બોલાતી/લિખિત સ્વરૂપે સંગ્રહાયેલી) ભાષાઓની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જનેતા સમી પ્રાગ્ ઐતિહાસિક કાળની લુપ્ત થઈ ગયેલી કોઈ એક ભાષાની (= 'ભારત–યુરોપીય' ભાષાની) શોધમાં લાગી ગયા.

જગત્ (= યુરોપ અને એશિયા)ની ભાષાઓનો મૂળ સ્રોત શોધવામાં, એ મૂળ સ્રોતના સ્વરૂપ નિર્ધારણમાં અને આ પરિવારની જુદી જુદી ભાષાઓની વચ્ચે રહેલા પારસ્પરિક સંબંધને શોધી કાઢવામાં જેમણે કંઈક મહત્ત્વનું પ્રદાન કર્યું છે તેવા વિદ્વાનોના નામ આ પ્રમાણે છે : કોલબ્રુક (Colebrook), ફોસ્ટર (Foster), એલેગ્ઝાન્ડર હૈમિલ્ટન (Alexander Hammton), ફ્રેડરિક શ્લેગલ (Friedrich Shlegel), ગ્રીમ (Grimm), રાસ્ક (Rask), બોપ્પ (Bopp), શ્લાઈકર (Schleicher), બેન્ફે (Benfey) બ્રુગમેન (Brugmann), વાકરનેગલ (Wackernagal), જ્યુલ્સ બ્લોખૂ (Jules Bloch), સ્ટર્ટવન્ટ (Strutevant) વગેરે.

આમાંથી કેટલાક વિદ્વાનોના મહત્ત્વના કાર્યની ટૂંકી નોંધ લઈશું :

(૧) ગ્રીમ (ઇ.સ. ૧૭૮૫–૧૮૬૩)ને 'ભાષાશાસ્ત્રના પિતા' તરીકેનું બિરુદ મળ્યું છે. તેમણે ઐતિહાસિક દૃષ્ટિએ જર્મન ભાષાનું વ્યાકરણ લખ્યું હતું. તેમણે કોઈ એક ભાષાના ધ્વનિઓને બીજી ભાષાના ધ્વનિઓમાં કેવી રીતે રૂપાંતરિત કરી શકાય એના વ્યવસ્થિત નિયમો રજૂ કર્યા; જેને Grimm's law કહેવામાં આવે છે. ગ્રીમના ધ્વનિપરિવર્તનના આ નિયમોને 'sound shift' નામ આપવામાં આવ્યું છે. આ નિયમો દ્વારા (કાલ્પનિક) આદિમ ઈન્ડો–યુરોપિયન ભાષાના વ્યંજનો આદિમ જર્મનમાં થઈને, જૂની હાઈ જર્મનમાં કેવી રીતે ઉતરી આવ્યા એ તેમણે બતાવ્યું.*

(૨) સમયાનુક્રમની દૃષ્ટિએ વિચારીએ તો, ગ્રીમની પણ પહેલાં ઈ.સ. ૧૮૧૮માં રાસ્ક નામના ડેનીશ વિદ્વાને જ ભાષાશાસ્ત્રની ખરેખરી શરૂઆત કરી હતી, પરંતુ તેમનું લખાણ ડેનીશ ભાષામાં હતું, તેથી પાછળથી પ્રકાશમાં આવ્યું. (૧૮૨૧માં ગ્રીમે પોતાના પુસ્તકની દ્વિતીય આવૃત્તિમાં આનો સ્વીકાર કર્યો છે.) રાસ્કને સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હતું. આથી તેમણે ગ્રીક, લેટિન અને જર્મન ભાષાઓનું જ તુલનાત્મક અધ્યયન કર્યું હતું. આ અધ્યયનના સાર રૂપે તેમણે જાહેર કર્યું હતું કે કોઈ બે ભાષાઓમાં મનુષ્યજીવનના આરંભિક અમુક શબ્દો (દા.ત., માતા, પિતા, ભાઈ, ઘર, પાણી, એક, બે વગેરે)નું જો સામ્ય જોવા મળતું હોય; ધ્વનિપરિવર્તનના અમુક વ્યવસ્થિત નિયમો અનુસાર જો એ બે ભાષાઓના શબ્દોનું રૂપાંતર કરી શકાતું હોય અને જો તે બે ભાષાઓનું રૂપતન્ત્ર પણ એકસરખું માલૂમ પડતું હોય તો એ બે ભાષાઓ કોઈ એક સમાન કુળની છે એમ કહી શકાય.

★ ગ્રીમના નિયમને આગળ પૃ. ૧૫ ઉપર વિગતે સમજાવવામાં આવશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) બોપ્પ (ઇ.સ. ૧૮૩૩) નામના વિદ્વાને યુરોપ ખંડની ભાષાઓનો અભ્યાસ કરવાની સાથે સાથે સંસ્કૃતનો પણ અભ્યાસ કર્યો હતો. તેમણે ''સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લેટિન, લિથુઆનિયન, ગૉથિક અને જર્મન ભાષાઓનું તુલનાત્મક વ્યાકરણ'' રચ્યું. આ રીતે પહેલ વહેલી વખત ઇન્ડો–યુરોપિયન ભાષાઓનો તુલનાત્મક ભાષાશાસ્ત્રીય અભ્યાસ આરંભાયો. મહદંશે ધ્વનિપરિવર્તનોનો અભ્યાસ કરનારા ગ્રીમ અને રાસ્કથી આગળ વધીને, બોપ્પે રૂપતન્ત્રના સામ્યને તપાસવાનું કાર્ય કર્યું. બોપ્પને સંસ્કૃતભાષા આવડતી હતી, તેથી તેમણે કોઈ પણ ભાષાના રૂપ (= પદ)નું પ્રકૃતિ + પ્રત્યયમાં વિભાજન કરી જોવાની પદ્ધતિ સ્વીકારી. આ પદ્ધતિ દ્વારા તેમણે ઉપર્યુક્ત ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કર્યો; અને આ બધી જ ભાષાઓની જનેતા સમી કોઈ એક અતિ–પ્રાચીન = આદિમ ઇન્ડો–યુરોપિયન ભાષાનું (– તે ભાષાના રૂપોનું) અનુમાન/કલ્પન કરવાનો પ્રયત્ન કર્યો. (૪) બોપ્પના આ કાર્યને શ્લાઈકરે ખૂબ આગળ વધાર્યું. આદિમ ઇન્ડો–યુરોપિયન ભાષાનું તેમણે જે reconstruction (પુનર્ઘટન અથવા પુનર્કલ્પન) કરી બતાવ્યું છે તે આજે પણ મહદંશે સ્વીકાર્ય છે. આ ઉપરાંત, તેમણે જગતની ભાષાઓનું આકૃતિમૂલક વર્ગીકરણ કરવાનો પણ પ્રયત્ન કર્યો અને ભાષાઓના પારસ્પરિક સંબંધનો સિદ્ધાન્ત વિકસાવવાનો પણ પ્રયત્ન કર્યો છે. ત્યાર પછી ઓગસ્ટ ફીકે (ઇ.સ. ૧૮૩૩ થી ૧૯૧૬) Comparative Dictionary of the Indo–European Languages તૈયાર કરી. એવો જ એક પ્રયત્ન જુલિયસ પોકોર્નીએ પણ કર્યો છે. તેમાં ઇન્ડો યુરોપિયન ભાષામાંથી ઉતરી આવેલી ગ્રીક, લેટિન, સંસ્કૃત વગેરે ભાષાઓનો પારસ્પરિક સંબંધ સ્પષ્ટ કર્યો છે અને જગતની ભાષાઓનું જુદા જુદા ભાષાકુળોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આમ ઓગણીસમી સદીના અંત સુધીમાં તો જગતની એટલે કે મહદંશે યુરોપ અને એશિયા ખંડની ભાષાઓનું ભાષાશાસ્ત્રીય (= ઐતિહાસિક અને તુલનાત્મક) અધ્યયન સમ્પન્ન થઈ ગયું.

વીસમી સદીમાં દ સોસ્યુર નામના વિદ્વાને ભાષાના અધ્યયનનો દષ્ટિકોણ બદલી નાખ્યો. કોઈ પણ ભાષાનો ઐતિહાસિક કે તૌલનિક અભ્યાસ કરવાને બદલે તેમણે ભાષાનો સંરચનાત્મક (structural) અભ્યાસ કરવા ઉપર ભાર મૂક્યો. [અહીંથી, ભાષાશાસ્ત્ર (Comparative philology)થી ભાષાવિજ્ઞાન (Linguistics) જુદું પડે છે.]

સોસ્યુરે (Ferdinand de Saussure) જણાવ્યું છે કે અત્યાર સુધી (૧૯૧૬ ઇ.સ. સુધી) ભાષાઓનો ઐતિહાસિક–તુલનાત્મક–અભ્યાસ ખૂબ થયો છે. માટે હવે ભાષાઓના કોઈ એક ચોક્કસ સમયના (મહદંશે જે તે ભાષાના વર્તમાન) સ્વરૂપને નવી પદ્ધતિએ (= સંરચનાત્મક ભાષાવિજ્ઞાનની દષ્ટિએ) તપાસવું જોઈએ. (Course de linguistique generale (= Course in General Linguistics) (1916 A. D.) નામના પુસ્તકમાં સ્વીસ દેશના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ વિદ્વાને (સોસ્યુરે) ભાષાઓના દ્વિવિધ અધ્યયનને આ રીતે સ્પષ્ટ કર્યું છે : (A) Diachronic Linguistics–the study of language–change through time. આની, નીચે મુજબ બે મુખ્ય શાખાઓ પાડી શકાય : (૧) historical linguistics જે, ભાષાઓના વિકાસનો ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરે છે અને (૨) Comparative linguistics જે, ભાષાઓના ઐતિહાસિક આંતર સંબંધોનો અભ્યાસ કરીને, તે તે ભાષાઓના પરિવારો (કુળો) અને પેટા–પરિવારો નક્કી કરવાનો પ્રયત્ન કરે છે. આવા અધ્યયનને આપણે Comparative Philology = તુલનાત્મક ભાષાશાસ્ત્ર કહ્યું છે. (B) Synchronic linguistics–the study of a given language at a given period in time. જેમાં કોઈ એક ભાષાનું કોઈ એક નિશ્ચિત સમયનું (મહદંશે જે તે ભાષાના વર્તમાન સમયનું) સ્વરૂપ તપાસવાનું હોય છે. આવા અધ્યયનમાં 'ભાષાગત સંરચના' (Structure within language) ને ખૂબ મહત્ત્વ આપવામાં આવે. (આને 'સંરચનાત્મક ભાષાવિજ્ઞાન' structural linguistics કહે છે.) આવા પ્રકારના અભ્યાસની પહેલવહેલી શરૂઆત સોસ્યુરે કરી; અને તેને જ આપણે ખરા અર્થમાં આધુનિક ભાષાવિજ્ઞાન–Modern Linguistics કહીશું. સોસ્યુરના અનુયાયીઓ તરીકે જર્મન–અમેરિકન વિદ્વાન Franz Boas, અમેરિકનવિદ્વાન Edward Sapr અને Leonard Bloomfield, રશિયન વિદ્વાન N. S. Trubetzkoy વગેરે નોંધપાત્ર છે.

સોસ્યુરે (કોઈ એક ચોક્કસ સમયની) ભાષાના સંરચનાત્મક (Structural) અધ્યયન ઉપર ભાર મૂક્યો. ઉપર સ્પષ્ટ કર્યું તેમ–આ પ્રકારનો જે અભ્યાસ આરંભાયો તેને ભાષાશાસ્ત્ર (Comparative Philology) નહીં કહેતાં, ભાષાવિજ્ઞાન Linguistics કહે છે. ઓગણીસમી સદી સધીમાં ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ જે બે કે બેથી વધારે ભાષાઓનો ઐતિહાસિક–તુલનાત્મક અભ્યાસ થતો, તેમાં જે બે (કે તેથી વધારે) ભાષાઓની તુલના કરવાની હોય તેમની ધ્વનિવ્યવસ્થા અને પદરચનાનો જ મહદંશે અભ્યાસ થતો. ભાષાઓની આવી તુલનાથી ભાષાઓ વચ્ચેના આંતર સંબંધો તપાસી તેમની વચ્ચેના પારિવારિક સંબંધો–ભાષાકુળો–ને શોધી કાઢવામાં આવતા. તેમાં 'વાક્ય'ની ચર્ચા નહીંવત્ થતી. આ ઉપરાંત, શબ્દાંત વિરામ (pause), જંક્ચર, સૂરતત્ત્વ, ભાર (stress) વગેરેની શી કામગીરી છે તેની વિચારણાને સ્થાન ન હતું. વિભક્ત્યન્ત પદોનો પરસ્પર અન્વય = વાક્યાન્વય (Syntax) નો અભ્યાસ પણ ખૂબ ઓછો થતો હતો. આ બધી અપૂર્ણતાઓ દૂર કરવા માટે, વાક્યમાં પદોની વિશિષ્ટ સંરચના (Structure) અને એમનો વાક્યમાં અન્વય (Syntax) તપાસીને વાક્યના સંનિહિત અવયવો (immediate constituents) કયા કયા છે અને ભાષાની સંરચનામાં અવિશ્લેષ્ય (= હંમેશા જોડે જોડે વપરાતાં) તત્ત્વોનો કેવો સિદ્ધાંત પ્રવર્તે છે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

– તેનો અભ્યાસ કરવો તે સંરચનાત્મક ભાષાવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર છે. આમ સોસ્યુરના લખાણોથી આધુનિક ભાષાવિજ્ઞાન (Linguistics) નો આરંભ થયો એમ કહી શકાય.

આ ભાષાવિજ્ઞાનમાં, વાક્યાન્વય (syntax) ના અભ્યાસની સાથે સાથે કાલક્રમે 'અર્થ' (semantics) નો, (બીજા શબ્દોમાં કહીએ તો–ભાષાનું અનુક્રમે જે Surface Structure – ધ્વનિ, પદ, પદાન્વય, પદક્રમ વગેરે–અને deep Structure – અભિવ્યક્ત થતા અર્થો–કહેવાય તેનો) અભ્યાસ આરંભાયો. આ ઉપરાંત, શબ્દકોશવિજ્ઞાન (Lexicography) વગેરે વગેરે વિષયો ઉમેરાતા ગયા. વળી, ભાષાના આવા વૈજ્ઞાનિક (scientific) અધ્યયનમાં બીજા અનેક વિજ્ઞાનો (સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર ઇત્યાદિ)નો સહયોગ પણ લેવાતો ગયો. આ વિષય–ભાષાવિજ્ઞાન–નો જેમ જેમ વધુ અભ્યાસ કરતા જઈએ એમ એમ ખબર પડતી જાય છે કે આ વિષય વિશે આપણે કેટલું ઓછું જાણીએ છીએ !

15. ભાષાશાસ્ત્ર (ફીલોલોજી)માં ભાષાનું અધ્યયન કરવા માટેની જે ત્રિવિધ પદ્ધતિઓ વિકસાવવામાં આવી હતી, તેનો ટૂંક પરિચય આ પ્રમાણે છે : વર્ણનાત્મક અથવા વિવરણાત્મક પદ્ધતિ, ઐતિહાસિક પદ્ધતિ અને તુલનાત્મક પદ્ધતિ (૧) વર્ણનાત્મક અથવા વિવરણાત્મક પદ્ધતિમાં કોઈ એક જ પ્રદેશની અને કોઈ એક જ નિશ્ચિત સમયની ભાષાને લઈને તેના ધ્વનિઓ, પદરચના અને વાક્યરચનાનો અભ્યાસ કરવામાં આવે છે. આવો અભ્યાસ બે રીતે રજૂ કરી શકાય : જેમ કે, જે એક ભાષાના ધ્વનિ, પદ અને વાક્યનો વર્ણનાત્મક અભ્યાસ કરવાનો હોય તે અભ્યાસ क તે જ ભાષામાં રજૂ કરવામાં આવે, અથવા ख બીજી ભાષામાં રજૂ કરવામાં આવે. દા.ત. ख. સંસ્કૃત ભાષાના ધ્વનિ, પદ વગેરેનો અભ્યાસ અંગ્રેજી ભાષામાં રજૂ કરવામાં આવે અથવા क સંસ્કૃત ભાષાનો અભ્યાસ સંસ્કૃત ભાષામાં રજૂ કરવામાં આવે. (જેવી રીતે પાણિનિએ સંસ્કૃતભાષામાં જ સંસ્કૃતભાષાનો વર્ણનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે.) (૨) ઐતિહાસિક પદ્ધતિએ ભાષાનો અભ્યાસ કરવાનો હોય ત્યારે જે તે ભાષાના પ્રાચીન સ્વરૂપથી આરંભીને તેમાં કાલક્રમે (ધ્વનિગત, પદગત, વાક્યગત અને અર્થગત) કેવા ફેરફારો થતા રહ્યા છે ? એની નોંધ લેવામાં આવે છે. જેમ કે, આજની મરાઠીભાષાનો ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરવો હોય તો, છેક સંસ્કૃતથી શરૂ કરીને મધ્યકાલિન મહારાષ્ટ્રી–પ્રાકૃત વગેરેમાં થઈને રૂપાંતર થતાં થતાં આજની મરાઠીભાષા કેવી રીતે ઉતરી આવી છે ? એનો અભ્યાસ કરવો જોઈએ. આ પદ્ધતિમાં કોઈક એક જ ભાષાનો ઇતિહાસ (= કાલાનુસારી સ્વરૂપ પરિવર્તન) તપાસવામાં આવે છે. (૩) તુલનાત્મક પદ્ધતિમાં બે કે બેથી વધારે ભાષાઓ લઈને તેના ધ્વનિઓ, પદરચના, વાક્યરચના વગેરેના સામ્ય–વૈષમ્યનો તૌલનિક અભ્યાસ કરવામાં આવે છે. આવા પ્રકારના અભ્યાસોમાં મહદંશે જે બે કે બેથી વધારે ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે તે ભાષાઓ કોઈ એક સામાન્ય ભાષામાંથી ઉતરી આવેલી (એટલે કે એક જ ભાષાકુળની) હોય છે. દા.ત. સંસ્કૃત ભાષામાંથી આજની મરાઠી, હિન્દી, બંગાળી, ગુજરાતી જેવી ભાષાઓ ઉતરી આવી છે. તો આ બધી ભાષાઓના ધ્વનિ, પદ, વાક્યાદિનું સામ્ય–વૈષમ્ય જ્યારે તપાસવામાં આવે ત્યારે તેને ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કહેવામાં આવે છે. આ તુલનાત્મક પદ્ધતિમાં ઐતિહાસિક પદ્ધતિનો પણ સમાવેશ કરવો પડે છે.

16. ૧૯મી સદીમાં વિકસેલા ભાષાશાસ્ત્ર (Comparative philology) માં આ ત્રીજી પદ્ધતિનો જ વિનિયોગ કરવામાં આવેલો છે. આ પદ્ધતિ દ્વારા મુખ્યત્વે, યુરોપ અને એશિયા ખંડની (એટલે ભૌગોલિક દૃષ્ટિએ તદ્દન ભિન્ન જણાતી) ગ્રીક, લેટિન, સંસ્કૃત અને અવેસ્તાની ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને, તે ભાષાઓમાં રહેલું અસાધારણ સામ્ય મળી આવતાં ''આ બધી ભાષાઓ કોઈ એક જ કુળની ભાષાઓ છે'' એવું અનુમાન/કલ્પન કરવામાં આવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો 'આ બધી ભાષાઓની જનેતા સમી કોઈ એક જ ભાષા હોવી જોઈએ' એવું અનુમાન કરવામાં આવ્યું છે. આ ભાષાનું 'ઇન્ડો–યુરોપિયન ભાષા' એવું નામ પાડવામાં આવ્યું છે. જેનું એક પણ લિખિત રૂપ આજે ક્યાંયથી પ્રાપ્ત થતું નથી. પરંતુ ગ્રીક, લેટિન, સંસ્કૃત વગેરેનો તુલનાત્મક અભ્યાસ કરીને પ્રાગ્ ઐતિહાસિક કાળની ઈન્ડો–યુરોપિયન ભાષાના **સંભવિત રૂપોની** કલ્પના કરવામાં આવી છે.

પશ્ચિમના ભાષાશાસ્ત્રીઓને સંસ્કૃતનો પરિચય થયા પછી જ ખરેખરા તુલનાત્મક ભાષાશાસ્ત્રનો વિકાસ થયો–એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નથી. રોજબરોજના વપરાશના કેટલાક શબ્દો જે સંસ્કૃતમાં વપરાતા હતા તે જ શબ્દો, થોડાક જ ધ્વનિ–પરિવર્તનો સાથે ગ્રીક, લેટિન વગેરે યુરોપ–ખંડની ભાષાઓમાં પણ વપરાતા હતા એવું જોવા મળે છે. દા.ત. (i) સંસ્કૃત–**पित्ता** (**पितृ**), ગ્રીક–**पतेर्**, લેટિન–**पतेर्**, જર્મન–**फातर्**, અંગ્રેજી **फादर्** । આ શબ્દોમાં રહેલી ધ્વન્યાત્મક એકરૂપતા સ્વયં સ્પષ્ટ છે. આ શબ્દોમાં (૧) અંતે ऋ કે र ધ્વનિ સામાન્ય છે. (૨) જર્મન અને અંગ્રેજીમાં જે प ને બદલે फ ધ્વનિ છે, તે ગ્રીમનિયમ અનુસાર प ધ્વનિમાંથી જ નિયમિત રૂપે વિકસેલો ધ્વનિ છે. આથી આ બધી ભાષાઓની જનેતા સમી આદિ ભારત–યુરોપીય ભાષામાં **प् अतेर** (peter) રૂપની કલ્પના કરવામાં આવી. (ii) આ જ પ્રમાણે, સંસ્કૃતના **भरामि** ક્રિયાપદની તુલના અન્ય ભાષાઓમાં પ્રાપ્ત થતાં સામાન્તર રૂપો સાથે કરવામાં આવી છે : સંસ્કૃત–**भरामि** < √**भृ**, ગ્રીક–**फेरो**, લેટિન–**फेरो**, જૂની સ્લાવોનિક–**बेरन्**, અંગ્રેજી **बिअर** (bear)। અહીં ધ્વન્યાત્મક સામ્યની સાથે સાથે અર્થગત સામ્ય પણ ધ્યાન પાત્ર છે. જેમ કે આ બધી ભાષાઓમાં આ શબ્દનો અર્થ ''હું લઈ જાઉં છું''

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

થાય છે. આથી મૂળ ભારત–યુરોપીય ભાષામાં * ભેર (bher) રૂપ હશે એવી કલ્પના કરવામાં આવી છે.

ગ્રીમના નિયમની રચના પણ આ તુલનાત્મક મૂળ આધારને લઈને થઈ હતી કે સંસ્કૃત, ગ્રીક તથા લેટિનના **क त प** ધ્વનિઓ અંગ્રેજી વગેરે ભાષાઓમાં ક્રમશઃ **ख थ फ** થઈ જાય છે. ગ્રીમના નિયમની જેમ જ ભાષાશાસ્ત્રમાં બહુમાન્ય થયેલો 'તાલવ્યભાવ' (palatalization) નો સિદ્ધાંત પણ આ પ્રાચીન ભાષાઓનો–વિશેષ કરીને સંસ્કૃત ભાષાનો અન્ય ભાષાઓ સાથે તુલનાત્મક અભ્યાસ કર્યા પછી હાથ લાગ્યો છે. (ધ્વનિ પરિવર્તનના નિયમોને આગળ ઉપર સમજાવવામાં આવશે.) આમ, ઉપર જણાવ્યું છે તે મુજબ વસ્તુતઃ સંસ્કૃત ભાષાના અધ્યયન પછી જ સાચા અર્થમાં આધુનિક ભાષાશાસ્ત્રનો પ્રારંભ થયો છે. (આમ સાંસ્કૃતિક દૃષ્ટિએ સંસ્કૃતભાષાનું વિશેષ મહત્ત્વ તો સ્વીકાર્ય હતું જ; પરંતુ અઢારમી સદીમાં પાશ્ચાત્ય જગતને સંસ્કૃતભાષાનો પરિચય થયા પછી, તે ભાષાનું ભાષાશાસ્ત્રીય મહત્ત્વ પણ અસાધારણ વધી ગયું છે.)

પ્રોફે. ટી. બરો લખે છે કે – અઢારમી સદીના અંતમાં યુરોપના વિદ્વાનોએ સંસ્કૃત ભાષાની જે શોધ કરી તે એક (મહત્ત્વનું) આરંભબિંદુ છે કે જ્યાંથી ભારત–યુરોપીય ભાષાઓના તુલનાત્મક ભાષાશાસ્ત્રનો વિકાસ થયો અને પરિણામે (અંતતોગત્વા) પૂરેપૂરા ભાષાવિજ્ઞાનનો વિકાસ થયો. (The discovery of the Sanskrit language by European Scholars at the end of the eighteenth century was the starting point from which developed the study of the comparative philology of the Indo–European languages and eventually the whole science of modern linguistics.)

★ ★ ★

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૩

17. ભાષાઓની ઉત્ક્રાંતિ કે ભાષાઓ વચ્ચેના આંતર સંબંધોને સમજવા માટે કેટલાક ધ્વનિ-નિયમોને સમજવા આવશ્યક છે. પેરેગ્રાફ–૮માં નોંધ્યું છે. એ પ્રમાણે, ''કોઈ પણ ભાષામાં પરિવર્તન સતત થતું રહે છે.'' ભાષામાં થતું આવું પરિવર્તન અથવા ક્યારેક ભાષા–૧ માંથી ભાષા–૨ ઊતરી આવે ત્યારે, ભાષા–૨ની અંદર ભાષા–૧ના ધ્વનિઓ, રૂપો વગેરે જે નિયમિતપણે સચવાઈ રહ્યા હોય તે જ ભાષાઓના વૈજ્ઞાનિક અધ્યયનને સંભવિત બનાવે છે. આથી, આવા સમાનપણે વ્યાપક બનેલાં પરિવર્તનોને, કે પ્રાચીન ધ્વનિઓ, રૂપો વગેરેના સંરક્ષણોને આધારે બનાવવામાં આવેલા નિયમને ''ધ્વનિનિયમ'' કહેવામાં આવે છે. સર વિલિયમ જોન્સના પૂર્વોક્ત (પેરેગ્રાફ–૧૨) વ્યાખ્યાનથી પ્રેરાઈને, આવા કેટલાક ધ્વનિનિયમો શોધી કાઢવામાં આવ્યા છે. જેમ કે, ૧. ગ્રીમ–નિયમ (આ નિયમમાં પાછળથી કેટલાંક સંશોધનો = અપવાદ સ્થળોના ખુલાસા કરવામાં આવ્યા છે : (क) ગ્રીમનો ઉપનિયમ (ख) ગ્રાસમેનનો નિયમ (ग) વર્નેરનો ઉપનિયમ (घ) સાદૃશ્યનો ઉપનિયમ, ૨. તાલવ્ય નિયમ, ૩. મૂર્ધન્ય નિયમ, ૪. ગ્રીક નિયમ, ૫. લેટિન નિયમ, ૬. ફારસી નિયમ, ૭. પ્રાકૃત નિયમ વગેરે.

18. અનેક ધ્વનિનિયમોમાંથી જર્મન વિદ્વાન્ જેકોબ ગ્રીમે શોધેલો 'ગ્રીમનો નિયમ' સૌથી વધારે પ્રસિદ્ધ છે. ગ્રીમના નિયમની સાથે સાથે ગ્રાસમેન અને વર્નેરનું નામ પણ સ્મરણીય છે. કેમકે આ બન્ને વિદ્વાનોએ ગ્રીમના નિયમમાં રહેલી ત્રુટિઓને દૂર કરી આપી છે.

જેકોબ ગ્રીમે રચેલા 'જર્મનભાષાના વ્યાકરણ'માં પ્રસ્તુત ધ્વનિનિયમને બે ભાગમાં રજૂ કર્યા છે : પ્રથમ વર્ણ પરિવર્તન અને દ્વિતીય વર્ણ પરિવર્તન. જો કે આજકાલ કેવળ 'પ્રથમ વર્ણ પરિવર્તન'ને જ 'ગ્રીમના નિયમ' તરીકે ઓળખવામાં આવે છે. 'દ્વિતીય વર્ણ પરિવર્તન'નું ક્ષેત્ર સીમિત હોવાથી તેને ગ્રીમનિયમની અંતર્ગત માનવામાં આવતો નથી. તથાપિ પરંપરા મુજબ અહીં બન્ને વર્ણોના પરિવર્તનોનો પરિચય કરીશું : પ્રથમ વર્ણ પરિવર્તનને વર્ણવતો ગ્રીમનો નિયમ * આદિમ ભારત–યુરોપીય ભાષાના घ् ध् भ्; ग् द् व्; क् त् प् – આ નવ સ્પર્શ ધ્વનિઓ સંબંધી છે. આ પ્રથમ વર્ણ પરિવર્તનનો અર્થાત્ ગ્રીમના નિયમનો એ બતાવવાનો ઉદ્દેશ્ય હતો કે પ્રાગ્ ઐતિહાસિક કાળમાં જ, જ્યારે * આદિમ ભારત યુરોપીય ભાષામાંથી ભારત–યુરોપીય ભાષાકુળની ભાષાઓનો વિકાસ થયો ત્યારે * આ. ભા. યુ. ભાષાના ઉપર્યુક્ત નવ ધ્વનિઓ घ् ध् भ्; ग् द् ब् અને क् त् प् – સંસ્કૃત, ગ્રીક, લેટિન વગેરે કેટલીક 'ભારતીય–યુરોપીય ભાષાકુળની ભાષાઓમાં અપરિવર્તિત સ્વરૂપમાં—યથાવત્ સચવાઈ રહ્યા છે. પરંતુ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જર્મનિક ટ્યુટોનિક શાખાની ભાષાઓમાં તે ધ્વનિઓ પરિવર્તન પામી ગયા છે. જેમ કે,

घ् ध् भ्	ग् द् ब्	क् त् प्	આ ધ્વનિઓ
(૪થો વર્ણ)	(૩જો વર્ણ)	(૧લો વર્ણ)	
↓ ↓ ↓	↓ ↓ ↓	↓ ↓ ↓	
(૩જો વર્ણ)	(૧લો વર્ણ)	(૨જો વર્ણ)	આ સ્વરૂપે
ग् द् ब्	क् त् प	ख् थ फ्	પરિવર્તન પામ્યા.



આ જ વાતને, ધ્વનિઓના સ્થાન, પ્રયત્નની દૃષ્ટિએ રજૂ કરીએ તો–

* આ. ભા. યુ. ભાષાના ધ્વનિઓ → ભારત યુરોપીય ભાષાકુળની જર્મનિક ભાષામાં

(૧) સઘોષ મહાપ્રાણ સ્પર્શ (घ् ध भ) → સઘોષ અલ્પપ્રાણ સ્પર્શ (ग् द ब)

(૨) સઘોષ અલ્પપ્રાણ સ્પર્શ (ग् द् ब) → અઘોષ અલ્પપ્રાણ સ્પર્શ (क् त् प)

(૩) અઘોષ અલ્પપ્રાણ સ્પર્શ (क् त् प) → અઘોષ મહાપ્રાણ સ્પર્શ ख् (ह), थ् (त्स) (स्स) તથા फ् (त्फ) રૂપે પરિવર્તન પામે છે.

ગ્રીમના નિયમને રેખાકૃતિથી રજૂ કરવો હોય તો –



* પ્રકરણ–૫માં (પેરેગ્રાફ–૩૩) આપવામાં આવેલો ચાર્ટ જોવો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉદાહરણ રૂપ શબ્દો :–

૧	આ.ભા.યુ. ભાષાના પ્રતિનિધિ તરીકે સંસ્કૃતના શબ્દો	પરિવર્તનશીલ ધ્વનિઓ	જર્મનિક (ટ્યુટોનિક) શાખાના પ્રતિનિધિ તરીકે અંગ્રેજીના શબ્દો	પરિવર્તિત ધ્વનિઓ
૧	ग्म (આ.ભા.યુ. * घन्स માંથી સંસ્કૃત हंस)	घ्	Goose	ग्
૨	विधवा	ध्	Widow	द् (ड्)
૩	भ्रातृ	भ्	Brother	ब्र्
૪	गो	ग्	Cow	क्
૫	दश	द्	Ten	त्
૬	बाधन्	ब्	Pain	प्
૭	क:	क्	Who (મૂળ રૂપ ख्वो હતું)	ह (ख्)
૮	त्रि	त्	Three	थ्
૯	पितृ	प	Father	फ्

દ્વિતીય વર્ણપરિવર્તનનો સંબંધ કેવળ જર્મન ભાષાની સાથે જ છે. આ વર્ણ–પરિવર્તન લગભગ ઇ.સ. ૭મી સદીમાં થયું હતું. આ સમયે ઍંગ્લોસેક્શન જાતિના લોકો ઉત્તરીય જર્મન જાતિના લોકોથી છુટા પડ્યા હતા. આ નિયમ દ્વારા એ બતાવવામાં આવે છે કે હાઈ જર્મન (= જર્મનીની ભાષા) ભાષામાંથી લો–જર્મન (= અંગ્રેજી, ડચ વગેરે) ભાષા કેવી રીતે જુદી પડે છે. આ દ્વિતીય વર્ણ પરિવર્તનનો નિયમ કેવળ જર્મનભાષાના વ્યાકરણમાં જ જોવા મળે છે, આમ તેનું ક્ષેત્ર બહુ સીમિત છે.

લો–જર્મનના → ૯ ધ્વનિઓ હાઈ–જર્મનમાં પરિવર્તન પામે છે.	ख़् ↓ ग्	थ़् ↓ द्	फ़् ↓ ब्	ग् ↓ क्	द् ↓ त्	ब् ↓ प्	क् ↓ ख् (ह्)	त् ↓ थ् (स्स, त्स)	प् ↓ फ् (प्फ)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ દ્વિતીય વર્ણ પરિવર્તન નીચેની ત્રિકોણ રેખાકૃતિથી દર્શાવવું હોય તો –



અહીંઆ કોઈપણ કોણના લો જર્મનના ધ્વનિઓ, બાણની દિશા મુજબ કોઈ પણ કોણની ઉચ્ચ જર્મન ભાષાના ધ્વનિ તરીકે પરિવર્તન પામે છે.

આ.ભા.યુ.	લો–જર્મનમાં	હાઈ જર્મનમાં
घ् ध् भ् →	ग् द् ब्	→ × त् × (× ઉદાહરણ મળતાં નથી)
ग् द् ब् →	क् त् प्	→ × थ (त्स, स्स), फ (प्फ)
क् त् प् →	ख् (ह्) थ् फ्	→ × द् (स्त) ×

*

ઉપર્યુક્ત ગ્રીમનિયમ અર્થાત્ પ્રથમ વર્ણપરિવર્તનની જાહેરાત પછી, થોડાક જ દિવસોમાં એવાં ઉદાહરણો મળવાં લાગ્યાં કે જેમાં ગ્રીમનો નિયમ નહોતો લાગુ પડતો. આવાં ઉદાહરણોને પહેલાં તો ગ્રીમનિયમના અપવાદ જાહેર કરવામાં આવ્યાં. પરંતુ વિચારણાને અંતે સ્વયં ગ્રીમ, તથા ગ્રાસમેન અને વર્નેર નામના વિદ્વાનોએ ગ્રીમના નિયમમાં કેટલાંક સંશોધનો રજૂ કર્યાં. આ સંશોધનો દ્વારા એવું સિદ્ધ કરવામાં આવ્યું કે તથાકથિત (કહેવાતાં) અપવાદોનું કારણ વસ્તુતઃ એ હતું કે ગ્રીમે પોતે પોતાના ધ્વનિ–નિયમની સીમાઓ (મર્યાદાઓ) નક્કી નહોતી કરી. (અર્થાત્ એ નિયમમાં સંકોચ કરવાની અને અમુક સ્પષ્ટતાઓ કરવાની જરૂર હતી.)

(ક) ગ્રીમે પોતે રજૂ કરેલ એક સંશોધન : ''પ્રથમ વર્ણ પરિવર્તન કેવળ અસંયુક્ત ધ્વનિઓમાં જ લાગુ પડે છે; સંયુક્તાક્ષરોમાં નહીં.'' આ સુધારા મુજબ આદિમ ભારત યુરોપીય ભાષાના શબ્દોમાં સંયુક્ત રૂપથી પ્રયોજાયેલા क् त् प् ધ્વનિઓ, જર્મનિક શાખાના પણ અપરિવર્તિત જ રહે છે. જેમ કે,

આ.ભા.યુ.		જર્મનિક (= ટ્યુટોનિક)માં	
पिस्केस	=	फिस्कास	(क् > ख न થયો)
अस्ति	=	इस्त	(त > थ् ન થયો)
स्पश	=	स्पेहोन	(प् > फ् ન થયો)
अष्टौ	=	अख्तौ	(त् > थ् ન થયો)
नप्ता	=	खफ्त्स	(त > थ ન થયો)
वित्त	=	उइस्स	(त > थ् ન થયો)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) ગ્રાસમેને રજૂ કરેલ સંશોધન (અથવા ગ્રાસમેનનો નિયમ) : ''જર્મનિક (ગોથિક)ના बिउदान् – Biudan – અથવા बिन्दान् – Bindan – તથા दाब्ज् (Daubs) વગેરે શબ્દોમાં ब् તથા द् ધ્વનિઓ ગ્રીમનિયમ અનુસાર (આદિમ ભારત યુરોપીય भ् અને ध् ધ્વનિઓમાંથી જ) પરિવર્તિત થયેલ છે.'' ગ્રાસમેનનું આ સંશોધન, વાસ્તવિક રીતે જોઈએ તો સંશોધન ન હતું. પણ એક ભ્રમનું નિવારણ કરનાર વિધાન માત્ર હતું. વિદ્વાનોએ સંસ્કૃત, ગ્રીક વગેરે પ્રાચીન ભાષાઓના રૂપોને આ. ભા. યુ. ભાષાનાં સાચાં પ્રતિનિધિ માની લીધાં હતાં તે એક ભ્રમ હતો. તે મુજબ સંસ્કૃતના ब् द् ધ્વનિઓ ગોથિકમાં प् त् રૂપે મળવા જોઈતા હતા, પરંતુ કેટલાંક ઉદાહરણોમાં આ ધ્વનિઓ નહોતા મળતા. જેમ કે, નીચેના શબ્દોમાં બન્ને ભાષામાં ब् અને द् ધ્વનિઓ જ મળે છે :

સંસ્કૃત		ગૉથિક
बोधति	=	बिउदान् અથવા बिन्दान्
दभ्	=	दाब्ज्

પાછળથી, જ્યારે ગ્રાસમેનને સંસ્કૃતના बभार, दधामि જેવાં રૂપોની તુલના ગ્રીકભાષાના पेफुका, तिथेमि વગેરે રૂપોની સાથે કરી; ત્યારે એ સ્પષ્ટ થયું કે આ.ભા.યુ. ભાષાના भभार, धधामि રૂપોમાંથી જ સંસ્કૃત અને ગ્રીક ભાષામાં અનુક્રમે बभार, पेफुका અને दधामि, तिथेमि જેવાં રૂપોનો વિકાસ થયો છે. જેમ કે,

આ. ભા. યુ.
* भभार
↓
बभार (સંસ્કૃતમાં) — पेफुका (ગ્રીકમાં)

આ. ભા. યુ.
* धधामि
↓
दधामि (સંસ્કૃત) — तिथेमि (ગ્રીક)

પરિણામે (૧) એ ભ્રમ દૂર થઈ ગયો કે સંસ્કૃત, ગ્રીક વગેરે રૂપો આ. ભા. યુ. ભાષાનું સાચું પ્રતિનિધિત્વ કરે છે. હકીકતોમાં—આ. ભા. યુ.માં भभार રૂપ હોવું/કલ્પવું જોઈએ અને તો જ સંસ્કૃતમાં તે बभार રૂપે અને ગ્રીકમાં पेफुका રૂપે વિકસી શકે.

(૨) એ સમજાઈ ગયું કે – સંસ્કૃત, ગ્રીક વગેરે ભાષાઓના જે શબ્દોમાં અત્યારે એક મહાપ્રાણ ધ્વનિ મળે છે, તે શબ્દોમાં આ. ભા. યુ. ભાષામાં બે મહાપ્રાણ ધ્વનિઓ હતા. અર્થાત્ સંસ્કૃત दधामि, बभार વગેરે રૂપોનું મૂળસ્વરૂપ આ. ભા. યુ. ભાષામાં धधामि, भभार હશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ રીતે ગ્રાસમેને એ સિદ્ધ કરી આપ્યું કે જર્મનિક (ગોથિક)ના બિઉદાન્, દાબ્જ્ વગેરે રૂપોમાંના ब् અને द् ધ્વનિઓ આ. ભા. યુ.માં ક્રમશઃ भ् અને ध् હતા (હશે) અને કાલક્રમે જર્મનિક (ગોથિક)માં તેમનું ब् અને द् માં પરિવર્તન ગ્રીમનિયમ અનુસાર થયું હતું. – આને જ ગ્રાસમેનનિયમ કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે ગ્રાસમેને ગોથિકમાં પ્રાપ્ત થતા ब्, द् ધ્વનિ સંબંધી ભ્રમનું નિવારણ કરી આપ્યું ત્યારે ગ્રીમનિયમના સંબંધમાં એ સુસ્પષ્ટ થઈ ગયું કે – **ગ્રીક, સંસ્કૃત વગેરે કલાસિકલ (પ્રશિષ્ટ) ભાષાઓના ग् द् ब् ધ્વનિઓના સ્થાન ઉપર જ્યાં લો–જર્મન (ગોથિક)માં પણ ग् द् ब् ધ્વનિઓ જ મળે છે,ત્યાં આદિમ ભારત યુરોપીય ભાષામાં घ् ध् भ् ધ્વનિઓ હતા. અર્થાત્ આવાં સ્થળો ઉપર આ. ભા. યુ. घ् ध् भ् ધ્વનિઓનું પરિવર્તન લો–જર્મનમાંના ग् द् ब् ધ્વનિઓમાં ગ્રીમનિયમ અનુસાર જ થયેલું જાણવું. તથા આવાં સ્થળો ઉપર સંસ્કૃત ગ્રીક વગેરે પ્રશિષ્ટ ભાષાઓના ધ્વનિઓને આ. ભા. યુ. ભાષાના પ્રતિનિધિ ન માનવા અને** એને બદલે આ. ભા. યુ. ધ્વનિઓ શોધવા; (જેવા કે તે નિશ્ચિત રૂપે સઘોષ મહાપ્રાણ અર્થાત્ घ ध् भ् ધ્વનિઓ હતા). આ. ભા. યુ. સઘોષ મહાપ્રાણ घ् ध् भ् ધ્વનિઓ લો જર્મનમાં ગ્રીમ–નિયમ અનુસાર હંમેશા સઘોષ અલ્પપ્રાણ ग् द् ब् ધ્વનિઓમાં જ પરિવર્તિત થાય છે; અઘોષ અલ્પપ્રમાણ क् त् प् ધ્વનિઓ રૂપે પરિવર્તિત થતા નથી. આમ ગોથિકના બિઉદાન્, દાબ્જ્ વગેરે શબ્દોમાં ब् द् ધ્વનિઓ ગ્રીમનિયમ અનુસાર જ થયા છે.

(ग) વર્નેરે રજૂ કરેલ સં–શોધન (અથવા વર્નેરનો નિયમ) : "આ. ભા. યુ. क् त् प् (= વર્ગના પ્રથમ વર્ણો) ધ્વનિઓ આ. ભા. યુ. શબ્દના પ્રારંભમાં હોય અથવા આ ધ્વનિઓની પૂર્વમાં ઉદાત્ત સ્વર આવેલો હોય તો જ ગોથિક (લોજર્મન)માં ગ્રીમનિયમ અનુસાર ख् (ह) थ फ् (વર્ગના દ્વિતીય વર્ણ)માં પરિવર્તિત થાય છે." જેમ કે.

આ. ભા. યુ.નો –સ્થાનાપન્ન સંસ્કૃત શબ્દ		ગોથિક (લો જર્મનમાં)
भ्राता	→	(bropar =) brother

અહીં त ધ્વનિની પૂર્વે (भ्रा–માં) ઉદાત્ત સ્વર છે, આથી ગોથિકમાં त् ધ્વનિનું પરિવર્તન थ् માં, (ગ્રીમનિયમ મુજબ) થયું છે.

પરંતુ त् ધ્વનિની પૂર્વે જો ઉદાત્ત સ્વર ન હોય તો –

આ. ભા. યુ. સ્થાનાપન્ન સંસ્કૃત શબ્દ		ગોથિક (લો જર્મનમાં)
(त) शतम्	→	खुन्द (hund)
(प) सप्तन्	→	सिबुन (Sibun)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં त् प् ધ્વનિઓની બરાબર આગળ અનુદાત્ત સ્વર છે, (ઉદાત્ત નથી). આથી त् અને प् ધ્વનિઓ थ् અને फ् માં (= દ્વિતીય વર્ણ રૂપે) પરિવર્તિત થયા નથી; પરંતુ (તૃતીય વર્મ રૂપે) द् ब् ધ્વનિઓમાં પરિવર્તિત થયેલ છે. આમ વર્નેરના ઉપનિયમ મુજબ આ. ભા. યુ. क् त् प् ધ્વનિઓ, ગોથિકમાં ख् थ फ् માં ગ્રીમ અનુસાર તો જ પરિવર્તિત થાય છે જો તે આ. ભા. યુ. ભાષાના શબ્દોના આરંભમાં હોય અથવા તે ધ્વનિઓની બરાબર પૂર્વમાં ઉદાત્ત સ્વર હોય. નહીં તો તે ધ્વનિઓ જર્મનિક (ગોથિક)માં ग् द् ब् (= તૃતીય વર્ણ) રૂપે પરિવર્તિત થઈ જાય છે. આવી જ રીતે, આ. ભા. યુ. स् ધ્વનિના વિષયમાં જાણવું. અર્થાત્ જો આ. ભા. યુ. स् ધ્વનિની બરાબર પૂર્વે ઉદાત્ત સ્વર (સ્વરાઘાત) હોય તો જ ગોથિકમાં स् યથાવત્ રહે છે, નહીં તો તે ગોથિકામાં र् ધ્વનિ રૂપે પરિવર્તિત થઈ જાય છે. જેમ કે, (સં.) स्नुषा → स्नोरु (અંગ્રેજી). અહીં ઉદાત્ત સ્વર ष् ની બરાબર પૂર્વે નથી, આથી તે ગોથિકમાં र् ધ્વનિ બની ગયેલ છે.

(ઘ) સાદશ્યનો નિયમ : ગ્રીમના નિયમમાં સૌથી છેલ્લું જે સંશોધન કરવામાં આવ્યું છે તે 'સાદશ્યના નિંયમ'થી કરવામાં આવ્યું છે. [પહેલાં 'સાદશ્યનો નિયમ' સમજી લઈશું : ભાષામાં એક પ્રકારનો પ્રયોગ જોઈ, ભાષકો એના જેવો બીજો પ્રયોગ કરવા પ્રેરાય છે. આને ભાષાશાસ્ત્રમાં સાદશ્ય અથવા મિથ્યા સાદશ્ય – Analogy or False analogy – કહે છે. દા.ત. સંસ્કૃતમાં करिन् શબ્દનું તૃતીયા એક વચનમાં करिणा રૂપ થાય છે. આ રૂપના સાદશ્યને આધારે हरि શબ્દનું (કે જેમાં અંતે न् નો અભાવ છે, ત્યાં પણ) તૃતીયા એક વચન हरिणा રૂપ બનાવવામાં આવ્યું છે. અંગ્રેજીમાં shall અને will માંથી should અને would રૂપો બને છે, એના સાદશ્યને આધારે can નું (જેમાં ૧ ધ્વનિ નથી, ત્યાં પણ) could રૂપ બનાવવામાં આવ્યું છે ! ચાર પગવાળા પશુઓનો એક પગ 'એક ચતુર્થાંશ હોય છે. આના સાદશ્ય પર पाद શબ્દનો અર્થ પણ 'એક ચતુર્થાંશ' થાય એમ નિરુક્તકાર યાસ્કે પણ કહ્યું છે. એ જ પ્રમાણે, 'ઘડાના પેટમાં' વગેરે પ્રયોગો સાદશ્યમૂલક છે.] જે ઉદાહરણોમાં ગ્રીમના નિયમથી વિરુદ્ધનું ધ્વનિપરિવર્તન મળે છે, તેવાં ઉદાહરણોને 'સાદશ્યના નિયમ'થી સમજાવી શકાય છે. જેમ કે, સંસ્કૃત भ्राता → અંગ્રેજી : brother અહીં त् ધ્વનિની પૂર્વે ઉદાત્ત સ્વર હોવાથી, જર્મનિક શાખાની અંગ્રેજીમાં તે थ् ધ્વનિમાં (વર્નેરના ઉપનિયમ મુજબ) પરિવર્તિત થઈ ગયો છે. આ ઉદાહરણના સાદશ્ય પર જ

સંસ્કૃત पितृ → અંગ્રેજીમાં Father

मातृ → અંગ્રેજીમાં Mother શબ્દ બન્યો છે.

અહીં त ધ્વનિની પૂર્વે ઉદાત્ત નથી (પણ त् કારોત્તરવર્તી आ કાર ઉદાત્ત છે); છતાંય પૂર્વોક્ત સાદશ્યને આધારે આ શબ્દોમાં પણ त् નો थ् થયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ખરેખરં અહીં વર્નેરના ઉપનિયમ મુજબ त् ની પૂર્વે ઉદાત્ત નહીં હોવાથી त् નો थ् થવો જોઈતો ન હતો.) આમ भ्राता માંથી વિકસેલા brother ના સાદૃશ્ય પર पिता, माता માંથીય father, mother શબ્દો/ધ્વનિઓનોં વિકાસ થયો. આ રીતે ગ્રીમ નિયમના બાકીના અપવાદોનું સમાધાન પણ સાદૃશ્ય નિયમથી કરવામાં આવ્યું.

19. તાલવ્ય–નિયમ (Palatal law) : આ નિયમનો સંબંધ ભારત–ઈરાની શાખા (વેદ અને અવેસ્તાની ભાષા) જોડે છે. આ નિયમ દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે – આ. ભા. યુ. ભાષાના કંઠોષ્ઠ્ય અને શુદ્ધ કંઠ્ય ધ્વનિઓ ભારત–ઈરાની શાખામાં ક્યાંક (તાલવ્ય) च વર્ગના ધ્વનિઓમાં પરિવર્તિત થયા છે, તો ક્યાંક (કંઠ્ય) क વર્ગના ધ્વનિઓમાં પરિવર્તિત થયા છે. નિયમ : "આ. ભા. યુ. ભાષાના કંઠોષ્ઠ્ય અને શુદ્ધ કંઠ્ય ધ્વનિઓ (જેવા કે, क्व ग्व् વગેરે તથા क्, ग् વગેરે)ની બરાબર પાછળ इ કે ए સ્વર આવે તો તેઓ ભારત–ઈરાની શાખામાં તાલવ્ય च વર્ગના ધ્વનિઓ રૂપે પરિવર્તિત થઈ જાય છે; અથવા તો કંઠ્ય क વર્ગના ધ્વનિ રૂપે ચાલુ રહે છે."

આ. ભા. યુ.		ભારત (સંસ્કૃત)	ઈરાની (અવેસ્તા)
* किद् (क् इद्)	→	चिद्	चित्
* क्वे (क्व् ए)	→	च	च

આ બે ઉદાહરણોમાં પશ્ચાદ્વર્તી તાલવ્ય इ અને તાલવ્ય ए સ્વરોએ, પોતાની આગળ આવેલા क् અને क्व ધ્વનિઓને પ્રભાવિત કરીને, તેમનું તાલવ્યીકરણ કર્યું છે. આને પશ્ચાદ્ગામી સમીકરણ કહે છે. (જુઓ પેરેગ્રાફ ૨૨) અર્થાત્ પાછળના તાલવ્ય (इ ए) ધ્વનિઓએ આગળના क् અને क्वધ્વનિઓને પણ પોતાના જેવા તાલવ્ય બનાવી દીધા.

પરંતુ–

* क्वोस्	→	कः	को
* युगोम्	→	युगम्	×

અહીં क्व् અને ग् ની પાછળ इ કે ए સ્વર નથી (પણ ओ સ્વર છે) આથી ભારત–ઈરાનીમાં તે કંઠ્ય ધ્વનિ (અનુક્રમે क અને ग) રૂપે ઊતરી આવેલા જોવા મળે છે.

મૂર્ધન્ય નિયમ (cerebral law) : સંસ્કૃત ભાષાના અનેક શબ્દોમાં દન્ત્ય स् અને न् ધ્વનિઓ ક્રમશઃ ष् અને ण् બની જતા જોવા મળે છે. આ અંગેનો નિયમ એવો છે કે (૧) इ ई, उ ऊ, ऋ, ए ओ સ્વરની પાછળ આવેલો દન્ત્ય स् → ष् બની જાય છે (इण् कोः । ૮–૩–૫૭). જેમકે नदीषु, गुरुषु, भ्रातृषु,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामेषु । (૨) ऋ र् અને ल् ની પાછળ આવેલા દન્ત્ય ધ્વનિઓ સંસ્કૃતમાં મૂર્ધન્ય ધ્વનિ બની જાય છે. દા.ત. कृत → कट । विकृत → विकट । ऋध् → आढ्य । (આ નિયમના ઘણા અપવાદ સ્થળો મળે છે, જેમકે – मृदु, गर्दभ વગેરે. આથી આ નિયમ અંશતઃ જ સાચો છે.)

ગ્રીક–નિયમ : આ. ભા. યુ. ભાષાના શબ્દોમાં બે સ્વરોની વચ્ચે આવનારો स ધ્વનિ, ગ્રીકમાં પહેલા ह બને છે અને પછીથી લુપ્ત થઈ જાય છે. દા.ત. * Genesos → ગ્રીકમાં genehos (h) → geneos.

લેટિન નિયમ : આ. ભા. યુ. ભાષાના શબ્દોમાં બે સ્વરોની વચ્ચે આવનારો स् ધ્વનિ, લેટિનમાં र् બની જાય છે. દા.ત. * Genesos – લેટિનમાં generos.

વેદ અને અવેસ્તા (ઇરાની = ફારસી)ને લગતા નિયમો આગળ ઉપર વર્ણવવામાં આવશે.

પ્રાકૃત–નિયમો : સંસ્કૃતભાષાના व् य् વગેરે ધ્વનિઓ પ્રાકૃતમાં ब् ज् ઇત્યાદિ રૂપે પરિવર્તિત થાય છે. (એ અંગેના વિસ્તૃત નિયમો ''પ્રાકૃત–પ્રકાશ'' નામના પ્રાકૃત વ્યાકરણમાં નોંધાયા છે.)

20. કોઈ પણ ભાષામાં મુખ્ય ચાર અંગો જોવા મળે છે : ધ્વનિ, રૂપ (= પદ), વાક્ય અને અર્થ, 'ભાષામાં સતત પરિવર્તન થતું હોય છે.' એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે એ સમજી જ લેવાનું કે ભાષાના ઉપર્યુક્ત ચારેય અંગોમાં પરિવર્તન આવતું હોય છે. જેમકે, વૈદિક ભાષાનું લૌકિક સંસ્કૃત ભાષામાં રૂપાંતર થયું ત્યારે તે વૈદિક ભાષાના ઉક્ત ચારેય અંગોમાં કંઈકને કંઈક ફેરફાર થયો જ છે. દા.ત. (૧) વૈદિક સંસ્કૃતમાં ळ ધ્વનિ હતો, તે લૌકિક સંસ્કૃતમાં ड રૂપે ફેરવાયો. (૨) નામપદોમાં પ્રથમા વિભક્તિનાં રૂપો વૈદિક સંસ્કૃતમાં આ પ્રમાણે હતાં : रामः । रामौ । **रामासः** । रामाः (પુંલિંગમાં); वनम् । वने । **वना** અથવા वनानि । (નપુંસકલિંગમાં). આવાં (બ્લેકમાં મૂકેલા) રૂપો લૌકિકસંસ્કૃતમાં ઘસાઈ ગયાં. અને માત્ર रामः । रामौ । रामाः । કે वनम् । वने । वनानि । રૂપો જ પ્રચલિત રહ્યાં. વૈદિક સંસ્કૃતમાં બારથીય વધારે હેત્વર્થ કૃદન્તના પ્રત્યયો વપરાતા હતા, તેમાં કેવળ/–तुम्/પ્રત્યય લૌકિકસંસ્કૃતમાં ચાલુ રહ્યો. વેદના कृणोमि । ને બદલે करोमि । રૂપ વપરાવા લાગ્યું વગેરે. (૩) વૈદિક વાક્યરચનામાં ધાતુની બરાબર આગળ જ ઉપસર્ગો વપરાય એવું નથી. ઉપસર્ગોનો ક્રિયાપદની આગળ, પાછળ, વ્યવહિત કે ક્યારેક સ્વતંત્ર/એકાકી પ્રયોગ પણ વેદમાં જોવા મળે છે. જ્યારે લૌકિક સંસ્કૃતમાં ઉપસર્ગ અને ધાતુ પરસ્પર જોડાઈને જ વપરાય છે, તેમનો સ્વતંત્ર/એકાકી કે પાછળ પ્રયોગ થતો જ નથી. (૪) વેદમાં જે असुर શબ્દનો અર્થ 'દેવ' થતો હતો, તેનો લૌકિક સંસ્કૃતમાં 'દૈત્ય' એવો અર્થ થઈ ગયો ! આમ, વૈદિક સંસ્કૃતનું લૌકિક સંસ્કૃતમાં આવતાં ઘણું રૂપાંતર થયેલું જોવા મળે છે. વળી,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાષાઓમાં થતું આવું પરિવર્તન જે તે ભાષાના ઉપર્યુક્ત ચારેય અંગોમાં આવે છે એમ પણ જોઈ શકાય છે.

21. ભાષા–પરિવર્તનનાં કારણો : કોઈ પણ ભાષામાં થતા સતત પરિવર્તનની પાછળ મુખ્યત્વે નીચેનાં ચાર–પાંચ કારણો રહેલાં હોય છે : (૧) વક્તા અને/અથવા શ્રોતાના પક્ષે રહેલી અશક્તિ કે અસાવધતા, (૨) સ્વરભારનું સ્થાન બદલાવું, (૩) રાજકીય પરિબળ, (૪) સ્થળાંતર અને (૫) ભાષકોમાં જ્ઞાત કે અજ્ઞાતપણે પ્રવર્તતી પ્રયત્નલાઘવની ઇચ્છા વગેરે. આમાંથી પહેલા કારણનું થોડુંક વિવરણ પેરેગ્રાફ–૮માં કર્યું છે. બીજા કારણને સમજવા આપણે આધુનિક ભારતીય ભાષાઓ લઈશું. મુસલમાન રાજાઓ અને બ્રિટિશરોના રાજ્યશાસનથી આપણી ભાષાઓમાં ઘણા અરબી, ફારસી અને અંગ્રેજી શબ્દો પ્રવેશ્યા છે. અંગ્રેજી વાક્યરચનાથી ગુજરાતી ભાષાની વાક્યરચના પણ પ્રભાવિત થયેલી છે. ત્રીજા કારણનું ઉદાહરણ આ પ્રમાણે છે : મધ્ય એશિયામાંથી આગળ વધતાં વધતાં આર્યો પંજાબની સરહદેથી ભારતમાં પ્રવેશ્યા. પછી કાલાન્તરે દ્રવિડ પ્રજાના સંપર્કમાં આવવાથી આર્યોની સંસ્કૃત ભાષામાં કેટલાક ફેરફાર થયા, નવા શબ્દો ઉમેરાયા વગેરે. આર્થિક, ધાર્મિક કે રાજકીય કારણોસર જ્યારે કોઈ પ્રજા હિજરત કે સ્થળાંતર કરી જાય છે ત્યારે તેમની ભાષામાં પણ પરિવર્તન આવતું હોય છે. ચોથું કારણ તે મનોવૈજ્ઞાનિક કારણ છે. કોઈ પણ ભાષક જ્યારે કોઈ ભાષાનો પ્રયોગ કરતો હોય છે ત્યારે જાણતાં કે અજાણતાં તે, જે તે ધ્વનિઓના ઉચ્ચારણને સરળ કરી નાખવા લલચાતો હોય છે. આમ ઉચ્ચારણમાં જરૂરી પ્રયત્નને પણ ટૂંકાવવાની આ વૃત્તિ બહુ પ્રબળપણે અને વ્યાપક પ્રમાણમાં ભાષામાં પરિવર્તન આણે છે. સ્વરભારનું સ્થાન બદલાતાં ભાષાઓમાં જે પરિવર્તન આવે છે, તે ઉપર વર્નેરના ધ્વનિ–નિયમમાંથી સ્પષ્ટ થઈ જાય છે.

22. ધ્વનિ પરિવર્તનના પ્રકારો : સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરનારા પ્રાચીન ભારતીય વૈયાકરણો, નૈરુક્તો અને પ્રાતિશાખ્યકારોએ; તથા જગતની ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરનારા ભાષાશાસ્ત્રીઓએ ભાષાઓમાં થતાં ધ્વનિ પરિવર્તનોના અનેક પ્રકારો શોધી કાઢ્યા છે. જેમ કે,

(૧) ગુણ, વૃદ્ધિ અને સમ્પ્રસારણ પ્રકારના ધ્વનિ પરિવર્તનો આ પ્રમાણે છે :

સ્વરો →	ગુણ →	વૃદ્ધિ	અર્ધસ્વર = અન્તઃસ્થોનું સમ્પ્રસારણ
अ	अ	आ	
इ	ए	ऐ	य् → इ
उ	ओ	औ	व् → उ
ऋ	अर्	आर्	र् → ऋ
लृ	अल्	आल्	ल् → लृ

(સમ્પ્રસારણને 'અપશ્રુતિ' = Ablaut પણ કહે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દા.ત.(क) ધાતુના જે અક્ષર ઉપર સ્વરભાર રહે છે, તેનો 'ગુણ' થાય છે.

√इण् गतौ → एमि । एषि । एति ।

પરંતુ જ્યાં પ્રત્યયાંશ ઉપર સ્વરભાર રહે છે, ત્યાં इ નો 'ગુણ' ए થયો નથી : इमः । इथ વગેરે.

√आप् + नु + तिङ् → आप्नोमि । आप्नोषि । आप्नोति ।

પરંતુ જ્યાં પ્રત્યયાંશ ઉપર સ્વરભાર રહે છે, ત્યાં उ નો ગુણ ओ થયો નથી : आप्नुमः । आप्नुथ ।

(ख) નામને જ્યારે તદ્ધિત પ્રત્યયો લાગે છે ત્યારે, નામના આદિસ્વરમાં વૃદ્ધિ થાય છે. દા.ત. कुन्ता + "તેનો દીકરો" એ અર્થમાં તદ્ધિતનો एय પ્રત્યય લાગે છે, ત્યારે कौन्तेय । શબ્દ બને છે. અહીં આદિસ્વર उ કારની વૃદ્ધિ औ થઈ છે.

(ग) √यज् ધાતુ ઉપરથી કૃદન્ત નામ નિષ્પન્ન થાય છે તે વખતે य् નું સંપ્રસારણ થાય છે : इष्टिः । (य् > इ).

(૨) સમીકરણ (Assimilation) એક જ શબ્દમાં એક ધ્વનિ જ્યારે બીજા ધ્વનિને પ્રભાવિત કરે છે ત્યારે બે ધ્વનિઓ એક સરખા બની રહે છે; આને 'સમીકરણ' કહેવામાં આવે છે. આવું સમીકરણ પુરોગામી વર્ણનું પણ જોવા મળે છે અને પશ્ચાદ્‌ગામી વર્ણનું પણ જોવાં મળે છે. દા.ત.

પુરોગામી સમીકરણ	પશ્ચાદ્‌ગામી સમીકરણ
स्तृणोति શબ્દમાં પૂર્વવતી મૂર્ધન્ય ऋકારથી પ્રભાવિત થઈને, न् નો ण् થયો છે.	(સં.) वल्कल → (પ્રાકૃત) वक्कल ; भिद् + न = भिन्न । सप्त > सत्त (> સાત) વગેરે.
સંસ્કૃત : चक्र (च् अ क् र् अ) આ શબ્દમાં રેફ પોતાની આગળના क् વર્ણ જેવો થઈ જઈને, પ્રાકૃતમાં चक्क બને છે. (ત્યાર પછી चक्क માંથી ગુજરાતીમાં 'ચાક—ચાકડો' શબ્દ ઊતરી આવે છે.)	

(૩) વિષમીકરણ (Dissimilation) : શબ્દમાં આવેલા ધ્વનિમાં જો વિકાર—પરિવર્તન—આવે તો તેને વિષમીકરણ કહેવામાં આવે છે. આવું વિષમીકરણ પણ પુરોગામી અને પશ્ચાદ્‌ગામી વર્ણમાં થતું હોય છે. દા.ત.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પુરોગામી વિષમીકરણ	પશ્ચાદ્‌ગામી વિષમીકરણ
व्रध्र → (વેદમાં) वध्र ।	(सं.) पुरुष → (प्रा. पुरिस) (ष > स)
√स्था ધાતુમાંથી तिष्ठति બને છે ત્યારે પુરોગામી વર્ણ स् માં વિકાર આવી ष् થાય છે.	(सं.) मुकुट → (प्रा.) मउड (ट > ड) (પછી ગુજરાતીમાં 'મૉડ').

(૪) આદિસ્વરાગમ (Prothesis) : સંભવતઃ શબ્દના આરંભે ઊષ્માક્ષરયુક્ત સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ કરવામાં તકલીફ પડતી હોઈને, તેવા શબ્દોના આદિમાં એક સ્વર ઉમેરી દેવામાં આવે છે. જેમ કે, (सं) स्त्री > (प्रा.) इत्थी । સ્કૂલ > ઈસ્કૂલ વગેરે. ગ્રીક ભાષામાં પણ r, n, m અને l થી શરૂ થતા શબ્દોની આગળ e સ્વર ઉમેરી લેવામાં આવે છે : સંસ્કૃતમાં रुधिर, લેટિનમાં ruber, અંગ્રેજીમાં red; પણ ગ્રીકમાં eruthros.

(૫) મધ્ય સ્વરાગમ (Anaptyxis) : ક્યારેક ઉચ્ચારણમાં સરળતા લાવવા માટે શબ્દની મધ્યમાં પણ સ્વર ઉમેરી લેવામાં આવે છે : पृथ्वी > पृथिवी । स्वर्ण > सुवर्ण । भ्रम > ભરમ । धर्म > ધરમ । વગેરે.

(૬) મધ્ય સ્વરનો લોપ (Syncope) : શબ્દની મધ્યમાં આવેલા સ્વરનો લોપ થતો જોવા મળે છે. √गम् ધાતુના પરોક્ષભૂતકાળમાં અમુક રૂપો બને છે ત્યારે √गम् ધાતુના મધ્ય अ સ્વરનો લોપ થાય છે : जग्मतुः । जग्मुः ।

(૭) સમાક્ષરનો લોપ (Haplology) : સાથે સાથે આવેલા બે સમાન વ્યંજનોમાંથી એકનો લોપ થાય છે : ગ્રીકમાં amphiphorus → amphoreus થાય છે. સંસ્કૃતમાં जहीहि → जहि । शेव + वृधः > शेवृधः । शष्प + पिञ्जरः > शष्पिञ्जर । (બે ह બે व् બે प માંથી એક ह व અને प નો લોપ થયો છે.)

(૮) ધ્વનિઓમાં વિપર્યય (Metathesis) : કોઈ શબ્દમાં આવેલા બે ધ્વનિઓનું જ્યારે સ્થાન–પરિવર્તન–ઉલટસૂલટ–થાય છે ત્યારે તેને 'ધ્વનિ વિપર્યય' કહે છે. દા.ત. (सं.) बिडाल > बिलाडी (ગુજ.) । (सं.) आत्मा → आत्पा (પ્રાકૃતમાં) → आप्त (હિન્દી–ગુજરાતીમાં) । वाराणसी > बनारस ।

(૯) લય અને માત્રાને કારણે દીર્ઘીકરણ : છંદના બંધારણની દૃષ્ટિએ ક્યારેક ચરણના અંતિમ સ્વરનું દીર્ઘીકરણ કરવું પડે છે. જેમ કે, मघवन् विदा । જેવા વૈદિક પ્રયોગોમાં જોવા મળે છે. આ ઉપરાંત, મૂળ શબ્દના અક્ષરોની (લઘુ–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગુરુ જેવી) માત્રાઓ યથાવત જાળવી રાખવા માટે પણ દીર્ઘ થાય છે, જેમકે, (સં.) कर्म → (प्रा.) कम्म (પશ્ચાદ્‌ગામી સમીકરણ થવાથી), → (ગુજ.) 'કામ' અહીં મૂળ સંસ્કૃત શબ્દમાં સંયુક્તાક્ષર र्म ને કારણે આગળના क ની ગુરુમાત્રા હતી, તે જાળવી રાખવા માટે ગુજરાતીમાં क માંનો अ દીર્ઘ કરીને अ રૂપે ફેરવવામાં આવ્યો છે : ''કામ.'' આ સિવાય બીજા પણ અનેક ધ્વનિ પરિવર્તનના પ્રકારો નોંધાયા છે.

*

ઉપર (પેરેગ્રાફ–૧૮, ૧૯માં) વર્ણવેલા ધ્વનિ–નિયમો અને (પેરેગ્રાફ–૨૨માં વર્ણવેલા) ધ્વનિ પરિવર્તનના પ્રકારો સમજ્યા પછી જ 'ભાષાની ઉત્ક્રાંતિ' અને 'ભાષાઓના આંતરસંબંધો' (= ભાષાકુળો)નો અભ્યાસ શક્ય બને છે.

★ ★ ★

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૪



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

23. ભૌગોલિક દૃષ્ટિએ તદ્દન ભિન્ન જણાતી, યુરોપ અને એશિયા ખંડની ભાષાઓ, જેવી કે–ગ્રીક, લેટિન, જર્મન, સંસ્કૃત અને અવેસ્તાની ભાષા–માં ઘણું બધું સામ્ય મળી આવતાં એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થયું કે આ બધી ભાષાઓ કોઈ એક જ કુળની ભાષાઓ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ બધી ભાષાઓની જનેતા સમી કોઈ એક, પ્રાગ્ ઐતિહાસિક કાળની ઈન્ડો–યુરોપિયન (અથવા ભારોપીય) ભાષાનું કલ્પન કરવામાં આવ્યું છે.

આ ઈન્ડો–યુરોપિયન ભાષા બોલતા માણસોનો સમૂહ આદિકાળમાં ક્યાં વસતો હતો; અને કાળક્રમે એ મનુષ્યોએ ક્યાંથી ક્યાં સ્થળાંતર કર્યું ? વગેરે મુદ્દાઓ આજે અનુમાનના અને કલ્પનાના વિષયો છે, તથાપિ તે રસપ્રદ હોઈ, એના વિષે ટૂંકમાં જોઈશું. ડૉ. પી. ડી. ગુણે મહાશયે તેમના "An Introduction to the Comparative phliology" નામના પુસ્તકમાં પૂર્વ યુરોપ અને પશ્ચિમ એશિયાનો એક નકશો આપ્યો છે. તેને આધાર રાખીને આ ચર્ચા કરી છે. (ભારતમાં આધુનિક ભારતીય ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ પ્રવર્તાવવામાં આ પુસ્તકનો ઘણો મોટો ફાળો છે, તથા ભાષાશાસ્ત્રની પાયાની સમજ સ્પષ્ટ કરવામાં પણ તે અદ્યાવધિ ઉપયોગી છે.)

24. જૈકોબી, વિંટરનિત્ઝ અને હિલબ્રાંટ જેવા જૂની પેઢીના વિદ્વાનોની એવી ધારણા હતી કે ભારતમાં જ વૈદિક ધર્મનો ઉદ્ગમ થયો હતો. તેઓ માનતા હતા કે ભારતમાંથી જ આ મનુષ્યજાતિ પશ્ચિમના દેશોમાં ગઈ છે. તેઓ પુરાવા રૂપે વૈદિક "દ્રુહ્ય" જાતિએ સ્થળાંતર/હિજરત કરી હતી તેને ટાંકે છે. પરંતુ પાછળથી થયેલા કેટલાક સંશોધનોએ આ મતને ખોટો પુરવાર કર્યો છે. પરંપરા અને ઈતિહાસ એ બન્નેમાં 'વૈદિક–આર્ય–જાતિ' એક પરદેશી–જાતિ તરીકે જ પ્રસિદ્ધ છે. વૈદિક–આર્યજાતિની એક "પુરંદર (ઇન્દ્ર)" નામની દેવતા છે; એ શબ્દનો અર્થ થાય છે : "કિલ્લા/નગરોને તોડનારો." આ શબ્દ જ સૂચવ છે કે આર્યો મૂળ ભારતના વતની ન હતા, પણ બહારથી આવીને વસ્યા છે.

*

લોકમાન્ય શ્રી બાલ ગંગાધર ટિળકના મતે આર્યો ઉત્તર ધ્રુવમાંથી મધ્યએશિયામાં આવ્યા હતા. મધ્યએશિયામાંથી જ આ આર્ય–જાતિ બે મુખ્ય વર્ગોમાં વહેંચાઈ ગઈ હતી. એક વર્ગ યુરોપ તરફ ચાલી નીકળ્યો; અને બીજો વર્ગ ઈરાન તથા ભારતની તરફ ચાલી નીકળ્યો. મેક્સમ્યૂલર જેવા વિદ્વાનો મધ્ય એશિયાને આર્યોની આદિમ જન્મભૂમિ માને છે. શ્રોયેદરના મતે આર્યોની આદિમ જન્મભૂમિ વોલ્ગા નદીની આસપાસમાં હતી. ત્યાંથી જ ઓ જુદી જુદી ટુકડીઓમાં અને જુદી જુદી દિશાઓમાં નીકળી ગયા હતા.

*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જગતની–એશિયા અને યુરોપની–કેટલીક ભાષાઓ, જેવી કે–સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લેટિન, લિથુઆનિયન વગેરેમાં પ્રારંભિક મનુષ્યજીવન અને માનવસમાજ સાથે સંકળાયેલા અમુક પદાર્થોનાં નામો લગભગ એક સરખા મળતાં આવે છે. ધુમાડો, મધ, રુધિર, માંસ, માતા, પિતા, ભ્રાતા, દુહિતા, શ્વસુર વગેરે શબ્દો ઉપર્યુક્ત ભાષાઓમાં થોડાક ધ્વન્યાત્મક ફેરફારોને બાદ કરતાં એકસરખાં મળી આવે છે. આથી એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે કે આ બધી ભાષાઓ બોલનારાઓના પૂર્વજો કોઈક સમયે સાથે રહેતા હશે. આ પૂર્વજો–આર્ય જાતિ–મૂળમાં કયા એક સ્થળે સાથે નિવાસ કરતી હતી તે આજે વિવાદનો પ્રશ્ન છે. તથાપિ આ બધી એશિયા અને યુરોપની (ભારત–યુરોપીય) ભાષાઓ કોઈ એક સામાન્ય ભાષામાંથી ઊતરી આવી હશે એવી ધારણા કરવી તે તદ્દન બીનપાયાદાર નથી.

25. આધુનિક સંશોધનો અનુસાર પ્રાગૈતિહાસિક કાળની (ભારત–યુરોપીય =) ભારોપીય પ્રજા કાસ્પીયન–સમુદ્રની ઉત્તરે, યૂરાન અને અલ્ટાઇક પર્વતોની વચ્ચે અર્થાત્ ઉત્તરના કીર્ગીઝના મેદાનોમાં નિવાસ કરતી હતી. ભારોપીય ઇતિહાસમાં જે પશુવિશેષનું ખૂબ મહત્ત્વ છે તે અશ્વ, ઉત્પત્તિની દૃષ્ટિએ અલ્ટાઇક જ છે. પ્રાણિવિજ્ઞાનવિદ્ એમશ્લરનું માનવું છે કે ઉત્તરના કીર્ગીઝના મેદાનોમાં ગાય અને ઘોડાનું હોવું સુસંગત છે. (આરંભિક ભારોપીય બોલીઓમાં વાઘ, ઊંટ કે દીપડાઓના વાચક શબ્દો મળતા નથી. આથી આરબદેશો કે સિન્ધના રણ પ્રદેશો ભારોપીય પ્રજાનું મૂળ નિવાસ સ્થાન ન હોઈ શકે એમ સૂચવાય છે.) મૂળ ભારોપીય ભાષા બોલનારાઓ યુરોપની વનસ્પતિઓથી પૂરેપૂરા અપરિચિત હતા. તથા પ્રાચીનતમ ભારોપીય ભાષા બોલનારા આ લોકો પશ્ચિમમાં યુરોપમાં કે પૂર્વમાં ભારતમાં પ્રવેશતાં પહેલાં ખેતી નહોતા કરતા. આ આદિમ ભારોપીય પ્રજાનો મુખ્ય વ્યવસાય પશુઓનું પાલન તથા તેઓ મધ્ય યુરોપ–એશિયાના ઘાસના મેદાનમાં પશુઓને ચરાવવાનું કામ કરતા હતા. કીર્ગીઝના મેદાનોને ભારોપીય પ્રજાનું મૂળ નિવાસ સ્થાન માનનારાઓમાં સ્પેશ્ત (Specht) નું નામ મહત્ત્વનું છે. તેમણે વિવાહની રીતો, બીજી વિધિઓ, ધર્મ વગેરેનું સૂક્ષ્મ અધ્યયન કર્યું છે. આવા વિદ્વાનના નિષ્કર્ષોનું ખંડન સરળતાથી થઈ શકે એમ નથી.

*

સંસ્કૃતમાં **वीर** શબ્દ છે : આ જ શબ્દ લેટિનમાં **उईर** (uir), જર્મનમાં **वे** (Wer) અને જૂની આઈરીશભાષામાં **फेर** (fer) રૂપે મળે છે. આ સમાન રૂપોને આધારે ભાષાશાસ્ત્રીઓએ તે મૂળ આદિમ ભારત–યુરોપીય ભાષા બોલનારી પ્રજાનું નામ * **वीरोस्** (wiros) હોવાનું કલ્પ્યું છે !

26. કીર્ગીઝના મેદાનોમાં નિવાસ કરતી આ આદિમ ભારોપીય પ્રજાના જુદા જુદા સમૂહોએ કેટલીવાર અને કઈ કઈ દિશામાં સ્થળાંતર કર્યું ? તે જાણવું પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રસપ્રદ છે. (૧) ભારોપીય પ્રજાની પહેલી ટુકડીએ દક્ષિણ—પૂર્વના દેશો એટલે કે બલખ (Balkh) તરફ પહેલ વહેલું સ્થળાંતર કર્યું. આ બલખનો પ્રદેશ હવા, પાણીની દૃષ્ટિએ કીર્ગીઝના મેદાનો કરતાં જુદો ન હતો. ભાષાશાસ્ત્રીય, પુરાતાત્ત્વિક અને માનવશાસ્ત્રીય પ્રમાણોથી આ વાતની પુષ્ટિ થાય છે. આ મૂળ ભારોપીય પ્રજાની પહેલી ટુકડી, ''આદિમ—આર્ય'' તરીકે ઓળખાઈ.

*

ઉપર ઉલ્લેખાયેલ દક્ષિણ પૂર્વનો બલખનો પ્રદેશ જ ભારતીય આર્યોનો અધિકૃત પ્રદેશ છે. અહીં જ આદિમ વૈદિક મન્ત્રોની રચના પદપાઠ સ્વરૂપે થઈ હતી. વૈદિક મન્ત્રોમાં અનેક સ્તરો જોવા મળે છે : પહેલા સ્તરના મન્ત્રોની ભાષા, એક જીવંત ભાષા છે. બલખની આ ભાષા ૨૪૦૦ ઈ.સ. પૂર્વની જણાય છે. બીજા સ્તરના મન્ત્રો તે પુરોહિતોએ કરેલો સંહિતાપાઠ. ભારતીય આર્યો જ્યારે બલખ છોડીને ''પુરંદર'' (ઇન્દ્ર)ને પોતાનો નેતા બનાવીને જ્યારે પંજાબમાં પ્રવેશ્યા તે સમય ઈ.સ. પૂર્વે ૧૯૦૦માં આ સંહિતાપાઠ તૈયાર થયેલો જણાય છે. આ વખતે તે ભારતીય આર્યોને હડપ્પાની સંસ્કૃતિના લોકો જોડે અથડામણ થઈ હશે. ભારતીય આર્યોની ટુકડીનું પણ બે ભાગમાં વિભાજન થયું : એક આર્યો, કે જેઓ ભારતમાં આવ્યા તે ઇન્દ્રના ઉપાસક હતા; અને બીજા આર્યો, કે જે ઈરાનમાં જઈને રહ્યા તે વરુણના ઉપાસકો હતા.

(૨) ભારોપીય પ્રજાની બીજી ટુકડી કીર્ગીઝના મેદાનોમાંથી નીકળી પશ્ચિમના દેશો તરફ આગળ વધી. આ બીજી ટુકડી ''આદિમ યુરોપિયન'' તરીકે ઓળખાઈ. આ આદિમ યુરોપિયનો એવા દેશોમાં—ગ્રીસ, રોમ, જર્મની વગેરે—ગયા કે જ્યાંના હવા, પાણી મૂળ ભારોપીય—કીર્ગીઝના મેદાનો—પ્રદેશોથી તદ્દન ભિન્ન હતા.

27. હીન—ગેલ્ડને (R. von Heine–Gelden) ૧૯૩૬માં Archeological Traces of the Vedic Aryans– નામના પોતાના લખાણોમાં સૂચવ્યું છે કે મૂળ ભારોપીય [= ભારતીય—યુરોપીય] પ્રજાએ ત્રિવિધ સ્થળાંતર કર્યું છે :

ઉત્તરના કીર્ગીઝના, મેદાનોમાં આદિમ ભારોપીય પ્રજાએ ઘણો સમય સાથે નિવાસ કરીને, પસાર કર્યા પછી—

(૧) પહેલી ટુકડી—આદિમ ભારતીય આર્ય—દક્ષિણ પૂર્વ તરફ ગયા અને બલખમાં જઈને વસ્યા.

(૨) ત્યાર પછી, બીજી ટુકડી—આદિમ ભારોપીય/યુરોપિયનો—ઉત્તર પશ્ચિમ તરફ ગયા અને, પ્રિપેટ અને બાલ્ટિકમાં નિવાસ કર્યો.

(૩) ત્રીજી ટુકડી—હિટ્ટાઇટ લોકો—એશિયા માઈનેરમાં જઈને વસ્યા. સમયની દૃષ્ટિએ વિચારીએ તો –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

- આદિમ ભારોપીય * વીરોસ્ પ્રજા ઉત્તરના કીર્ગીઝ મેદાનોમાં ઈ.સ. પૂર્વે ૩૫૦૦માં રહેતી હતી.
- આદિમ ભારોપીયોથી આદિમ આર્યો છુટા પડ્યા ઈ.સ. પૂર્વે ૨૬૦૦.
- હિટ્ટાઈટ લોકોનું એશિયા માઈનોરમાં સ્થળાંતર થયું ઈ.સ. પૂર્વે ૨૮૦૦.
- આદિમ હેલેનવાસિયોનું યૂનાન (ગ્રીસ–રોમ)માં સ્થળાંતર થયું ઈ.સ. પૂર્વે ૨૨૦૦માં.

28. આદિમ ભારોપીય પ્રજામાં એક તોખારી લોકોની પણ ટુકડી હતી. પરંતુ કમનસીબે આ ટુકડી એ નક્કી ના કરી શકી કે, પૂર્વના દેશોમાં જવું કે પશ્ચિમના દેશોમાં ? આ તો તોખારીઓની ભાષામાં ભારતીય–આર્ય તથા ભારોપીય (ઈન્ડો–યુરોપિયન) એમ બન્ને ભાષાઓનાં લક્ષણો જોવા મળે છે.

*

જો કે આ ભારત–યુરોપીય પરિવારની મોટા ભાગની ભાષાઓનું ક્ષેત્ર યુરોપ હોવાથી, તથા એના પ્રારંભિક રૂપોમાં પર્યાપ્ત ભેદ હોવાને કારણે પ્રોફે. ટી. બરોએ આ ભાષાકુળનું મૂળ ક્ષેત્ર યુરોપ હશે એવું માન્યું છે. પરંતુ પાછળથી તોખારી અને હિટ્ટાઈટ ભાષાઓની શોધ થતાં, એશિયા–ખંડ પણ તે ભાષાકુળનું મૂળ ક્ષેત્ર હોવાની વાતને બળ મળ્યું છે. હ્યૂગો વિંક્લરે (Hugo Winckler) એશિયા–માઈનોરના બોગાજ કૂઈ (Boghaz koi) સ્થાનમાં કેટલાક લેખો શોધી કાઢ્યા છે. તેમાં લગભગ ઈ.સ. પૂર્વે ૧૪૦૦ના મિતાની (Mitanni) શાસકોએ કરેલા સન્ધિ–કરારોનું લખાણ છે. આ લખાણોમાં એવા અનેક શબ્દો છે જે વૈદિક સંસ્કૃતની સાથે સામ્ય ધરાવે છે જેમ કે, **इद्दर, मिइत् तर, उरुवन्न** (અથવા **अरुन**)**ना स अत् ति य** વગેરે. બેબિલોન્યિન લિપિમાં લખાયેલા આ શબ્દો ઋગ્વેદના દેવતાઓનાં જ નામ હોય એમ જણાય છે. જેમ કે, **इन्द्र, मित्र, वरुण** અને **नासत्यौ ।** વૈદિક ભાષાની સાથે આની તુલના કરતાં જણાય છે કે મેસોપોટેમીયાના દસ્તાવેજોની આ ભાષા વૈદિક ભાષા કરતાં ઘણી જૂની છે; તથા ધ્વનિપ્રક્રિયાની દષ્ટિએ તે ભારત–ઈરાનીકાળની વધુ નજીક છે. આનાથી એ વાતની પુષ્ટિ થાય છે કે ભારતમા આવીને વૈદિકભાષા રૂપે વિકસતાં પહેલાં આ ભાષાનું મૂળ વિકાસ ક્ષેત્ર એશિયા–માઈનોર હતું. ટૂંકમાં સંસ્કૃતના પરિચયે એક તરફ ઈન્ડો–યુરોપિયન ભાષાકુળની કલ્પનાને પુષ્ટિ આપી અને એક એવા મૂળની શોધમાં સહયોગ આપ્યો કે જે ભાષાકુળનો પ્રચાર એશિયા અને યુરોપના બહુ મોટા ભાગમાં થયેલો છે; તથા બીજી તરફ ભારત–ઈરાની શાખાનો નિકટનો સંબંધ સ્થાપિત કરી આપ્યો.

★ ★ ★

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૫

29. જગતની ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કર્યા પછી, ભાષાશાસ્ત્રીઓએ ભાષાઓનું દ્વિવિધ વર્ગીકરણ કર્યું છે તે નીચે મુજબ છે :

(૧) આકૃતિમૂલક વર્ગીકરણ, અને

(૨) આનુવંશિક વર્ગીકરણ.

આ દ્વિવિધ વર્ગીકરણોમાંથી પહેલા પ્રકારનું વર્ગીકરણ વિવાદાગ્રસ્ત છે અને બીજા પ્રકારના વર્ગીકરણમાં પણ શરૂઆતના તબક્કે વિવાદો હતા, પણ પાછળથી તેમાં મહદંશે સર્વસમ્મતિ સાધી શકાઈ છે.

30. **આકૃતિમૂલક વર્ગીકરણ :** સમગ્ર વિશ્વની તમામ ભાષાઓના સ્વરૂપનો—આકૃતિનો—અભ્યાસ કરીને તેમને ચાર પ્રકારમાં વહેંચી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે : (क) અયોગાત્મક અથવા વ્યાસ પ્રધાન ભાષાઓ, (ख) પ્રત્યયપ્રધાન અથવા અશ્લિષ્ટ ભાષાઓ, (ग) પ્રશ્લિષ્ટ અથવા સમાસપ્રધાન ભાષાઓ અને (घ) વિભક્તિપ્રત્યય પ્રધાન ભાષાઓ. આ ચારેય સ્વરૂપની ભાષાઓનો ટૂંકો પરિચય ડૉ. શ્રી ભોલાશંકર વ્યાસે[1] આ પ્રમાણે આપ્યો છે;

(क) અયોગાત્મક (Isolating language) અથવા વ્યાસપ્રધાન ભાષાઓના ઉદાહરણ તરીકે ચીની ભાષાને લઈ શકીએ. ચીની ભાષા એકાક્ષર વાળી ભાષા છે. તેમાં બધા જ શબ્દો અર્થતત્ત્વ[2]ના વાચક છે. સંબંધતત્ત્વ[3]ના બોધન માટે તેમાં જે તે શબ્દનું વાક્યમાં સ્થાન કયું છે એ ધ્યાનમાં લેવું પડે છે. ચીની ઉપરાંત તિબેટી, બર્મી જેવી ભાષાઓ પણ આ પ્રકારની છે.

(ख) પ્રત્યય પ્રધાન = યોગાત્મક (Agglutinating language) અથવા અશ્લિષ્ટ ભાષાઓના ઉદાહરણ તરીકે દક્ષિણ ભારતની દ્રવિડીભાષાઓ છે. જેવી કે, તમિળ, કન્નડ, તેલુગુ, મલયાલમ વગેરે. આ ભાષાઓ પદરચનાની દૃષ્ટિએ પ્રત્યય પ્રધાન ભાષાઓ છે. આ ભાષાઓમાં અર્થતત્ત્વ

---

૧. ''ભાષાવિજ્ઞાન અદ્યતન સિદ્ધાન્ત વિચારણા'' નામના પ્રશસ્ય ગ્રન્થમાં ડૉ. કા. બ. વ્યાસે પણ ભાષાઓનાં આ આકૃતિમૂલક વર્ગીકરણને સોદાહરણ સમજાવેલ છે. પરંતુ શ્રી ભોલાશંકર વ્યાસે જે આ મુદ્દાની સમજૂતી આપી છે, તેનાથી શ્રી કા. બ. વ્યાસની સમજૂતી તત્ત્વતઃ જુદી છે. જિજ્ઞાસુએ તે જોવી.

૨. જે શબ્દો કોશગત અર્થ આપે, તેમને ''અર્થતત્ત્વના વાચક'' કહે છે.

૩. જે પ્રત્યયો વાક્યમાં વપરાયેલાં શબ્દો વચ્ચેના અન્વય (—સંબંધ)ને જાહેર કરનારા હોય તેમને ''સંબંધતત્ત્વના વાચક'' કહે છે. દા.ત. 'પિતાનો પુત્ર' અહીં/—નો/ પ્રત્યય 'પિતા' અને 'પુત્ર' એવા બે શબ્દો વચ્ચેના સંબંધનો બોધ કરાવે છે. (તથા 'પિતા' અને 'પુત્ર' શબ્દો અર્થતત્ત્વના વાચક છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= નામપદો) અને સંબંધતત્ત્વ (= પ્રત્યયો) પરસ્પર જોડાઈને (= ચોંટીને) કોઈક વિચાર કે ભાવની પ્રતિપત્તિ કરાવે છે. અર્થાત્ આ પ્રકારની ભાષાઓમાં પદ = શબ્દ + પ્રત્યય. દા.ત. તેલુગુમાં કર્તા ગુર્રમ (ઘોડો) કર્મ ગુર્રમુનુ સંપ્રદાન ગુર્રમુનકુ વગેરે. પરંતુ અહીં ખાસ એ ધ્યાનમાં રાખવાનું છે કે શબ્દ + પ્રત્યયના યોગ = જોડાણમાં, બન્ને અંશનું અવિકૃત સ્વતંત્ર સ્વરૂપ જોવા મળે છે.

(ગ) પ્રશ્લિષ્ટ (Poly–synthetic) ભાષાના ઉદાહરણ તરીકે અમેરિકાની રેડઈન્ડિયન પ્રજાની ભાષાઓ લઈ શકાય. આ પ્રજાની ભાષાઓમાં એક શબ્દ બીજા શબ્દ જોડે એટલો બધો શ્લિષ્ટ થઈ (= જોડાઈ જાય) છે કે ક્યારેક તો આખું વાક્ય જ સમાસાન્ત–પદ બની જાય છે. આ ભાષાઓના સમાસાન્ત પદ અથવા વાક્યમાં સંબંધતત્ત્વનો વાચક પ્રત્યયાંશ હોતો (જ) નથી. પરિણામે સમાસાન્ત પદ (અથવા વાક્ય) = શબ્દ + શબ્દ + શબ્દ..... । એવી સ્થિતિ જોવા મળે છે. આવી વિશેષતાને કારણે તે ભાષાઓને સમાસપ્રધાન ભાષાઓ કહેવાય છે.

(ઘ) વિભક્તિ પ્રધાન (Inflective) ભાષાઓના ઉદાહરણ તરીકે સંસ્કૃત, અવેસ્તાં અને અરબી વગેરે (ઈન્ડો–યુરોપિયન કુળની તથા સેમેટિક–હેમેટિક કુળની) ભાષાઓ લઈ શકાય. આ ભાષાઓમાં અર્થતત્ત્વ (= નામપદની) સાથે વિભક્તિ પ્રત્યયો રૂપી સંબંધતત્ત્વને જોડીને 'પદ'ની નિષ્પત્તિ કરવામાં આવે છે. અહીં નામપદ અને પ્રત્યયનો યોગ થતાં તેમાં ઘણા ધ્વન્યાત્મક વિકારો થતા જોવા મળે છે. આ વિકારોને પરિણામે ક્યારેક આખી (પ્રકૃતિ = નામપદ =) અર્થતત્ત્વનું સ્વરૂપ બદલાઈ જતું હોય છે.

આવી વિભક્તિ પ્રત્યયપ્રધાન ભાષાઓ બે પેટા પ્રકારોમાં વહેંચાઈ જાય છે : અન્તર્વિભક્તિપ્રધાન ભાષાઓ અને બહિર્વિભક્તિપ્રધાન ભાષાઓ. પહેલા પ્રકારની અન્તર્વિભક્તિપ્રધાન ભાષાઓમાં સેમેટિક–હેમેટિક પરિવારની ભાષાઓ આવે છે. દા.ત. અરબી ભાષામાં અન્તર્વિભક્તિને કારણે અર્થતત્ત્વ (= શબ્દના અંદરના સ્વરોનું પરિવર્તન કરી નાખવાથી જુદા જુદા સંબંધતત્ત્વોનો અર્થ અભિવ્યક્ત કરી શકાય છે. જેમ કે, ''શેરે પંજાબ.'' શેર > શેરે, (પંજાબનો સિંહ). બીજા પ્રકારની બહિર્વિભક્તિપ્રધાન ભાષાઓમાં ભારત–યુરોપીય કુળની ભાષાઓ–સંસ્કૃત, અવેસ્તાદિ–આવે છે. આ પ્રકારની ભાષામાં વિભક્તિ (= સંબંધતત્ત્વના વાચક) પ્રત્યયો હંમેશા નામ (અર્થતત્ત્વ વાચક શબ્દો = પ્રકૃતિઓ)ની પાછળ જોડાય છે. આમાંથી સુબન્ત અને તિઙન્ત પદોની સિદ્ધિ થાય છે. આમાં પ્રકૃતિ અને પ્રત્યયના અંશો અલગ અલગ જોવા મળતા નથી.

ભાષાઓના આવા આકૃતિમૂલક વર્ગીકરણને linguistic typology કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

31. ડૉ. આર. જી. ભાંડારકરે તેમના Wilson Philological lecturesમાં ભાષાઓના આકૃતિમૂલક વર્ગીકરણોને આધારે ભાષાઓના વિકાસક્રમને વિશે કહ્યું છે કે—ભાષા પહેલા શ્લિષ્ટ (Synthetic) સ્થિતિમાં હોય છે, તેમાં ફેરફાર થતાં થતાં કાલક્રમે તે અયોગાત્મક (analytical) બને છે. (દા.ત. શ્લિષ્ટ અને (વિભક્તિ) પ્રત્યયપ્રધાન એવી સંસ્કૃત ભાષામાં ફેરફાર થતાં થતાં કાલક્રમે પ્રાકૃતભાષામાં પ્રત્યયો ઘસાતાં ગયાં. આ પ્રાકૃતમાંથી અપભ્રંશ વગેરેમાં થઈને આધુનિક ભારતીય આર્ય ભાષાઓમાં પ્રત્યયને બદલે સ્વતંત્ર અનુસર્ગો વપરાવા લાગ્યા છે. આજે તે ભાષાઓ લગભગ યોગાત્મક કે અયોગાત્મક બનવા તરફ છે, ફરી પાછું ભાષાનું તે અયોગાત્મક સ્વરૂપ કાલક્રમે શ્લિષ્ટ થતું જાય છે. અલબત્ત, જેસ્પર્સન જેવા ભાષાશાસ્ત્રીએ આ મત સ્વીકાર્યો નથી.

32. ભાષાઓનું આનુવંશિક વર્ગીકરણ (અર્થાત્ જગતનાં ભાષાકુળો) જગતની ભાષાઓનો ઐતિહાસિક તુલનાત્મક અભ્યાસ કરીને, તે ભાષાઓના પારિવારિક સંબંધો શોધવાનો પ્રયત્ન થયો છે. જગતમાં બોલાતી વિવિધ ભાષાઓની સંખ્યા લગભગ ૨,૫૦૦ જેટલી છે. (આમાં તે ભાષાઓની બોલીઓનો સમાવેશ થતો નથી.) તથા મૃતભાષાઓની સંખ્યા લગભગ ૨૫૦ જેટલી છે. આ બધી ભાષાઓને લગભગ ૧૦૦ ભાષાકુળોમાં વહેંચી શકાય છે. પરંતુ તેમાંથી નિમ્નોક્ત ૧૧ ભાષાકુળો મુખ્ય છે : ૧. ભારત–યુરોપીય, ૨. દ્રાવિડી, ૩. અગ્નિએશિયાઈ, ૪. ચીની–તિબ્બતી, ૫. સેમી–હામી (આફ્રિકી–એશિયાઈ), ૬. જાપાની–કોરિયાઈ, ૭. યુરલ–આલ્તાઈ, ૮. કૉકેશિયાઈ, ૯. મલયપોલિનેશિયાઈ ૧૦. આફ્રિકી અને ૧૧. અમેરિકી (–અમેરિન્ડિયન.)

[આ અગિયાર ભાષાકુળોમાંથી સૌથી મોટું અને મહત્ત્વનું પ્રથમ ભારત–યુરોપીય ભાષાકુળ છે. ત્યાર પછી ચીની–તિબ્બતીકુળનું સ્થાન બીજું છે. તે મધ્ય અને દક્ષિણપૂર્વ એશિયામાં બોલાય છે. તે ભાષામાં ઘણું પ્રાચીન સાહિત્ય છે. કેટલાક આધુનિક સંશોધનો અનુસાર દ્રાવિડી ભાષાકુળ અને યુરલ–આલ્તાઈ ભાષાકુળની ભાષાઓ મૂળમાં કોઈ એક સામાન્ય કુળની હોવાની શક્યતા છે. આફ્રિકી–એશિયાઈ કુળની ભાષાનો વિસ્તાર અરબસ્તાનથી લઈને ઉત્તર આફ્રિકામાં અને દક્ષિણમાં વિષુવવૃત્ત સુધી ફેલાયેલ છે. આ કુળની પ્રાચીન મિસરી ભાષાઓ ઈ. પૂર્વે ૨૮૦૦ લગભગ સુમેરીય ભાષા પાસેથી જે લેખન પદ્ધતિ અપનાવી, તેમાંથી જ જગતની ઘણી ખરી ભાષાઓની લિપિઓ અને મૂળાક્ષરો ઉદ્‌ભવેલા છે. બાઈબલમાં નિર્દિષ્ટ શેમ અને હામના નામ ઉપરથી આ આફ્રિકી–એશિયાઈ ભાષાકુળ સેમી–હામી નામે પણ ઓળખાય છે. યુરલ–આલ્તાઈ કુળની ભાષા પૂર્વ–યુરોપથી રશિયા અને સાઈબીરીયાથી પ્રશાંત મહાસાગર સુધી ફેલાયેલ છે.] (જુઓ : જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી–૮માં ડૉ. હરિવલ્લભ ભાયાણીનો લેખ.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

33. જગતના ઉપર્યુક્ત બધા જ ભાષાકુળોમાં સૌથી મોટું જો કોઈ ભાષાકુળ હોય તો તે છે ઈન્ડો–યુરોપિયન = ભારત–યુરોપિય ભાષાકુળ. ''જગતના અર્ધા જેટલા લોકોની માતૃ–ભાષા આ એક જ ભાષાકુળની છે. ભૂતકાળમાં જુદે જુદે સમયે, તેમ જ વર્તમાનમાં, જે જે ભાષાને (દા.ત. ગ્રીક, લેટિન, સંસ્કૃત, જર્મન, અંગ્રેજી) વિશ્વભાષાનો મોભો મળ્યો છે. તે બધી જ ભાષાઓ આ કુળની હતી; અને આ કુળની ભાષાઓ પાસે જ પ્રાચીન, સમૃદ્ધ અને કડીબદ્ધ પરંપરા ધરાવતું સાહિત્ય સહુથી વધુ પ્રમાણમાં છે.'' (શ્રી ભાયાણી.)

આ ભાષાકુળની ભાષાઓ બે વર્ગોમાં વહેંચાઈ જાય છે. (अ) સતમ્ વર્ગ અને (ब) કેન્તુમ્ વર્ગ. આ બન્ને વર્ગો અનુક્રમે ચાર અને પાંચ શાખાઓમાં પૃથક્ કરવામાં આવે છે. જેમકે,

(अ) સતમ્ વર્ગ :

(૧) ભારત–ઈરાની શાખા : જેમાં પ્રાચીન (= વૈદિક) સંસ્કૃત અને અવેસ્તાની ભાષાઓ આવેલી છે.

(૨) બાલ્ટો–સ્લાવોનિક અથવા લિથુઆનિયન–સ્લાવોનિક શાખા : જેમાં રશિયન, ચૈક, સ્લાવોનિક વગેરે ભાષાઓ આવેલી છે.

(૩) અલ્બેનિયન–શાખા.

(૪) આર્મેનિયન–શાખા.

(ब) કેન્તુમ્ વર્ગ :

(૧) ગ્રીક શાખા (આયોનિક, એટ્ટિક, ડોરિક અને અન્ય મહત્ત્વપૂર્ણ બોલીઓ સહિત) : જેમાંતી આધુનિક ગ્રીક ઉતરી આવી છે.

(૨) ઈટાલિયન શાખા : જેમાં લેટિન, ઓસ્કન અને ઉમ્બ્રિયન બોલીઓ આવેલી છે.

(૩) કેલ્ટિક શાખા : જેમાં બ્રીટેનિક અને ગેલિક (આયરિશ અને સ્કોટિશ) ભાષાઓ આવેલી છે.

(૪) જર્મનિક શાખા : જેમાં ગૉથિક, નોર્સ (આઈસલેડિક, નોરવેજિયન, સ્વીડીશ અને ડેનિશ) તથા પશ્ચિમ જર્મનિક (અંગ્લો સેક્શન, ફ્રીજિયન, લો જર્મન,લો ફ્રેંકિશ) ભાષાઓ આવેલી છે.

(૫) તોખારી શાખા.

34. ભારત–યુરોપીય ભાષાકુળની ભાષાઓ જે આઠ–નવ શાખાઓમાં વિભક્ત થાય છે, તે પ્રાથમિક તબક્કે મુખ્ય બે વર્ગોમાં વહેંચાઈ જાય છે; જેમકે, સતમ્ વર્ગ અને કેન્તુમ્ વર્ગ. આ બે ભેદ શાને આધારે પાડવામાં આવ્યા છે.? તે પહેલાં સમજીશું :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભારત–યુરોપીય ભાષાકુળની તમામ ભાષાઓ જે આદિમ ભારત–યુરોપીય (લુપ્ત) ભાષામાંથી ઉતરી આવી છે, તે આદિમ ભારત યુરોપીયમાં * તાલવ્ય क्य, ग्य વગેરે ધ્વનિઓ હતા.

આ તાલવ્ય क्य ધ્વનિમાંથી–

↓

ભારત ઈરાની, આર્મેનિયન, કેલ્ટિક, જર્મનિક અલ્બેનિયન અને બાલ્ટો સ્લાવોનિક શાખાઓમાં	ગ્રીક, ઇટાલિક તોખારી શાખાઓમાં
↓	↓
સોષ્મ स् કે श् ધ્વનિ વિકસ્યો	**કંઠ્ય સ્પર્શ क् ધ્વનિ વિકસ્યો**

પરિણામે સો (૧૦૦) સંખ્યાનો વાચક શબ્દ, ભારતઈરાની શાખાની સંસ્કૃત ભાષામાં शतम् અને અવેસ્તામાં सतम् (satem) રૂપે મળે છે; પણ ઇટાલિક શાખાની લેટિન ભાષામાં Centum – केन्तुम् રૂપે મળે છે. આને આધારે આ બે શાખાઓને અનુક્રમે सतम् વર્ગ અને केन्तुम् વર્ગમાં વહેંચી દેવામાં આવી છે.

'સો' સંખ્યા માટે જુદી જુદી ભાષામાં વપરાતા શબ્દો :–

સંસ્કૃત	– शतम्	લેટિન	– Centum (કેંતુમ્)
અવેસ્તા	– satem (सतम्)	ગ્રીક	– hekaton
લિથુઆનિયન	– szimtas	કેલ્ટિક	– cet (kent માંથી)
		જર્મન	– hund
		(ગોથિક	– kent)
		તોખારી	– kant

આ પ્રમાણે આપણે જોઈ શકીએ છીએ કે ભારત–ઈરાની, આર્મેનિયન, અલ્બેનિયન તથા લિથુઆનિયન (બાલટોસ્લાવોનિક) ભાષાઓમાં જ્યાં ઊષ્મ (स કે श) ધ્વનિ મળે છે; ત્યાં ગ્રીક, લેટિન, જર્મનિક, કેલ્ટિક ભાષાઓમાં તાલવ્ય क ધ્વનિ (–જેને ભારતીય વ્યાકરણમાં કંઠ્યધ્વનિ કહે છે તે) મળે છે–આ ભેદ અંગે ભૌગોલિક દૃષ્ટિએ એમ કહી શકાય કે જ્યાં પશ્ચિમી વર્ગમાં क् (k) અથવા क्व (k^w) ધ્વનિ મળે છે, ત્યાં પૂર્વી–વર્ગમાં श (ś) અથવા स् (s) ધ્વનિ મળે છે. [પાછળથી તોખારી ભાષા ભૂગોળની દૃષ્ટિએ પૂર્વના દેશમાંથી મળી આવી છે, તથાપિ ધ્વનિવિચારની દૃષ્ટિએ (= તોખારી ભાષામાં 'સો'ને માટે kant શબ્દ મળ્યો છે તેથી તેને) પશ્ચિમી વર્ગમાં મૂકવી પડી છે.]

*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભારત–યુરોપીય ભાષાકુળનું આ વર્ગીકરણ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. આ વર્ગીકરણનું શ્રેય અસ્કોલી (Ascoli) નામના વિદ્વાનને ફાળે જાય છે. તેમણે સર્વ પ્રથમ ઈ.સ. ૧૮૭૦માં એવો સિદ્ધાન્ત રજૂ કર્યો કે–''મૂળ ભારત–યુરોપીય કંઠ્ય (અથવા કંઠ્ય તાલવ્ય સ્પર્શ) क વર્ગના ધ્વનિઓ, ભારત–યુરોપીય ભાષાકુળની કેટલીક ભાષાઓ (ગ્રીક, લેટિન, ઇટાલીક, ફ્રેંચ વગેરે)માં કંઠ્ય क વર્ગના રૂપમાં જેમના તેમ સચવાઈ રહ્યા. પરંતુ બીજી કેટલીક ભાષાઓ (અવેસ્તા, સંસ્કૃત, ફારસી, રશિયન વગેરે)માં તે ઊષ્મ અથવા સંઘર્ષી (श, स, ज) ધ્વનિઓ તરીકે પરિવર્તન પામી ગયા.'' અસ્કોલીના આ સિદ્ધાન્તની પરીક્ષા કરીને 'વૉન બ્રેડકે' નામના વિદ્વાને ભારત–યુરોપીય ભાષાકુળની ભાષાઓને સતમ્–વર્ગ અને કેન્તુમ્–વર્ગમાં વિભાજિત કરી બતાવી, સો સંખ્યા માટે અવેસ્તામાં વપરાતો 'સતમ્' શબ્દ સતમ્–વર્ગની ભાષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. સો સંખ્યા માટે લેટિનમાં 'કેન્તુમ્' શબ્દ વપરાય છે, જે કેન્તુમ્–વર્ગની ભાષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. વૉન બ્રેડકેએ અનુમાન કર્યું કે આદિમ–ભારત–યુરોપીય ભાષામાં સો સંખ્યા માટે * क्यूम्तोम् (Kmtom) શબ્દ હશે. ત્યાર પછી, તેમણે ભારત–યુરોપીય પરિવારની બધી જ ભાષાઓમાં એ તપાસ શરૂ કરી કે क्यू म्तोम् નો કયાં કયાં કેવો વિકાસ થયો છે ? બીજા શબ્દોમાં કહીએ તો ભારત યુરોપીય ભાષાકુળની જુદી જુદી ભાષામાં સો સંખ્યાને માટે કયા કયા શબ્દો વપરાય છે ? આ તપાસને અંતે તેમને જણાયું કે ભારત–યુરોપીય ભાષાકુળની કેટલીક ભાષાઓમાં क्यम्तोम् શબ્દનો વિકાસ ''કેન્તુમ્'' રૂપે થયો છે; અને બીજી કેટલીક ભાષાઓમાં તે ''સતમ'' રૂપે વિકસ્યો છે.

(i) આદિમ ભારત–યુરોપીય

* क्यूम्तोम्

↓

કેન્તુમ્ વર્ગ		સતમ્ વર્ગ	
લેટિન–કેન્તુમ્	બ્રીટન–કૅન્ટ	અવેસ્તા–સતમ્	બલ્ગેરિયન–સુતો
ગ્રીક–હેકટોન	ગેલિક–ક્યુડ	સંસ્કૃત–શતમ્	લિથુઆનિયન–
ઇટાલીયન–કેન્તો	તોખારી–કન્ત	ફારસી–સદ	સ્જિમ્તમ્
ફ્રેંચ–કેન્ત		રશિયન–સ્તો	

ઉપરનાં ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે કેન્તુમ્ વર્ગની ભાષાઓમાં આદિમ–ભારત–યુરોપીય ભાષાનો क ધ્વનિ જેમનો તેમ સચવાઈ રહ્યો છે; પરંતુ સતમ્ વર્ગની ભાષાઓમાં તે स, श કે स्ज રૂપે પરિવર્તિત થઈ ગયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ii) સતમ્ વર્ગ અને કેન્તુમ્ વર્ગ બીજું એક ભેદક લક્ષણ આ પ્રમાણે મળે છે :–

આદિમ ભારત–યુરોપીય

(૧) देक्म् (dekm) (= દશ)

(૨) सेप्तन् (Septn) (= સાત)

↓

કેન્તુમ્ વર્ગ | સતમ્ વર્ગ

લેટિન (૧) देकेम् (decem) = દશ
(૨) सेप्तेम् (septem)
(सेप्त + एम्) = સાત

સંસ્કૃત (૧) दशन् > दश
(दश् + अ) = દશ
(૨) सप्त
(सप्त् + अ) = સાત

અહીં, આદિમ ભારત–યુરોપીય ભાષામાં જ્યાં અમુક શબ્દોના અંતે न् કે म् ધ્વનિ હોય છે તે કેન્તુમ્ વર્ગની ભાષામાં સુરક્ષિત રહે છે તથા તે न्/म् ની પૂર્વે એક સ્વર જોડાય છે; પરંતુ સતમ્ વર્ગની ભાષામાં તે न्/म् ધ્વનિનો લોપ થાય છે તથા તે લુત થયેલા न्/म् ધ્વનિની પૂર્વે એક अ સ્વર ચાલુ રહે છે.

(iii) સતમ્ વર્ગ અને કેન્તુમ્ વર્ગનું ત્રીજું ભેદક લક્ષણ પણ મળે છે આદિમ ભારત યુરોપીય ભાષાના કંઠ્યોષ્ઠ્ય क વર્ગના क्व ख्व, ग्व, घ्व, ધ્વનિઓ કેન્તુમ્ વર્ગની ભાષાઓમાં યતાવત્ સચવાઈ રહ્યા છે. પરંતુ સતમ્ વર્ગની ભાષાઓમાં તે કેવળ કંઠ્ય क् ख् ग् घ् ધ્વનિ રૂપે પરિવર્તિત થઈ ગયા છે. જેમકે,

આદિમ ભારત યુરોપીય

* क्व

↓

કેન્તુમ્ વર્ગ | સતમ્ વર્ગ

લેટિન–क्विस् (quis) = કોણ ?

સંસ્કૃત–कः (= કોણ ?)
લિથુઆનિયન–कस् (= કોણ ?)

ઉપર્યુક્ત ત્રણેય ભેદક લક્ષણોને ધ્યાનમાં લઈને ભારત–યુરોપીય ભાષાકુળની ભાષાઓને નીચે મુજબ બે વર્ગ (અને આઠ કે નવ શાખા)માં વિભાજિત કરવામાં આવી છે :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભારત યુરોપીય ભાષાકુળ

કેન્તુમ્ વર્ગ	સતમ્ વર્ગ
૧. ગ્રીક શાખા	૧. ભારત ઈરાની શાખા
૨. ઈટાલિયન શાખા	૨. બાલ્ટો સ્લાવોનિક શાખા
૩. કેલ્ટિક શાખા	૩. અલ્બેનિયન શાખા
૪. જર્મનિક (ટ્યુટોનિક) શાખા	૪. આર્મેનિયન શાખા
	૫. તોખારી શાખા

35. સતમ્–વર્ગની શાખાઓનું વિવરણ :

(૧) ભારત–ઈરાની શાખા : આ શાખાની બે ઉપશાખાઓ છે.

ક ભારતીય આર્ય ઉપશાખા તથા **ખ** ઈરાની ઉપશાખા આ ઉપરાંત એક ત્રીજી ઉપશાખાની પણ કલ્પના કરવામાં આવી છે : **ગ** દરદ ઉપશાખા.

ક ભારતીય આર્ય ઉપશાખાનો પ્રાચીનતમ સાહિત્યિક પુરાવો તે આપણો ઋગ્વેદ છે. આ ઋગ્વેદમાં સંગ્રહાયેલા લગભગ ૧૦,૦૦૦ જેટલા વૈદિક મન્ત્રો ઈ.સ. પૂર્વે ૨૫૦૦માં રચાયા હોવાની સંભાવના છે. (આ વૈદિક સંસ્કૃતના ધ્વનિઓ, વગેરેનો વિચાર આગળ ઉપર કરવામાં આવશે.) આ વૈદિક સંસ્કૃતમાં કાલક્રમે ફેરફાર થતાં થતાં પ્રશિષ્ટ (classical) સંસ્કૃતનું સ્વરૂપ નિકસ્યું. પરંતુ ભાષામાં તો સતત પરિવર્તન થતું જ હોય છે આ એક નિયમ છે. તે અનુસાર પ્રશિષ્ટ સંસ્કૃતમાંથી કાલક્રમે પાલિ અને પ્રાકૃત જેવી ભાષાઓ ઉતરી આવી; અને બીજી કેટલીક સદીઓ પસાર થતાં તેમાંથી આધુનિક ભારતીય આર્યભાષાઓ, જેવી કે–મરાઠી, બંગાળી, હિન્દી, પંજાબી, ગુજરાતી વગેરે ભાષાંઓ ઉતરી આવી એવું મનાય છે. (અલબત્ત, આ વિષયની થોડીક શાસ્ત્રીય ચર્ચા પ્રકરણ–૧૦માં જોવા મળશે.)

અહીં એક વિવાદાગ્રસ્ત પ્રશ્ન તરફ અંગુલિનિર્દેશ કરવો જરૂરી છે. જેમકે, પરંપરાગત રીતે એવું મનાય છે કે સંસ્કૃતભાષામાં કાલક્રમે જે ફેરફારો થયા– સંસ્કૃત ભાષાનું જે ભ્રષ્ટ સ્વરૂપ–તે 'પાલિ, પ્રાકૃત કે અપભ્રંશ ભાષા' કહેવાઈ. પરંતુ 'પ્રકૃતિ = મૂળ સ્વરૂપ' એમ માનીએ તો ''પ્રકૃતિમાંથી ઉતરી આવેલી ભાષા તે પ્રાકૃત'' અને તે પ્રાકૃતભાષા ઉપર સંસ્કાર કરીને તૈયાર કરેલી જે ભાષા તે ''સંસ્કૃત'' અર્થાત્ (સંસ્કૃતમાંથી પ્રાકૃત ઉતરી આવી છે એમ કહેવાને બદલે) પ્રાકૃતમાંથી સંસ્કૃત ઉતરી આવી છે એમ શા માટે ન કહેવું ? તે પ્રશ્ન છે. ટૂંકમાં, પ્રાકૃતને પણ પહેલી ભાષા માનનારા વિદ્વાનો છે. ડૉ. પી. ડી. ગુણે મહોદય પણ આ મત ધરાવે છે. તેમના મુજબ–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



આમ ડૉ. પી. ડી. ગુણે કહે છે કે પ્રાકૃતોનું અસ્તિત્વ નિશ્ચિત રૂપે વૈદિક બોલીઓને સાથે સાથે જ પ્રવર્તમાન હતું. આ પ્રાકૃતોમાંથી પરવર્તી સાહિત્યિક પ્રાકૃતોનો વિકાસ થયો છે. વેદો અને પંડિતોની ભાષાની સાથે સાથે જ, એટલે સુધી કે વૈદિક મન્ત્રોની રચનાના સમયમાં પણ, એક એવી ભાષા પ્રચલિત્ત હતી કે જે પંડિતોની (સંસ્કૃત) ભાષા કરતાંય વધારે વિકસિત હતી. આ ભાંષામાં મધ્યકાલિક ભારતીય બોલીઓની પ્રાચીનતમ અવસ્થા (જેને પાલિ–અવસ્થા કહેવામાં આવી છે)ની પ્રમુખ વિશેષતાઓ પ્રવર્તમાન હતી. પાલિને પ્રાચીનતમ પ્રાકૃત કહેવા માટે, વાકરનેગલની સાથે ડૉ. ભાંડારકર પણ સહમત છે. (જુઓ પેરેગ્રાફ–૭૨)

ख. ઈરાની ઉપશાખાનું પ્રાચીનતમ.સાહિત્ય પારસીઓના ધર્મગ્રન્થ અવેસ્તામાં સચવાઈ રહ્યું છે. અવેસ્તામાં પણ વૈદિક મન્ત્રોની જેમ જ અનેક સમયગાળાની ભાષા ભેગી થયેલી છે, તેમાં જે પ્રાચીનતમ ભાષાનો અંશ છે તે ઇ.સ. પૂર્વે ૮૦૦નો હોવાની શક્યતા છે. અવેસ્તાની ભાષા શબ્દાવલી અને રૂપ–રચનાની દૃષ્ટિએ વૈદિક સંસ્કૃતની સાથે ગાઢ સામ્ય ધરાવે છે. ચોક્કસ ધ્વનિનિઓને આધારે અવેસ્તાની ગાથાઓને વૈદિક સંસ્કૃતમાં સીધી રૂપાંતરિત કરી શકાય છે. આનો અર્થ એ કે અવેસ્તા અને વૈદિકભાષામાં મૂળ ભારત–યુરોપીય ધ્વનિઓનો વિકાસ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એક સરખો થયો છે. પ્રાચીન ઈરાની બે ભાગમાં વહેંચી શકાય છે. એક પ્રાચીનતમ સ્વરૂપ જે અવેસ્તામાં સચવાઈ રહ્યું છે અને બીજું સ્વરૂપ જે એકેમેનિઝ રાજાઓના ક્યૂનિફોર્મ શિલાલેખોમાં સચવાઈ રહ્યું છે. આ શિલાલેખોમાંથી दारिउस–प्रथम નો શિલાલેખ તો ઈ.સ. પૂર્વે ૫૨૧નો છે એમ મનાય છે. આ ઈરાની–ઉપશાખાની જે પરવર્તી ભાષા છે, તે પહલવી–ભાષા છે તથા એના પણ સોગ્દી, સાકા, પાર્થિયન વગેરે ભેદો પ્રાપ્ત થાય છે. આ વર્ગની આજની ભાષાઓ આધુનિક ફારસી, કુર્દિશ, ઓસેતિક, પશ્તો અને બલૂચી મુખ્ય છે. આ બધી ભાષાઓમાંથી સાહિત્યની દૃષ્ટિએ આધુનિક ફારસીનું સ્થાન પ્રથમ આવે છે. આ આધુનિક ફારસીનું જૂનામાં જૂનું સાહિત્યિક સ્વરૂપ ૧૧૦૦ ઈ.સ.ના ફિરસોદસના 'શાહે–નામા' સચવાઈ રહ્યું છે.

(૨) અલ્બેનિયન–શાખા : આ શાખાનું કોઈ પ્રાચીન લિખિત રૂપ ઉપલબ્ધ થતું નથી. ચૌદમી સદી પછીનું જ સાહિત્ય આપણને પ્રાપ્ત થાય છે. પરિણામે ચૌદમી સદી પહેલાની અલ્બેનિયન ભાષાનું સ્વરૂપ જાણવા માટે અને તેમાં કાલાન્તરે કેવા ફેરફારો થતા રહ્યા એ જાણવા માટે કોઈ ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ નથી.

(૩) આર્મેનિયન–શાખા : આ શાખામં અલ્બેનિયમ–શાખાની અપેક્ષાએ વધારે જૂનું સાહિત્ય મળી આવે છે. જેમકે, ઈ.સ. ૫૦૦થી આરંભીને અત્યાર સુધીનું સાહિત્ય તેમાં સચવાઈ રહ્યું છે. ફ્રેંચ ભાષાશાસ્ત્રી મેયે એ આર્મેનિયન ભાષાનું ભાષાશાસ્ત્રીય અધ્યયન કરીને, તે ભાષા સ્વરૂપ અને અન્ય ભાષાઓ સાથેનો તેનો સંબંધ સ્પષ્ટ કરી આપ્યો છે. આર્મેનિયન ભાષામાં ઈરાની શબ્દો પણ મળી આવ્યા છે.

આર્મેનિયનમાં इ કે उ જેવા સ્વરો શબ્દના અંતમાં જ જોવા મળે છે; શબ્દારંભે કે શબ્દની મધ્યમાં તેમનો લોપ થઈ જાય છે, જેમ કે, hinoy માંથી hnoy બની જાય છે. વળી, સંસ્કૃતમાં જ્યાં વર્ગના તૃતીય વર્ણો છે (જેમ કે, दश) ત્યાં આર્મેનિયનમાં પ્રથમ વર્ણ (જેમ કે, tas) થઈ જાય છે.

(૪) બાલ્ટો–સ્લાવોનિક શાખા : સતમ્ વર્ગની ચોથી શાખાનું નામ બાલ્ટો–સ્લાવોનિક અથવા બાલ્ટો–સ્લાવિક છે. તેની બે ઉપશાખાઓ છે : બાલ્ટિક અને સ્લાવોનિક.

(क) બાલ્ટિક ઉપશાખાના પ્રાચીનતમ સ્વરૂપનો કોઈ નમૂનો મળતો નથી, પરંતુ મધ્યકાલિક યુગમાં તેની ત્રણ વિશેષતાઓ જોવા મળી છે. જેમકે, પ્રાચીન લિથુઆનિયન, પ્રાચીન લેતિશ અને પર્શિયન. આમાંથી પહેલી બે (ભાષાઓ) આજે પણ બોલાય છે. ભાષાશાસ્ત્રીઓને માટે આ બન્નેમાંથી લિથુઆનિયન વધારે મહત્ત્વની ભાષા છે. કારણ કે ભારત–યુરોપીય ભાષાકુળમાંથી ઉતરી આવેલી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આજની ભાષામાંથી લિથુઆનિયને પ્રાચીન સ્વરૂપને જરા વધારે સુરક્ષિત રાખ્યું છે. આ દૃષ્ટિએ તેને ''આર્ષ'' પ્રકૃતિની ભાષા કહી શકાય. દા.ત. આજે પણ તે ભાષામાં દ્વિવચનના ચિહ્નો સચવાઈ રહ્યાં છે. તથા જુદી જુદી વિભક્તિઓનો પણ વધારે પ્રયોગ થાય છે. જેમકે, આ લિથુઆનિયનમાં આજે પણ છ વિભક્તિઓ વપરાય છે. વળી, આદિમ ભારત–યુરોપીય ધ્વનિઓને પણ આ ભાષાએ પ્રમાણમાં વધારે સાચવી રાખ્યો છે એમ કહી શકાય. કેટલાક નમૂના જોઈશું :–

લિથુઆનિયન	ગ્રીક	સંસ્કૃત
एस्ति (Esti)	एस्ति (Esti)	अस्ति
एइमि (Eimi)	एइमि (Eimi)	एमि
अग्निस् (Ugnis)	लेटिन. → इग्निस् (Ignis)	अग्निः

આ બાલ્ટિક ઉપશાખાની જે ત્રીજી પર્શિયન ભાષા છે તેને થોડુંક સાહિત્ય ઉપલબ્ધ થાય છે. પરંતુ આ ભાષા સત્તરમી સદી સુધી જ પ્રચલિત હતી અને પાછળથી કદાચ જર્મનના પ્રભાવથી તે લુપ્ત થઈ છે.

(ख) સ્લાવોનિક ઉપશાખા પણ ત્રણ ભાગોમાં વહેંચી શકાય છે : દક્ષિણી સ્લાવોનિક, પશ્ચિમી સ્લાવોનિક અને પૂર્વી સ્લાવોનિક. ૧. દક્ષિણી સ્લાવોનિકનું મધ્યકાલિક સ્વરૂપ તે 'પ્રાચીન ચર્ચ સ્લાવોનિક' અથવા 'પ્રાચીન બલ્ગેરિયન' રૂપે ઓળખાય છે. તે ભાષાનું સાહિત્ય ઈ.સ. ૯૦૦થી ૧૨૦૦ના ગાળાનું મળે છે. આ પ્રાચીન ચર્ચ સ્લાવોનિકમાંથી આધુનિક બલ્ગેરિયન, સર્બો–ક્રોટ અને સ્લોવેન ઊતરી આવી છે. ૨. પશ્ચિમી ઉપશાખાનું મધ્યકાલિક રૂપ તે 'પોલેબિયન' છે. પરંતુ તેનું કોઈ સાહિત્ય હાલ મળતું નથી. આ પોલેબિયનમાંથી ઊતરી આવેલી ભાષાઓ જેક, સ્લોવાક, પોલિશ અને સોર્બિયન છે. ૩. પૂર્વી સ્લાવોનિક ભાષાનું મધ્યકાલિક રૂપ જાણવા મળતું નથી. પરંતુ તેની આધુનિક ભાષાઓ (મોટી) રશિયન, સફેદ રશિયન, નાની રશિયન (અર્થાત્ યૂક્રેનિયન) બોલાય છે. આમાંથી (મોટી) રશિયન ભાષા રશિયામાં રાષ્ટ્રિયભાષા રૂપે બોલાય છે, સફેદ રશિયન ભાષા પોલેન્ડના કેટલાક ભાગોમાં બોલાય છે અને નાની રશિયન ભાષા યુક્રેનમાં બોલાય છે.

આમ (ख) સ્લાવોનિક ઉપશાખાની ઉપર્યુક્ત ભાષાઓ બલ્ગેરિયા, જેકોસ્લોવેકિયા, પોલેન્ડ, યુગોસ્લેવિયા, યૂક્રેન અને રશિયામાં બોલાય છે.

36. કેન્તુમ્ વર્ગની શાખાઓનું વિવરણ :

(૧) ગ્રીક શાખા : ભારત–યુરોપીય ભાષાકુળની પ્રાચીનતમ ભાષા તરીકે (સતમ્–વર્ગની) વૈદિક સંસ્કૃતનું અત્યધિક મહત્ત્વ છે. ત્યાર પછી બીજા નંબરે પ્રાચીનતર ભાષા તરીકે આ કેન્તુમ્–વર્ગની ગ્રીક ભાષાનું મહત્ત્વ છે. ઈ.સ. પૂર્વે ૮૪૦ની ગ્રીકભાષાનો નમૂનો હોમરના સાહિત્યમાં સચવાઈ રહ્યો છે: અને ત્યારથી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માંડીને આજદિન સુધીની ગ્રીકભાષાનો (એટલે કે ગ્રીકભાષામાં રચાયેલા સાહિત્યનો) ધારાવાહી પ્રવાહ આપણને સુલભ છે. ભારત–યુરોપીય ભાષાકુળનો સર્વાંગીણ અભ્યાસ કરનારને માટે (ભારત–ઈરાની શાખાની), વૈદિક સંસ્કૃત (ઈટાલિક શાખાની) લેટિન અને (ગ્રીક શાખાની) આ કલાસિક = હોમરિક) ગ્રીકનો અભ્યાસ અનિવાર્ય ગણાય છે.

ગ્રીક શાખાની બે ઉપશાખાઓ છે : પૂર્વી ગ્રીક અને પશ્ચિમી ગ્રીક. ૧. આમાંથી પૂર્વી ગ્રીકના કેટલાય ભેદ–પ્રભેદ છે; પરંતુ તેમાંથી એતિક અથવા આયોનિક ભેદ મુખ્ય છે. કેમકે આ આયોનિક ગ્રીકમાં જ હોમરનું સાહિત્ય રચાયેલું છે. આ હોમરિક ગ્રીકનું મધ્યકાલિક સ્વરૂપ તે 'કાઈને' અને 'હેલેનિસ્ટિક' તરીકે ઓળખાય છે અને તેમાંથી જ આધુનિક ગ્રીકનો વિકાસ થયો છે. ૨. પશ્ચિમીગ્રીક ઉપશાખા પણ કેટલાક ભેદ–પ્રભેદમાં વહેંચી શકાય છે, પરંતુ તેમાંથી 'દોરિક' ભેદ મુખ્ય છે. આ દોરિક ગ્રીકમાંથી જ ટસકોનિયન–બોલીઓનો વિકાસ થયો છે.

યુરોપ–ખંડની બે ભાષાઓ–લેટિન અને ગ્રીક–સભ્ય અને વિદ્વાન્ સમાજની ભાષાઓ ગણાય છે. ગ્રીક ભાષાનું સાહિત્ય પણ ગુણવત્તાની દૃષ્ટિએ સમૃદ્ધ છે. તદુપરાંત, આ ગ્રીક ભાષાએ (જ) આદિમ ભારત–યુરોપીય ભાષામાં જે સ્વરો હશે, તેને પ્રમાણમાં વધારે સાચવી રાખ્યા છે. આથી તુલનાત્મક ભાષાશાસ્ત્રમાં આ હોમરિક ગ્રીકનું જ મહત્ત્વ છે; અને તેમાંથી જ ઉદાહરણો આપવામાં આવે છે; (આધુનિક ગ્રીકમાંથી નહીં).

(૨) ઈટાલિક–શાખા : આ શાખાની લેટિન ભાષાનું મહત્ત્વ યૂરોપ ખંડમાં (ગ્રીક ભાષાની જેમ જ) ઘણું નોંધપાત્ર છે. વળી, આ લેટિન ભાષાએ (સંસ્કૃત) અને ગ્રીક ભાષાની જેમ જ) આદિમ ભારત–યૂરોપીય ભાષાકુળના રૂપતન્ત્ર (morphology) ને પણ સાચવી રાખ્યું છે. આ ઈટાલિક શાખાને બે ઉપશાખાઓમાં વહેંચી શકાય છે : લેટિન–ફાલિસ્કન અને ઓસ્કન–ઉમ્બ્રિયન. ૧. લેટિન–ફાલિસ્કન ઉપશાખાના બે ભેદ છે : લેટિન અને ફાલિસ્કન. લેટિનમાં ઈ.સ. પૂર્વેનું સાહિત્ય મળી આવે છે. આ સાહિત્યિક લેટિનનું ભ્રષ્ટ સ્વરૂપ 'વલ્ગર લેટિન' રૂપે ઓળખાય છે. આ વલ્ગર લેટિનમાંથી ફ્રેંચ, સ્પેનિશ, પોર્ચુગીઝ, પ્રૉવાંસાલ, ઈટાલિયન અને રુમાનિયન ભાષાઓ ઊતરી આવી છે. ૨. ઓસ્કન–ઉમ્બ્રિયન ઉપશાખાનો નમૂનો પ્રાચીન શિલાલેખોમાં જ મળી આવે છે; એનું કોઈ પરવર્તી રૂપ મળતું નથી.

(૩) કેલ્ટિક શાખા : આ શાખાની ત્રણ ઉપશાખાઓ છે. ૧. ગેલિક અથવા ગોઈદેલિક ઉપશાખામાંથી આધુનિક સમયની આયરિશ, સ્કૉટ, ગેલિક અને માંખ ભાષાઓ ઊતરી આવી છે. ૨. બ્રિટેનિક ઉપશાખામાંથી આધુનિક સમયની વેલ્સ અને બ્રેટન ભાષાઓ ઊતરી આવી છે. ફ્રાંસના બ્રિટેની પ્રદેશમાં બ્રેટન બોલાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તથા સાહિત્યિક દૃષ્ટિએ વેલ્સનું મહત્ત્વ છે. ૩. ગૉલિશ ઉપશાખાની ભાષામાં કેટલાક શિલાલેખો લખાયેલા મળી આવે છે. ઈ.સ. છઠ્ઠી સદીથી આ ભાષા લગભગ લુપ્ત થઈ ગઈ છે.

(૪) જર્મનિક અથવા ટ્યુંટોનિક શાખા : આ શાખા ત્રણ ઉપશાખાઓમાં વહેંચાઈ જાય છે. જેમકે, પૂર્વી જર્મન, ઉત્તરી જર્મન તથાં પશ્ચિમી જર્મન. ૧. પૂર્વી જર્મન ઉપશાખામાંથી ઈ.સ. ૪થી સદી પછી ઊતરી આવેલી ગૉથિક ભાષાનું સાહિત્ય આપણે માટે, ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ મહત્ત્વનું છે. જર્મનિક શાખાની વિશેષતાઓ જાણવા માટે અને ભારત–યુરોપીય ભાષાકુળની અન્ય ભાષાઓ સાથે તુલનાત્મક અભ્યાસ કરવા માટે આ ગૉથિક ખૂબ ઉપયોગી છે. અન્ય બે ઉપશાખાઓનું સાહિત્ય ગૉથિક જેટલું જુનું નથી. ૨. ઉત્તરી જર્મનનું પ્રાચીન સ્વરૂપ યૂનિક શિલાલેખોમાંથી મળી આવે છે. આનું પરવર્તી સ્વરૂપ પ્રાચીન નોર્સ અથવા પ્રાચીન આઈસલેંડિક ભાષામાં જોવા મળે છે. આ ઉપશાખાની આધુનિક સમયમાં પ્રચલિત થયેલી ભાષાઓ તે સ્વીડિશ, ડેનિશ, નૉર્વેજ્યિન અને આઈસલેંડિક છે. ૩. પશ્ચિમી જર્મન ઉપશાખા બીજા બે ભાગોમાં વહેંચાઈ જાય છે. क હાઈ જર્મન અને ख લો જર્મન. આમાંથી હાઈ જર્મનમાં પ્રાચીન હાઈ જર્મન, આધુનિક જર્મન, ડચ અને બેલ્જીયમદેશની ફ્લૈમિશ ભાષાઓ આવેલી છે. જ્યારે લો જર્મનમાંથી ઑંગ્લ–ફ્રીજિયન ભાષાયુગલ ઉતરી આવ્યું છે. આમાંથી સાહિત્યની દૃષ્ટિએ પ્રાચીન અંગ્રેજી અથવા ઍંગ્લોસેક્શન ભાષાનું ખૂબ મહત્ત્વ છે. આ લો જર્મનમાંથી વિકસેલા આધુનિક સ્વરૂપો તે અંગ્રેજી ભાષા અને ફ્રીજિયન ભાષા છે. આ પશ્ચિમ જર્મન ઉપશાખાની ભાષાઓ–જર્મન અને અંગ્રેજી–પ્રચાર દૃષ્ટિએ વિશાળ ભૂક્ષેત્રને આવરી લે છે અને સાહિત્યની દૃષ્ટિએ સમૃદ્ધ છે.

(૫) તોખારી શાખા : આ શાખાની જાણકારી આધુનિક સમયમાં થઈ છે; એટલે કે હમણાં જ ઈ.સ. ૧૯૦૪માં ચીની તુર્કિસ્તાનમાંથી મળી આવેલા કેટલાક બૌદ્ધ નાટકોના તૂટક હસ્તલેખોમાં આ તોખારી ભાષા સચવાઈ રહી છે. આ હસ્તલેખોનો લેખન સમય ઈ.સ. ૯૦૦થી ૧૦૦૦ સુધીનો મનાય છે. આ ભાષાને 'તુષાર' કે 'તુખાર' જાતિના નામ ઉપરથી તોખારી, તોખારિક, તોખારેગ, તોખારિયન કે તોખારિશ એવાં જુદાં જુદાં નામોથી ઓળખવામાં આવે છે. મહાભારતમાંપણ આ જાતિને માટે तुखाराः એવું નામ વપરાયું છે; અને खशाःની સાથે તેમનો ઉલ્લેખ છે.

આ તોખારી ભાષા ભારત–યુરોપીય ભાષાકુળની જ એક શાખા છે એવું માનવા માટેનાં ભાષાશાસ્ત્રીય કારણો તરીકે નીચેના શબ્દોનું સામ્ય નોંધપાત્ર છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

संस्कृत	–	तोखारी
पितृ	–	पातर
मातृ	–	मातर
अष्ट	–	ओक्त ॥

S. E. Mann નામના વિદ્વાને (The Cradle of IE. Speakers, 1945) એવો મત ઉચ્ચાર્યો હતો કે આ તોખારી ભાષા સતમ્ વર્ગની ભાષા હતી. (અને આદિમ ભારત–યુરોપીય પ્રજામાંથી અમુક અમુક ટોળીઓએ સ્થળાંતર શરૂ કર્યું ત્યારે આ તોખારી લોકો હેમલેટની જેમ નક્કી કરી શક્યા નહોતા કે પૂર્વ તરફ જવું કે પશ્ચિમ તરફ.) પરંતુ પાછળથી આ મતનો અસ્વીકાર થયો છે. કેમકે, આ ભાષા જોકે ભૌગોલિક દૃષ્ટિએ સતમ્–વર્ગની ભાષાઓથી ઘેરાયેલી જણાય છે; છતાં ભાષાશાસ્ત્રીય પુરાવાઓને આધારે એવું જણાયું છે કે કેન્તુમ્ વર્ગની જ ભાષા છે.

દા.ત. 'સો' સંખ્યાનો વાચક શબ્દ તોખારી ભાષામાં कान्त (Kant) છે. એ જ પ્રમાણે, સંસ્કૃતમાં જ્યાં તાલવ્ય ઊષ્માક્ષર श (દા.ત. श्वन्) મળે છે, ત્યાં તોખારી ભાષામાં અઘોષ k (દા.ત. Ku = કુતરો) મળે છે.

37. હિટ્ટાઈટ : વીસમી સદીમાં જ, તોખારી ભાષાની જેમ એક હિટ્ટાઈટ ભાષાની પણ શોધ થઈ છે. હિટ્ટાઈટ પણ, કેન્તુમ્–વર્ગની અન્ય ભાષાઓ જેવી જ હોય એમ જણાય છે. તૂર્ક (અનાત્તોલિયા)ના બોગાઝકુઈ નામના સ્થાનમાં ઈંટો (અથવા માટીની પટ્ટીઓ ઉપર) ક્યૂનિફોર્મ લિપિમાં કોતરવામાં આવેલ કેટલાક લેખ પ્રાપ્ત થયા છે. આનો સમય ઈ.સ.ની ૯મી સદીથી ૧૪મી સદી સુધીનો મનાય છે. બોગાઝકુઈ પ્રાચીન હિટ્ટાઈટ રાજ્યની રાજધાની હશે. નુટ્ઝેન (Knudtzen) અને વિંકલર (winkler) એ આ હિટ્ટાઈટ લખાણોની શોધ કરી છે. અસીરી વિદ્વાન્ સોમર (Sommer) એ તે વાંચી બતાવ્યા, અને તેનું ભાષાશાસ્ત્રીય અધ્યયન સ્ટુર્ટવેંટે કર્યું છે (જુઓ : Comparative Grammar of Hittite, 1933). આ ભાષાની શોધથી જે સામગ્રી પ્રાપ્ત થઈ છે તે અસાધારણ રીતે ઘણી પ્રચુર છે. જેમ કે–૧૦,૦૦૦થી પણ વધારે ઈંટો કે કીલાક્ષર પટ્ટીઓ મળી આવી છે. જાતિની દૃષ્ટિએ હિટ્ટાઈટ લોકો, મેડેટરેનિયમ–આરમેનાઈડ તથા ફરતા તુર્કીઓની મિશ્રિત જાતિ હતી.

મૂળ હિટ્ટાઈટ લખાણોમાં આઠ ભાષાઓના ટાઈપ–આઠ લિપિમાં લખાયેલા અક્ષરો–જોવા મળે છે. પરંતુ તે કોઈ મિશ્રિત ભાષા હોય એવું લાગતું નથી. આથી ઉલટું, તે હિટ્ટાઈટ ભાષાને ભારત–યુરોપીય ભાષાકુળ જોડે કોઈક સંબંધ છે એવું જણાય છે. પરંતુ જોડે જોડે એ પણ નોંધપાત્ર છે કે ભારત–યુરોપીય ભાષાકુળના પૂર્વના વર્ગ જોડે કે પશ્ચિમો વર્ગ જોડેય એનો (હિટ્ટાઈટનો) કોઈ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીધો સંબંધ હોય એવું જણાતું નથી. શરૂઆતમાં કેટલાક વિદ્વાનોનું માનવું હતું કે હિટ્ટાઈટ એક કાકેશિયન ભાષા હશે; પણ આ સાચું નથી. આ હિટ્ટાઈટનો સંબંધ ભારત–યુરોપીય ભાષાકુળના કેન્તુમ્–વર્ગ (પશ્ચિમી વર્ગ) જોડે છે. હિટ્ટાઈટમાં બહુવચન અવ્યવસ્થિત છે. કેવળ દ્વિવચનના ચિહ્નો મળે છે તેમાં એક વિચિત્ર 'ह' ધ્વનિ છે. હિટ્ટાઈટમાં આ ह (= ख) નો પ્રશ્ન જટિલ છે. હિટ્ટાઈટના અનેક શબ્દોમાં એક કંઠ્ય ઊષ્મ ધ્વનિ (Spirant) ख् મળી આવે છે, જેને લિપિમાં ह રૂપે લખવામાં આવ્યો છે. પરંતુ ભારત–યુરોપીય ભાષાકુળની ભાષાઓમાં, (તેના સમાનાર્થી શબ્દોમાં) આ ह (= ख) ધ્વનિના સ્થાનમાં બીજો કોઈ ધ્વનિ મળતો નથી.

		સંસ્કૃત	ગ્રીક
દા.ત.	खित्ती = हित्ती		
('રક્ત' અર્થવાળા	एस्खर)	अष्टक	एआँर
(હાડકાં અર્થવાળા	खस्ताइ)	अस्थि	ओस्तेओन

ધ્વનિ–પ્રક્રિયાની દષ્ટિએ વિચારીએ તો–ભારત–યુરોપીય ભાષાકુળની કેટલીક ભાષાઓનીજેમ, આ હિટ્ટાઈટમાં પણ ट વર્ગના ધ્વનિઓનો અભાવ છે. તથા દરેક વર્ગના ચાર–ચાર સ્પર્શ વ્યંજનોને બદલે, કેવળ એક એક અઘોષ–અલ્પપ્રાણ સ્પર્શ (क् च् त् प) વ્યંજન જ મળે છે. ક્રિયા અને કારકરચના સરળ છે. ક્રિયાર્થ (moods) મોટે ભાગે નથી અને કાળની સંખ્યા પણ થોડીક જ છે. આનો વ્યાકરણિક ઢાંચો પ્રા. દાંડેકરને ભારત–યુરોપીય ભાષાકુળનો જ જણાય છે. પરંતુ આ ભાષા સ્વરૂપની દષ્ટિએ સ્પષ્ટ પણે પ્રાચીન અથવા આદિમ (પ્રાગ્ ઐતિહાસિક કાળનો) જણાય છે.

પ્રા. સ્ટુર્ટવેંટના મત મુજબ આ ભાષા ભારત–યુરોપીય ભાષાકુળની પુત્રી નથી; પરંતુ બહેન છે. (બીજા શબ્દોમાં આપણે તેને પ્રાગ્ આદિમ ભારત–યુરોપીય ભાષાની કહી શકીએ.) અર્થાત્–

(પ્રાગ્ આદિમ ભારત–યુરોપીય ભાષા =)
આદિમ ભારત–હિટ્ટાઈટ ભાષા
(Proto Indo–Hittite)
↓

પૂર્વ હિટ્ટાઈટ	પૂર્વ–ભારત–યુરોપીય
↓	*(આદિ ભારત–યુરોપીય ભાષા)
હિટ્ટાઈટ	ભારત–યુરોપીય ભાષાકુળ
(બોગઝકુઈનાં ઉપલબ્ધ લખાણો)	
↓	↓
સતમ્ વર્ગ	કેન્તુમ્ વર્ગ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભારત–હિટ્ટાઈટની સ્વર–પ્રણાલી સંભવતઃ ભારત–યુરોપીય સ્વર–પ્રણાલીથી ઘણી જુદી હતી એવું ડૉ. સુનીતિકુમાર ચેટર્જીનું મન્તવ્ય છે. આ સ્વર–પ્રણાલીનું સ્વરૂપ–નિર્ધારણ હજી સુધી સંતોષજનક રીતે થઈ શક્યું નથી.* ધ્વનિ વિકાસની દૃષ્ટિએ ભારત હિટ્ટાઈટના ધ્વનિઓની નોંધપાત્ર વિશેષતા એ છે કે તેમાં પાર્શ્વવર્તી બે દન્ત્ય ધ્વનિઓની વચ્ચે એક શિન્–ધ્વનિ (Sibilant) વિકસ્યો હતો. દા.ત. त्त, त्थ, द् द्, द् घ નો વિકાસ त्स्त, तस्थ, द् ज् द् द्ज्घ રૂપે થયો હતો. ભારત–હિટ્ટાઈટના કાલ્પનિક/અનુમાનાશ્રયી પુનર્ગઠનનું કાર્ય અત્યારે ચાલી રહ્યું છે. (આદિમ ભારત–હિટ્ટાઈટ ભાષાના કાલ્પનિક રૂપોને બે તારાના ચિહ્નથી દર્શાવવામાં આવે છે.)

હિટ્ટાઈટ ભાષી લોકો પોતાના આદિમ ભારત–યુરોપીય ભાષા બોલનારા બંધુઓથી લગભગ ઈ.સ. પૂર્વે ૨૮૦૦–૨૬૦૦માં જુદા પડ્યા હશે. પશ્ચિમી દેશોમાં હિટ્ટાઈટ લોકોના કોઈ ચિહ્નો મળતાં નથી. આ હિટ્ટાઈટ લોકો કાકેશસને પાર કરીને એશિયા–માઈનોરમાં આવી વસ્યા હશે.

---

* ડૉ. ભોલાશંકર વ્યાસે ભારત–હિટ્ટાઈટ ભાષાના ધ્વનિઓ આ પ્રમાણે બતાવ્યાં છે :–

(પાંચ) સ્વર – ए (e), ए (e), आ (o) અને स (प्र) (આ સ્વરહીન unaccented) ए (e) નું રૂપ હતું). (વિદ્વાનોના મતે આ પાંચે પાંચ સ્વરો મૂળ ए (e) ધ્વનિમાંથી વિકસ્યા છે.)

અન્તઃસ્થ– य्, व्, र्, ल्, न्, म् ।

કંઠનાલીય ધ્વનિ– , , ,. x, ४

સ્પર્શ વ્યંજન– क (k), त (t), प (p), (ग) (g), द (d), ब (b), ঘ (gh), ध (dh), भ (bh).

સોષ્મ– स (s).

આ બધા ધ્વનિઓમાંથી ચાર કંઠનાલીય ધ્વનિઓનું વિશેષ મહત્ત્વ છે. તેમાંથી બીજો અને ત્રીજો અઘોષ છે તથા બીકાના બે સઘોષ છે. આ ચાર કંઠનાલીય ધ્વનિઓની કલ્પના/શોધથી આદિમ ભારત–યુરોપીય ભાષાના ધ્વનિઓની કેટલીક સમસ્યાઓ ઉકેલી સકાઈ છે. (જેમ કે, કેટલાક વિદ્વાનોને ઘોષ મહાપ્રાણ ધ્વનિઓના અસ્તિત્વ વિશે શંકા થઈ હતી. પરંતુ હિટ્ટાઈટની શોધે એ નક્કી કરી આપ્યું કે મૂળ ભારત–યુરોપીય ભાષામાં આવા પ્રકારના ઘોષ મહાપ્રાણ ધ્વનિઓ પણ હતા.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

38. ભારત–યુરોપીય ભાષાકુળનાં નામાન્તરો :

ઉપર્યુક્ત ભારત–ઈરાની, આર્મેનિયમ, અલ્બેનિયન, બાલ્ટો–સ્લાવોનિક, ગ્રીક, ઈટાલિક, કેલ્ટિક અને જર્મનિક (અથવા જર્મન–ટ્યૂટોનિક)—આઠ શાખા; વત્તા હમણાં શોધાયેલી તોખારી શાખા મળીને કુલ નવ શાખાવાળા આ વંશવૃક્ષ (= ભાષાકુળ)ને ''ભારત–યુરોપીય–ભાષાકુળ'' કહેવામાં આવે છે.

તુલનાત્મક ભાષાશાસ્ત્રના શરૂઆતના વર્ષોમાં આ ભાષાકુળને ''ભારત–જર્મનિક ભાષાકુળ'' એવું નામ આપવામાં આવ્યું હતું. પરંતુ તે વખતે કેલ્ટિક શાખાને આ 'ભારત–જર્મનિક ભાષાકુળ'માં સ્થાન નહોતું આપવામાં આવ્યું. કેમ કે તે કેલ્ટિક શાખાની શોધ તે વખતે થઈ નહોતી. પરંતુ કેલ્ટિકશાખાની શોધ થયા પછી ''ભારત–જર્મનિક ભાષાકુળ'' એવું નામ અયોગ્ય લાગવા માંડ્યું. આથી કેટલાક વિદ્વાનોએ તે ભાષાકુળનું નવું નામ—''ભારત કેલ્ટિક ભાષાકુળ'' સૂચવ્યું. પરંતુ તે સામાન્ય પણે સ્વીકાર્ય બની શક્યું નહીં. જ્યારે ''ભારત–યુરોપીય (Indo–Enropean)" નામ વધારે લોકપ્રિય બની રહ્યું. જર્મનીના વિદ્વાનો સિવાય જગતના બધા ભાષાવિદોએ તે નામનો વ્યાપક ઉપયોગ શરૂ કર્યો છે (જર્મનોએ, દેશપ્રેમ અને તે કરતાંય વધારે તો ટેવને કારણે ''ભારત–જર્મનિક ભાષાકુળ'' એવું નામ વાપરવાનું ચાલું રાખ્યું છે.) આ ઉપરાંત, બાઈબલમાં વપરાયેલું ''જેફેટિક'' નામ પણ સૂચવાયું હતું; પણ તે સદ્યઃ અસ્વીકાર્ય બની રહ્યું. આ સાથે જ ભારત–આર્ય (Indo–Aryan) નામ પણ સૂચવાયું. પરંતુ તે નામ ઘણું અસ્પષ્ટ અને અવ્યાપ્તિ દોષવાળું હતું. (આ નામ કેવળ સંસ્કૃત–અવેસ્તાને જ વ્યાપી વળે છે) તેથી તે પણ અસ્વીકાર્ય બની રહ્યું.

હિટ્ટાઈટની શોધ પછી, અને હિટ્ટાઈટનો સંબંધ પ્રાગ્ આદિમ ભારત–યુરોપીય ભાષા જોડે કલ્પવામાં આવ્યા પછી આ સમગ્ર ભાષાકુળને ''ભારત–હિટ્ટાઈટ'' એવું નામ આપવાની સ્થિતિ ઊભી થઈ છે. પરંતુ આ મુદ્દો પ્રતિષ્ઠિત થતાં થોડોક સમય જશે. ત્યાં સુધી તો તે ભાષાકુળ ભારત–યુરોપીય (= ઇન્ડો–યુરોપીયન) અથવા હિન્દી ભાષકો વાપરે છે તે 'ભારોપીય'' નામે જ વ્યવહત થાય છે/થશે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૬

39. આદિમ ભારત યુરોપીય ભાષાનું સ્વરૂપ : આપણે ઉપર (પ્રકરણ—૪માં) જોયુ તે પ્રમાણે, ઈ.સ. પૂર્વે ૩૫૦૦માં કીર્ગીઝના મેદાનોમાં *વીરોસ્ નામની પ્રજા રહેતી હશે. કાલક્રમે આ પ્રજા જુદી જુદી ટુકડીઓમાં પૂર્વમાં એશિયાખંડ તરફ અને પશ્ચિમમાં યુરોપખંડ તરફ સ્થળાંતર કરીને ગઈ હશે. પરંતુ આ સ્થળાંતર કરતાં પહેલાં તેઓ જ્યારે સાથે રહેતા હશે ત્યારે તેઓ કોઈ એક જ ભાષા બોલતા હશે. આ ભાષાનું નામ ''આદિમ ભારત—યુરોપીય'' રાખવામાં આવ્યું છે. આ આ. ભા. યુ. ભાષાનું કોઈ રૂપ (શબ્દ) આજે લિખિત સ્વરૂપે ક્યાંયથી પ્રાપ્ત થતું નથી; તે માત્ર કલ્પનાનો/અનુમાનનો વિષય છે. આ કલ્પના કે અનુમાન કરવા માટેનો આધાર તે યુરોપ અને એશિયા ખંડની કેટલીક ભાષાઓમાં મળી આવેલું સામ્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો—ગ્રીક, લેટિન, અવેસ્તા અને સંસ્કૃત જેવી ભાષાઓના ઘણા શબ્દો (કે જે પ્રારંભિક, મનુષ્યજીવન અને માનવસમાજમાં વારંવાર વપરાતા હોય) અને ક્રિયાપદોમાં સામ્ય મળી આવતાં, એવું અનુમાન/કલ્પના કરવાની પ્રાપ્ત થઈ કે આ બધી ભાષાઓ બોલનારાઓના પૂર્વજો કોઈ એક સમયે અને કોઈ એક સ્થળે સાથે જ રહેતા હશે; અને કોઈ એક જ ભાષા બોલતા હશે. ઉપર જણાવ્યું તેમ, આ કાલ્પનિક અથવા અનુમાનગમ્ય ભાષાનું નામ ''આદિમ ભારત—યુરોપીય'' રાખવામાં આવ્યું છે. (ગ્રીક, સંસ્કૃત વગેરે ભાષામાં વપરાતા અમુક શબ્દોના સામ્યને આધારે 'આદિમ ભારત—યુરોપીય' ભાષામાં મૂળમાં કયો શબ્દ હશે ? એનું જે કાલ્પનિક રૂપ નક્કી કરવામાં આવ્યું હોય છે તેને *આવા એક તારકચિહ્નથી દર્શાવવામાં આવે છે.)

40. આદિમ ભારત યુરોપીય ભાષામાં નીચે મુજબના ધ્વનિઓ હોવાનું કલ્પાયું છે; મૂળ સ્વરોની સંખ્યા ૭ હશે અને સંયુક્ત સ્વરોની સંખ્યા ૩૬ હશે.

મૂળસ્વરો : क અતિહ્રસ્વ अ (ə) (અથવા આને 'દુર્બલ સ્વર' પણ કહે છે) (આ અતિહ્રસ્વ अ કારનું ઉચ્ચારણ જાણી/કલ્પી શકાતું નથી. યુરોપીય ભાષાઓમાં તેને ઉલટા e રૂપે લખવામાં આવે છે. આ ધ્વનિને શ્વા (Schwa) કહેવામાં આવેલ છે. આ अ (ə) માંથી સંસ્કૃતનો इ સ્વર વિકસ્યો હશે એમ મનાયું છે.)

(ख) હ્રસ્વ— अ ए અને ओ

(ग) દીર્ઘ – आ, ए અને आ ॥

સંયુક્ત સ્વર : ઉપર નોંધેલા ત્રમ હ્રસ્વ અને ત્રણ દીર્ઘ સ્વરોની સાથે इ, ऋ, लृ, उ, न् અને म् ને જોડવાંથી ૩૬ સંયુક્ત સ્વરો તૈયાર થતા હતા. આ ૩૬ સંયુક્ત સ્વરો પણ આ. ભા. યુ. ભાષામાં વપરાતા હશે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१.	अइ, अऋ, अलृ, अउ, अन् अम्	= ६
२.	ऍइ ऍऋ ऍलृ ऍउ ऍन् ऍम्	= ६
३.	ऑइ, ऑऋ, ऑलृ, ऑउ, ऑन्, ऑम्	= ६
४.	आइ, आऋ, आलृ, आउ, आन्, आम्	= ६
५.	एइ, एऋ, एलृ, एउ, एन्, एम्	= ६
६.	ओइ, ओऋ, ओलृ, अउ, ओन, ओम्	= ६
		३६

અન્તઃસ્થ (= અર્દ્ધસ્વર) (Sonant અથવા Syllable)

य् (इ), व् (उ), र् (ऋ), ल् (लृ), न् અને म् } ६

સ્પર્શ વ્યંજનો : ત્રણ પ્રકારનો क વર્ગ, त વર્ગ અને प વર્ગના સ્પર્શ વ્યંજનો મૂળમાં હશે, (પણ ट વર્ગ અને च વર્ગના વ્યંજનો નહીં હોય એમ જણાય છે.) જેમકે,

क વર્ગ ત્રણ પ્રકારનો છે.

(૧) કંઠતાલવ્ય : क्य्, ख्य्, ग्य्, घ्य् ।

(૨) શુદ્ધ કંઠ્ય : क्, ख्, ग्, घ् ।

(૩) કંઠોષ્ઠ્ય : क्व्, ख्व्, ग्व् घ्व् ।

त વર્ગ त्, थ्, द्, ध् ।

प વર્ગમાં प्, फ्, ब्, भ् । = ૨૦ સ્પર્શ વ્યંજનો

ઊષ્માક્ષર : स् (આ स् નું જ ઉચ્ચારણ ક્યારેક ज् રૂપે પણ થતું હશે.)

ધ્વનિ સમૂહ સંબંધી કેટલીક વિશેષતાઓ આ પ્રમાણે હશે :–

૧. अँ, इँ, उँ જેવા સાનુનાસિક સ્વરો નહીં હોય,

૨. એક મૂળસ્વરની સાથે જ બીજો મૂળસ્વર નહીં વપરાતો હોય,

૩. સન્ધિ નિયમો હશે,

૪. સંયુક્ત વ્યંજનોનો પ્રયોગ થતો હશે, તથા

૫. ङ ञ, ण, म, न् જેવા અનુનાસિક સ્પર્શ વ્યંજનો નહીં હોય (પરંતુ म् न् ङ् જેવા નાસિક્યો કદાચ હશે)

41. ભારત–યુરોપીય ભાષાકુળની સંસ્કૃત ગ્રીક વગેરે જેવી ભાષાઓની પદરચના (રૂપતન્ત્ર)નો તુલનાત્મક અભ્યાસ કરતાં માલુમ પડ્યું છે કે એક પદ (= રૂપ)ની અંદર ત્રણ મૂળ ઘટક તત્ત્વો જોડાયા હોય છે. દા.ત. ૧. મૂળ પ્રકૃતિ (ધાતુરૂપા પ્રકૃતિ કે પ્રાતિપદિક નામરૂપા પ્રકૃતિ) + ૨. પ્રત્યય + ૩. વિભક્તિ ચિહ્ન,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉદાહરણ તરીકે સંસ્કૃત અને ગ્રીક ભાષામાંથી (સમાનાર્થક), અનુક્રમે दातरि અને दोत्रि રૂપો લઈશું તો જણાશે કે—

(ધાતુ–પ્રકૃતિ) (કર્તૃ અર્થમાં) (કૃદન્ત પ્રત્યય)

(૧) સંસ્કૃતમાં – √दा + तृ + > तर् > ङि >

(સપ્તમી વિભક્તિનો પ્રત્યય)

इ = दातरि ।

(= દાન આપનાર વ્યક્તિમાં)

(૨) ગ્રીકમાં do + tor + i = dotri

(√दो + तोर् + इ = दोत्रि)

આમ ત્રણ ઘટક તત્ત્વો ભેગાં થતાં એક સવિભક્તિક રૂપ તૈયાર થાય છે. – આવાં ઉદાહરણોને આધારે એવું અનુમાન કરવામાં આવે છે કે આ સંસ્કૃત, ગ્રીક જેવી ભાષાઓ, જે એક મૂળ–આદિમ ભારત યુરોપીય–ભાષામાંથી ઊતરી આવી હશે/છે, તે મૂળ–આ. ભા. યુ.–ભાષાની પદરચનામાં પણ આવાં ત્રણ ઘટક તત્ત્વો જોડાતાં હશે. બીજું, આ ભાષાકુળની ગ્રીક, સંસ્કૃત જેવી પ્રાચીન ભાષાઓની પદરચનામાં જોડાતાં આ ત્રણ ઘટક તત્ત્વો એવાં સંશ્લિષ્ટ થઈ જાય છે કે તેમાંથી મૂળ પ્રકૃતિને અલગ તારવવી મુશ્કેલ બને છે (બીજા શબ્દોમાં કહીએ તો – મૂળ પ્રકૃતિને જોડવામાં આવતાં પ્રત્યયાંશો પ્રકૃતિથી અલગ હોય એવું જોવા મળતું નથી.) ટૂંકમાં, સંસ્કૃત, ગ્રીક, લેટિન વગેરે બધી જ પ્રાચીન ભાષાઓ સંશ્લેષણાત્મક રૂપમાં પ્રાપ્ત થાય છે; આથી એવું અનુમાન કરવામાં આવ્યું છે કે આદિમ ભારત યુરોપીય ભાષાનું સ્વરૂપ પણ સંશ્લેષણાત્મક હશે. (ભારત–યુરોપીય ભાષાકુળ સિવાયના કેટલાંક ભાષાકુળો, દા.ત. દ્રવિડીયન ભાષાકુળની ભાષાઓનું સ્વરૂપ વિશ્લેષણાત્મક છે એવું જોવા મળે છે.)

42. અપશ્રુતિ = સંપ્રસારણ = સ્વરપ્રતિસ્થાપન અથવા અક્ષરાવસ્થાન (Vowel–gradation, Ablaut અથવા Apophony) ની પ્રક્રિયાએ પણ ભારત–યુરોપીય ભાષાકુળની ભાષાઓની પદરચનામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. કોઈ એક શબ્દના વ્યંજનો જેમના તેમ રહે અને તે શબ્દના કેવળ સ્વરોમાં પરિવર્તન આવવાથી, તે શબ્દનું સ્વરૂપ અને તે શબ્દનો અર્થ જો બદલાઈ જાય તો તે સ્વર પરિવર્તનને 'અપશ્રુતિ' કહે છે. (દા.ત. sing–sang–suag, man–men તેને જર્મન ભાષામાં ablaut કહેવામાં આવે છે. જર્મન વિદ્વાન ગ્રિમે આ પારિભાષિક નામ પ્રચલિત કર્યું છે. તથા ડૉ. સુનીતિકુમાર ચેટર્જીએ તેનો 'અપશ્રુતિ' એવો અનુવાદ કર્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ અપશ્રુતિની પ્રક્રિયા (બલાઘાત/સ્વરભાર ઉપર નિર્ભર છે અને તે) બે પ્રકારની હોય છે. જેમકે, (૧) માત્રાત્મક (quantitative) અપશ્રુતિ અને (૨) ગુણાત્મક (qualitative) અપશ્રુતિ.

૧. માત્રાત્મક અપશ્રુતિમાં સ્વર તેનો તે જ રહે છે, પણ તેની માત્રામાં ફેરફાર થઈ જાય છે. (સંસ્કૃત વ્યાકરણમાં જેને 'ગુણ' અને 'વૃદ્ધિ' એવું નામ આપવામાં આવ્યું છે. દા.ત. कुन्ता > कौन्तेय। (उ > औ) વ્યાકરણમાં य्, र्, ल्, व् ના સ્થાનમાં અનુક્રમે જો इ, उ, ऋ, लृ સ્વરો આવી જાય તો તેને "સંપ્રસારણ" કહેવામાં આવે છે. આ સંપ્રસારણની પ્રક્રિયા પણ 'માત્રાત્મક અપશ્રુતિ' ગણાઈ છે. જેમ કે, व्क्षम् > उक्षा । उक्षति ।

૨. ગુણાત્મક અપશ્રુતિમાં—પૂર્વે જે સ્વર વિદ્યમાન હોય છે, તેના સ્થાનમાં બીજો જ સ્વર આવી જાય છે. દા.ત. ગ્રીકમાં petomai > potaomai > eptomen (સંસ્કૃત ભાષામાં આવી ગુણાત્મક અપશ્રુતિ જોવા મળતી નથી.)

સંસ્કૃત ભાષાના લગભગ બધાં જ શબ્દરૂપોમાં માત્રાત્મક અપશ્રુતિ જોવા મળે છે. જેમકે, भारः । भरामि । भृति । અહીં અપશ્રુત્યાત્મક વિશ્લેષણ અનુસાર મૂળમાં भर् (આદિમ ભારત યુરોપીય* bher भेर्) હશે એમ અનુમાન કરવામાં આવે છે. મૂળ *भर् માંના अ કારની (વૃદ્ધિરૂપા) દીર્ઘ—માત્રા भारः । માં જોવા મળે છે, સ્વાભાવિક (ગુણરૂપા) હ્રસ્વ—માત્રા भरामि ના भर्માં સચવાઈ રહી છે અને भृति માં તે માત્રા શૂન્યરૂપ મૂળ પ્રકૃતિરૂપ બની છે. (અર્થાત્ अ નું ચિહ્ન भृति માં બાકી રહ્યું નથી).

ડૉ. પી. ડી. ગુણેએ જણાવ્યું છે કે ભારત યુરોપીય ભાષાકુળની ભાષાઓની સંરચનામા આ અપશ્રુતિએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે.*

---

* What is called **ablaut** or vowel gradation a phenomenon which played a great part in the formative period of most of the Indo–German languages..... (p. 52).

The same was also acknowledged by philologists to belong to the primitive Indo–germanic language..... (p. 55) – Dr. Gune (Third Impression 1970).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

43. નામપદ : આદિમ ભારત યુરોપીય ભાષામાં નામપદોના આઠેય વિભક્તિમાં = આઠ કારકોને અભિવ્યક્ત કરતાં રૂપો વપરાતાં હશે. કાલક્રમે, તેમાંથી ઊતરી આવેલી ભાષાઓમાં આ કારકોની સંખ્યા ઘટતી ગઈ છે. જેમકે, સંસ્કૃતભાષામાં જો પ્રથમા વિભક્તિ અને સંબોધન માટે વપરાતી આઠમી વિભક્તિના રૂપને એક સરખાં માનીએ તો સાત કારકો સચવાઈ રહ્યાં છે એમ કહેવાય. બાલ્ટો–સ્લાવોનિક શાખાની લિથુઆનિયન અને પ્રાચીન ચર્ચ સ્લાવ ભાષામાં છ કારકો બાકી રહ્યાં છે. લેટિનમાં પાંચ, ગ્રીક અને ગૉથિક ભાષામાં કેવળ ચાર કારકો બાકી રહ્યાં છે. વળી, આ૦ ભા૦ યુ૦ ભાષાનાં નામપદોનાં રૂપો ત્રણેય વચનો (એકવચન, દ્વિવચન અને બહુવચન)માં થતાં હશે. અલબત્ત, કાલક્રમે આ ત્રણેય વચનોના પ્રત્યયો ઘસાતા ગયા લાગે છે. જેમકે, સંસ્કૃતમાં એકવચનના (સાત,આઠ વિભક્તિઓમાં) પ્રત્યયો તો જુદા જુદા જોવા મળે છે, પણ દ્વિવચનમાં માત્ર ત્રણ પ્રત્યયો જ સચવાઈ રહ્યા છે. જેમકે, रामौ > औ (પ્રથમા, દ્વિતીયા દ્વિવચનમાં), रामाभ्याम् > भ्याम् (૩, ૪, ૫ વિભક્તિના) દ્વિવચનમાં અને रामयोः > ओस् (૬, ૭ વિભક્તિના દ્વિવચનમાં). લેટિન ભાષામાં તો દ્વિવચનનો કોઈ પ્રત્યય સચવાયો નથી, ગૉથિકમાં કેવળ સર્વનામનાં રૂપોમાં જ દ્વિવચનનાં રૂપો જોવા મળે છે. તથા ગ્રીકભાષામાં બે જગ્યાએ જ દ્વિવચનના રૂપો મળે છે.

આદિમ ભારત–યુરોપીય ભાષામાં અમુક પ્રત્યયોની સ્થિતિ નીચે મુજબની હોવાનું કલ્પાયું છે :–

આ૦ ભા૦ યુ૦

अ.	પ્રથમા એક. વ. * सु प्रत्यय * ब्लृकास् (wlkos)	દ્વિતીયા એક. વ. * म् प्रत्यय * ब्लृकम् (wlkm)	ષષ્ઠી બહુ. વ. * ओम् प्रत्यय * ब्लृकोम् (wlkom)
	આ૦ ભા૦ યુ૦ ભાષાના આ ત્રણ પ્રત્યયોમાંથી સંસ્કૃતમાં		
	वृकः (सु > स > :)	वृकम् (अम्)	वृकाणाम् (आम्)

ब. આ૦ ભા૦ યુ૦માં * भ/* म વ્યંજન ધ્વનિવાળા કેટલાક પ્રત્યયો હશે. જેમાંથી–

સંસ્કૃતમાં → भ्याम् / भिस् / भ्यम् જેવા भ કારાદિ પ્રત્યયો છે.

લેટિનમાં → भ

અર્મેનિયનમાં → भ

પણ–

જર્મનમાં → म

બાલ્ટો સ્લાવોનિકમાં → म

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગ્રીકમાં → फ (જેમકે, હોમરના ગ્રીકમાં એક नाउफि (nāuphi) રૂપ મળે છે, જેનું સંસ્કૃતમાં नौमिः = I સમાન્તર રૂપ મળે છે.)

44. ક્રિયાપદ : આદિમ ભારત–યુરોપીય ભાષાના ક્રિયાવાચક રૂપો વિશે નીચે મુજબનાં અનુમાનો કરવામાં આવ્યાં છે. સંસ્કૃતમાં ભૂતકાળનું એક ક્રિયાપદ છે. अदिशत्। તથા ગ્રીકમાં એ અર્થવાળું → ऍदेको ક્રિયાપદ મળે છે. આ બન્ને ક્રિયાપદમાં ભૂતકાળનો વાચક अ/ऍ (e) પુરઃસર્ગ રૂપે વપરાયો છે, તેથી એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે કે આદિમ ભારત–યુરોપીય ભાષામાં ભૂતકાળનો વાચક * ऍ પુરઃસર્ગ વપરાતો હશે (અને તેમાંથી જ સંસ્કૃતમાં તે પુરઃસર્ગ अ કાર ઊતરી આવ્યો હશે). આ૦ ભા૦ યુ૦ ભાષાના ક્રિયા રૂપોમાં આ એક * ऍ પુરઃસર્ગ જ **કાળ–વાચક** છે; બાકીના ક્રિયા રૂપોમાંથી કોઈ ક્રિયારૂપ કાળ–વાચક નહીં હોય. એવું મનાય છે કે તે ક્રિયારૂપો કાળના **અર્થ (moods =)/પ્રકારના** વાચક હશે. કેમકે આ૦ ભા૦ યુ૦માંથી ઊતરી આવેલી વૈદિક સંસ્કૃત ભાષામાં પણ સ્વરૂપની દૃષ્ટિએ જે પરોક્ષ ભૂતકાળનું રૂપ હોય છે તે અર્થની દૃષ્ટિએ **વર્તમાનકાળનું** વાચક હોય છે. જેમકે, स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम व्रज्ञ (ऋ. १०–१२१–१ ,व्र.) ''તેણે (ઈશ્વરે) પૃથિવીને અને આ દ્યુલોકને ધારણ કર્યાં છે, અમે કયા દેવને હવિષાન્નથી પૂજીએ ?'' અહીં दाधार રૂપ દેખાવમાં પરોક્ષ ભૂતકાળનું છે, પણ તેનો અર્થ अधारयत् થતો નથી, પણ તે धारयति જેવો વર્તમાનકાળનો અર્થ આપે છે.

વૈદિક સંસ્કૃતની જેમ હોમરના ગ્રીકમાં પણ ક્રિયારૂપો કાળવાચક નહીં, પણ કાળપ્રકારના બોધક છે. આ રહસ્યને સમજી નહીં શકવાથી ઋગ્વેદના ઉપર્યુક્ત दाधार, दार જેવા પ્રયોગોનો અર્થ નક્કી કરવામાં મુશ્કેલી પડતી હતી. 'પરંતુ તુલનાત્મક ભાષાશાસ્ત્રની મદદથી જ્યારે એની ખબર પડી ગઈ કે વૈદિક' અને પૂર્વ વૈદિક કાળના સાહિત્યમાં ક્રિયારૂપો (= ક્રિયાપદો) કાલ (tense) ના વાચક ન હતાં. પણ કાળના પ્રકાર (mdoality) નો બોધ કરાવનારાં છે; ત્યારે તેવા પ્રયોગોનો અર્થ સમજવો મુશ્કેલ ન રહ્યો, આનાથી એવું સૂચવાય છે કે આ૦ભા૦યુ૦ ભાષા બોલનારી 'वीरोस्' પ્રજા વર્તમાન કે ભવિષ્યત્કાળ જેવા કાળભેદોથી પૂરેપૂરા પરિચિત ન હતી. સંસ્કૃતિના વિકાસની સાથે સાથે, ધીરે ધીરે તેઓ આવા કાળભેદોથી સભાન થયા હશે. પરંતુ આ કાળભેદની અભિવ્યક્તિ કરવા માટે તેઓએ જૂના ક્રિયારૂપો વાપરવાનાં ચાલુ રાખ્યાં હશે.

આ૦ ભા૦ યુ૦ ભાષાનાં ક્રિયારૂપો જે કાળપ્રકાર (moods) ના બોધક હશે, તે કાળપ્રકારો ૧. નિર્દેશાત્મક (Indicative) ૨. હેત્વાત્મક અથવા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંકેતાર્થક (Conditional or Subjunctive), ૩. વિધ્યાત્મક (Optative) તથા ૪. આજ્ઞાત્મક (Imperative) પ્રકારના હશે. વળી, આ૦ ભા૦ યુ૦ ભાષામાં (સંસ્કૃત ભાષા જેવા જ) કર્તૃવાચ્ય તથા કર્મવાચ્ય બે રૂપો થતાં હશે. કેમ કે સંસ્કૃતની સાથે સાથે ગ્રીકમાં પણ Active voice, Middle voice અને Passive voice જોવા મળે છે. પરસ્મૈપદ અને આત્મનેપદના વિભક્તિ પ્રત્યયો પણ સંસ્કૃત અને ગ્રીકમાં સમાન છે. આમાંથી જ ઉત્તર કાળમાં વિભક્તિ પ્રત્યયો વિકસ્યા લાગે છે.

આ૦ ભા૦ યુ૦ ભાષાના * भर (bher) ધાતુના ક્રિયારૂપોમાં વપરાતા કાલ્પનિક એકવચનના પ્રત્યયો :

પ્રથમ પુરુષ * मि (* mi) અને ओ (o)
દ્વિતીય પુરુષ * सि (* si)
તૃતીય પુરુષ * ति (* ti)

સંસ્કૃતમાં ગ્રીકમાં

સંસ્કૃતમાં	ગ્રીકમાં
√भृ > भर् — > (લઈ જવું)	< — फॅरॆा (phero)
પ્રથમ પુરુષ भरामि	फेरो (phero)
દ્વિતીય પુરુષ भरसि	फॅरॆईस् (phereis)
તૃતીય પુરુષ भरति	फॅरॆई (pherei)

બહુવચનના પ્રત્યયો :

પ્રથમ પુરુષ * मॅस, मॉस् (mes, mos)
દ્વિતીય પુરુષ * ते (te)
તૃતીય પુરુષ * ऍन्ति, ऑन्ति, –न्ति (enti, onti,–nti)

સંસ્કૃતમાં	ગ્રીકમાં
भरामः	फॅरॉमस् (pheromes)
भरथ	फॅरॅतॅ (pherete)
भरन्ति	फॅरॉन्ति (pheronti)

આ. ભા. યુ.માં ભવિષ્યતની અભિવ્યક્તિ માટે ધાતુ અને પ્રત્યયની વચ્ચે ક્યારેક 'स्' જોડવામાં આવતો હશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

* भर – स् – मि – (ओ) [* bher – s – mi (–o)]

↓

સંસ્કૃતમાં — ગ્રીકમાં

भरिष्यामि — फरसो (pherso)

(= I shall bear)

45. વાક્યરચના : ભાષાશાસ્ત્રીઓને સંસ્કૃત વગેરે પ્રાચીન ભાષાઓના તુલનાત્મક અધ્યયનથી 'આદિમ ભારત યુરોપીય' ભાષાના ધ્વનિઓ કલ્પવામાં જે સફળતા પ્રાપ્ત થઈ છે, તે વાક્યરચનાના વિષયમાં શક્ય બની નથી. છતાંય વૈદિક સંસ્કૃત અને ગ્રીક વગેરેની વિશિષ્ટ વાક્યરચનાના આધાર ઉપર આ. ભા. યુ. ભાષાની વાક્યરચનાનો કંઈક આભાસ મેળવી શકાય ખરો. પરંતુ તેની વાક્યસંરચનાને જો સંપૂર્ણ રીતે સમજવી હોય તો, હજી જુદી જુદી ભાષાઓના પ્રાચીન વાક્યરચનાઓનો તુલનાત્મક અભ્યાસ થવો જરૂરી છે.

★ ★ ★

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૭

46. **ભારત–ઈરાની શાખા :**

જગતના (૧૦૦થી પણ અધિક) ભાષાકુળોમાં 'ભારત–યુરોપીય' ભાષાકુળ ખૂબ મહત્ત્વનું છે; અને તે ભારત–યુરોપીય ભાષાકુળની આઠ/નવ શાખાઓમાંથી 'ભારત–ઈરાની' શાખાનું મહત્ત્વ સવિશેષ છે. ભારત–ઈરાની શાખા (જેનું બીજું નામ 'આર્ય–વર્ગ' પણ છે તે)માં એક તરફથી વૈદિક સંસ્કૃત અને તેના ઉત્તરકાલિક રૂપાંતરો–જેવાં કે, લૌકિક સંસ્કૃત, પાલિ, પ્રાકૃત વગેરે–નો સમાવેશ થાય છે; અને બીજી તરફથી પ્રાચીન ઈરાની ભાષામાં લખાયેલ અગ્નિપૂજક પારસીઓના ધર્મગ્રંથ અવેસ્તાનો અને સમ્રાટ્ ડેરિયસ તથા તેના અનુયાયીઓની ભાષાનો સમાવેશ થાય છે.

પશ્ચિમી જગતમાં સંસ્કૃત ભાષાના જ્ઞાને આધુનિક ભાષાશાસ્ત્રનો જન્મ કરાવ્યો, તેમ ઈરાની–ભાષાની શોધે પણ ભાષાશાસ્ત્રની વિચારણાને વેગ આપ્યો છે. વૈદિક સંસ્કૃત અને ઈરાની (અવેસ્તાની) ભાષાનો તુલનાત્મક અભ્યાસ કરીએ તે પહેલાં, ઈરાની ભાષાની શોધનો ઇતિહાસ જોઈશું.

અઢારમી સદીના આરંભમાં અવેસ્તાને યુરોપમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ એને કોઈ વાંચી શક્યું નહીં. ઈ.સ. ૧૭૫૪માં 'આંક્તોલ દ્યુ પેરોં' નામનો એક ફ્રેંચ વિદ્વાન સમુદ્રના રસ્તે ભારતમાં આવ્યો અને લગભગ, આઠ વર્ષ સુધી સૂરત શહેરમાં રહીને પારસીઓના પુરોહિત પાસેથી આ અવેસ્તાની ભાષા અને લિપિ ભણ્યો. તેણે ઈ.સ. ૧૭૭૧માં અવેસ્તાનો મૂળ પાઠ (Text) અને અનુવાદ પ્રકટ કર્યો. ૧૮મી સદીના અંતિમ ભાગમાં યુરોપિયનોએ તેનો અભ્યાસ શરૂ કર્યો. સંસ્કૃત અને અવેસ્તાની ભાષાઓ વચ્ચે ઘનિષ્ટ સંબંધ છે એ વિશે પહેલવહેલાં ઇ.સ. ૧૮૨૬માં ડેનિશ વિદ્વાન રાસ્કે ધ્યાન દોર્યું. રાસ્કે ભારત અને ઈરાની સફર કરી હતી અને અવેસ્તા તથા (મધ્યાલિક ઈરાની =) પહલવીમાં લખાયેલ સાહિત્યની અનેક હસ્તલિખિત પ્રતો તે પોતાની જોડે કોપેનહેગન લઈ ગયો હતો. ત્યાર પછી, જ્યારે સંસ્કૃતના વિદ્વાનોએ અવેસ્તાનો અભ્યાસ કર્યો ત્યારે સંસ્કૃત અને અવેસ્તા વચ્ચેનો સંબંધ નિશ્ચિત રૂપે નક્કી કરવામાં આવ્યો. આ અભ્યાસના પરિણામો–સંશોધનોનો બોપ નામના વિદ્વાને પોતાના તુલનાત્મક વ્યાકરણમાં ઉપયોગ કર્યો. અવેસ્તાનો અભ્યાસ કરનારા વિદ્વાનોમાં ડાર્મેસ્ટેટર, બાર્થોલોમ, સ્પીજલ, હુબ્સ્માન, જુસ્તી, મિલ્જ અને ગેલ્ડનર મુખ્ય છે. આજે યુરોપમાં અવેસ્તાના અભ્યાસને સંસ્કૃતના અભ્યાસ જેટલું જ મહત્ત્વ અપાય છે.

47. ભારત–યુરોપીય ભાષાકુળની બધી જ શાખાઓમાંથી ભારત ઈરાની શાખામાં જ પ્રાચીનતમ અને પ્રામાણિક સાહિત્ય મળે છે. ભારત–ઈરાની શાખાના બે પ્રમુખ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રતિનિધિ ગ્રન્થ ઋગ્વેદ અને અવેસ્તા છે. ઋગ્વેદની રચના (?)નો સમય જુદા જુદા વિદ્વાનોના મતે ઈ.સ. પૂર્વે ૩૦૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૦૦૦ સુધીનો મનાય છે. એ જ પ્રમાણે, પારસીઓનો 'અવેસ્તા' નામનો ધર્મગ્રન્થ પણ ઘણા પ્રાચીનકાળમાં રચાયો હતો. અવેસ્તાની ભાષા તે ઈરાનના પૂર્વ પ્રદેશની ભાષા મનાય છે. એવું મનાય છે કે પારસી ધર્મના પ્રવર્તક અષો જરથુસ્ટ–જોરોઆસ્ટર–એ આ અવેસ્તાના કેટલાક પ્રાચીનતમ અંશો, જેને 'ગાથા' કહેવામાં આવે છે તેની રચના કરી હશે. પાશ્ચાત્ય વિદ્વાનોના મતે જરથુસ્ટનો સમય લગભગ ઈ.સ. પૂર્વે ૮૦૦ થી ૬૦૦નો મનાય છે. જો કે સમયની દૃષ્ટિએ વિચારીએ તો, અવેસ્તાનો સમય ઋગ્વેદ કરતાં ઘણો પાછળનો છે; પરંતુ અવેસ્તામાં એવાં કેટલાંક આર્ષ (archaic) રૂપો મળે છે જે ઋગ્વેદની ભાષા કરતાંય પ્રાચીન હોય એવું જણાય છે. અવેસ્તાની ઉપર એક ટીકા લખાઈ છે. તેની ભાષાનું નામ 'પહલવી' (બીજું નામ–ઝન્દ અવેસ્તા) છે. પણ આ ભાષા પ્રાચીન ઈરાની ભાષાનું મધ્યકાલિક રૂપ છે.

48. કીર્ગીઝના મેદાનોમાં રહેતી આદિમ ભારત–યુરોપીય ભાષા બોલતી ★ વીરોસ્ નામની પ્રજામાંથી જે પહેલી ટુકડી છુટી પડીને, દક્ષિણ–પૂર્વ તરફ આગળ વધતાં વધતાં બલખમાં જઈને વસી તે 'આદિમ ભારતીય આર્ય' તરીકે ઓળખાઈ. બલખના પ્રદેશમાં એટલે કે મધ્ય એશિયામાં આવી વસેલી આર્યોની આ પહેલી ટુકડીમાંથી બે જુથો જુદા પડીને, એક જુથ પશ્ચિમની તરફ એટલે કે ફારસ (= ઈરાન) તરફ આગળ વધ્યું અને બીજું જુથ દક્ષિણપૂર્વ તરફ આગળ વધતાં વધતાં ગાન્ધાર દેશને (એટલે કે અફઘાનિસ્તાન, બલુચિસ્તાનને) પાર કરીને ખૈબરઘાટ–બોલનઘાટના રસ્તે સપ્તસિન્ધુના પ્રદેશમાં પ્રવેશ્યું હશે. આ બન્ને જુથોની, છુટાં પડતાં પહેલાંની ભાષા તો એક જ હશે, અને પાછળથી ઐતિહાસિક–ભૌગોલિક કારણોસર તેમાં જુદાં જુદાં પરિવર્તનો આવ્યાં હશે. ટૂંકમાં, શરૂઆતમાં તો ઈરાનીઓ અને વૈદિક આર્યોના પૂર્વજો એક જ ભાષા બોલતા હશે એમાં કોઈ શંકા નથી. 'ઈરાન' શબ્દ પણ 'आर्याणाम्' માંથી વિકસ્યો હશે એવું જણાય છે. આમ આ ભારત–ઈરાની શાખાને સામાન્ય રૂપે આર્ય–વર્ગ પણ કહેવામાં આવે છે.

49. ભારત–ઈરાની (અર્થાત્ આર્ય) શાખાનું વિભાજન : આ શાખાનું વિભાજન થોડુંક વિવાદાસ્પદ છે : (क) ગ્રિયર્સન અને સુનીતિકુમાર ચેટર્જી જેવા વિદ્વાનો આ શાખાને (૧) ઈરાની (૨) દરદ અને (૩) ભારતીય–એવી ત્રણ ઉપશાખાઓમાં વિભાજિત કરે છે. (ख) ૧. સ્ટેન કોનો અને બીજા કેટલાક વિદ્વાનો આ શાખાને કેવળ બે ભાગમાં વિભાજિત કરે છે : (૧) ઈરાની અને (૨) ભારતીય ઉપશાખા. આ વિદ્વાનો ઈરાની ઉપશાખામાં જ 'દરદ'ને સમાવી લે છે. પણ (ख) ૨. ઝુલ બ્લોખ અને અન્ય વિદ્વાનો 'દરદ'ને ભારતીય ઉપશાખામાં સમાવી લે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

50. ભારત–ઈરાની શાખાની ત્રણ ઉપશાખાઓમાંથી પહેલી બે ઉપશાખા ભારતીય અને ઈરાનીઓની વૈદિક સંસ્કૃત અને અવેસ્તાની ભાષાનો તુલનાત્મક અભ્યાસ હવે પ્રસ્તુત છે :–

ઋગ્વેદ અને અવેસ્તાની ભાષાઓના તુલનાત્મક અભ્યાસ કર્યા પછી વિદ્વાનોને તેમાં ભારે સામ્ય મળી આવ્યું છે. મૂળ 'આદિમ ભારત યુરોપીય' ભાષાના ધ્વનિઓનો એક સરખો વિકાસ વેદ અને અવેસ્તામાં થયેલો જોવા મળે છે. એવું અનુમાન કરવામાં આવ્યું છે કે *ભારત યુરોપીય ભાષામાંથી ઊતરી આવેલી આ ભારત–ઈરાની શાખાના ભાષકો ઘણો લાંબો સમય એક સ્થળ ઉપર સાથે રહ્યા હશે. વિદ્વાનોએ તો એવું પણ કહ્યું છે કે વૈદિક સંસ્કૃત અને કાલિદાસના સંસ્કૃતમાં જેટલું સામ્ય નથી, એટલું સામ્ય વૈદિક સંસ્કૃત અને અવેસ્તામાં જોવા મળે છે ! આ વિધાનમાં કદાચ અતિશયોક્તિ હશે, પણ વાસ્તવિકતા ય ઓછી નથી. રૂપરચનાની દૃષ્ટિએ એ બન્ને ભાષાઓમાં બહુ ઓછું અંતર છે. ધ્વન્યાત્મક દૃષ્ટિએ પણ જે કંઈ તફાવત છે તે પણ ચોક્કસ ધ્વનિપરિવર્તનો અનુસારનો જ છે. પરિણામે યોગ્ય ધ્વનિ પરિવર્તનો કરવાથી અવેસ્તાના ગાથા–પદ્યોને વૈદિક સંસ્કૃતમાં પરિવર્તિત કરી શકાય છે. ઉદાહરણ તરીકે–

(૧) तम् अमवन्तम् यज़तम् ।
सूरम् दामोहु सविश्तम् मिथ्रम् यज़ै ज़ओथ्रद्ब्यो (અવેસ્તા)
વૈદિક સંસ્કૃતમાં રૂપાંતર–
तं अमवन्तं यजतम् ।
सुरम् घामसु सविष्ठम् । मित्रं यजे होत्राभ्यः ॥

(૨) यो यथा पुथ्रअम् तउरुन्अम् हॅआम्अम् बन्दर्एता मश्यो ।
फ्र आब्योतनुष्यो हओमो वीसइते बएॅशज़ाइ ॥ (અવેસ્તા)
વૈદિક સંસ્કૃતમાં રૂપાંતર
यो यथा पुत्रं तरुणं सोमं वन्दते मर्त्यः ।
प्र आभ्यः तनुभ्यः सोमो विशते भेषजाय ॥

જૈક્સને પોતાના (Avesta Grammar) પુસ્તકની ભૂમિકા (પૃ. ૨૧)માં લખ્યું છે કે – ''પ્રાયઃ કોઈ પણ સંસ્કૃત શબ્દ માત્ર થોડાક ધ્વનિનિયમોનો ઉપયોગ કરીને અવેસ્તાના પર્યાયવાચી શબ્દમાં; અથવા અવેસ્તાના શબ્દને સંસ્કૃતમાં પરિવર્તિત કરી શકાય છે.'' ભારત યુરોપીય ભાષાકુળની બે ભાષાઓમાં આટલી ઘનિષ્ટ સામ્યતા કેવળ આ 'ભારત–ઈરાની શાખા'માં જ મળી આવે છે.

51. આદિમ ભારત–યુરોપીય ભાષામાં કુલ સાત સ્વરો હોવાનું કલ્પાયું છે. જેમકે. ત્રણ હ્રસ્વ સ્વરો : अ, ऍ, ऒ; ત્રણ દીર્ઘ સ્વરો :– आ, ए, ओ તથા એક દુર્બલ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્વર अ (૯) આમાંથી પહેલા છ સ્વરો ગ્રીકભાષામાં સચવાઈ રહ્યા છે. પરંતુ સંસ્કૃત અને અવેસ્તામાં આમાંથી પહેલા ત્રણ હ્રસ્વ સ્વરો સંકોચાઈને કેવળ એક હ્રસ્વ अ કારમાં પરિણમ્યા છે. નીચેનાં ઉદાહરણોથી આ સ્પષ્ટ થશે :–

(૧) (क) આદિમ ભારત–યુરોપીય હ્રસ્વ * अ સ્વર સંસ્કૃત અને અવેસ્તામાં યથાવત્ ઉતરી આવ્યો છે :

* अ

↓

↓ ↓

સંસ્કૃત – अश्मन् ગ્રીક – अक्मान

અવેસ્તા – अस्मन्

(ख) આ. ભા. યુ. હ્રસ્વ ऍ સ્વર સંસ્કૃત અને અવેસ્તામાં હ્રસ્વ अ કાર રૂપે પરિવર્તન પામ્યો છે.

* ऍ

↓

↓ ↓

સંસ્કૃત – अपि पतति । ગ્રીક – एपि पततइ

અવેસ્તા – अइपि अ–पत–त् (epi petetai)

(aipi a–pata–t)

(ग) આ. ભા. યુ. હ્રસ્વ ओ કાર સંસ્કૃત અને અવેસ્તામાં હ્રસ્વ अ કાર રૂપે પરિવર્તિત થયો છે :

* ऑ

↓

↓ ↓

સંસ્કૃત – ददर्श ગ્રીક – dedorke

અવેસ્તા – ददइस (dadaresa)

(૨) આ. ભા. યુ. * आ, ए, ओ– એ ત્રણ દીર્ઘ સ્વરો સંસ્કૃત અને અવેસ્તામાં સંકોચાઈને કેવળ દીર્ઘ आ કાર રૂપે અવશિષ્ટ રહ્યા છે.

નીચેનં ઉદાહરણો જુઓ :–

(क) આ. ભા. યુ. * आ કાર

સંસ્કૃત – मातरः ।

અવેસ્તા – मातरो ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) આ. ભા. યુ. * दीर्घ ए (e)

संस्कृत – अधात् ગ્રીક – thesi

અવેસ્તા – दान्

(ग) આ. ભા. યુ. * दीर्घ ओ (o) કાર

संस्कृत – वाक् લેટિન – vox

અવેસ્તા – वाक्स् (vaxs)

(૩) આ. ભા. યુ.માં જે એક સાતમા દુર્બલ अ (e) સ્વરની કલ્પના કરવામાં આવી છે, તેને શ્વ (schwa) કહેવામાં આવે છે; અને ઊંધા e (અર્થાત્ ˈe) થી તેને દર્શાવવામાં આવે છે. આ દુર્બલ (અથવા અતિહ્રસ્વ, अ (e) સ્વર 'ભારત–ઈરાની 'શાખા'માં इ સ્વર રૂપે પરિવર્તન પામ્યો છે; જ્યારે ગ્રીક, લેટિન વગેરે (કેન્તુમ્–વર્ગની) ભાષામાં अ સ્વર રૂપ ઊતરી આવ્યો છે.

★ अ (e) (દા.ત. ★ पृअतेर = * peter)

संस्कृत – पिता ગ્રીક – pater (पतेर)

અવેસ્તા – पिता (pita) લેટિન – pater

*

संस्कृत અને અવેસ્તાના अ, आ, इ એ ત્રણ સ્વરોનો જે એક સરખો વિકાસ થયો છે તેનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે. આ સિવાયના ए, ऐ, ओ અને औ જેવા સ્વરો મૂળ આ. ભા. યુ.માં હોવાનું કલ્પાયું નથી. તે સ્વરો સંસ્કૃત અને અવેસ્તામાં સન્ધ્યક્ષર રૂપે (अ + इ = ए વગેરે) વિકસ્યા હોવાનું સ્વીકારાયું છે. (આની વિશેષ ચર્ચા 'સંસ્કૃતની ઉત્પત્તિ' દર્શાવતાં અનુગામી પ્રકરણમાં કરીશું.)

(૪) આદિમ ભારત–યુરોપીય * કંઠ્ય (અથવા કંઠોષ્ઠ્ય) क् (क्व), ख् (ख्व), ग् (ग्व), घ् (घ्व) ધ્વનિઓ ભારત–ઈરાની શાખામાં શુદ્ધ કંઠ્ય – क् ख् ग् घ् બની ગયા છે. તથા क् ख् ग् घ् ની પાછળ જો इ કે ए સ્વરધ્વનિઓ આવે તો, તે ક્રમશઃ च् छ् ज् બની જાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

(૫) આ. ભા. યુ.ની પ્રથમ શ્રેણીના કંઠતાલવ્ય क् (क्य), ख (ख्य), ग् (ग्य) घ् (घ्य) ધ્વનિઓ 'ભારત–ઈરાની શાખા'માં ક્રમશઃ श्, स्ह्, ज् રૂપે અને ज्ह રૂપે પરિણમ્યા હશે. ત્યાર પછી, સંસ્કૃતમાં તે श्, ज्, ह ઉતરી આવ્યા છે અને અવેસ્તામાં તે स् ज् અને ज्ह रૂપે ઉતરી આવ્યા છે.

(૬) સંસ્કૃતના જેટલી અવેસ્તાની વ્યંજન વ્યવસ્થા સમૃદ્ધ નથી. અવેસ્તામાં કેવળ બે જ તાલવ્ય ધ્વનિઓ–च અને ज–જોવા મળે છે. મૂર્દ્ધન્ય–ર વર્ગ–નો પૂર્ણ અભાવ છે. સઘોષ કે અઘોષ મહાપ્રાણ નથી. અનુનાસિક અંશતઃ સંસ્કૃતના જેવા જ છે. અવેસ્તામાં ઊષ્માક્ષરો સંસ્કૃતની અપેક્ષાએ અધિક છે.

52. સંસ્કૃત અને અવેસ્તાનો તુલ્નાત્મક અભ્યાસ કરતાં કેટલાંક ધ્વનિ વિષયક તારણો હાથ લાગ્યાં છે :

(૧) સંસ્કૃત ભાષાના અઘોષ ધ્વનિઓ અવેસ્તામાં મોટે ભાગે અઘોષ સ્વરૂપે જ મળે છે. દા.ત.

સંસ્કૃત –	उपरि (प)	અવેસ્તા – upairi
	कृप (क)	kerefs
	तद् (त)	tat
	चरति (च)	caraiti

પરંતુ આ અઘોષ ધ્વનિઓની પાછળ (સ્વરના વ્યવધાન વગર) તરત જો બીજો વ્યંજન આવેલો હોય તો, અવેસ્તામાં તે સંઘર્ષી+ ધ્વનિમાં પરિવર્તિત થઈ જાય છે :–

(૨) સંસ્કૃત ભાષાના અઘોષ મહાપ્રાણ ધ્વનિઓ અવેસ્તામાં f th h જેવા ઊષ્માક્ષરો દ્વારા પ્રકટ કરવામાં આવે છે :

સંસ્કૃત	–	અવેસ્તા
सखा (ख)	–	haha
सप्तथस् (थ)	–	haptathem
कफः (फ)	–	Katem

(૩) સંસ્કૃત ઘોષ સ્પર્શના સ્થાનમાં અવેસ્તામાં પણ ઘોષ સ્પર્શ ધ્વનિઓ જ મળે છે.

સંસ્કૃત – उपब्द (प, द) અવેસ્તા – upabda

+ સંઘર્ષી (fricative) મોં ઓછું ખુલ્લું હોય ત્યારે શ્વાસના ઘર્ષણથી ઉત્પન્ન થનારા फ थ જેવા વ્યંજનો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪) સંસ્કૃતના ઘોષ મહાપ્રાણ ધ્વનિઓને અવેસ્તામાં ઘોષ અલ્પપ્રાણ ધ્વનિ દ્વારા પ્રકટ કરવામાં આવે છે :

સંસ્કૃત – भ्राता (भ) – અવેસ્તા – brata

/–भिस्//–भ्यस्/ – bya

मधु (ध) madu

(૫) સંસ્કૃતના અર્ધસ્વરો (य् व्) અને તરલ (liquid) ધ્વનિઓ (ल्, र् અને ऌ) અવેસ્તામાં મોટે ભાગે યથાવત્ રહે છે :

સંસ્કૃત – यज्ञम् (य) અવેસ્તા – yasem

वस्त्रम् (व) vastrem

સંસ્કૃત ख અવેસ્તામાં sp રૂપે જોવા મળે છે.

विश्वम्–vispem, अश्व–aspo, श्वेतम् spaetem

(૬) સંસ્કૃત ઉષ્માક્ષર स અવેસ્તામાં ક્યારેક તેનો તે જ રહે છે, પણ સામાન્યતયા તે ह (h) બની જાય છે.

સંસ્કૃત – असुर (स) અવેસ્તા – ahura (h)

सप्त (स) hapta

सिंधु (स) hindu

ક્યારેક – स्तोतारम् (स्) staotarem

स्पर्धानि (स्) speredani

અવેસ્તામાં ત્રણ કે ચાર બીજા ઉષ્માક્ષરો મળે છે. (એને માટે જૈકસનનું 'અવેસ્તા વ્યાકરણ' – પૃ – ૪૯ જોવું.)

(૭) અવેસ્તાનો z સંસ્કૃતના ज् અને ह ને પ્રકટ કરે છે :

સંસ્કૃત – जातः (ज) અવેસ્તા zato

यजते (ज) yazait

हस्त (ह) zasta

अहम् (ह) azem

53. **પદરચના :** કારક રૂપોની બાબતમાં અવેસ્તાની ભાષા સંસ્કૃત–ભાષાને અનુરૂપ છે. અવેસ્તાની ભાષામાં પણ, સંસ્કૃતની જેમ જ આઠ કારકો (= વિભક્તિઓ), ત્રણ વચનો અને ત્રણ લિંગો છે. નમૂના રૂપે यज्ञ શબ્દનાં રૂપો જોઈશું :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એકવચન	(પ્રત્યય)	બહુવચન	(પ્રત્યય)
यज्ञः yasno	s, ś	यज्ञाः – yasnaeho –	ō; ā aeho
यज्ञम् yasnem	– m	यज्ञान् – yasna	α, ā
(વેદમાં) यज्ञा yasna	– ā	यज्ञैः – yasnāis	bis
यज्ञाय yasnāi	– é	यज्ञेभ्यः – yanēibyo	byo
यज्ञात् yasnāt	– (a) t	यज्ञेभ्यः – yasneibyo	byo
यज्ञस्य yasnahe –	ō, s, he hyā	यज्ञानाम् – yasnanam	am
यज्ञे yasne	– i	यज्ञेषु – yasnaēśu	su, śu, hu
यज्ञ yasna	–	यज्ञाः – yasnaeho	ō, ā, aeho

આ ઉપરાંત (क) સંસ્કૃતની જેમ અવેસ્તામાં પણ વિશેષણ વાચક શબ્દનાં રૂપો વિશેષ્ય મુજબ થાય છે અને અધિકત્તાદર્શક तर – tara પ્રત્યય તથા શ્રેષ્ઠતા દર્શક तम – tma પ્રત્યેક અવેસ્તામાં પણ વપરાય છે. (ख) સંખ્યાવાચક શબ્દોની બાબતમાં સંસ્કૃતની જેમ અવેસ્તામાં પણ પૂર્ણાંક અને ક્રમાંક વાચક શબ્દો છે. જેમકે, પૂર્ણાંક – dva (द्वा), thri (थ्रि), cathwar, (चथ्वार), panca (पंच), hapt हप्त (= सप्त) વગેરે ક્રમાંક – bitya (बीत्य = द्वितीय), thritya (थ्रीत्य = तृतीय) વગેરે. (ग) અવેસ્તાના મોટા ભાગનાં સર્વનામનાં રૂપો સંસ્કૃત સર્વનામનાં જેવાં જ છે.

अस्मद् = હું		युस्मद् = તું	
સંસ્કૃત	અવેસ્તા	સંસ્કૃત	અવેસ્તા
કર્તા – अहम्	– azem	કર્તા – त्वम्	– tūm, tū
કર્મ – माम्, मा	– man, mā	કર્મ – त्वाम्, त्वा	– thwam, thwā
સંપ્ર. – मह्यं, मे	– māvoya, mē	કરણ – त्वया	– thwā
અપા. – मत्	– mat	સંપ્ર. – तुभ्यं, ते	– taibyā, tē
સંબંધ – मम, मे	– mana, me	અપા. – त्वत्	– thwat
		સંબંધ – तव, ते	– tava, te.

ક્રિયાપદોનો તુલનાત્મક અભ્યાસ કરતાં જણાય છે કે કર્તરિ કર્મણિ, ભાવે પ્રયોગો; કાળ અને પ્રકાર અથવા અર્થ (mood)ની બાબતમાં અવેસ્તાનાં ક્રિયાપદો વૈદિક સંસ્કૃતનાં ક્રિયાપદો સાથે (लेट् લકાર = subjunactive સહિત) સામ્ય ધરાવે છે. (આવી જ રીતે, કૃદન્ત રૂપો પણ બન્નેમાં એકસરખાં મળી આવે છે.) નમૂના રૂપે જોઈએ તો—આજ્ઞાર્થક (लोट् લકાર)નાં રૂપો બનાવવા માટે સંસ્કૃતમાં જેમ धि, तु, त કે न्तु પ્રત્યયો વપરાય છે. તેમ અવેસ્તામાં di, tu, ta અથવા na અને ntu પ્રત્યયો વપરાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપર્યુક્ત વિવેચનના અનુસંધાનમાં ડૉ. પી. ડી. ગુણે જણાવે છે કે, પ્રાચીન સંસ્કૃત અને અવેસ્તા ભગિની ભાષાઓ છે. આ ભાષાઓ લગભગ ઈ.સ. પૂર્વે દ્વિતીય સહસ્રાબ્દિમાં, અને સંભવતઃ અફઘાનિસ્તાનની ઉત્તરે તથા કૈસ્પિયન સમુદ્રની પૂર્વમાં આવેલા કોઈક સ્થળેથી એક–બીજાથી જુદી પડી હશે. તે સ્થળે એક ભાષાની બે બોલીઓ રૂપે તેમનું (વૈદિક સંસ્કૃત અને અવેસ્તાનું) અસ્તિત્વ હશે અને તેમાં પરસ્પર બહુ ઓછો તફાવત હશે.

54. ભારત–ઈરાની શાખાની પ્રતિનિધિ એવી ઋગ્વેદ અવેસ્તાની ભાષાઓમાંથી, અવેસ્તાની = ઈરાની ભાષાનો પરવર્તી વિકાસ કેવો થયો ? – તે અહીં ચર્ચાનો વિષય છે. (ઋગ્વેદની વૈદિક સંસ્કૃત ભાષાનો અભ્યાસ હવે પછીના પ્રકરણમાં કરવામાં આવશે).

ઈરાની ભાષા
↓
↓ ↓

૧. પૂર્વી ઈરાની
(= અવેસ્તા)
↓
મધ્યકાલિક સ્વરૂપ
(અનુપલબ્ધ)
↓
આધુનિક સ્વરૂપ
(અનુપલબ્ધ

૨. પશ્ચિમી ઈરાની
(= પ્રાચીન ફારસી)
↓
મધ્યકાલિક ફારસી = પહલવી
(ઝંદ અવેસ્તાની = અવેસ્તાની ટીકાની ભાષા)
↓
આધુનિક ફારસી
(ફિરદૌસીનું શાહેનામા)
↓
(વચગાળાના સ્વરૂપો અનુપલબ્ધ) ?
?
(આધુનિક બોલીઓ) ↓

↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓
ઓસેટિક કુર્દી બર્ગિસ્તાં પામીરી બલુચી પશ્તો દેવારી આધુનિક ફારસી
↓
(અરબી ભાષાથી અત્યંત પ્રભાવિત)

ભારતીય આર્યભાષા = સંસ્કૃતમાંથી ઊતરી આવેલી પાલિ, પ્રાકૃત, અપભ્રંશ, હિન્દી, બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓનો કડીબદ્ધ ઈતિહાસ મેળવી શકાય છે. પરંતુ એવી રીતે ઈરાની આર્યભાષા = અવેસ્તાની ભાષામાંથી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઊતરી આવેલી ભાષાઓનો કડીબદ્ધ ઇતિહાસ મેળવી શકાતો નથી. તથાપિ કાલની દૃષ્ટિએ તેને ત્રણ ભાગમાં વિભક્ત કરી શકાય છે. જેમ કે ૧. પ્રાચીન ઈરાની ૨. મધ્યકાલિક ઈરાની અને ૩. આધુનિક ઈરાની.

૧. પ્રાચીન ઈરાની : એવું મનાય છે કે પ્રાચીન ઈરાની ભાષામાં ઘણું સાહિત્ય રચાયું હતું. પરંતુ ઈ.સ. પૂર્વે ૩૨૩માં સિકન્દરે અને લગભગ ઈ.સ. ૭મી સદીમાં આરબોએ જે આક્રમણો કર્યાં તેમાં એ સાહિત્ય નાશ પામ્યું. આ પ્રાચીન ઈરાનીના બે સ્વરૂપ હતા. (क) ઈરાનના પૂર્વ ભાગમાં બોલાતી ઈરાની અને (ख) ઈરાનના પશ્ચિમ ભાગમાં બોલાતી ઈરાની. આમાંથી પૂર્વી ઈરાની ભાષાનું પ્રતિનિધિત્વ કરતો ગ્રન્થ તે અગ્નિપૂજક પારસીઓનો ધર્મગ્રન્થ અવેસ્તા. આ અવેસ્તાની ભાષાનો પરવર્તી વિકાસ કેવો થયો તે આજે જાણી શકાયું નથી. પશ્ચિમી ઈરાની અથવા પ્રાચીન ફારસી ભાષા * ઈરાનના પશ્ચિમ ભાગમાં બોલાતી હતી. ઈ.સ. પૂર્વે ૫૨૧–૪૮૫માં એકેમિનિયન રાજાઓ–ડેરિયસ પહેલાએ કોતરાવેલા કેટલાક અભિલેખોમાં આ ભાષાનું સ્વરૂપ જળવાઈ રહ્યું છે.

૨. મધ્યકાલિક ઈરાની : જે ફારસી અથવા 'પહલવી'ના નામે ઓળખાય છે. ઈ.સ. ૨૨૬ થી ૬૫૨ દરમ્યાન સેસેનિયન રાજાઓની આ રાજભાષા હતી. 'અવેસ્તા', ધર્મગ્રંથ ઉપર જે ટીકા લખાઈ છે તે આ મધ્યકાલિકા ઈરાન = પહલવી ભાષામાં લખાઈ છે. આ પહલવી ભાષામાં લખાયેલી ટીકાને ''ઝન્દ અવેસ્તા'' પણ કહે છે. (ઝન્દ એટલે ટીકા એવો અર્થ થાય છે.)

૩. આધુનિક ફારસી : મધ્યકાલિક ફારસીમાંથી આ આધુનિક ફારસી ઊતરી આવી છે. ઈ.સ. ૯૪૦ થી ૧૦૨૦નું ફિરદૌસીએ લખેલું 'શાહેનામા' કાવ્ય આ આધુનિક ફારસીનો પ્રાચીનતમ નમૂનો ગણી શકાય. આ પછીના ફારસી સાહિત્યમાં અરબી ભાષાનો પ્રભાવ ઘણો વધતો ગયો છે.

55. દરદ ઉપશાખા : આર્ય અથવા ભારત–ઈરાની શાખાના વિભાજન પ્રસંગે એક દરદ ઉપશાખાનો ઉલ્લેખ કર્યો છે. ભારત–યુરોપીય ભાષાકુળના સતમ્ વર્ગની આર્યશાખા (= ભારત–ઈરાની શાખા)ની ત્રીજી (ગૌણ) ઉપશાખા તે 'દરદ ઉપશાખા' છે. આ ઉપશાખાનું ક્ષેત્ર પશ્ચિમોત્તર પંજાબનો મધ્યભાગ મનાયું છે. दरद् એવા સંસ્કૃત શબ્દનો અર્થ 'પર્વત' થાય છે. કેટલીક સંસ્કૃત રચનાઓમાં કાશ્મીરની આસપાસના ભૂમિભાગને 'દરદ' કહેવામાં આવેલ છે. આને આધારે દરદ ઉપશાખાનું ક્ષેત્ર નક્કી કરી શકાય છે. પ્રાચીન ભારતીય વિદ્વાનોએ દરદ ઉપશાખાને ભારતીય ઉપશાખામાં સમાવી લીધી છે અને દરદ ભાષાઓને 'પૈશાચી પ્રાકૃત' કહે છે.

---

* ઈરાનનો પશ્ચિમ ભાગ 'ફારસ' કહેવાતો હતો, તેથી 'ફારસી' નામ આવ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



આ વિભાજન અનુસાર કાશ્મીરની ભાષા 'કાશ્મીરી', દરદ ઉપશાખાની અંદર આવી જાય છે. જો કે ઝૂલ બ્લોખ અને ડૉ. પી. ડી. ગુણે જેવા વિદ્વાનો કાશ્મીરીને ભારતીય ઉપશાખામાં સમાવી લે છે; પરંતુ હવે તે માન્યતાને માટે કોઈ સમર્થન નથી. કાશ્મીરી ભાષા ઉપર સંસ્કૃત ભાષાનો ઘણો પ્રભાવ છે. આથી ભ્રમવશાત્ તેને ભારતીય ઉપશાખામાં સમાવી લેવામાં આવી હતી. લગભગ ૧૪મી સદીથી શરૂ કરીને કાશ્મીરી ભાષાનું સાહિત્ય મળી આવે છે.

★ ★ ★

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ–૮

56. ભારતીય આર્ય–ભાષાઓ (પાલિ, પ્રાકૃત, બંગાળી, મરાઠી, હિન્દી, ગુજરાતી વગેરે)ની જનેતા રૂપ સંસ્કૃતભાષાનું પ્રાચીનતમ રૂપ આપણને ऋग्वेद (ઈ.સ. પૂર્વે લગભગ ૩૫૦૦–૪૦૦૦)માં જોવા મળે છે. વૈદિક સંસ્કૃતના ઉત્તરવર્તીરૂપોમાં ક્રમશઃ પરિવર્તન થતું રહ્યું છે; અને નિરુક્તાકાર યાસ્કના સમય (ઈ.સ. પૂર્વે ૬–૫મી સદી) સુધીમાં તો ઋગ્વેદની આ વૈદિક સંસ્કૃતભાષામાં ઘણું પરિવર્તન થઈ ચૂક્યું છે. ઈ.સ. પૂર્વે ૪૦૦માં આચાર્ય પાણિનિએ પોતાના अष्टाध्यायी વ્યાકરણમાં વૈદિક સંસ્કૃતભાષા અને લૌકિક સંસ્કૃતભાષાની સ્પષ્ટપણે જુદી જુદી નોંધ લીધી છે. તેમણે ऋग्वेद માં વપરાયેલી વૈદિકભાષા માટે छन्दस् અને ત્યાર પછીની પરિવર્તન પામેલી લૌકિક સંસ્કૃત ભાષા માટે भाषा એવાં નામો વાપર્યાં છે. કાત્યાયન અને પતંજલિના (ઈ.સ. પૂર્વે ૨૦૦ થી ઈ.. ૧૫૦) સમય સુધીમાં આ પરિવર્તન વધુ સ્પષ્ટ થતું ગયું. ''વ્યાકરણ–મહાભાષ્ય''ના આરંભે મહાભાષ્યકાર પતંજલિ લખે છે કે –

अथ शब्दानुशासनम् ।.....

केषां शब्दानाम् (अनुशासनं क्रियते) ?

लौकिकानां वैदिकानां च ॥

આમ, અહીં વૈદિક અને લૌકિક સંસ્કૃત ભાષાનો સ્પષ્ટ રૂપે જુદો જુદો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉભયવિધ સંસ્કૃત ભાષાને માટે दैवीवाक्, देववाणी જેવાં વિશેષણો વપરાય છે. આપણે અગાઉ જોયું તે પ્રમાણે, આધુનિક ભાષાશાસ્ત્રીઓએ ગ્રીક, લેટિન, સંસ્કૃત વગેરે ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને સંસ્કૃત ભાષાને ''ભારત–યુરોપીય'' ભાષાકુળમાંથી ઊતરી આવેલી બતાવી છે. પરંતુ ભારતીય પરંપરામાં તે ભાષાને દેવોએ ઉત્પન્ન કરી એવી માન્યતા પ્રવર્તે છે : देवीं वाचम् अजनयंत देवाः, तां विश्वरूपाः पशवो वदन्ति ॥ (ऋग्वेद ૮–૧૦૦–૧૧). 'કાવ્યાદર્શ' (૧–૩૩)માં આચાર્ય દણ્ડિન્ કહે છે કે संस्कृतं नाम दैवी वाग् अन्वाख्याता महर्षिभिः ॥

આ દેવવાણી કે દૈવીવાક્‌નાં બે સ્વરૂપોમાંથી વૈદિક સ્વરૂપને માટે, પાણિનિએ छन्दस् શબ્દ વાપર્યો છે અને લૌકિક સ્વરૂપને માટે भाषा શબ્દ વાપર્યો છે. પરંતુ આ ભાષાને માટે વપરાતું ''संस्कृत (भाषा)'' એવું નામ સૌથી પહેલવહેલું ક્યાં વપરાયું છે તે જાણવું રસપ્રદ છે; વાલ્મીકિના રામાયણમાં અશોકવાટિકામાં સીતાજીને રામની વીંટી આપતાં હનુમાનજી બોલે છે કે –

वाचं चोदाहरिष्यामि मानुषीमिह संस्कृताम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(રામાયણ, સુન્દરકાંડ ૩૦–૧૭) આમ હનુમાનજીએ, પોતે જો કપિઓની ભાષામાં બોલશે તો સીતાજી પોતાને કોઈક રાક્ષસ માની લેશે એવી બીકથી, મનુષ્યો જે ભાષા બોલે છે, તે 'સંસ્કૃતભાષા'માં વાત કરવાનું નક્કી કર્યું—અહીં આ ભાષાનું નામ "સંસ્કૃત" છે એવો પહેલો ઉલ્લેખ મળી આવે છે. આ સંસ્કૃતભાષાના વૈદિક અને લૌકિક સ્વરૂપો—સંસ્કૃત ભાષાની ધ્વનિપ્રક્રિયા, રૂપરચના, વાક્યરચના અને શબ્દાર્થ—નો અભ્યાસ જરૂરી છતાં મહત્ત્વાકાંક્ષી ગણાશે. આથી કેવળ સંસ્કૃતભાષાના ધ્વનિઓ વિશે વિચારીને અટકીશું.

57. સંસ્કૃતભાષાના ધ્વનિઓ (= સ્વરો અને વ્યંજનો)ના વિકાસનો ઇતિહાસ તપાસવા માટે આપણે ત્રણ–ચાર તબક્કાઓને ધ્યાનમાં લેવા પડે છે. જેમકે, આદિમ ભારત–યુરોપીય ભાષામાં કયા કયા ધ્વનિઓ હશે, ભારત–ઈરાની શાખામાં તે ધ્વનિઓની શી સ્થિતિ છે અને કાલક્રમે તે ધ્વનિઓ સંસ્કૃતમાં, (એટલે કે પહેલાં વૈદિક ભાષામાં અને પછી લૌકિક સંસ્કૃત ભાષામાં) કેવાં પરિવર્તનો સાથે મળી આવે છે ? તુલનાત્મક ભાષાશાસ્ત્રીય અધ્યયનને આધારે આ. ભા. યુ. ભાષામાં ત્રણ પ્રકારના ધ્વનિઓ હોવાની કલ્પના કરવામાં આવી છે : સ્વર, અન્તઃસ્થ અને વ્યંજન. આ ત્રણેય પ્રકારના ધ્વનિઓમાંથી, પ્રાચીન ગ્રીક ભાષાએ આ. ભા. યુ. ભાષાની સ્વર સમ્પત્તિને વધુ પ્રમાણમાં સાચવી રાખી છે અને સંસ્કૃત ભાષાએ વ્યંજન સમ્પત્તિને સૌથી વધુ પ્રમાણમાં સાચવી રાખી છે. આપણે સંસ્કૃતભાષામાં થયેલા આ ધ્વનિઓના વિકાસનો ઇતિહાસ તપાસીશું.

સ્વર : (૧) આ. ભા. યુ. ભાષામાં ★ अ, ए ओ – જેવા ત્રણ હ્રસ્વ સ્વરો હોવાનું કલ્પાયું છે. આ ત્રણેય સ્વરો ભારત–ઈરાની શાખામાં (અર્થાત્ વેદ અને અવેસ્તામાં) સંકોચાઈને હ્રસ્વ अ કાર રૂપે જળવાઈ રહ્યા છે. કાલક્રમે સંસ્કૃતભાષામાંય તે હ્રસ્વ अ કાર ઊતરી આવ્યો છે. કેટલાંક ઉદાહરણોથી આ મુદ્દો સ્પષ્ટ કરીશું.

(૧) ★ अग्रो (agro)

↓

સંસ્કૃત – अज्र (= મેદાન)

ગ્રીક – अगोस् (ખેતર)
લેટિન – अगेर् (ager)
ગોથિક – अक्रस् (akrs)
(અંગ્રેજી – एकर (acre)

(૨) ★ अगइ (agei)

↓

સંસ્કૃ. – अजति
અવેસ્તા – अजइति (azaiti)

ગ્રીક – अगइ (agei)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લેટિન વગેરે ભાષાઓના ઉપર્યુક્ત સમાનાર્થી શબ્દોની તુલનાથી જણાય છે કે – આ બધાય શબ્દોમાં જો આદિમાં એક સરખો अ કાર મળતો હોય તો તે अ કાર * આ. ભા. યુ.માંથી ઊતરી આવ્યો હોવો જોઈએ.)

* एस्ति (esti) (તે છે)

સંસ્કૃત – अस्ति
અવેસ્તા – अस्तिय् (astiy)

ગ્રીક – ऍस्ति (esti)
લેટિન – एस्त
પ્રા. લિથુ. – ऍस्ति
જર્મન – इस्त
રશિયન – येस्त्य

(જુદી જુદી ભાષાઓના ઉપર્યુક્ત શબ્દોની તુલના કરવાથી જણાય છે કે મૂળ * આ. ભા. યુ. ભાષાના હ્રસ્વ = અર્ધો ए કારમાંથી એક તરફ ભારત–ઈરાની શાખામાં (અને તેમાંથી સંસ્કૃતમાં) હ્રસ્વ अ કાર ઉતરી આવ્યો છે; તો બીજી તરફથી ગ્રીક ભાષામાં તે હ્રસ્વ ए કાર યથાવત્ જળવાઈ રહ્યો છે.)

(૩) * पॉति (Pótis)

સંસ્કૃત – पति
અવેસ્તા – पइतिश् (paitis)

ગ્રીક – पोसिस (Posis)
લિથુ૦ – पातिस, पत्स्

એ જ પ્રમાણે – * ओवि (owi)

સંસ્કૃત अवि (ઘેટું)

ગ્રીક – ओइस्
લેટિન – ओविस्

(ઉપર્યુક્ત શબ્દોની તુલનાથી જણાય છે કે * આ. ભા. યુ. ભાષાનો હ્રસ્વ = અર્ધો ओ કાર ભારત–ઈરાની શાખામાં હ્રસ્વ अ કાર રૂપે પરિવર્તિત થઈ ગયો છે અને ગ્રીક ભાષામાં તે યથાવત્ જળવાઈ રહ્યો છે.)

*

* આ. ભા. યુ. ભાષાના (अ, ए, ओ ઉપરાંત) અક્ષર સંઘટનાકારી સ્વરીભૂત * म् (m) અને * न् (n) માંથી પણ સંસ્કૃતભાષામાં હ્રસ્વ अ કાર ઊતરી આવ્યો છે :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪) * दक्म् (dekm)

સંસ્કૃત – दश	ગ્રીક – दक (deka)
અવેસ્તા – दस	

એ જ પ્રમાણે – क् म् तोम् (kmtom)

સંસ્કૃત – शतम्	ગ્રીક – हेक्तोन
('श' માં अ)	લેટિન – केन्तुम्
(અવેસ્તા – सतम्	

(૫) * न् (નિષેધાર્થક ઉપસર્ગ)

સંસ્કૃત – अज्ञात	ગ્રીક – अग्नोतोस्
	લેટિન – इग्नोतुस्

એ જ પ્રમાણે – * ल् तास् (tates)

સંસ્કૃત – ततः	ગ્રીક – ततास् – (tatos)
(√तन् (तनोति) નું કર્મણિ ભૂતકૃદન્તનું રૂપ)	

સ્વર : (૨) આ. ભા. યુ. ભાષામાં * आ ए ओ જેવા ત્રણ દીર્ઘ સ્વરો હોવાનું કલ્પાયું છે. આ ત્રણેય સ્વરો ભારત–ઈરાની શાખામાં (અને સંસ્કૃતમાં) સંકોચાઈને, દીર્ઘ अ કાર રૂપે ઊતરી આવેલ છે. દા.ત.

(૧) * भ्रातेर् / मातेर् (mātei)

સંસ્કૃત – भ्रातृ	ગ્રીક, લેટિન – फ्रातेर्
સંસ્કૃત – मातृ	
અવેસ્તા – मातर्	ગ્રીક – मातेर्

ઉપર્યુક્ત શબ્દોની તુલનાથી જણાય છે કે – આ. ભા. યુ. * अ કાર સંસ્કૃતમાં (અને ગ્રીકમાં પણ) अ કાર રૂપે ઊતરી આવ્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(२) ★ पअतेर (peter)

संस्कृत – पिता (ए > आ) | ग्रीक – पतेर् (ए > ए)

એ જ પ્રમાણે,

संस्कृत – मांस | ग्रीक – मेन
लेटिन – में न्सिस

ઉપર્યુક્ત શબ્દોની તુલનાથી જણાય છે કે – આ. ભા. યુ. ए (e) કાર સંસ્કૃતમાં अ કાર રૂપે પરિવર્તિત થયો છે અને ગ્રીકમાં તે ए કાર રૂપે ચાલુ રહ્યો છે.

(૩) * दो (dō) 'આપવું'

संस्कृत – ददाति | ग्रीक – दिदोमि
लेटिन – दो–नुम्
लिथु० – दुओति

એ જ પ્રમાણે, * ग्वोम् (gwom)

संस्कृत – गाम् | ग्रीक – बोन् (Bon)
अवेस्ता – गम् (gam)

ઉપર્યુક્ત શબ્દોની તુલનાથી જણાય છે કે—આ. ભા. યુ. ओ (o) કાર સંસ્કૃતમાં आ કાર રૂપે ઉતરી આવ્યો છે અને ગ્રીકમાં તે યથાવત્ સ્વરૂપ જળવાઈ રહ્યો છે.

(૪) * ग्नतोस (gntos) (* न् માંથી સંસ્કૃતમાં आ)

संस्कृत – जातः | ग्रीक – ग्नो तोस्
अवेस्ता – जातो (zato) | (gnotos)

(૫) * द्दम् (ghms) (* म् માંથી સંસ્કૃતમાં आ)

संस्कृत – क्षा | ग्रीक – ख थोन/ख्योन्
अवेस्ता – जा (za) | (khthon)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપર (૪) અને (૫)નાં ઉદાહરણોને આધારે એ સ્પષ્ટ થાય છે કે * આ. ભા. યુ. ભાષાના (आ, ए, ओ ઉપરાંત) અક્ષર સંઘટનાકારી સ્વરીભૂત * म् (m) અને * न् (n) માંથી પણ સંસ્કૃતભાષામાં દીર્ઘ आ કાર વિકસ્યો છે.

સ્વર : (૩) આ. ભા. યુ.માં એક સાતમો દુર્બલ अ (e) સ્વર હોવાનું કલ્પાયું છે. તદુપરાંત, इ અને ऋ (इर्) જેવા સ્વરો પણ હશે. આ ત્રણેયમાંથી સંસ્કૃત ભાષાનો इ સ્વર વિકસ્યો હોય એમ જણાય છે, જેમકે, (૧) * अ (e) દુર્બલ સ્વર.

* प्अतेर् (peter)

↓

સંસ્કૃત – पिता (इ)
અવેસ્તા – पितर् (Piter)

ગ્રીક – पतेर्

ઉપરના શબ્દોની તુલનાને આધારે જણાય છે કે—આ. ભા. યુ. ભાષાનો * अ (e) દુર્બલ સ્વર ગ્રીક ભાષામાં, અન્ય સ્વરોની જેમ, યથાવત્ સ્વરૂપે જળવાઈ રહ્યો નથી. જ્યારે તે દુર્બલ સ્વર સંસ્કૃત ભાષામાં इ સ્વર રૂપે વિકસ્યો છે.

(૨) * ओवि (owi) ઘેટું

↓

સંસ્કૃત – अवि

ગ્રીક – ओइस्
લેટિન – ओविस्
ગોથિક – अविस्त्र
(ઘેટાઓનું ટોળું)

આ ઉદાહરણ જોવાથી સ્પષ્ટ થાય છે કે આ. ભા. યુ. * इ સ્વર સંસ્કૃતભાષામાં યથાવત્ ઊતરી આવ્યો છે.

(૩) * ऋ માંથી → સંસ્કૃતમાં इर् વિકસ્યો છે.

દા.ત. * गृइअ (grre), गृरि (grri)

↓

સંસ્કૃત – गिरि
અવેસ્તા – गइरि

પર્વત (grrri) ✕ (ગ્રીકમાં ઉદાહરણ મળતું નથી.)

સ્વર : (૪) આ. ભા. યુ. * ई સ્વર સંસ્કૃતમાં દીર્ઘ ई રૂપે યથાવત્ સચવાઈ રહેલ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દ્રા.ત. * ग्वीव् स् (g^w iws) = પ્રાક્ટી/* वीरस् (viros)

↓

संस्कृत – जीव | લેટિન – वीवुस्/उईऊस् (uius)
(અવેસ્તા) ફારસી – जीव
– संस्कृत – वीर | લિથુ૦ – व्यिरस् (vyras)

સ્વર : (૫) આ. ભા. યુ. * उ સ્વર સંસ્કૃતમાં યથાવત્ જળવાઈ રહ્યો છે તથા આ. ભા. યુ. * ऋ * लृ માંથી પણ उर् (અને उल्) રૂપે સંસ્કૃતમાં उ કાર ઊતરી આવ્યો છે.

(૧) * युगों (म्)

↓

संस्कृत – युगम् | ગ્રીક – जुगोन
| લેટિન – जुगम्

એ જ પ્રમાણે, સંસ્કૃતમાં उद्न् (= જળ), ગ્રીકમાં उदोर् અને લેટિનમાં उन्द्र (લહેર, તરંગ) શબ્દો મળે છે. આ બધા શબ્દોમાં આવેલો उ કાર, મૂળ આ. ભા. યુ. ભાષામાંથી ઉતરી આવ્યો હશે એવું અનુમાન કરી શકાય.

(૨) * गृउस् (gṛus)

↓

संस्कृत – गुरु | ગ્રીક – वरुस् (barrus)
अवेस्ता – गोउरु (gouru)

(૩) * प्लृलो, प्लृलि (ગઢ, પડાવ)

↓

संस्कृत – पुरं (નગર) | ગ્રીક – पोलिस् (નગર)
| લિથુ૦ – पिलिस् (ગઢ)

આ (૨) અને (૩) ઉદાહરણોને આધારે જોઈ શકાય છે કે ऋ, लृ સ્વરોમાંથીય સંસ્કૃતમાં उर् उल् રૂપે उ સ્વર વિકસ્યો છે.

સ્વર : (૬) આ. ભા. યુ. * દીર્ઘ ऊ કાર સંસ્કૃતમાં યથાવત્ સચવાઈ રહ્યો છે.

* ओभ्रूस (obhrus)

↓

संस्कृत – भ्रू | ગ્રીક – ओ फ्रुस (ophrus)
अवेस्ता – अब्रू (abru)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્વર : (૭) આ. ભા. યુ. * ऌ સ્વર કેવળ સંસ્કૃત ભાષામાં યથાવત્ ઊતરી આવ્યો છે. જેમ કે, * ऌ

↓

સંસ્કૃતમાં √क्लृप् ધાતુ.

આ સિવાય બીજા કોઈ સંસ્કૃત શબ્દમાં કે બીજી કોઈ ભાષામાં ऌ સ્વર જોવા મળતો નથી.

સ્વર : (૮) આ. ભા. યુ. * ऌ સ્વરમાંથી (ઉપર જોયું તેમ સંસ્કૃતમાં અને તે પણ એકમાત્ર √क्लृप् ધાતુમાં ऌ સ્વર ઊતરી આવ્યો છે; પણ તે સિવાય આ * ऌ સ્વરમાંથી) (૧) સંસ્કૃતમાં ऋ સ્વર વિકસ્યો હોય એવાં સમર્થનો પણ પ્રાપ્ત થયા છે. જેમકે,

* व्लृक्वो (wlkwo) વરૂ

↓

સંસ્કૃત — वृक

અવેસ્તા — व्अह् र् क्

ગોથિક — बुल्फस्

પ્રા૦ સ્લાવો૦ — ग्लुकु

રશિયન — वोल्क

અહીં वृक શબ્દમાંનો ऋ કાર મૂળ આ. ભા. યુ. * ऌ માંથી વિકસ્યો છે એવું મનાય છે.

(૨) આ. ભા. યુ. * ऋ માંથી પણ, સંસ્કૃતમાં ऋ સ્વર યથાવત્ ઊતરી આવ્યો જણાય છે.

જેમ કે — * ऋक्यत्सो

↓

સંસ્કૃત — ऋक्ष (રીંછ)

ગ્રીક — अर्कतोस्

લેટિન — उर्सुस्

મધ્ય આયરિશ — अर्त (= રીંછ)

સ્વર : (૯) સંસ્કૃત દીર્ઘ ॠ કારનો વિકાસ કેવી રીતે થયો હશે ? એનો ઇતિહાસ લગભગ સન્દિગ્ધ છે. સંસ્કૃત ભાષાના કોઈ સ્વતંત્ર પ્રાતિપદિક કે મૂળ ધાતુમાં (= પ્રકૃતિ સ્વરૂપે રહેલા શબ્દમાં) દીર્ઘ ॠ કાર જોવા મળતો નથી કેવળ હ્રસ્વ ऋ કારાન્ત पितृ જેવા શબ્દોના દ્વિતીય બહુવચન અને ષષ્ઠી બહુવચનનાં રૂપોમાં જ (पितॄन्, पितॄणाम्) તે દીર્ઘ ॠ કાર જોવા મળે છે અને એવું મનાય છે કે આ દીર્ઘીકરણ પણ હ્રસ્વ इ કારાન્ત उ કારાન્ત શબ્દોના દ્વિતીયા બહુવચન, ષષ્ઠી બહુવચનનાં—हरीन्, हरीणाम्, भानून्, भानूनाम्—રૂપો જોઈને થયું હશે. આથી કાંઈ આ. ભા. યુ.માં પણ દીર્ઘ ॠ કાર હોવાનું (અને તેમાંથી સંસ્કૃત ભાષાનો દીર્ઘ ॠ કાર વિકસ્યો હોવાનું) કલ્પી શકાય નહીં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્વર : (૧૦) આ. ભા. યુ. ભાષાના * अय् (अइ) एय् (एइ) અને ओय् (आइ) આ ત્રણ સન્ધ્યક્ષરોમાંથી, સંસ્કૃતભાષાનો ए સ્વર વિકસ્યાં છે.

(૧) * अय् धोस् (aydhos) અગ્નિ ઇંધણ

સંસ્કૃત – एधस् (= ઇંધણ)

ગ્રીક – अईथोस् (= અગ્નિ)

ઉપર્યુક્ત શબ્દોની તુલનાથી જણાય છે કે આ. ભા. યુ. * अय् (अइ) એવા સન્ધ્યક્ષરમાંથી સંસ્કૃતભાષાનો ए સ્વર વિકસ્યો છે.

(૨) * देइक्य् (સંકેત કરવો) [एय् (= एइ >) ए]

સંસ્કૃત – दिदोष्टि (સંકેત કરે છે.)

ગ્રીક – देइक् नोमि (મેં જોયું)

એ જ પ્રમાણે–

સંસ્કૃત – एति

લિથુ૦ – एईति

ગ્રીક – एईसि

ઉપર શબ્દોનો અભ્યાસ કરવાથી જણાય છે કે સંસ્કૃતભાષાનો ए સ્વર મૂલતઃ આ. ભા. યુ. ભાષાના एय् (एइ) એવા સન્ધ્યક્ષરમાંથી વિકસ્યાં હશે.

(૩) * वो इद (woyda) = મેં જોયું છે/હું જાણું છું.

√वेइद (weyd) 'જોવું'નું ભૂતકાલિક રૂપ સંસ્કૃતમાં – वेद थाय છે (હું જાણું છું)

અવેસ્તા – वएद

ગ્રીક – ओइद (હું જાણું છું.)

ગોથિક – वइत्

જર્મન–वाइस (weiss) (હું જાણું છું.)

આ શબ્દોના તુલનાત્મક અભ્યાસથી જણાય છે કે આ. ભા. યુ. ભાષાનો उणेय् (= ओ इ) સન્ધ્યક્ષર (સ્વર), સંસ્કૃતભાષામાં ए સ્વર રૂપે વિકસ્યો છે.

સ્વર : (૧૧) આ. ભા. યુ. ભાષાના * अउ (əw), एउ (ew) અને ओउ (ow) સન્ધ્યક્ષરોમાંથી સંસ્કૃત ભાષાનો ओ (o) સ્વર વિકસ્યો લાગે છે. (સંસ્કૃત ભાષામાં પણ अव (अउ) નું ओ કારમાં પરિવર્તન થતું જોવા મળે છે. જેમ કે, मघवन् શબ્દનું ષષ્ઠી એકવચનમાં मघोनः રૂપ થાય છે. આમ સંસ્કૃત ओ કારની મૂળ પ્રકૃતિ अव् (अउ) હોવાનો સંકેત મળી રહે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) આ. ભા. યુ. * √अउग् (awg) ધાતુ
(વૃદ્ધિ કરવી, દૃઢ કરવું)માંથી
↓
* अउगेस् (awges)
* अउगोस् (awgos) (શક્તિ)
↓

संस्कृत – ओजस् (શક્તિ)
અવેસ્તા – अओगङ्ह (શક્તિ)

લેટિન – अउगुस्तुस्
(મહાન્, શક્તિશાળી)
લેટિન–अउगेओ (augeo)
(હું વૃદ્ધિ કરું છું)

એ જ પ્રમાણે –

संस्कृत – शोष्
(સૂકાવું)

લિથુઆનિયન – सऊँत्सम्
ગ્રીક – अउँसीस (સૂકું)

ઉપરના શબ્દોનો તુલનાત્મક અભ્યાસ કરવાથી માલૂમ પડે છે કે આ. ભા. યુ. * अउ સન્ધ્યક્ષર કાલક્રમે સંસ્કૃતભાષામાં ओ કાર રૂપે વિકસ્યો છે (અને લેટિન, ગ્રીક જેવી ભાષાઓમાં તે યથાવત્ अउ રૂપે જળવાઈ રહ્યો છે.)

(૨) * लेव् क (lewk) [ए (ew) > ओ]
* लोवूक (lowk) 'ચમકવું'
↓

संस्कृत – जोषति
(આનંદ લુંટે છે)

गेउओमइ (geomai)
(= સ્વાદ)

આ શબ્દોની તુલનાથી જણાય છે કે * આ. ભા. યુ. एउ સન્ધ્યક્ષરમાંથી પણ સંસ્કૃતભાષામાં ओ કાર વિકસ્યો છે.

(૩) * लोवूक् (lowk) [ओउ (ow) > ओ]
* लोवूकेयेति । ચમકાવે છે. (પ્રેરણાર્થક)
↓

संस्कृत – रोचयति
(ચમકાવે છે)
लोक (વિશ્વ, સ્થાન)

–
લિથુ૦ – लऊँकस्

એ જ પ્રમાણે, * આ. ભા. યુ. ओउ સન્ધ્યક્ષરમાંથી સંસ્કૃતમાં ओ સ્વર વિકસ્યો છે.

*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ. ભા. યુ. ભાષાના * अइ, ऐइ અને आइ એવા ત્રણ સન્ધ્યક્ષરોમાંથી સંસ્કૃતભાષાનો ए સ્વર વિકસ્યો છે; તથા આ. ભા. યુ. ભાષાના * अउ, एउ અને ओउ એવા બીજા ત્રણ સન્ધ્યક્ષરોમાંથી સંસ્કૃતભાષાનો ओ સ્વર વિકસ્યો છે એમ આપણે ઉપરની ચર્ચામાં જોયું. પરંતુ આ. ભા. યુ. ભાષાના મૂળતઃ સન્ધ્યક્ષરોમાંથી ઊતરી આવેલા, સંસ્કૃત ભાષાના આ ए અને ओ સ્વરોનું સ્વરૂપ સંસ્કૃતભાષામાં (= સંસ્કૃત વ્યાકરણમાં) કેવું માનવામાં આવ્યું છે ? – તે પણ અહીં વિચારણીય છે.

પ્રાચીનતમ શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્યમાં આ ए અને ओ સ્વરોને ''એકાક્ષર'' માનવામાં આવ્યા છે. એટલે કે મૂળ આ. ભા. યુ. ભાષામાં તે જેવી રીતે अ + इ કે अ + उ સ્વરોની સન્ધિથી બનેલા ''સન્ધ્યક્ષરો'' છે, તેવી રીતે સંસ્કૃતભાષામાં પણ તે સ્વરો બે સ્વરોની સન્ધિથી જન્મેલા ''સન્ધ્યક્ષરો'' મનાયા નથી; પણ તેમને अ, इ, उ જેવા સ્વતંત્ર ''એકાક્ષર'' માનવામાં આવ્યા છે. इ કે उ જેવા (સ્વતંત્ર એકાક્ષરો =) સ્વરો જેવી રીતે અનુક્રમે તાલુ અને ઓષ્ઠ એવા એક એક સ્થાનમાંથી ઉચ્ચારાય છે; તેવી રીતે, પ્રાતિશાખ્યોના મત મુજબ, આ ए અને ओ સ્વરો પણ ''એકાક્ષર'' છે અને અનુક્રમે તાલુ અને ઓષ્ઠ એવા એક એક સ્થાનમાંથી ઉચ્ચારાય છે. [इचशेयास्तालौ । ૧–૬૬ અને उवो)(प्वा ओष्ठे । ૧–૭૭ શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય–૧૬૯ ઉપર ઉવ્વટ જણાવે છે કે एकवर्णौ = एकप्रयत्ननिर्वर्त्यौ । અર્થાત્ આ (ए–ओ) વર્ણો સ્વતંત્ર એકાંક્ષર છે અને એક જ પ્રયત્નથી ઉચ્ચારાય છે.]

પરંતુ પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં આ બે ए અને ओ સ્વરોને (* આ. ભા. યુ.ની જેમ જ) ''સન્ધ્યક્ષર'' માનવામાં આવ્યા છે એટલે કે પાણિનીય વ્યાકરણ અનુસાર अ + इ અને अ + उ એવા બબ્બે સ્વરોના મિશ્રણ (સન્ધિ)થી આ ए અને ओ સન્ધ્યક્ષરો જન્મે છે. આથી ભટ્ટોજિ દીક્ષિતે (સિદ્ધાંત કૌમુદીના સંજ્ઞાપ્રકરણમાં) તે બે સન્ધ્યક્ષરોના ઉચ્ચારણ સ્થાનો પણ બબ્બે બતાવ્યા છે. જેમ કે, एदैतोः कंठतालू । ओदौतोः कण्ठौष्ठम् । ए કાર (અને ऐ કાર) (કંઠ અને તાલુ સ્થાનમાંથી ઉચ્ચારાય છે; તથા ओ કાર (અને औ કાર) કંઠ અને ઓષ્ઠ સ્થાનમાંથી ઉચ્ચારાય છે.

*

સ્વર : (૧૨) આ. ભા. યુ. ભાષાના દીર્ઘ સન્ધ્યક્ષરો * आय् (= आइ), एय् (एइ) અને ओय् (ओइ) માંથી સંસ્કૃતભાષાનો ऐ સન્ધ્યક્ષર સ્વર વિકસ્યો છે.

(સંસ્કૃત ભાષામાં પણ ऐ કારની પાછળ સ્વર આવતાં, તે ऐ કારનું आय्માં પરિવર્તન થતું જોવા મળે છે. જેમકે, नै + अक > नायक । આથી સૂચિત થાય છે કે આ. ભા. યુ. आय् (आइ) માંથી સંસ્કૃત ऐ સન્ધ્યક્ષર વિકસ્યો હશે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) * आय् (ay)

संस्कृत – सेना > सेनायै (આ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દનું ચતુર્થી એકવચન).

લેટિન—मेन्सए (mens–ae)

(૨) * एय् (एइ) (e:y)

* ए–लेय् क्व (e–leykw) ત્યજવું

संस्कृत – √रिच् ત્યજવું लुङ् अरैक्षम्

ગ્રીક – एलेप्स (eleips) (ત્યાગ્યું)

(૩) * ओय् (ओइ) (oy)

संस्कृत – वृकैः
अवेस्ता – दएवइस्

ગ્રીક – लुकोइस्
(ગ્રીકમાં ओइ યથાવત્ સચવાઈ રહ્યો છે.)

એ જ પ્રમાણે,

संस्कृत – तस्मै
अवेस्ता – अएतहमइ

ગ્રીક – ईप्पो

ઉપરના (૧), (૨) અને (૩)માં ઉલ્લેખેલા શબ્દોનો અભ્યાસ કરવાથી માલૂમ પડે છે કે * आय् (आइ), एय् (एइ) અને ओय (ओइ) જેવા આ. ભા. યુ. ત્રણ સન્ધ્યક્ષરોમાંથી સંસ્કૃત ભાષામાં ऐ સન્ધ્યક્ષર વિકસ્યો છે. (આનું ઉચ્ચારણ अइ જેવું થાય છે.)

સ્વર : (૧૩) આ. ભા. યુ. ભાષાના દીર્ઘ સન્ધ્યક્ષર आव् (aw) (= आउ), एव् (ew) (= एउ) અને ओव् (ow) (= ओउ) માંથી સંસ્કૃત ભાષાનો औ સન્ધ્યક્ષર સ્વર વિકસ્યો છે. (આનું ઉચ્ચારણ अउ જેવું થાય છે.

(સંસ્કૃત ભાષામાં औ કારની પાછળ સ્વર આવતાં, તે औ કારનું आव् (aw) માં પરિવર્તન થતું જોવા મળે છે. જેમ કે, पौ + अक > पावक । આથી સૂચિત થાય છે કે આ. ભા. યુ. आव् (आउ) માંથી સંસ્કૃત औ સન્ધ્યક્ષર વિકસ્યો હશે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) * नाव् > नाव् स् (naws) (નૌકા.)

સંસ્કૃત — नौ (स्) नौः — ગ્રીક — नाउस्

લેટિન — नाविस्

(૨) * द् येव् (स्) [* एव् (ew) > एउ > आउ > औ]

(આકાશ, સ્વર્ગનો દેવ)

સંસ્કૃત * द्यौस् (આકાશ) — ગ્રીક — जेउस्

(द्योम् — पितर्) — લેટિન — जुपिटर्

(૩) * ग्वोव् (स्) g^wow (s) — ગાય/બળદ

સંસ્કૃત — गौ (स्) > गौः । — ગ્રીક — बोउस्

લેટિન — बोस्

ઉપરના (૧), (૨) અને (૩)માં આપેલા શબ્દોના તુલનાત્મક અભ્યાસથી જણાય છે કે આ. ભા. યુ. * आव्, एव् અને ओय् સન્ધ્યક્ષરોમાંથી સંસ્કૃત ભાષાનો औ સન્ધ્યક્ષર વિકસ્યો છે.

*

આ. ભા. યુ. ભાષાના પૂર્વોક્ત દીર્ઘ સન્ધ્યક્ષરોમાંથી સંસ્કૃત ભાષામાં વિકસેલા ऐ અને औ સ્વરોનું સ્વરૂપ પણ સન્ધ્યક્ષર છે. પ્રાતિશાખ્યો અને પાણિનીય વ્યાકરણમાં આ બે સ્વરોને એકમતિથી "સન્ધ્યક્ષર" કહેવામાં આવ્યા છે. આ બે સન્ધ્યક્ષરો અનુક્રમે अ + इ અને अ + उ ના મિશ્રણ (સન્ધિ)થી જન્મે છે. આથી ભટ્ટોજિ દીક્ષિતે તેમને બબ્બે સ્થાનવાળા જાહેર કર્યા છે. જેમકે, एदैतोः कण्ठतालू । ओदौतोः कण्ठोष्ठम् । (ए કાર અને) ऐ કાર કંઠ–તાલુ સ્થાનમાંથી ઉચ્ચારાય છે; તથા (ओ કાર અને) औ કાર કંઠૌષ્ઠ સ્થાનમાંથી ઉચ્ચારાય છે. શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય પણ કહે છે કે ऐकारौकारयोः कण्टया पूर्वा मात्रा, ताल्वोष्ठयोरुत्तरा (१—७३) અર્થાત્ ऐ કાર અને औ કારની પૂર્વમાત્રા કંઠ્ય છે, પણ તેની ઉત્તરમાત્રા અનુક્રમે તાલવ્ય અને ઓષ્ઠ્ય છે.

*

અહીં એક નોંધપાત્ર મુદ્દો છે : ए, ओ, ऐ અને औ એ ચાર સ્વરોમાંથી પહેલા બેને પ્રાતિશાખ્યોએ એકાક્ષર અને બાકીના બેને સન્ધ્યક્ષર કહ્યા છે, જ્યારે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાણિનીય વ્યાકરણમાં આ ચારેયને સન્ધ્યક્ષર (સન્ધિથી જન્મેલા અને બબ્બે સ્થાનમાંથી ઉચ્ચારાતાં) સ્વરો માનવામાં આવ્યા છે.

એટલે કે– अ + इ = ए (કંઠ – તાલુ)
अ + उ = ओ (કંઠ – ઓષ્ઠ)
अ + इ = ऐ (કંઠ – તાલુ)
अ + उ = औ (કંઠ – ઓષ્ઠ)

અહીં (૧) વિવૃતતર अ + વિવૃતતર इ = ए,
(૨) વિવૃતતર अ + વિવૃતતર उ = ओ,
(૩) વિવૃતતમ अ + વિવૃતતર इ = ऐ અને
(૪) વિવૃતતમ अ + विवृततम उ = आ। એવી સંધિ થયેલી જણાય છે.

[જિજ્ઞાસુએ "સન્ધ્યક્ષરો (ए ओ ऐ औ વર્ણો) વિષે મહાભાષ્યમાં પ્રાપ્ત થતી વિચારણા" – સ્વાધ્યાય (૧૬.૪) ઓગસ્ટ, ૧૯૭૯ાં પ્રકાશિત મારો લેખ જોવો.]

* * *

સંસ્કૃત સ્વર–ધ્વનિઓના વિકાસ અંગેની ઉપરની સમગ્ર ચર્ચાને ટૂંકમાં દર્શાવવી હોય તો –

* આ. ભા. યુ. ભાષાના સ્વર ધ્વનિઓ :	ગ્રીકમાં તે મહદંશે સચવાઈ રહ્યા	સંસ્કૃતમાં તે સંકોચાઈને/ પરિવર્તન પામીને, નીચે મુજબ વિકસ્યા.
૧. * अ	अगोस्	अज्र
૨. * ए	एस्ति	अस्ति
૩. * ओ	पोसिस	पति
(આ ત્રણેય સ્વરો	ગ્રીકમાં યથાવત્ જળવાઈ રહ્યા	અને સંસ્કૃતમાં સંકોચાઈને अ કાર રૂપે વિકસ્યા.)
૪. * आ	फ्रातेर्	भ्रातर (भ्रातृ)
૫. * ए	पतेर	पिता
૬. * ओ	दिदोमि	ददाति
(આ ત્રણેય સ્વરો	ગ્રીકમાં યથાવત્ સચવાયા	અને સંસ્કૃતમાં તેઓ સંકોચાઈને अ બની ગયા.)
૭. * દુર્બલ अ (ə)	पतेर्	पिता
(આ દુર્બલ સ્વર	ગ્રીકમાં સચવાઈ રહ્યો નથી	સંસ્કૃતમાં પરિવર્તન પામીને इ સ્વર બની ગયો છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૮. * इ	ओइस	अवि
(આ इ સ્વર	ગ્રીકમાં અને	સંસ્કૃતમાં યથાવત્ જળવાયો છે)
૯. * ऋ	–	गिरि
(આ ऋ સ્વરનું	ગ્રીકમાં ઉદાહરણ મળતું નથી,	સંસ્કૃતમાં તે इ રૂપે વિકસ્યો)
૧૦. * ई	લેટિનમાં वीवुस्	जीव
(આ દીર્ઘ ई સ્વર	લેટિન(વગેરે)માં અને	સંસ્કૃતમાં યથાવત્ ઊતરી આવ્યો.)
૧૧. * उ	जुगोन	युगम्
(આ उ સ્વર	ગ્રીકમાં અને	સંસ્કૃતમાં અપરિવર્તિત રહ્યો છે)
૧૨. * ऋ	वरुस्	गुरु (ऋ > उर्)
૧૩. * लृ	पोलिस्	पुर (लृ > उर्)
(આ બે ऋ लृ સ્વરો	ગ્રીકમાં પરિવર્તન પામ્યા છે	અને સંસ્કૃતમાં પ પરિવર્તન પામીને उर् રૂપે વિકસ્યા છે.)
૧૪. * ऊ	ओफ्रुस् (ગ્રીકમાં હ્રસ્વ થયો)	भ्रू (યથાવત્ જળવાયો છે.)
૧૫. * लृ	–	क्लृप्
* लृ	बुल्फस्	वृक
(આ સ્વર	અન્ય કોઈ ભાષામાં સચવાયો જ નથી.	સંસ્કૃતના એકધાતુ–પ્રકૃતિમાં સચવાયો છે. તથા ક્યારેક ऋ કાર રૂપે પણ પરિવર્તન પામ્યો છે.)
૧૬. * ॠ	अर्कतोस्	ऋक्ष
(આ સ્વર	ગ્રીકમાં લુપ્ત થયો,	સંસ્કૃતમાં યથાવત્ ઊતરી આવ્યો.)
૧૭. * ॠ	(ગ્રીકમાં નથી, સંસ્કૃતમાં	દીર્ઘ ॠ નો વિકાસ સંદિગ્ધ છે.)

58. શુદ્ધ સ્વરો ઉપરાંત, સંસ્કૃત ભાષામાં સ્વરોના સાનુનાસિક રૂપો પણ પ્રાપ્ત થાય છે. પરંતુ * આ. ભા. યુ. ભાષામાં સ્વરોના આવાં સાનુનાસિક રૂપો હતાં કે નહીં એ આજે સ્પષ્ટ નથી. આથી સંસ્કૃતના સાનુનાસિક સ્વરોનો 'ઐતિહાસિક વિકાસ' તપાસવાને બદલે વૈદિક અને લૌકિક સંસ્કૃતમાં સાનુનાસિક સ્વરોની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વર્તમાન સ્થિતિ શું છે ? તે જ તપાસી શકાય છે. આમ તો જો કે હ્રસ્વ, દીર્ઘ બધા સ્વરો સાનુનાસિક બની/મળી શકે છે. પરંતુ મહદંશે સ્વરોના દીર્ઘભેદોમાં તે વધારે જોવા મળે છે. જેમ કે आँ, ईं, ऊँ। સાનુનાસિક સ્વરોની સ્થિતિ ક્યાં અને ક્યારે પ્રાપ્ત થાય છે ? – તો

(૧) વેદમાં પદના અન્તે આવેલા न् કારની પૂર્વે જો अ સ્વર આવેલો હોય અને બીજા પદના આરંભે સ્વરધ્વનિ આવેલો હોય (દા.ત. लोकान् + अकल्पयन्) તો તે न् કારનો લોપ થઈને आ સ્વર સાનુનાસિક બને છે; તથા સાથે સાથે તે સાનુનાસિક બનેલો आ સ્વર પ્લુત (= ત્રિમાત્રિક) પણ બને છે. જેમ કે लोकाँऽऽअकल्पयन् । અહીં એવું જણાય છે કે न् ની અનુનાસિકતાનો હ્રાસ થયા પછી, न् તેની ક્ષતિપૂર્તિ માટે आ સ્વરની અંદર એક વધારાની માત્રા ઉમેરાય છે અને તે પ્લુત બને છે.

(૨) વેદમાં અને લોકમાં પદાન્તે આવેલા न् કારની પૂર્વે જો દીર્ઘ आ, ई, ऊ સ્વરો આવેલા હોય અને બીજા પદનો આરંભ च વર્ગ, ट વર્ગ કે त વર્ગના વ્યંજન ધ્વનિથી થતો હોય. (દા. ત. अहीन् + च सर्वान्, पशून् + तान् + चक्रे) તો તે ત્રણ દીર્ઘ સ્વરો સાનુનાસિક બની જાય છે. જેમકે अहीँश्च सर्वान् । पशूँस्तां श्चक्रे ॥ અહીં न् કારની અનુનાસિકતાનો સર્વથા હ્રાસ થતો નથી; તેનું ઊષ્માક્ષર स्–श् ધ્વનિમાં પરિવર્તન (કે તે न् કારના સ્થાનમાં અનુનાસિક થયા પછી श કારનો આગમ થાય છે. આથી ક્ષતિપૂર્તિનો પ્રશ્ન ઊભો થતો નથી; અને સાનુનાસિક બનેલા દીર્ઘ (आँ ईं ऊँ) સ્વરોનું પ્લુત ઉચ્ચારણ થતું નથી.

(૩) ક્યારેક હ્રસ્વ સ્વરોના પણ સાનુનાસિક રૂપો જોવા મળે છે. જેમકે પરવર્તી ધ્વનિ श् स् ष् કે ह હોય તો અનુસ્વારને બદલે અનુનાસિક પ્રયોજાય છે. अंश > अँश । सिंह > सिँह । किंशुक > किँशुक । पुंसक > पुँसक । વગેરે.

પાણિનિએ પણ હ્રસ્વ અને દીર્ઘ अ, इ, उ જો વાક્યના અંતે આવેલા હોય તો, તેમનું અનુનાસિકીકરણ થાય છે એમ માન્યું છે.

59. ઉપર જોયું તે મુજબ, સંસ્કૃત ભાષાએ * આ. ભા. યુ. ભાષાની સ્વરસંપત્તિને પ્રમાણમાં ઓછી સાચવી રાખી છે. ગ્રીકભાષામાં એક દુર્બલ अ (ə) સ્વર સિવાય આ. ભા. યુ. ભાષાના લગભગ બધા જ સ્વરો સચવાયા છે એમ મનાય છે. વ્યંજનોની બાબતમાં આથી ઊલટું છે. એટલે કે ગ્રીક, લેટિન વગેરે કેન્તુમ્–વર્ગની ભાષાઓએ * આ. ભા. યુ. ભાષાના વ્યંજનોને ખૂબ ઓછા પ્રમાણમાં સાચવી રાખ્યા છે; જ્યારે સંસ્કૃત ભાષાએ આ. ભા. યુ. ભાષાના ઘણા બધા વ્યંજનોને પરિવર્તિત કે અપરિવર્તિત સ્વરૂપમાં સાચવી રાખ્યા છે અને મૂળમાં ન હોય એવા કેટલાક નવા વ્યંજનો પણ વિકસાવ્યા છે. હવે આપણે સંસ્કૃત ભાષાના વ્યંજનોનો ઈતિહાસ તપાસીશું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંસ્કૃત ભાષા જે * આ. ભા. યુ. ભાષામાંથી ઊતરી આવેલી મનાય છે, તે આ. ભા. યુ. ભાષાના નીચે મુજબના વ્યંજન–ધ્વનિઓ હોવાનું કલ્પાયું છે :–

	અઘોષ અલ્પપ્રમાણ	અઘોષ મહાપ્રાણ	ઘોષ અલ્પપ્રાણ	ઘોષ મહાપ્રાણ
(૧) ઓષ્ઠ્ય	प (p)	फ (ph)	ब (b)	भ (bh)
(૨) દન્ત્ય	त (t)	थ (th)	द (d)	ध (dh)

(૩) કંઠ્ય (gutural)

क વર્ગ ત્રણ પ્રકારનો છે :–

	અઘોષ અલ્પપ્રાણ	અઘોષ મહાપ્રાણ	ઘોષ અલ્પપ્રાણ	ઘોષ મહાપ્રાણ
૧. કંઠ તાલવ્ય :	क्य् (k)	ख्य् (kh)	ग्य् (g)	घ्य् (gh)
૨. શુદ્ધ કંઠ્ય :	क् (k)	ख् (kh)	ग् (g)	घ् (gh)
૩. કંઠોષ્ઠ્ય :	क्व् (kw)	ख्व् (khw)	ग्व् (gw)	घ्व् (ghw)

(૪) નાસિક્ય : म् न् ङ् (m, n, n) (કદાચ હશે)

(ञ्, ण्) જેવા સ્પર્શ અનુનાસિક વ્યંજનો નહીં હોય.)

(૫) તરલ સ્વન : ल् र् (l, r).

(૬) અન્તઃસ્થ : य, व् (y, v0

(૭) સોષ્મ (= ઊષ્માક્ષર) : स् ज् (s, z)

(૮) સન્દિગ્ધ : त्स्, द्, ठ (त् અને स् ની વચ્ચેનો ધ્વનિ)

હવે આપણે એ તપાસીશું કે તુલનાત્મક ભાષાશાસ્ત્રીય અનુમાનોને આધારે પુનર્ગ્રથિત કરવામાં આવેલા ઉપર્યુક્ત * આ. ભા. યુ. ભાષાના વ્યંજનોનો કાલક્રમે સંસ્કૃતમાં કેવો વિકાસ (પરિવર્તન, યથાવત્ સ્થિતિ કે ઉમેરા) થયો છે.

60. અપરિવર્તિત વ્યંજન ધ્વનિઓ :

૧. આ. ભા. યુ. ભાષાનો * प (p) ધ્વનિ સંસ્કૃતભાષામાં અપરિવર્તિત સ્વરૂપે ઊતરી આવ્યો છે. દા.ત.

સંસ્કૃત – पञ्च   સંસ્કૃત – अप   * प्अतेर

ગ્રીક – पेन्ते   ગ્રીક – अपो   ↓

સં. पिता   સં. फादर

૨. આ. ભા. યુ. ભાષાનો * फ (ph) ધ્વનિ પણ સંસ્કૃતભાષામાં અપરિવર્તિત સ્વરૂપે સચવાઈ રહ્યો છે. ઉદા.ત.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

* फल्लो (phallo)

संस्कृत – फल (ફળ)

ग्रीक – फुल्लोन (phullon) (પાંદડું)

૩. જો કે આ. ભા. યુ. ભાષામાં ब ધ્વનિ ભાગ્યે જ મળે છે. પરંતુ નીચે દર્શાવેલાં કેટલાંક રૂપોને આધારે આ. ભા. યુ. ભાષામાં તેનું અસ્તિત્વ હશે એવું અનુમાન જરૂર થઈ શકે છે. જેમકે,

* √बेल, बोल (સબળ)

संस्कृत – बल (શક્તિ)
बलिष्ठ (સર્વાધિક શક્તિમાન)

ग्रीक – बेल्तिओन्
बेल्तिरोम्
(અધિક શક્તિશાળી)
રશિયન – बोल्ज्येये (અધિક)

તથા * बरधिस् (barghis) > संस्कृत – बर्हिः, અવેસ્તા – बर्अजिश्

૪. સંસ્કૃત भ વ્યંજનધ્વનિ આ. ભા. યુ. ભાષાના * भ નું અપરિવર્તિત રૂપ છે. ઉદા.ત.

* भरति (bhereti)

संस्कृत – भरति

ग्रीक – भरसि (bheresi)

અલબત્ત, આ भ ધ્વનિ ઘણા પ્રાચીન સમયમાં જ ह ધ્વનિ રૂપે વિકસ્યો હોય એવાં ઉદાહરણો પણ મળે છે. જેમ કે, વૈદિક √ग्रभ् ધાતુ લૌકિક સંસ્કૃતમાં આવીને √ग्रह બની ગયેલ છે. કોઈક વિદ્વાનો આને વિભાષાગત વિશેષતા માને છે.

૫. આ. ભા. યુ. ભાષાનો * त ધ્વનિ સંસ્કૃતમાં પરિવર્તન પામ્યા વિના યથાવત્ સચવાઈ રહ્યો છે. ઉદા.ત. * पअतेर માંથી સંસ્કૃતમાં पितृ શબ્દ આવ્યો. આ ઉપરાંત,

* त्रि–त्रेयेस् (પ્રથમા બહુવચન)

संस्कृत – त्रि – त्रयस्

ग्रीक – त्रि त्रेइस् (त्रेएस्)
લેટિન – त्रेस्
ગોથિક – थ्रेइस
અંગ્રેજી – थ्री

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. સંસ્કૃત થં ધ્વનિ પણ આ. ભા. યુ. * થ નું અપરિવર્તિત રૂપ છે.

* राथास् (rothos)

↓

સંસ્કૃત – रथ | ગ્રીક (erothos)

અવેસ્તા – रथ्

૭. આ. ભા. યુ. * द ધ્વનિ સંસ્કૃતમાં અપરિવર્તિત રહ્યો છે. જેમકે,

* देक् म् (dekm)

↓

સંસ્કૃત – दश | ગ્રીક – देका

લેટિન – देकेम (decem)

* ददोति (dedoti)

↓

સંસ્કૃત – ददाति | ગ્રીક – ददोति (dedoti)

૮. આ. ભા. યુ. * ઘ ધ્વનિ સંસ્કૃતમાં અપરિવર્તિત રૂપે મળે છે.

* धूमो

↓

સંસ્કૃત धूप | ગ્રીક – धू मोस्

લેટિન – फुमुस्

પ્રા. સ્લાવ. – द् युमु

રશિયન – दयुम् (ધુમાડો)

(ભ ધ્વનિની જેમ) ઘ ધ્વનિ પણ પ્રાચીન સમયમાં હ ધ્વનિ રૂપે વિકસ્યો હોય એવાં ઉદાહરણો મળે છે. જેમકે, √ઘ ધાતુનું કર્મણિભૂત કૃદન્ત (ધા + क्त) हित થાય છે. (પાણિનિ કહે છે કે – दधातेर्हि: । ગ્રીકમાં પણ આ ઘ ધ્વનિનું થ્ (th) ધ્વનિમાં પરિવર્તન આવેલું જોવા મળે છે.

61. પરિવર્તિત વ્યંજન ધ્વનિઓ :

અગાઉ જણાવ્યું છે તે મુજબ, આ. ભા. યુ. ભાષામાં * ત્રણ પ્રકારના કંઠ્ય ધ્વનિઓ હતા :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કંઠતાલવ્ય	શુદ્ધ કંઠ્ય (અથવા જિવામૂલીય)	કંઠોષ્ઠ્ય
↓	↓	↓
क्य्	क्	क्व्
ख्य्	ख्	ख्व्
ग्य्	ग्	ग्व्
घ्य्	घ्	घ्व्
↓	↓	↓

(સતમ્–વર્ગની ભારત–ઈરાની વગેરે શાખાઓની ભાષાઓમાં, આ ધ્વનિઓમાં પરિવર્તન આવીને)

↓

ઊષ્મ (sibilant) ધ્વનિઓ રૂપે વિકાસ થયો.

દા.ત. * क़्य् માંથી > સંસ્કૃત श

(સતમ્ વર્ગના = પૂર્વના દેશોની ભારત–ઈરાની, આર્મેનિયન, અલ્બેનિયન અને બાલ્ટોસ્લાવોનિક શાખાની ભાષાઓમાં આ બે પ્રકારના ધ્વનિઓ સંકોચાઈને)

↓

શુદ્ધ કંઠ્ય ધ્વનિઓ રૂપે વિકસ્યા

પરંતુ આ. ભા. યુ. ભાષાના આ–

કંઠતાલવ્ય	શુદ્ધ કંઠ્ય	કંઠોષ્ઠ્ય
↓	↓	↓

કેન્તુમ્ વર્ગની = પશ્ચિમના દેશોની ગ્રીક, ઈટાલિક તથા જર્મન શાખાઓની ભાષાઓમાં આ બે પ્રકારના ધ્વનિઓ સંકોચાઈને)

↓

બેમાંથી એક જ સ્વરૂપ ધ્વનિઓ રૂપે વિકસ્યા.

કેન્તુમ્–વર્ગની ગ્રીક વગેરે ભાષાઓમાં આ ધ્વનિઓ સ્વતંત્રપણે/યથાવત્ જળવાઈ રહ્યા.

*

(હવે સંસ્કૃત क વર્ગના કંઠ્ય ધ્વનિઓનો વિકાસ તપાસીશું :)

૯. આ. ભા. યુ. * क् અને * क्व् ધ્વનિઓમાંથી સંસ્કૃત ભાષાનો क् વ્યંજન ધ્વનિ વિકસ્યો જણાય છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) * क्रेवअस् (krewes)

संस्कृत – क्रविष् (માંસ)

ગ્રીક क्रअ (व) स्

લિથુ૦ – क्रऊँजस् (લાલ) (cruor)

*

એ જ પ્રમાણે, क्रुवास् (kruwos)

संस्कृत – क्रूरः

લેટિન – क्रुओर (cruor) (રક્ત)

રશિયન – क्रोव्य (રક્ત)

(૨) * क्वास् (kwos)

कः ।
(કોણ ?)

લેટિન – quo–d,

ગોથિક – hva–s (who)

અહીં એક નોંધપાત્ર મુદ્દો એ છે કે – આ. ભા. યુ. ભાષાના આ * क् અને * क्व् ધ્વનિઓ પશ્ચસ્વર (= उ, ओ, औं आ (a) કે બીજા કોઈ પણ વ્યંજન ધ્વનિની પૂર્વે હોય ત્યારે જ તે સંસ્કૃતમાં क ધ્વનિ રૂપે પરિણમે છે. (ઉપરના પહેલા બે દાખલાઓમાં રેફ રૂપ વ્યંજનની પૂર્વે * क् આવેલો છે અને ત્રીજા દાખલામાં अ ની પૂર્વે * क्व् આવેલો છે. તેથી તેનો क વ્યંજન રૂપે સંસ્કૃતમાં વિકાસ થયો છે.)

પરંતુ જો આ બે (क् અને क्व) ધ્વનિઓ અગ્રસ્વરો (इ, ए, ऐ, आ (a] ની પૂર્વે આવેલા હોય તો તે બે ધ્વનિઓમાંથી च् ધ્વનિ વિકસે છે. જેમકે, * que(= and) क्वे (= 'અને')

અહીં क्व् ધ્વનિ ए અગ્રસ્વરની પૂર્વે આવેલો છે, તેથી પહેલાં તે * ke બનશે; અને પછી * ce (चे) બનશે. ત્યાર પછી, તેમાંથી સંસ્કૃતનો ('અને' 'અર્થવાળો =) સમુચ્ચયાર્થક च અવ્યય બની ગયો. [* quid (क्विद्) > * kid અને પછી સંસ્કૃતમાં/–चिद्/.]

૧૦. સંસ્કૃત ख વ્યંજન ધ્વનિનો વિકાસ થોડોક વિવાદાસ્પદ છે. સામાન્યતઃ આ. ભા. યુ. ભાષાના * ख् અને * ख्व् માંથી સંસ્કૃત ख ધ્વનિનો વિકાસ દર્શાવવામાં આવે છે. પરંતુ ડૉ. ભોલાશંકર વ્યાસે કેવળ * ख् (શુદ્ધ કંઠ્ય)માંથી સંસ્કૃત ख નો વિકાસ માન્યો છે. જ્યારે સ્ટર્ટેવન્ટના મત મુજબ શુદ્ધ કંઠ્ય * क અને ભારત–હિટ્ટાઈટ ભાષાના અઘોષ કંઠનાલિક ધ્વનિ, x નો વિકાસ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

થતાં થતાં આ. ભા. યુ. * ख़् ધ્વનિ વિકસ્યો હશે; (જેમાંથી કાલક્રમે સંસ્કૃત ख् ધ્વનિ આવ્યો હશે.) આ ઉપરાંત, આ. ભા. યુ. * ख़् ધ્વનિ અવેસ્તામાં ક્યારેક ह અને ક્યારેક ख રૂપે મળે છે. ધ્વનિમાંથી સંસ્કૃત ભાષાનો ख ધ્વનિ વિકસ્યો હશે.

* આ. ભા. યુ. मखास् (makhos)

↓

સંસ્કૃત – मख | ગ્રીક – मखामाइ (યુદ્ધ) (makhomai)

તથા * स्खादाति માંથી → સંસ્કૃતમાં खादति ।

૧૧. આ. ભા. યુ. કંઠ્ય ग् અને કંઠોષ્ઠ્ય ग्व् ધ્વનિઓમાંથી સંસ્કૃત ભાષામાં ग વ્યંજન ધ્વનિ વિકસ્યો છે. જેમકે,

(૧) * उग्र (ugra)

સંસ્કૃતમાં – उग्र

તથા – * ग

↓

સંસ્કૃત – युग | ગ્રીક – जुगोन
લેટિન – इउगुम्

* (૨) ग्वोवस् (gwows)

↓

સંસ્કૃત – गौः | ગ્રીક – वाउस (Bous)
પ્રા૦ સ્લાવો૦ – गोवेदो (gov-edo)
રશિયન – (गोव्यादिना) (ગોમાંસ)
પ્રાચીન અંગ્રેજી–क् > અંગ્રેજી–काउ (cow)

અહીં પણ એક નોંધપાત્ર મુદ્દો છે :

આ. ભા. યુ. ग् કે ग्व् ધ્વનિ જો અગ્રસ્વરો (ए કે इ) ની પૂર્વે આવેલા હોય તો તે સંસ્કૃતમાં ज् બને છે. (આને તાલવ્યીકરણ કહે છે.) જેમ કે,

* (g^wiuo) (alive) ग्वीउओ

↓

સંસ્કૃતમાં जीव | લેટિન – वीव्रस् (vivus) (* qiuo)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અહીં * ग्व् ધ્વનિ इ સ્વરની આગળ આવેલો છે. તેથી સંસ્કૃતમાં તેનું ग માં રૂપાંતર નહીં થતાં, તાલવ્યીકરણ થઈને ज् ધ્વનિ વિકસ્યો છે.)

૧૨. આ. ભા. યુ. घ् અને * घ्व् ધ્વનિઓમાંથી સંસ્કૃત घ् ધ્વનિ વિકસ્યો છે. (આ * घ् અને घ्व् ધ્વનિઓમાંથી સંસ્કૃતમાં ક્યાંક ह ધ્વનિ પણ વિકસ્યો હોય એમ જણાય છે.)

જેમકે, (૧) ध्राउघा/* ध्रुघ (હાનિ પહોંચાડવી, દ્રોહ કરવો)

↓

વૈદિક સં. द्रोग्घ

(૨) * घ्वाना (ghʷono)

↓

સંસ્કૃત – घन | રશિયન – गनत्य (gnaty)

*

(હવે) સંસ્કૃતના च વર્ગના તાલવ્ય ધ્વનિઓનો વિકાસ તપાસીશું.)

આ. ભા. યુ. ભાષાના * ત્રણ પ્રકારના કંઠ્ય ધ્વનિઓ :–

કંઠતાલવ્ય	શુદ્ધ કંઠ્ય	કંઠોષ્ઠ્ય
क्य्		क्व्
ख्य्	ख्	ख्व्
ग्य्	ग्	ग्व्
घ्य्	घ्	घ्व्

(કંઠતાલવ્ય ↓)

– સંસ્કૃત ભાષાના च વર્ગના તાલવ્ય ધ્વનિઓનો વિકાસ આ * क्य् આદિ કંઠતાલવ્ય ધ્વનિઓમાંથી થતો નથી.

– કેવળ * क्य् માંથી સંસ્કૃતનો श् તાલવ્ય ઊષ્માક્ષર વિકસ્યો છે.

– * ख्य् માંથી સંસ્કૃતનો ख કે छ અથવા કોઈ અન્ય ધ્વનિ.

– * (घ, घ्व ઉપરાંત) घ्य् માંથી પણ સંસ્કૃતનો ह વિકસ્યો છે. (વિશેષ માટે જુઓ – ह નો વિકાસ.)

(શુદ્ધ કંઠ્ય અને કંઠોષ્ઠ્ય ↓)

આ ધ્વનિઓનો વિકાસ દ્વિવિધ છે.

(A) એક તરફથી ક્યારેક આ શુદ્ધ કંઠ્ય અને કંઠોષ્ઠ્ય ધ્વનિઓ ભેગા થઈને સંસ્કૃતમાં क्, ग्, घ् રૂપે વિકસ્યા છે.

(B) બીજી તરફથી, આ શુદ્ધ કંઠ્ય અને કંઠોષ્ઠ્ય ધ્વનિઓ, જો તેઓ અગ્રસ્વર તેઓ અગ્રસ્વર (ए કે इ) ની પૂર્વે આવેલા હોય તો સંસ્કૃત ભાષામાં च्, ज्, ह રૂપે વિકસ્યા છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૩. આ. ભા. યુ. ભાષાના * શુદ્ધ કંઠ્ય क् અને કંઠોષ્ઠ્ય क्व ધ્વનિઓની પાછળ જો ए કે इ જેવા તાલવ્ય અગ્રસ્વરો હોય તો, તે સંસ્કૃતભાષામાં તાલવ્ય च વ્યંજનધ્વનિ રૂપે વિકસે છે. જેમકે,

* क्वि

સંસ્કૃત – चित् ગ્રીક – तिस् (tis)

એ જ પ્રમાણે, * que (= kwe) = क्वे (જેનો અર્થ 'and' થાય છે.)

અહીં * क्व् ધ્વનિ કંઠોષ્ઠ્ય–ધ્વનિ છે, તેમાં તાલવ્યતાનો અંશમાત્ર નથી. તથાપિ क्व્ની પાછળ આવેલો इ અને ए અગ્રસ્વરો તાલવ્ય છે. આથી પશ્ચાદ્ગામી સમીકરણ (regressive assimilation) થવાથી क्व ધ્વનિનું તાલવ્યીકરણ – palatalization = क्व् ધ્વનિનું च् ધ્વનિમાં–રૂપાંતર થયું છે. (એટલે કે ए કારની તાલવ્યતાએ क्व् ધ્વનિને પ્રભાવિત કરીને તેને પોતાના જેવો તાલવ્ય બનાવ્યો છે.) જુઓ : પ્રકરણ ૩, ધ્વનિનિયમો, પેરેગ્રાફ ૨૨.

વળી, સંસ્કૃતભાષાના ઘણા ધાતુઓ અને શબ્દોમાં क તથા च ધ્વનિઓનો વિપર્યય જોવા મળે છે. જેમ કે,

સંસ્કૃત/शुच् (शुक्) ધાતુમાંથી

क् ધ્વનિ અને શુक्र શુचि જેવા શબ્દો નિષ્પન્ન
च् ધ્વનિવાળા (તેજસ્વી) (પવિત્ર) થાય છે.

ભાષાશાસ્ત્રીય અનુમાનો મુજબ –

* ककार (kekore) > चकार,

* ककाक्स (kekokes) > चचक्ष । અહીં આ. ભા. યુ. * क् માંથી સંસ્કૃત च ધ્વનિ વિકસ્યો છે.

૧૪. छ. પ્રાતિશાખ્યોને અનુસરીને પાણિનીય વ્યાકરણમાં 'च વ્યંજનધ્વનિનો મહાપ્રાણ ધ્વનિ તે छ વ્યંજન છે' એવું મનાયું છે. પરંતુ વાકરનેગલ નામના વિદ્વાન કહે છે કે – ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ छ ધ્વનિ च ધ્વનિનું મહાપ્રાણ રૂપ નથી. તેમના મતે (આ. ભા. યુ. * क्य् માંથી ઉતરી આવેલા) સંસ્કૃત श ધ્વનિનું જે મહાપ્રાણ રૂપ તે छ ધ્વનિ છે.

આમ ઉચ્ચરિત સ્વરૂપની દૃષ્ટિએ સંસ્કૃત छ ધ્વનિ श ધ્વનિનો મહાપ્રાણ છે. પરંતુ ઐતિહાસિક વિકાસની દૃષ્ટિએ જોઈએ તો – छ ધ્વનિનો વિકાસ આ. ભા. યુ. * શુદ્ધ કંઠ્ય ग्व् કે કંઠોષ્ઠ્ય * ख्व् ધ્વનિમાંથી થયો નથી; પણ (* કંઠતાલવ્ય ख्य् કે) * स्ख्य् ધ્વનિમાંથી થયો છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

* ग्वम्स्ख्यति (g^wmskhati)

↓

संस्कृत – गच्छति   ગ્રીક – बस्को (basko)
(હું જાઉં છું)

એ જ પ્રમાણે,

* पृस्ख्यति (prskhati)

↓

संस्कृत – पृच्छति   પ્રા. હાઈજર્મન–फोर्स्कोन (forskon)

સંસ્કૃતમાં ભાષામાં, પદની મધ્યમાં કે બે પદોની સન્ધિમાં છ ધ્વનિની આગળ च् ધ્વનિ જોવા મળે છે. જેમ કે, गच्छति અને शिवच्छाया । સંસ્કૃતમાં પદાદિમાં આ च्छ નું ઉચ્ચારણ થતું નથી; પરંતુ પદમધ્યમાં તે પોતાના મૂળ (સંયુક્ત) સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. ગ્રીકભાષામાં પણ, આ સંસ્કૃત/– च्छाया/ નો સમાંનાન્તર સ્કિઆ (skia) શબ્દ મળે છે. એથી એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે કે આ. ભા. યુ. ભાષાના * स्ख्य માંથી સંસ્કૃત च्छ નો વિકાસ થયો હશે અને કાલક્રમે (ક્રમશઃ) च्छ અને छ માં કોઈ ભેદ નહીં રહ્યો હોય. કેટલીક વૈદિક સંહિતાઓમાં च्छ અને छ માં કોઈ ભેદ નહીં રહ્યો હોય. કેટલીક વૈદિક સંહિતાઓમાં च्छ ને छ રૂપે લિપીકૃત કરવામાં આવ્યો છે. તથા ઋગ્વેદિક છન્દોની યોજનામાં એકલા छ અક્ષરની પૂર્વે રહેલા અક્ષરને પણ દીર્ઘ–ગુરુ–માનવામાં આવ્યો છે. આનાથી પણ એ પ્રતીત થાય છે કે ઋગ્વેદના ઋષિઓને આ छ મિશ્ર–પ્રકૃતિ च्छ (> * स्ख्य) નું જ્ઞાન હતું.

૧૫. આ. ભા. યુ. * ग् કે * ग्व् ની પૂર્વે, જો ए કે इ જેવા અગ્રસ્વરો આવેલા હોય તો ('તાલવ્ય નિયમ'ને આધારે) સંસ્કૃતમાં તે (ग् કે ग्व्) ધ્વનિઓ ज् ધ્વનિ રૂપે પરિવર્તિત થઈ જાય છે. દા.ત.

* ग्वीवा (ग्वीवास्) g^wiwos

↓

संस्कृत जीव   પ્રા. સ્લાવો. – ज्हीव्प (zhivpa)
ચેતનવંતુ)   રશિયન – ज्हीव (zhiv) (જીવિત)
          લેટિન – वीवुस्
          લિથુ૦ – गिंवस्

અહીં * ग्व् ધ્વનિ ई ધ્વનિની પૂર્વે આવેલો છે. તેથી તે * ग्व् ધ્વનિ, પાછળના તાલવ્ય ई ધ્વનિથી પ્રભાવિત થઈને સંસ્કૃતમાં તાલવ્ય ज् રૂપે પરિવર્તિત

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

થયો છે. અહીં એ ધ્યાન રાખવાનું છે કે આ. ભા. યુ. કંઠોષ્ઠ્ય ग्व् ધ્વનિ જો ए કે ई જેવા અગ્રસ્વરોની આગળ ન આવેલો હોય તો તે સંસ્કૃતમાં ग् ધ્વનિ રૂપે પરિવર્તિત થાય છે. જેમ કે * ग्वोव् > સંસ્કૃતમાં गौः ।

આ ઉપરાંત સંસ્કૃત ज् ધ્વનિનો વિકાસ આ. ભા. યુ. * કંઠતાલવ્ય ग्य् ધ્વનિમાંથી પણ થયો હોય એમ જણાયું છે.

* ग्येन (gen) ग्योन (gone) *ग्न (gn) (જન્મ આપવો)

↓

સંસ્કૃત – जनः ગ્રીક – गेनोस् (જન્મજાતિ)
અવેસ્તા – जन લેટિન – गेनुस्

વળી અહીં એક બીજો મુદ્દો એ નોંધપાત્ર છે કે સંસ્કૃત ભાષામાં ग् અને ज् ધ્વનિઓને વિપર્યય જોવા મળે છે. જેમકે,

स्रक् (स्रग्), स्रजौ, स्रजः । આનું મૂળ છે કે આ. ભા. યુ.માં જોઈ શકાય છે : अउगस > લેટિન ओगस/ સંસ્કૃત – ओजस्

૧૬. પાણિનીય વ્યાકરણ મુજબ झ् ને ज् નો મહાપ્રાણ ધ્વનિ માનવામાં આવ્યો છે. પરંતુ ભાષાશાસ્ત્રીય દષ્ટિએ વિચારીએ તો ज् અને झ् નો ઉપર્યુક્ત સંબંધ બંધબેસતો નથી. કેમકે ભાષાશાસ્ત્રીય સંશોધનો અનુસાર झ् નો મહાપ્રાણ ધ્વનિ ह બની શકે છે, પણ झ નહીં. જેમકે,

* घ् કે * घ्य्

↓

જો આ બે ધ્વનિઓ ए કે इ જેવા અગ્રસ્વરોની પૂર્વે આવેલા હોય તો, તેમનો વિકાસ ह રૂપે થાય છે.

જો આ બે ધ્વનિઓ उ કે ओ જેવા પશ્ચસ્વરોની પૂર્વે આવેલા હોય તો, તેમનો વિકાસ घ રૂપે થાય છે.

આમ * घ् કે * घ्य् માંથી (અથવા તો घ् નું તાલવ્યીકરણ થઈને) સંસ્કૃત झ વિકસ્યો નથી.

વિદ્વાનોનું એવું અનુમાન છે કે સંસ્કૃત ભાષાનો આ झ ધ્વનિ અહીંની (ભારતની) કોઈ અનાર્ય ભાષામાંથી ઉછીનો લેવામાં આવ્યો હશે. સંસ્કૃતભાષામાં झ કારવાળા શબ્દો પ્રમાણમાં ઓછા છે અને જ્યાં મળે છે, તે શબ્દો પણ મહદંશે અનુરણનાત્મક/અનુકરણાત્મક (झणझण, झंकार, झंकृति, निर्झर) પ્રકારના છે. આથી એવું કહી શકાય કે સંસ્કૃત ભાષાનો આ झ ધ્વનિ * આ. ભા. યુ. ભાષાના કોઈ ધ્વનિમાંથી ઊતરી આવ્યો નથી. પણ સંસ્કૃત ભાષામાં તે એક નવા ધ્વનિ તરીકે કોઈ અન્ય (અનાર્ય) ભારતીય ભાષામાંથી લેવામાં આવ્યો હશે. આ झ ધ્વનિનું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉચ્ચારણ ઘોષ મહાપ્રાણ તાલવ્ય જેવું થતું હોઈને તેને (ચ વર્ગના) જ ધ્વનિનો મહાપ્રાણ માની લેવામાં આવ્યો છે. (ઉપર જોયું તેમ ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ આ એક ભ્રાન્તિ છે.)

62. નવા વિકસેલા વ્યંજન ધ્વનિઓ :

* આ. ભા. યુ. ભાષામાં મૂર્ધન્ય (ટ ઠ ડ ઢ ણ) ધ્વનિઓ ન હતા. પરંતુ સંસ્કૃતમાં આ ટ વર્ગના ધ્વનિઓ જોવા મળે છે. (આ ઠ વર્ગના મૂર્ધન્ય ધ્વનિઓનું બીજું નામ 'પ્રતિવેષ્ટિત ધ્વનિઓ' પણ છે. આધુનિક ભાષાશાસ્ત્રીઓને 'મૂર્ધન્ય' નામ યોગ્ય જણાતું નથી. તેઓ આ ટ વર્ગના ધ્વનિઓને માટે ''રીટ્રોફ્લેક્સ retroflex = પ્રતિવેષ્ટિત ધ્વનિઓ'' એવો શબ્દ વાપરે છે. આ ધ્વનિઓના ઉચ્ચારણમાં જીભનો આગળનો ભાગ ઊંધો વળીને પછી (મૂર્ધાસ્થાનને =) કઠોર તાલુની કોઈકને કોઈક ભાગને સ્પર્શે છે : जिह्वाग्रेण प्रतिवेष्ट्य मूर्धनि टवर्गे । तैत्तिरीय प्राति० २–३७ ॥ આ ધ્વનિઓ જો * આ. ભા. યુ. ભાષામાં ન હતા તો તે સંસ્કૃત ભાષામાં ક્યાંથી આવ્યા ? મહદંશે એવું મનાય છે કે આ ધ્વનિઓ સંસ્કૃતમાં તદ્દન નવા વિકસેલા ધ્વનિઓ છે. પરંતુ વધુ ચોક્કસ કહી શકાય એવો તે ધ્વનિઓનો શો ઇતિહાસ છે ? એ તપાસવું રહ્યું.

સંસ્કૃત ભાષામાં આ ડ વર્ગના ધ્વનિઓનો નવીન વિકાસ એક એવી ઘટના છે કે જે તેને (= સંસ્કૃત ભાષાને) સમગ્ર ભારત–યુરોપીય ભાષાકુળની ભાષાઓથી જુદું પાડે છે. એટલું સ્પષ્ટ છે કે આ ધ્વનિઓ શુદ્ધ રૂપે ભારતીય ધ્વનિઓ છે. ભારત–ઈરાની શાખામાંથી ભારતીય આર્ય (વૈદિક) જાણું છું. પડતા પછી આ ધ્વનિઓનો વિકાસ થયો હશે. કેમ કે અવેસ્તાની ભાષામાં પણ આ ધ્વનિઓ મળતા નથી. ભારતમાં આ ધ્વનિઓનો પ્રચાર થઈ ગયા પછી, પ્રાચીન ભારતની સીમાઓને સ્પર્શતી ઈરાનની બોલીઓ–જેવી કે પશ્તો અને ખોતાની–માં પણ આ ધ્વનિઓનો પ્રસાર થયો. સંસ્કૃત સિવાય દ્રવિડ અને મુંડા ભાષાઓમાં પણ આ ધ્વનિઓ જોવા મળે છે. આને આધારે એવું અનુમાન કરવામાં આવે છે કે વૈદિક સંસ્કૃત ભાષા આ દ્રાવિડ ભાષાઓના સંપર્કમાં આવ્યા પછી, દ્રાવિડ ભાષાઓના પ્રભાવથી ભારતીય આર્ય (વૈદિક સંસ્કૃત) ભાષામાં આ ટ વર્ગના ધ્વનિઓ વિકસ્યા હશે. આ એક પ્રકારના અનુમાનમાં તથ્ય હોવા છતાંય, તે સર્વથા સત્ય નથી. આથી બીજા પ્રકારના અનુમાનો પણ કરવામાં આવ્યા છે. જેમકે, — આ ધ્વનિઓનું ઐતિહાસિક વિશ્લેષણ કરવાથી એવું જણાય છે કે મોટે ભાગે આ ટ વર્ગના પ્રતિવેષ્ટિત (મૂર્ધન્ય) ધ્વનિઓનો વિકાસ * આ. ભા. યુ. દન્ત્ય અને તાલવ્ય ધ્વનિઓમાંથી થયો હશે.

*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૭. સંસ્કૃત ट ધ્વનિનો વિકાસ અનેક રીતે થયેલો જોવા મળે છે : (૧) (પૂર્વવર્તી) રેફ (र्)ના પ્રભાવથી, પરવર્તી દન્ત્ય (त વર્ગના) ધ્વનિનો નતિભાવ (= મૂર્ધન્યકરણ) થતો હોય એવું છેક ઋગ્વેદમાં જોવા મળે છે. જેમકે,

कृत > कट

विकृत > विकट

उत्कृत > उत्कट

અહીં ઋ કારમાં રહેલા રેફ (र् ધ્વનિ)થી પ્રભાવિત થઈને પરવર્તી દન્ત્ય त् ધ્વનિનું ट् ધ્વનિમાં પરિવર્તન થયું છે. અલબત્ત, વિદ્વાનોને અહીં પ્રાકૃતનો સંસ્કૃત ભાષા ઉપર (ઉલટો) પ્રભાવ પડ્યો હોવાનું જણાય છે. *

(૨) [જેવી રીતે આ. ભા. યુ. * त ધ્વનિની પૂર્વે રેફ/ ऋ આવેલો હોય તો તે ट ધ્વનિમાં પરિવર્તિત થાય છે; તેવી રીતે] આ આ. ભા. યુ. * त ધ્વનિની પૂર્વે જો આ. ભા. યુ. * क्य (કે જે સંસ્કૃતમાં श् ધ્વનિ રૂપે પરિવર્તિત થયેલો છે તે श) ધ્વનિ આવેલો હોય તો પણ તે त् ધ્વનિનું ट ધ્વનિમાં પરિવર્તન થાય છે. જેમ કે, √वश् + ति > वष्टि दिश् + क्त (> त) > दिष्ट ।

(૩ અને ૪) આ. ભા. યુ. * ग्य् (જેમાંથી સંસ્કૃતનો ज् ધ્વનિ વિકસ્યો છે અને * घ्य જેમાંથી સંસ્કૃતનો ह ધ્વનિ વિકસ્યો છે.) ધ્વનિઓની પાછળ આવલો આ. ભા. યુ. * त् (કે જે સંસ્કૃતમાં त् રૂપે = અપરિવર્તિત સ્વરૂપે જ ઊતરી આવ્યો છે તે) ધ્વનિ ट ધ્વનિ બની જાય છે, જેમકે,

√यज् અને √वह ધાતુના સામાન્ય ભૂતકાળ. (लुङ् ल કાર)માં अ + √याग् + त् > अयाट् । અને अ + √वाह् + त् > अवाट् । રૂપોમાં આ પ્રક્રિયા જોવા મળે છે.

૧૮. આ. ભા. યુ. દન્ત્ય * थ् ધ્વનિની પૂર્વે, ઉપર મુજબ જ, જો र्, श्, ज् કે ह् ધ્વનિઓ આવેલા હોય તો તે थ् ધ્વનિ સંસ્કૃતમાં ठ् ધ્વનિ રૂપે વિકસે છે.

* √ग्वर् માંથી → ग्वर् – था

↓

સંસ્કૃત – जठर ગોથિક – किल्थेइ (kilpei)

---

* પરંપરાગત રીતે એવું મનાય છે કે પહેલાં સંસ્કૃત ભાષા હતી અને વળી કાલાન્તરે તેમાંથી પ્રાકૃત ભાષા ઉતરી આવી છે. પરંતુ ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ એવું મનાય છે કે વૈદિક સંસ્કૃતની સાથે સાથે જ પ્રજાજીવનના નિમ્ન સ્તરોમાં–જનભાષા તરીકે પ્રાકૃતોનો પણ પ્રચાર હતો. આથી જેમ સંસ્કૃતનો પ્રાકૃત ઉપર પ્રભાવ પડ્યો છે તેમ ક્યારેક પ્રાકૃત ભાષાનો પણ સંસ્કૃત ભાષા ઉપર (ઉલટો) પ્રભાવ પડ્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં * થ્ ની પૂર્વે * રેફ આવેલો છે, તથા થ્ કાર સંસ્કૃતમાં ठ् ધ્વનિ રૂપે વિકસ્યો છે.

અહીં એક રશિયન વિદ્વાન ફોર્તુનતોફનું માનવું છે કે * આ. ભા. યુ. ल् + દન્ત્ય (થ) ધ્વનિમાંથી, ઘણે ભાગે સંસ્કૃતનો પ્રતિવેષ્ટિત (ઠ) ધ્વનિ વિકસ્યો છે. એમણે પોતાના અનુમાન માટે સંસ્કૃત जठर શબ્દનો સંબંધ ગોથિક ભાષાના કિલ્થેઇ જોડે જોડ્યો છે. (એમને રેફના પ્રભાવથી થ્ નો ઠ થયો હોય એવું લાગતું નથી; પણ ગોથિકને આધારે, ल ના પ્રભાવથી य् નો ઠ થયેલો જણાય છે.) પરંતુ આ અનુમાનનો અસ્વીકાર થયો છે. કેમકે સંસ્કૃત जठर શબ્દમાંનો મૂર્ધન્ય ટ ધ્વનિ (* ग्व् ₹–था માંના) રેફને કારણે જ છે; વળી આ રેફ સંસ્કૃતના जर्तु, जर्त्री જેવા શબ્દોમાં પણ સ્પષ્ટ રૂપે વિદ્યમાન છે.

૧૯. સંસ્કૃત ड ધ્વનિનો પણ એક–બે રીતે થયેલો જોવા મળે છે : (૧) આ. ભા. યુ. * क्य् માંથી વિકસેલા સંસ્કૃત श् ધ્વનિની પાછળ જો भ् ધ્વનિ આવેલો હોય તો ક્યારેક તે તાલવ્ય श ધ્વનિનું પ્રતિવેષ્ટિત ड રૂપે વિકસે છે. જેમકે, विश् + भ्यस् > विड्भ्य । पश् + भिस् > पड् भिः । પરંતુ ક્યારેક આવું નથી. પણ થતું જેમકે, दश् + भिस् > दृग्भिः । दिश् + भ्यस् > दिग्भ्यः ।

(૨) अ કે आ સ્વર જેની પૂર્વમાં નથી એવા આ. ભા. યુ. * ज (જેને) Z રૂપે લખવામાં આવે છે તે)નો ज + (જેને Σ રૂપે લખવામાં આવે છે તે) રૂપે વિકાસ થાય છે. આવા * ज़ + ની પાછળ આવેલા દન્ત્ય (द) ધ્વનિનો નતિભાવ થાય છે. એટલે કે द ધ્વનિનું મૂર્ધન્ય ड ધ્વનિમાં પરિવર્તન થાય છે; (અને * ज़ + નો એટલે કે Σ નો લોપ થાય છે.) જેમકે,

° निज़द्–अ

↓

° निज़ + –ड्अ (niΣ–d–a)

↓

સંસ્કૃતમાં – नीड ।

* (સંસ્કૃતમાં ज़ (z) કે ज़ + (Σ) ધ્વનિઓ નથી.)+

+ અહીં ड ધ્વનિની સાથે સંકળાયેલા ळ ધ્વનિ વિશે પણ ચર્ચા કરી લઈશું. ळ ધ્વનિ કેવળ વૈદિક સંસ્કૃતમાં જ પ્રાપ્ત થાય છે, જેમકે, अग्निमीळे पुरोहितम्. ऋ० १–१–१. લૌકિક સંસ્કૃતમાં તે ड બની જાય છે. જેમકે, अग्निम् ईडे । 'હું અગ્નિની સ્તુતિ કરું છું.' આ વૈદિક ळ ધ્વનિ બે સ્વરોની વચ્ચે આવેલા ड ધ્વનિનું જ વિકસિત રૂપ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨૦. સંસ્કૃત ढ ધ્વનિના વિકાસમાં પણ આ. ભા. યુ. * ज् + (જેને Σ રૂપે લખવામાં આવે છે તે) ધ્વનિનો ફાળો છે. એટલે કે દન્ત્ય घ् ધ્વનિની પૂર્વે જો * ज् + ધ્વનિ આવેલો હોય તો, તો દન્ત્ય घ् ધ્વનિ સંસ્કૃતમાં ढ રૂપે વિકસે છે. જેમકે,

° अ–स्तोष्–ध्वम्

↓

°–अ–स्तोज् + –ध्वम् (a–sto Σ dhvam)

↓

સંસ્કૃત–अस्तोढ्वम् ॥

નોંધ : * ज् + ની પૂર્વમાં अ કે आ સ્વર હોય તો દન્ત્ય घ् કાર સંસ્કૃતમાં ढ કાર બનતો નથી. દા.ત., भाषध्वे । વાકરનેગલે આનાં अविड्ढि અને द्विड्ढि રૂપો ઉદાહરણ તરીકે આપ્યાં છે.

ઉપરની ચર્ચાને નીચે મુજબ રજૂ કરી શકાય :–

નીચેના ધ્વનિઓ પૂર્વમાં હોય તો –	નીચેના ધ્વનિઓ	સંસ્કૃતમાં નીચે મુજબ વિકાસ થાય છે.
	દન્ત્ય	
રેફ / ऋ	* त →	ट
* क्य > सं ० श्	* त	ट
* म्य > ज्	* त	ट
* ध्यं > ह्	* त	ट
	(દન્ત્ય)	
રેફ / ऋ	* थ →	ठ
श्	* थ	ठ
ज्	* थ	ठ
ह्	* थ	ठ
* ज् + (Σ)	(દન્ત્ય)	
	* द →	ड
—	(તાલવ્ય)	(ની પાછળ જો
	* क्य श् →	घ् હોય તો), ड
	દન્ત્ય	
* ज् + (Σ)	* ध –	ढ

*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં એક નોંધપાત્ર સ્પષ્ટતા એ કરવાની કે—સંસ્કૃતના ટ વર્ગીય પ્રતિવેષ્ટિત મૂર્ધન્ય ધ્વનિઓના વિકાસના મૂળમાં આ. ભા. યુ. ધ્વનિઓનો પણ સહયોગ હશે. પરંતુ સંસ્કૃતભાષાના પ્રત્યેક ધ્વનિના વિકાસમાં * આ. ભા. યુ. ભાષાનો પ્રભાવ જોવો એ સમુચિત નથી. એ જ પ્રમાણે, શબ્દના આરંભે જ્યાં મૂર્ધન્ય ધ્વનિઓ આવે છે જેમકે टीका, डमरु, ढक्का – તેમાં દ્રાવિડ ભાષાઓનો પ્રભાવ જોવો તે પણ ઉચિત નથી. કેમકે દ્રાવિડ ભાષાઓમાં આ ધ્વનિઓ શબ્દાદિમાં આવતા નથી. આમ ખરી વાત તો એ છે કે સંસ્કૃતના આ મૂર્ધન્ય (ટ વર્ગ) ધ્વનિઓમાં અનેક પ્રકારના ધ્વનિઓ સંમિશ્રિત થઈ ગયા છે. આવા સંમિશ્રિત થયેલા ધ્વનિઓનું વિશ્લેષણ કરવું તે સહેલું કાર્ય નથી.

63. નાસિક્ય ધ્વનિઓનો વિકાસ : * આ. ભા. યુ. ભાષાના મૂળ ત્રણ નાસિક્ય ધ્વનિઓ (म्, न्, ङ्) સંસ્કૃતમાં યથાવત્ ઊતરી આવ્યા છે. આ ત્રણ નાસિક્ય ધ્વનિઓમાંથી म् અને न् એ બે ધ્વનિઓનો પ્રયોગ તો ભારત–યુરોપીય ભાષાકુળની બીજી ભાષાઓમાં પણ થતો જોવા મળે છે. જ્યારે ङ નો પ્રયોગ કેવળ ભારતીય આર્ય (વૈદિક અને સંસ્કૃત) ભાષામાં થતો જોવા મળે છે.

૨૧. * म् ધ્વનિ સંસ્કૃતમાં પણ म् રૂપે ઊતરી આવ્યો છે.

* मातेर् (mater)

↓

સંસ્કૃત – मातर्

લેટિન – मातर्,
ગ્રીક – मातर्
અંગ્રેજી – mother

૨૨. સંસ્કૃત न् ધ્વનિ આ. ભા. યુ. * न् ધ્વનિનું અપરિવર્તિત સ્વરૂપ છે. જેમ કે,

* नोमन् (nomen)

↓

સંસ્કૃત – नामन्

લેટિન – नोमन्
અંગ્રેજી – name

૨૩–૨૪. સંસ્કૃતમાં વપરાતા બીજા બે અનુનાસિકો ङ् અને ञ् સ્વતંત્ર ધ્વનિઓ નથી; પણ न ધ્વનિના બે ધ્વન્યંગ (= ઉપધ્વનિઓ – allophone) છે. જેમ કે,

(૧) न् ધ્વનિની પાછળ क વર્ગનો કોઈ ધ્વનિ હોય ત્યારે તે (न् ધ્વનિ ङ् ધ્વનિ બની જાય છે. દા.ત. यङ्क्नमयते ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) न ધ્વનિની પાછળ च વર્ગનો કોઈ ધ્વનિ હોય તો તે ञ् ધ્વનિ બની જાય છે. દા.ત. शञ्झ मे ।

(ક્યારેક म् કે न् ની પૂર્વે क् કે ग् ધ્વનિઓ આવ્યા હોય તો તે (क् અને ग्) ङ् ધ્વનિનું રૂપ ધારણ કરે છે. જેમકે, वाक् + मय > वाङ्मय । दिग् + नाग > दिङ्नाग । અલબત્ત, અહીં ङ् ને સ્વતંત્ર ધ્વનિ ન માનતાં क् અને ग ધ્વનિઓનું સન્ધિગત (prosodic) રૂપ માનવું જ ઉચિત છે.) (બીજી રીતે કહીએ તો–પરવર્તી म् અને न् જેવા અનુનાસિક વર્ણોના પ્રભાવથી તે क् અને ग् ધ્વનિઓનું અનુનાસિકત્વ રૂપ સમીકરણ થયું છે.)

૨૫. न् ની પૂર્વમાં જો ष् રેફ કે ऋ કાર હોય તો, તે न् નો પ્રતિવેષ્ટિત ण् ધ્વનિ બની જાય છે. જેમકે, वर्ण, नृणाम्, ऋषीणाम् । એ જ પ્રમાણે; न् ની પાછળ જો મૂર્ધન્ય ट વર્ગનો કોઈ ધ્વનિ હોય તો પણ, તે न् નો ण् થાય છે. જેમકે, मण्डयति ।

કેટલાક વિદ્વાનો ण् ને સ્વતન્ત્ર ધ્વનિ માનતા નથી. જ્યારે જ્યુલ બ્લાખે એને સ્વતન્ત્ર ધ્વનિ માનવો એમ કહે છે. તેમના મતે ङ् ञ्, ण् માંથી કેવળ ण् ધ્વનિ જ સ્વતન્ત્ર ધ્વનિ છે અને બે સ્વરોની વચ્ચે પ્રકટ થાય છે. ऋ રેફ કે ष् ના પરવર્તી ધ્વનિ તરીકે ण् કાર પ્રાપ્ત થાય છે. આ ધ્વનિ પદાદિમાં પ્રાપ્ત થતો નથી.

64. **અન્તઃસ્થ ધ્વનિઓ અને તરલ ધ્વનિઓ :** * આ. ભા. યુ. ભાષામાં છ અન્તઃસ્થો હોવાની કલ્પના થઈ છે. અન્તઃસ્થ વસ્તુતઃ વ્યંજન હોવા છતાંય ક્યારેક ક્યારેક સ્વરનું પણ કામ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો અન્તઃસ્થો એવા અપવાદપૂર્ણ વ્યંજનો છે કે જે ક્યારેક અક્ષર સંઘટના (syllabic functitn) માં સ્વરનું કામ કરે છે. * આ. ભા. યુ. ભાષામાં य् व्, र्, ल्, न्, म् – આ છ અન્તઃસ્થો હશે. (આ અન્તઃસ્થોના અક્ષર સંઘટનાકારી છ સ્વર રૂપો इ, उ, ऋ, ऌ, (अ) न, (अ) म् છે.) આ છ અન્તઃસ્થોને 'અર્ધસ્વર' કે 'અર્ધવ્યંજન' કહેવામાં આવે છે. અથવા 'સ્વનનન્ત' (sonant) કે 'આક્ષરિક' (syllable) પણ કહેવામાં આવે છે.

* આ. ભા. યુ. ભાષાના આ છ અન્તઃસ્થોમાંથી न–म् સિવાયના, બાકીના ચાર અન્તઃસ્થો સંસ્કૃત ભાષામાં ઊતરી આવ્યા છે. આધુનિક ધ્વનિશાસ્ત્ર આ ચાર અન્તઃસ્થોમાંથી य् અને व् ને 'અન્તઃસ્થ' = અર્ધસ્વર (semi–vowels) કહે છે; તથા र् અને ल ને તરલ ધ્વનિઓ ( ) કહે છે.

૨૬. આ. ભા. યુ. * य् અન્તઃસ્થ ધ્વનિ સંસ્કૃતમાં યથાવત્ ઊતરી આવ્યો છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

* युगॅाँ (म्) (yugom)

संस्कृत – युगम्

ग्रीक – युगान् (zugon)
લેટિન – जुगम् (zugum)

૨૭. એ જ પ્રમાણે, સંસ્કૃતભાષાનો व् અન્તઃસ્થ ધ્વનિ પણ આ. ભા. યુ. * ધ્વનિમાંથી ઊતરી આવ્યો છે. જેમકે,

* आवि (owi)

संस्कृत – अविः (ઘેટું)

ग्रीक – ओउइस् (ouis)
લેટિન – आविस् (ovis)

*

સંસ્કૃત ભાષાના બીજા બે અન્તઃસ્થો र् અને ल ને "તરલ ધ્વનિઓ" કહેવામાં આવ્યા છે. આ બન્ને ધ્વનિઓનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે र् ધ્વનિ ક્યારેક ल् ધ્વનિમાં પરિવર્તિત થયો છે; અને ल ધ્વનિ પણ ક્યારેક र् ધ્વનિમાં પરિવર્તિત થયો છે. આથી પાણિનીય વ્યાકરણમાં તો રેફ (र्) અને ल् કારનો અભેદ (रलयोः अभेदः) માનવામાં આવ્યો છે.

*

૨૮. આ. ભા. યુ. * ल् ધ્વનિ સંસ્કૃતમાં इ्‌ કે ल् રૂપે વિકસ્યો છે. જેમકે,

સંસ્કૃતમાં रक्ष (= रक्ष्) – ગ્રીકમાં अलेक्सो (alexo)

સંસ્કૃતમાં √रिच् – લિથુO लिंक्वो (linquo)

સંસ્કૃતમાં गर्भ – ગ્રીકમાં देल्फेस् (delphos)

* लेव् केतयू > ગોથિકમાં लिउहत्स् (પ્રકાશ), અંગ્રેજી लाइट; પણ સંસ્કૃતમાં रोचते ॥ આ ઉદાહરણ દ્વારા જણાય છે કે–(૧) આ. ભા. યુ. ભાષાનો * ल् ધ્વનિ કેન્તુમ્ વર્ગની ભાષામાં ल् ધ્વનિ રૂપે ઊતરી આવ્યો હશે; પણ સંસ્કૃતમાં તે રેફ (र ધ્વનિ) રૂપે પરિવર્તિત થઈ ગયો છે.

બીજાં કેટલાંક ઉદાહરણો જોઈએ તો–

* लोवको (lowko)

संस्कृत – लोक (જગત)
लोकते, लोचन

પ્રાચીન લેટિન – लोउक्कोम
લેટિન – लोकुस्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ ઉદાહરણને આધારે એવું જણાય છે કે – (૨) આ. ભા. યુ. * લ્ ધ્વનિ ક્યારેક સંસ્કૃતમાં અપરિવર્તિત રહ્યો છે.

આ સિવાય, એવું પણ બન્યું છે કે – (૩) આ. ભા. યુ. * લ્ ધ્વનિ વૈદિક સંસ્કૃતમાં રેફ (ર્) બની ગયો હોય; અને પછી લૌકિક સંસ્કૃતમાં આવતાં ફરી પાછો લ ધ્વનિ બની ગયો હોય. જેમકે,

વૈદિક – रघु
↓
લૌકિક–સંસ્કૃત – लघु

} ગ્રીક – हलखुस्
લેટિન – लेविस्

૨૯. આ. ભા. યુ. * રેફ્ (ર્) ધ્વનિ, લૃ ધ્વનિની અપેક્ષાએ પ્રમાણમાં સ્થિર રહ્યો છે. છતાંય આ * રેફ ધ્વનિ સંસ્કૃતમાં મહદંશે અપરિવર્તિત રહ્યો હોવાની સાથે સાથે જ ક્યારેક લ ધ્વનિમાં પરિવર્તિત થયેલો પણ જોવા મળે છે. જેમકે,

(૧) સંસ્કૃતમાં भरति – ગ્રીકમાં फेरो
લેટિનમાં फेरो
સંસ્કૃતમાં रथ. લિથુ૦માં खँस् (ચક્ર)
લેટિનમાં रोत (ચક્ર)

અહીં સર્વત્ર ર્ ધ્વનિ અપરિવર્તિત રહેલો જણાય છે.

(૨) સંસ્કૃતમાં √लुम्प, પણ લેટિનમાં रुम्पो । આ ઉદાહરણ ઉપરથી જણાય છે કે આ. ભા. યુ. * રેફ ક્યારેક સંસ્કૃતમાં લ્ ધ્વનિ પણ બની ગયો છે.

(૩) ક્યારેક * રેફનો સંસ્કૃતમાં લ ધ્વનિ બની જવા છતાંય, વૈકલ્પિક રૂપોમાં તે રેફ ચાલુ પણ રહે છે. જેમકે,

* रेऊध् > रेउध् > रूध् (લાલ)

સંસ્કૃતમાં रुधिर
- लोहित (લાલ)
- रोहित (લાલ)

ગ્રીક – हेरेउथो (લાલ થવું) > हेरुथोस् (લાલ)
લેટિન – रुबिदुस्, रुको
ગોથિક – रउत्स् स् (લાલ)
અંગ્રેજી – रेड (red લાલ)
રશિયન – रुद (તામ્ર)

*

રેફ અને લ્ ના પ્રયોગ અંગે કોઈ પણ નિયમનું નિર્ધારણ થઈ શકે એમ નથી. પ્રત્યક્ષ રૂપે એને બોલીઓ (= વિભાષાઓ)નું સંમિશ્રણ (dialectmixture)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કહેવું પડે એમ છે મધ્યકાલિક પ્રાકૃતોની કેટલીક બોલીઓમાં સર્વસામાન્ય રૂપે ભારત–ઈરાની શાખાના (= વેદ અને અવેસ્તાના) રેફને લ્ માં પરિવર્તિત કરી દેવામાં આવ્યો હતો. આવું કોઈ સામાન્ય ભાષાકીય પ્રવૃત્તિને કારણે બન્યું હતું કે કોઈક જુદી પરિસ્થિતિમાં આવું બન્યું હતું તે કહેવું શક્ય નથી, પરંતુ એટલું ચોક્કસ છે કે સંસ્કૃતભાષા મૂળભૂત રીતે ર્ પ્રધાન ભાષા હતી અને એણે લ ધ્વનિ અન્ય બોલીઓમાંથી ઉછીનો લીધો હતો.

65. **ઊષ્માક્ષરોનો વિકાસ** : સંસ્કૃતભાષામાં ચાર ઊષ્માક્ષરો મળી આવે છે : સ્, શ, ષ્ અને હ્ । આ ચારમાંથી કેવલ દન્ત્ય સ્ ધ્વનિ જ * આ. ભા. યુ. ભાષામાંથી ઊતરી આવ્યો છે. શ્ ધ્વનિનો વિકાસ આ. ભા. યુ. * क्य् ધ્વનિમાંથી થયો છે, તથા સંસ્કૃત हृ ધ્વનિનો વિકાસ * घ्य ધ્વનિમાંથી થયો છે. પરંતુ સંસ્કૃતભાષાનો મૂર્ધન્ય ष् ધ્વનિ ભારતીય–આર્ય કાલના જુદા જુદા ધ્વનિઓનો સંયોગ થવાથી વિકસ્યો લાગે છે. આ. ભા. યુ. ભાષામાં એક બીજો પણ ઊષ્માક્ષર (= ઘોષ સંઘર્ષી સોષ્મ ધ્વનિ) * ज़् હતો, તે સંસ્કૃતમાં સચવાયો નથી; (અવેસ્તામાં–ઈરાનીમાં તે સચવાયો છે) સંસ્કૃતના આ ચાર ઊષ્માક્ષરોનો વિકાસ નીચે મુજબ છે :

૩૦. આ. ભા. યુ. * स् (ઊષ્માક્ષર) ધ્વનિં સંસ્કૃત ભાષામાં અપરિવર્તિત સ્વરૂપે ઊતરી આવ્યો છે.

* सेप्तम् (septm)
↓
સંસ્કૃત – सप्त
ગ્રીક – हप्त
લેટિન – सेप्तेम्
અંગ્રેજી–सेवन (seven)

* एस्ति (est)
↓
સંસ્કૃત – अस्ति
ગ્રીક – एस्ति
લેટિન – एस्त

૩૧. આ. ભા. યુ. * કંઠતાલવ્ય क्य ધ્વનિમાંથી સંસ્કૃતભાષાનો તાલવ્ય ઊષ્માક્ષર श् ધ્વનિ વિકસ્યો છે–એ આપણે ઉપર જોઈ ગયા. છતાંય એક ઉદાહરણ જોઈશું :

* क्यम् तोम् (kmtom)
↓
સંસ્કૃત – शतम्
અવેસ્તા – सतम्
ગ્રીક – (हे) कतोन
લેટિન – केन्तुम्

૩૨. સંસ્કૃત ભાષાનો ત્રીજો મૂર્ધન્ય ष ઊષ્માક્ષર ધ્વનિ કેવી રીતે વિકસ્યો છે ? એનો ઇતિહાસ સ્પષ્ટ નથી. પ્રો. ફ્રેંકલિન એડગર્ટનનું માનવું છે કે સંસ્કૃત ष નો વિકાસ આ. ભા. યુ. ભાષાના એક * त्स् એવા સંદિગ્ધ ધ્વનિમાંથી થયો હશે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

* ऋक्यत्सो (रींछ)
↓
संस्कृत – ऋक्ष (रींछ) (= ऋक्षअ) | ग्रीक – अर्कतोस् | लेटिन – उर्सुस

પરંતુ પ્રા. વ્હિટની જેવા વિદ્વાનો દન્ત્ય स् ધ્વનિમાંથી જ આ મૂર્ધન્ય ष् નો વિકાસ માને છે. ત્રીજી તરફ, ડૉ. ઘોષે √दिश् માંથી બેનાલ दिक् (દિશા) નામના સપ્તમી વિભક્તિ બહુવચનના રૂપમાં – दिक्षु (दिक्षु) – ष् કાર જોઈને, આનો વિકાસ श् માંથી બન્યો છે.

૩૩. સંસ્કૃત ભાષામાં બે પ્રકારના ह ધ્વનિઓ સાંભળવા મળે છે.

ह
↓

સઘોષ ह
↓
આ સઘોષ ह ધ્વનિનો વિકાસ આ. ભા. યુ. * घ्य, घ्व, घ्, માં થયો છે. જેમકે
(૧)......ध्रव्घ्यति
↓
* ध्रव्घ (ध्रावघ)
↓
संस्कृत – द्रुहयति ।
(૨)* ब्वोनूति
↓
* घ्वन् (घ्वान्)
↓
संस्कृत – हन्ति ।
(૩)* व् ए घ् ए ति
↓
संस्कृत–वहति, अवेस्ता–बजइति | लेटिन–उएडित
० घ के घ्य् જેવા ધ્વનિઓ ए કે इ સ્વરોની પૂર્વે આવેલા હોય તો, તેમનો ह રૂપે વિકાસ થાય છે. એમ અગાઉ જણાવ્યું છે.

અઘોષ ह = (:) વિસર્ગ
↓
(૧) આ અઘોષ વિસર્ગ રૂપ ह કારનું ઉચ્ચારણ હંમેશાં પદાન્તમાં થાય છે. જેમ કે रामः । हरिः ।
(૨) આ. ભા. યુ. પદાન્ત * स् કે * र માંથી આ અઘોષ ह નો વિકાર થયો હશે એવી કલ્પના કરી શકાય. પણ મહદંશે તે સંસ્કૃતમાં નવો વિકસેલો ધ્વનિ જણાય છે.
(૩) આ ધ્વનિની વિશેષતા એ છે કે તેના ઉચ્ચારણમાં પૂર્વવર્તી સ્વરનો પણ સંયોગ થાય છે. જેમકે, रामः । हरिः । નું ઉચ્ચારણ रामह । हरिहि । જેવું થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(આચાર્ય પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણના આરંભે મૂકેલા ''વર્ણસમામ્નાય''માં બે ह કાર (हयवरट् । ૫ અને ह् ल । ૧૪) લખ્યા છે, તે સુવિદિત છે. આમાંથી પહેલો ह् કાર સઘોષ છે અન બીજો ह કાર અઘોષ છે.)

આ ઉપરાંત સંસ્કૃત (સઘોષ) ह ધ્વનિ ઘણે સ્થળે ध કે भ ના સ્થાનમાં બેઠેલો જોવા મળે છે, જેમકે, √धा (दधाति) ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત * धित નહીં થતાં हित થાય છે. તથા √ग्रभ ધાતુનું √ग्रह રૂપ પણ પ્રચલિત છે. કયા સંજોગોમાં આ घ् અને भ् સ્થાનમાં ह ધ્વનિ આવે છે તે સ્પષ્ટ નથી. સંભવતઃ બોલીઓનો આ પ્રભાવ હોઈ શકે. મધ્યકાલિક આર્યભાષાઓ–પ્રાકૃત–માં મોટે ભાગે સ્વરાન્તરવર્તી બધા ઘોષ મહાપ્રાણ વ્યંજનો (દા.ત. घ, झ, ढ, ध, भ)નો વિકાસ ह રૂપે થયો છે.

*

66. સંસ્કૃત ભાષામાં બલાઘાત (Stress) કે સ્વરભાર (accent) :

ભાષાના નાનામાં નાના એકમને વર્ણ (phoneme) કે વર્ણધ્વનિ કહેવામાં આવે છે. આ વર્ણધ્વનિ નીચે મુજબ મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે.

વર્ણધ્વનિ

(अ કારાદિ) સ્વરવર્ણો	(क કારાદિ) વ્યંજનવર્ણો
(= સ્વરધ્વનિઓ)	(= વ્યંજન ધ્વનિઓ)
પાણિનિએ જેને अच् કહ્યા છે.	પાણિનિએ જેમને हल् કહ્યા છે.

'સ્વર' શબ્દને સમજાવતાં મહાભાષ્યકાર પતંજલિએ જણાવ્યું છે કે स्वयं राजन्ते इति स्वराः (૧–૨–૩૦ સૂત્રભાષ્ય). અર્થાત્ જે વર્ણોના ઉચ્ચારણમાં બીજા કોઈ વર્ણની મદદ લેવાતી નથી તે વર્ણો (અર્થાત્ સ્વતન્ત્ર રીતે ઉચ્ચારી શકાતા વર્ણો)ને ''સ્વર'' કહેવાય છે. જ્યારે, પરંપરાગત રીતે એવું મનાય છે કે, વ્યંજનવર્ણોનું ઉચ્ચારણ સ્વતંત્ર રીતે થઈ શકતું નથી. વ્યંજનોના ઉચ્ચારણમાં (अ કારાદિ) સ્વરોની સાહાય્ય લેવાય છે. આમ, જે વર્ણના ઉચ્ચારણમાં 'વિશિષ્ટ અંજન' = સ્વરની મેળવણી કરવામાં આવી હોય તેને 'વ્યંજન' કહેવાય છે. વળી, બે પ્રકારના [(अ કારાદિ– अच) સ્વરવર્ણો અને વ્યંજન] વર્ણોમાંથી જે अ કારાદિ– अच्–સ્વરવર્ણો છે, તે अक्षर (syllable) નું સંઘટન કરવાનું કાર્ય કરે છે. (अ, आ, इ ઇત્યાદિ) સ્વર વર્ણોની મદદથી અનેક પ્રકારના अक्षरो ની રચના થાય છે. જેમકે, સંખ્યાની દૃષ્ટિએ એક જ સ્વરવર્ણની મદદથી જે વિવિધ अक्षरની રચના થાય છે તે નીચે મુજબ છે : એકલા સ્વરનો બનેલો અક્ષર; એક સ્વર અને વ્યંજનનો બનેલો અક્ષર; વ્યંજન અને સ્વરનો બનેલો અક્ષર અથવા વ્યંજન,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્વર અને વ્યંજન—એ રીતે બનેલો અક્ષર. સ્વરવર્ણને v (vowell) અને વ્યંજનને c (consonant) સંજ્ઞા આપીએ તો નીચે મુજબના અક્ષરો બનશે :–

(૧) v – એકલા સ્વરનો બનેલો અક્ષર – उ

(૨) vc – એક સ્વર અને બીજો વ્યંજન, તેનો બનેલો અક્ષર → आम्

(૩) cv – એક વ્યંજન અને બીજો સ્વર, તે રીતે બનેલો અક્ષર → सा (स् + आ)

અથવા–

ccv – બે વ્યંજન અને એક સ્વરથી બનેલો અક્ષર–त्वा (त् + व् + आ)

(૪) cvc – એક વ્યંજન, એક સ્વર અને એક વ્યંજનનો બનેલો અક્ષર → पात् (प् + आ + त्)

(સ્વરવર્ણ હ્રસ્વ પણ હોઈ શકે અને દીર્ઘ પણ).

ccvcc – બે વ્યંજન, એક સ્વર અને બે વ્યંજનનો બનેલો અક્ષર → स्पन्द्

ccvc – બે વ્યંજન, એક સ્વર અને એક વ્યંજનનો બનેલો અક્ષર → स्पश्

vccc – એક વ્યંજન, એક સ્વર અને બે વ્યંજનનો બનેલો અક્ષર → मन्द्

આમ, સંખ્યાની દષ્ટિએ એકે જ (अ કારાદિમાંથી કોઈક) સ્વરવર્ણની મદદથી બનતા અક્ષર ને "એકાક્ષર (monosyllable)" કહેવામાં આવે છે. બે સ્વરવર્ણની મદદથી બનતા અક્ષર ને "દ્વયક્ષર (disyllables)" [દા.ત. राम (र् + अ + म् + अ)]; ત્રણ સ્વરવર્ણનીમદદથી બનતા અક્ષર ને "ત્ર્યક્ષર (trisyllables)" [દા.ત. (कमल क् + अ + म् + अ + ल् + अ)] વગેરે કહેવામાં આવે છે. – આ રીતે સ્વર વર્ણો (= अच्–अ કારાદિ સ્વરધ્વનિઓ) અક્ષર (syllable) સંઘટનનું કામ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો–સંસ્કૃત ભાષાના પદો એકાક્ષર, દ્વયક્ષર, ત્ર્યક્ષર, ચતુરક્ષર, પંચાક્ષર વગેરે (એક સ્વરથી બનેલા પદ, બે સ્વરથી બનેલ પદ, ત્રણ સ્વરથી બનેલ પદ, ચાર સ્વરથી બનેલ દ, પાંચ સ્વરથી બનેલ પદ વગેરે) હોઈ શકે છે. આ દરેકનાં અનુક્રમે ઉદાહરણો આં પ્રમાણે આપી શકાય : (૧) च, वै, हि (એકાક્ષર પદ), (૨) रामः, नदी, माला (દ્વયક્ષર પદ), (૩) कमलम्, शङ्करः, पार्वती (ત્ર્યક્ષર પદ), (૪) दशरथः, वैनतेयः (ચતુરક્ષર પદ) (૫) राजपुरुषः (પંચાક્ષર પદ) વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપરની ચર્ચામાં આપણે જોયું છે કે સંસ્કૃતભાષામાં अ, आ, इ વગેરે સ્વર વર્ણો (अच्) ની મદદથી એકાક્ષર, દ્વયક્ષર, ચતુરક્ષર વગેરે પ્રકારનાં પદોનું નિર્માણ થાય છે. આ અક્ષરો (Syllables) ના આશ્રયે 'ઉદાત્ત', 'અનુદાત' અને 'સ્વરિત' નામના ત્રણ ઉચ્ચારણધર્મો (ધ્વનિગુણો) રહેલા છે.* (આ ઉદાત્તાદિની વ્યાખ્યાઓ અને ઉચ્ચારણવિધિની ચર્ચા નીચે કરી છે.) [અર્થાત્ ઉદાત્તાદિ ત્રણ સ્વરો+ = ઉચ્ચારણ ધર્મો છે અને अ કારાદિ સ્વરવર્ણો (કે જેઓ અક્ષરો નું નિર્માણ કરે છે, તે) ધર્મી (= ગુણી) છે. અહીં એ નોંધપાત્ર છે કે ઉદાત્તાદિ સ્વરો (ઉચ્ચારણ ધર્મો) સ્વરધ્વનિઓ (अच् = अ, इ, उ વગેરે સ્વરો)ના જ હોઈ શકે છે; વ્યંજનધ્વનિઓના નહીં.]



આધુનિક ભાષાવિજ્ઞાનમાં પણ ત્રણ પ્રકારના ધ્વનિગુણોનું વર્ણન આવે છે. જેમ કે માત્રા, સૂર અને બલાઘાત. આ સ્વર–વ્યંજન વર્ણધ્વનિઓના ત્રણ ગુણ જોવા મળે છે;

* उदात्तश्चानुदात्तश्च स्वरितश्च त्रयः स्वराः । आयामविश्रम्भाक्षेपैस्ते उच्यन्ते ॥ अक्षराश्रयाः ॥ (ઋગ્વેદપ્રાતિશાખ્ય ૩–૧, ૨).

\+ ઉદાત્તાદિને (પણ) 'સ્વર' કહેવાયા છે. પણ આ ઉદાત્તાદિ ત્રણ સ્વરો ઉચ્ચારણધર્મો છે; અને તેઓ अ, आ, इ, ई વગેરે સ્વરધ્વનિઓથી જુદા છે. આ अ, आ, इ વગેરે સ્વરધ્વનિઓ તો ધર્મી (ગુણી) કહેવાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) માત્રા – અર્થાત્ વર્ણધ્વનિઓનું કાલમાન અથવા માત્રામાન (duration) આ વર્ણધ્વનિઓના માત્રાનુસારી હ્રસ્વ, દીર્ઘ, પ્લુત ભેદો પડે છે. જેમકે એકમાત્રાવાળા સ્વરવર્ણને 'હ્રસ્વ' કહેવામાં આવે છે. દ્વિમાત્રિક સ્વરવર્ણને 'દીર્ઘ' કહેવામાં આવે છે અને ત્રિમાસિક સ્વરવર્ણને 'પ્લુત' કહેવામાં આવે છે. વ્યંજનવર્ણની અડધી માત્રા ગણાઈ છે.

(૨) સૂર – અર્થાત્ (अ કારાદિ) સ્વરધ્વનિઓના આરોહ – અવરોહ. (pitch = musical tone, intonation)

(૩) બલાઘાત = સ્વરધ્વનિનું ઉત્કટ બલપૂર્વક/આઘાતપૂર્વક ઉચ્ચારણ. જેને stress પણ કહે છે. (અંગ્રેજી જેવી ભાષામાં આ પ્રકારનો stress જોવા મળે છે.)

સંસ્કૃત ભાષાના ઉદાત્તાદિ ત્રણ સ્વરોમાં સંભવતઃ આ સૂર અને બલાઘાત– એ બન્ને પ્રકારનાં ધ્વનિગુણો રહેલા હોય એમ જણાય છે. (જો કે આ બાબતમાં કશું પણ નિશ્ચિત કહેવા માટે હજી સંશોધનને અવકાશ છે. આ બન્નેના સંમિશ્રિત સ્વરૂપને (અથવા સંસ્કૃતભાષામાં જ જોવા મળતા/સંસ્કૃત ભાષાના આગવા, આ વિશિષ્ટ ઉચ્ચારણધર્મોને (= ઉદાત્તાદિને) આપણે સ્વરભાર કે સ્વરાઘાત (accent) કહીશું.

*

હવે, अ કારાદિ સ્વરવર્ણોના આ ઉદાત્તાદિ વિશિષ્ટ ઉચ્ચારણ ધર્મોની વ્યાખ્યા – સ્વરૂપ – અને ઉચ્ચારણ વિધિ કેવી હતી તે જોઈશું :–

(क) **उच्चैरुदात्तः** । पाणिनि (१ – २ – २९)
वाज० प्राति० (१ – १०८)
तैत्ति० प्राति० (१ – ३८)

(ख) **नीचैरनुदात्तः** । पाणिनि (१ – २ – ३०)
वाज० प्राति० (१–१०९)
तैत्ति० प्राति० (१–३९)

(ग) **समाहारः स्वरितः** । पाणिनि (१–२–३१)
तैत्ति० प्राति० (१–४०)
उभयवान् स्वरितः । वाज० प्राति० (१ – ११०)

* (Duration (or quantity) is the relative length of time through which the vocal organs are kept in a position.– Language p. 109 by Bloomfield.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ સૂત્રોમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત લક્ષણો રજૂ કરવામાં આવ્યાં છે. આને સમજાવતાં જુદા જુદા આચાર્યોએ નીચે મુજબ વ્યાખ્યાન કર્યું છે :

(૧) (વૈયાકરણો મુજબ : अ કાર વગેરે વર્ણોનું જે કંઠ વગેરે સ્થાનોમાંથી ઉચ્ચારણ થાય છે; તે સ્થાનોના ઊંચા, નીચા અને મધ્ય – એવા ત્રણ વિભાગો પાડવામાં/કલ્પવામાં આવે છે. આ ઉચ્ચારણ સ્થાનોના ઊંચા, નીચા અને મધ્યભાગોમાંથી અનુક્રમે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સ્વરોનું ઉચ્ચારણ થાય છે. ताल्वादीषु सभागेषु स्थानेषु उर्ध्वभागेषु निष्पन्नोऽज् उदात्तसंज्ञः स्यात् । (ભટ્ટોજિ દીક્ષિત) । तथा ताल्वादिषु सभागेषु स्थानेषु अधोभागेषु निष्पन्नोऽज् अनुदात्तसंज्ञ स्यात् । (ભટ્ટોજિ દીક્ષિત)

(અહીં પાણિનિ વગેરેના સૂત્રોમાં उच्चैसू–नीचैसू અવ્યયોથી "તાલ્વાદિ **સ્થાનોના** 'ઊંચા'–'નીચા' ભાગોની કલ્પના કરવાનું વૈયાકરણોએ જે સૂચવ્યું છે તે દુર્બોધ છે. અલબત્ત, તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં અને એને અનુસરીને 'વ્યાકરણ–મહાભાષ્ય'માં તે બે અવ્યયોને – उच्चैः, नीचैः શબ્દોને સમજાવવાનો પ્રયત્ન થયો છે. જેની નોંધ નીચે કરી છે.)

(૨) (પ્રાતિશાખ્યકાર અને તેમના વ્યાખ્યાતાઓ મુજબ :)

(क) વાજસનેયિ (= શુક્લ યજુર્વેદ) પ્રાતિશાખ્યના વ્યાખ્યાતા ઉવ્વટે લખ્યું છે કે ગાત્રો (શરીરના અવયવો)ના ઊર્ધ્વગમનથી જે સ્વર ઉત્પન્ન થાય, તેને 'ઉદાત્ત' કહે છે. ગાત્રોના અધોગમન (ઢીલાપણા)થી 'અનુદાત્ત' અને ઉક્ત બન્ને પ્રકારના પ્રયત્નોના સંમિશ્રણથી 'સ્વરિત' સ્વરનું ઉચ્ચારણ થાય છે.

(ख) ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતને માટે અનુક્રમે આંયામ, વિશ્રમ્ભ અને આક્ષેપ સંજ્ઞાઓ વાપરી છે. આને સમજાવાતા ઉવ્વટે લખ્યું છે કે – આયામ અર્થાત્ વાયુને કારણે શરીરના અવયવોનું ઊર્ધ્વગમન થઈને જે ધ્વનિનું ઉચ્ચારણ થાય છે, તેને 'ઉદાત્ત' કહે છે. (आयामो नाम वायुनिमित्तम् ऊर्ध्वगमनं गात्राणां, तेन यः उच्यते स उदात्तः ।) વિશ્રમ્ભ અર્થાત્ વાયુના કારણે ગાત્રોનું અધોગમન થતાં અનુદાત્ત સ્વર નિષ્પન્ન થાય છે. (विश्रम्भो नाम अधोगमनं गात्राणां वायुनिमित्तम् ।) અને આક્ષેપ અર્થાત્ વાયુને કારણે ગાત્રોનું જે તિર્યગ્ ગમન થાય અને તેનાથી જે સ્વરનું ઉચ્ચારણ થાય તે 'સ્વરિત સ્વર' કહેવાય છે (आक्षेपो नाम तिर्यगगमनं गात्राणां वायुनिमित्तम् ।)

(ग) તૈત્તિરીય પ્રાતિશાખ્યના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે ગાત્રોનો નિગ્રહ, સ્વરની રૂક્ષતા અને કંઠનો સંકોચ કરવાથી ઉદાત્ત સ્વરનું ઉચ્ચારણ થાય છે. (आयामो दारुण्यमणुता स्वस्येत्युच्चैः कराणि शब्दस्य । २२/९). ગાત્રોનું ઢીલાપણું, સ્વરની મૃદુતા અને કંઠનો વિકાસ કરવાથી અનુદાત્ત સ્વરનું ઉચ્ચારણ થાય છે (अन्ववसर्गो मार्दवमुरुता खस्येति नीचैः कराणि शब्दस्य । २२ – १०).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[તૈત્તિરીય પ્રાતિશાખ્યને આધારે મહાભાષ્યકાર પતંજલિએ પણ લખ્યું છે કે – एवं तर्हि लक्षणं करिष्यते–आयामो दारुण्यमणुता खस्येति उच्चैः कराणि शब्दस्य । आयामो गात्राणां निग्रहः । दारुण्यं स्वरस्य, दारुणता रूक्षता, अणुता खस्य, कण्ठस्य संवृतता । उच्चैः कराणि शब्दस्य ॥ तथा अन्ववसर्गो मार्दवम् उरुता खस्येति नीचैः कराणि शब्दस्य । अन्ववसर्गो गात्राणां शिथिलता । मार्दवं स्वरस्य मृदुता स्निग्धता । उरुता खस्य, महत्ता कण्ठस्येति नीचैः कराणि शब्दस्य । (१–२–२९, ३० इत्यत्र सूत्रभाष्यम् ।)]

(૩) (શિક્ષાકાર મુજબ :)

આપિશલ – શિક્ષામાં કહ્યું છે કે – જ્યારે શરીરના બધા અવયવોનો પ્રયત્ન તીવ્ર થાય છે ત્યારે શરીરના અવયવોનો નિગ્રહ, કંઠના છિદ્રનો સંકોચ અને વાયુ તીવ્ર થવાથી ધ્વનિ રૂક્ષ બને છે; તેને ઉદાત્ત કહે છે. (૮.૨૦) જ્યારે શરીરના અવયવોનો પ્રયત્ન મન્દ થાય છે, ત્યારે ગાત્રોનું ઢીલાપણું, કંઠછિદ્રનો વિકાસ અને વાયુની મંદગતિથી ધ્વનિની સ્નિગ્ધતા (= મૃદુતા ?) થાય છે; આને અનુદાત્ત કહે છે. ઉદાત્ત અને અનુદાત્ત સ્વરોના સંનિપાત (સંમેલન)થી સ્વરિત નિષ્પન્ન થાય છે.

(૪) પંડિત શ્રી યુધિષ્ઠિર મીમાંસકજીનો ઉદાત્તાદિ સ્વરોના ઉચ્ચારણ વિધિ અંગે નીચે મુજબનો મત છે : ''ઉદાત્તાદિ સ્વરો વર્ણધર્મ છે. આ વર્ણધર્મોનો ઉચ્ચારણથી ભેદ સ્પષ્ટ થવો જોઈએ. પરંતુ સ્વરોના સૂક્ષ્મ ઉચ્ચારણ પ્રકારો ચિરકાળથી લુપ્ત થઈ ગયા છે. મહારાષ્ટ્રના કુલપરંપરાગત ઋગ્વેદીય વૃદ્ધ – બ્રાહ્મણોમાંથી કેટલાક શ્રોત્રિય (બ્રાહ્મણો) ઉદાત્તાદિ સ્વરોનું સૂક્ષ્મ ઉચ્ચારણ કરવામાં સમર્થ હોય એવું આજે સંભવિત છે. પરંતુ મોટા ભાગના શ્રોત્રિય હસ્ત વગેરે અંગચાલન દ્વારા જ ઉદાત્તાદિ સ્વરોનું દ્યોતન કરાવે છે; તેઓ તેમના મુખ દ્વારા (ઉદાત્તાદિનું) સૂક્ષ્મ ઉચ્ચારણ કરવામાં પ્રાયઃ અસમર્થ છે. (वैदिक–स्वरमीमांसा पृ–१८)

*

(૫) કૈયટ કહે છે કે – अभ्याससमधिगम्यश्चायं स्वरविशेष–षड्जादिवद् विज्ञेयः । (૧–૨–૩૦ સૂત્ર ભાષ્યપ્રદીપ), અર્થાત્ સંગીતના ષડ્જ વગેરે સાત સૂરોની સમજદારી (ઓળખાણ/ઉચ્ચારણ કૌશલ) જેમ અભ્યાસથી પ્રાપ્ત થાય છે, તેમ આ (ઉદાત્તાદિ) સ્વર વિશેષની સમજદારી પણ અભ્યાસથી જ પ્રાપ્ત થાય એમ છે.

*

હવે આપણે સંસ્કૃત ભાષાના આ ઉદાત્તાદિ સ્વરો (= વિશિષ્ટ ઉચ્ચારણ ધર્મો/વર્ણધર્મો)ની સંખ્યાનો વિચાર કરીશું : ઋગ્વેદની શાકલ; શુ. યજુર્વેદની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માધ્યન્દિન અને કાણ્વ, સામવેદની કૌથુમ અને અથર્વવેદની શૌનક સંહિતાઓમાં ૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત અને ૩. સ્વરિત – એવા મુખ્ય ત્રણ સ્વરો જ જોવા મળે છે. તૈત્તિરીય સંહિતામાં એક ચોથા પ્રકારનો 'પ્રચય' (અર્થાત્ 'એક શ્રુતિ') સ્વર પણ પ્રયોજાય છે. આ ઉપરાંત નારદશિક્ષા (૧–૭–૧૯)માં પાંચ સ્વરોનો ઉલ્લેખ છે :

उदात्तश्चानुदात्तश्च स्वरितप्रचिते तथा ।
निघातश्चेति विज्ञेयः स्वरभेदस्तु पञ्चमः ॥

અહીં 'નિઘાત' નામના પાંચમા સ્વરનો ઉલ્લેખ છે. (પાણિનિએ ૧–૨–૪૦માં આ 'નિઘાત'ને 'અનુદાત્તતર' કહ્યો છે.) આ જ રીતે, વ્યાકરણ–મહાભાષ્યમાં સાત સ્વરોનો પણ નિર્દેશ મળે છે :

सप्त स्वराः भवन्ति – उदात्त, उदात्ततरः, अनुदात्तः, अनुदात्ततरः, स्वरितः, स्वरिते यः उदात्तः सोऽन्येन विशिष्टः, एकश्रुतिः सप्तमः । (१–२–३०) (આ સાતેય નામોની સમજૂતી નીચે રજૂ કરી છે.)

[અહીં એક નોંધપાત્ર મુદ્દો છે : નારદીય શિક્ષામાં સામગાનોપયોગી સાત સ્વરોનું વિધાન મળે છે. તે સાત સ્વરો આ પ્રમાણે છે : ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ. તૈત્તિરીય પ્રાતિશાખ્ય (૨૩–૧૪)માં આને ક્રુષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મન્દ્ર અને અતિસ્વાર્ય કહ્યા છે. (નારદીય શિક્ષામાં આ ક્રુષ્ટાદિ સાત નામોથી પણ સામસ્વરનું વિધાન કરવામાં આવ્યું છે).– અહીં વ્યાકરણ–મહાભાષ્યમાં ગણાવેલા સ્વરોની સંખ્યા સાત છે; અને નારદશિક્ષા તથા તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં નામાન્તરે ગણાવેલા સ્વરોની સંખ્યા સાત છે. તેથી કોઈને એમ માનવાનું મન થાય કે નામાન્તરે આ સાતેય સ્વર એક જ (એક રૂપ) હશે. અર્થાત્ ઉદાત્તાદિ સાત સ્વરો તે જ ભારતીય સંગીતમાં પ્રચલિત એવું (સા રે ગ મ પ ધ નિ) સૂર સપ્તક હશે. પરંતુ પંડિત શ્રી યુધિષ્ઠિર મીમાંસકજી કહે છે કે – મહાભાષ્યમાં ઉલ્લેખાયેલા સાત સ્વરોનો ષડ્જ વગેરે અથવા ક્રુષ્ટાદિ સાત સ્વરોની સાથે શો સંબંધ છે, તે કહેવા માટે આપણે અત્યારે અસમર્થ છીએ. (वैदिक स्वरमीमांसा પૃ. १२).]

(૧) ઉદાત્ત : (उद् + आ + √दा + क्त) ''ઉપર ખેંચવામાં આવેલો.'' આ ઉદાત્તસ્વર, પૂર્વોક્ત ત્રણેય/સાતેય સ્વરોમાં મુખ્ય સ્વર છે. સંસ્કૃતભાષાનાં પદોમાં મહદંશે ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોવાનો જ. ઋગ્વેદમાં આ મુખ્ય સ્વરને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાતું નથી. દા.ત. यज्ञेन । અહીં–ज्ञे–અક્ષરમાંનો. ए સ્વરવર્ણ ઉદાત્તસ્વર (= એક પ્રકારના ઉચ્ચારણ ધર્મ)થી વિશિષ્ટ/યુક્ત છે. અને તેને નોંધવા માટે કોઈ ચિહ્નનો ઉપયોગ થયો નથી. (આપણી સગવડ ખાતર આપણે તેની = ઉદાત્તસ્વરની નીચે (બિન્દુ) મૂકીશું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

यज्ञेन ।) યુરોપીય ભાષાઓમાં આ ઉદાત્તસ્વરભાર—બલાઘાત— stress ને નોંધવા માટે, જે અક્ષર (= સ્વરવર્ણ/સ્વરધ્વનિ) ઉદાત્તસ્વર યુક્ત હોય તેની ઉપર આવી નિશાનીનો ઉપયોગ થાય છે : यज्ञेन । = yajnena.) (આ ઉદાત્તસ્વરને સૂરાત્મક હોવાનું કલ્પીને, કેટલાકે તેને rising tone – આરોહાત્મક સૂર કહેલ છે. પરંતુ નિશ્ચિતપણે આવું કહેવું શક્ય નથી.

(૨) અનુદાત્ત : ''ઉપર નહીં ખેંચાયેલો.'' ઉદાત્તસ્વરની આગળના અક્ષર (સ્વરવર્ણ/સ્વરધ્વનિ)ને 'અનુદાત્ત' ગણવામાં આવે છે અને તે સ્વર (= ઉચ્ચારણ ધર્મ)ની નોંધ લેવા માટે ઋગ્વેદમાં, તે અક્ષરની નીચે–(આડી લીટી) કરવામાં આવે છે. જેમકે, यज्ञेन । અહીં य (य् + अ) અક્ષર (માંનો अ સ્વરધ્વનિ) અનુદાત્તસ્વર (ઉચ્ચારણ ધર્મ) વિશિષ્ટ છે; એની નોંધ લેવા માટે તેની નીચે આડી લીટી કરવામાં આવી છે. (કેટલાકે આને falling tone – અવરોહાત્મક સૂર પણ કહ્યો છે.) च, वै, ह જેવા નિપાતો (અવ્યયો) અને युष्मद्–अस्मद् ના (मा, वः, नः જેવા) વૈકલ્પિક રૂપોનો સ્વર હંમેશા અનુદાત્ત જ હોય છે.

(૩) સ્વરિત, પાણિનિના अनुदात्तम् पदम् एकवर्जम् । ૬–૧–૧૫૨ સૂત્ર અનુસાર, સંસ્કૃતભાષાના પદોમાં એક અક્ષરને છોડીને બાકીના બીજા બધા અક્ષરો (સ્વરધ્વનિઓ) અનુદાત્ત હોય છે. અર્થાત્ મહદંશે દરેક પદમાં એક અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોવાનો, અને બાકીના બીજા બધા અનુદાત્તસ્વર યુક્ત હોવાના. હવે, [જે અક્ષર ઉપર ઉદાત્તસ્વર હોય તેની આગળના અક્ષરને અનુદાત્તસ્વર યુક્ત (–) ગણવામાં આવ્યો છે, અને) ઉદાત્તસ્વર યુક્ત અક્ષરની પાછળના અક્ષરનો અનુદાત્તસ્વર 'સ્વરિતસ્વર' બની જાય છે. (પરંપરાગત રીતે એવું મનાતું આવ્યું છે કે આ સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ વર્ણધર્મોનો સમાહાર = સંમિશ્રણ થયું હોય છે. આ સ્વરિતના પૂર્વાર્ધમાં ૧–૨ ઉદાત્તત્વ અને ઉત્તરાર્ધમાં ૧–૨ અનુદાત્તત્વ વર્ણધર્મ રહેલા હોય છે.) જેમકે, यज्ञेन । અહીં नं અક્ષરની ઉપર લીટી સ્વરિતસ્વરની નિશાની છે.

આ સ્વરિતસ્વર મુખ્યત્વે બે પ્રકારનો છે. (૧) પરતન્ત્રી સ્વરિત. ઉપર જે સ્વરિતની ચર્ચા કરી છે તે આ પ્રકારનો સ્વરિત છે. તે ઉદાત્તસ્વરના આશ્રયે રહેતો હોઈ તેને પરતન્ત્રી કહ્યો છે. (૨) સ્વતંત્રસ્વરિત. આ સ્વર પણ ઉદાત્તસ્વરની જેમ પ્રધાનસ્વર ગણાય છે. કેમકે 'દરેક પદમાં એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત હોવાનો જ' એવા નિયમના અપવાદ રૂપે જ્યાં ઉદાત્તસ્વર ન હોય ત્યાં ક્યારેક તે પદના મુખ્ય સ્વર તરીકે આ સ્વતંત્ર સ્વરિતસ્વર આવી શકે છે. આ સ્વરિતના ચાર પેટાપ્રકારો પડે છે :

(क) જાત્ય સ્વરિત – (क्वं । कन्याः । स्वं); (ख) ક્ષૈપ્ર સ્વરિત (व्यानट्); (ग) અભિનિહિત સ્વરિત (सोऽब्रवीत्) અને (घ) પ્રશ્લિષ્ટ સ્વરિત (अमीन्धताम्)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪) પ્રચય (એકશ્રુતિ) : સંહિતાપાઠમાં સ્વરિતની પાછળ જે અનુદાત્તસ્વરો આવે છે, તેમાંથી પરવર્તી ઉદાત્ત કે સ્વતન્ત્ર સ્વરિતની બરાબર આગળ આવનારા અનુદાત્તસ્વરને છોડીને, બાકી રહેલા અનુદાત્તસ્વરોને પ્રચય સ્વર કહેવામાં આવે છે. (આ પ્રચય સ્વરને માટે ઋગ્વેદમાં કોઈ ચિહ્ન વપરાતું નથી. પણ આપણે સગવડ ખાતર તેને × (ચોકડી)થી દર્શાવીશું.) इमं मे गङ्गे ग॰ गरस्वति
××× ×××–
शुतुद्रि । (ऋ. १०–७५–५). અહીં મે ઉપર સ્વરિતની નિશાની છે. તેની પાછળના બધા અક્ષરોમાં પ્રચયસ્વર ગણાય છે. આ પ્રચય સ્વરને માટે પ્રચ, પ્રચિત, નિચિત, ઉદાત્તમય/ઉદાત્તશ્રુતિ કે એકશ્રુતિ જેવાં નામાન્તરો પણ વપરાય છે.

(૫) અનુદાત્તતર : સ્વરિતસ્વરની પાછળ જે અનુદાત્તો (= પ્રચયો) આવેલા હોય છે, તેમાંથી જે (એક) અનુદાત્ત સ્વર, પરવર્તી ઉદાત્ત કે સ્વતંત્ર સ્વરિતની બરાબર આગળ આવેલો હોય તેને (પ્રચયસ્વર નહીં કહેતાં,) સન્નતર = અનુદાત્તતર કહેવાય છે. જેમકે, ઉપરના ઉદાહરણમાં शुतुद्रि ના ઉદાત્ત (शु) સ્વરની બરાબર આગળ આવેલા सरस्वति શબ્દના અનુદાત્ત (ति) ને અનુદાત્તતર કહે છે.

(૬) ઉદાત્તતર : આ સ્વરનું મહાભાષ્યકારે નામસ્મરણ કર્યું છે. પણ તેની કોઈ સમજૂતી કે ઉદાહરણ લેખકને પ્રાપ્ય બની નથી.

(૭) સ્વરિતસ્યોદાત્ત : સ્વરિતસ્વરના પૂર્વાર્ધમાં $^{1}/_{2}$ માત્રા જે ઉદાત્તત્વની હોય છે, તે ઉદાત્તત્વને વિશિષ્ટ ગણવામાં આવ્યું છે. અને આ વિશિષ્ટ ઉદાત્ત, પૂર્વોક્ત (પ્રથમ) ઉદાત્તસ્વર કરતાં જુદો ગણવામાં આવ્યો છે.

*

સંસ્કૃત ભાષામાં મળતી આ ઉદાત્તાદિ (ઉચ્ચારણ ધર્મો)–સ્વરભાર (accent)ની વ્યવસ્થા વૈદિક સાહિત્યમાં દઢપણે સચવાઈ રહી છે અને તે સ્વારસ્યપૂર્ણ પણ છે. કેમકે વેદમાં (ઉદાત્તાદિ) સ્વરભેદે અર્થભેદ થાય છે (= સ્વર બદલાતાં પદનો અર્થ પણ બદલાઈ જાય) એવાં ઉદાહરણો મળે છે. દા.ત. इन्द्रशत्रुः । શબ્દમાં જ્યારે આદિ અક્ષર (इ) ઉદાત્તસ્વરથી યુક્ત હોય ત્યારે તે બહુવ્રીહિ સમાસ ગણાય છે અને તેનો અર્થ "ઈન્દ્ર છે શત્રુ (= હણનારો) જેનો" એવો થાય છે. પરંતુ જો इन्द्रशत्रु । શબ્દમાં અંતિમ અક્ષર (त्रुः) ઉદાત્ત હોય તો, તે ષષ્ઠી તત્પુરુષ સમાસ ગણાશે અને તેનો અર્થ "ઈન્દ્રનોશત્રુ (= ઈન્દ્રને હણનાર)" થાય છે. આમ વેદ સાહિત્યની આ (= ઉદાત્તાદિ) સ્વર વ્યવસ્થા બહુ નોંધપાત્ર છે. પરંતુ, પ્રાચીન સમયમાં લૌકિક સંસ્કૃતભાષામાં પણ ઉદાત્તાદિ સ્વરો વપરાતા હતા એવા નિર્દેશો મળે છે. (જુઓ પાણિનિ ૬–૧–૧૮૧,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪–૨–૭૩ વગેરે સૂત્રો) આથી પં. શ્રી યુધિષ્ઠિર મીમાંસકજી લખે છે કે – પુરાકાલમાં મૌલિક ભાષા નિબદ્ધ મનુસ્મૃતિ, નિરુક્ત અને પાણિનીય શિક્ષા આદિ ગ્રન્થો પણ સસ્વર રચાયા હતા. ઉત્તરકાલમાં સ્વરોચ્ચારણ શિથિલ થઈ જતાં, જેવી રીતે તાંડય આદિ બ્રાહ્મણ ગ્રન્થોમાંથી સ્વરોનો લોપ થયો છે, તેવી રીતે આ ગ્રન્થોમાંથીય સ્વરો લુપ્ત થઈ ગયા છે. (પૃ. ૪૮)

*

તુલનાત્મક ભાષાશાત્રીય અધ્યયનોને આધારે એવું જણાયું છે કે–ઈન્ડો–યુરોપિયન ભાષાકુળની પ્રાચીન ભાષાઓના પદોમાં મૂળ ઉદાત્ત સ્વર જ્યાં વપરાતો હતો, પ્રાયઃ ત્યાં જ ઋગ્વેદમાં પણ તે ઉદાત્તસ્વર જોવા મળે છે. દા.ત.

	સંસ્કૃત	ગ્રીક
૧	જ્ઞાનુ ઘુંટણ	Gónu
૨	તતઃ (√તનુ + ક્ત) (ફેલાયેલો)	Tató's

*

વૈદિક સંસ્કૃતભાષા વરાતા સ્વરભાર (accent) વિશે (૧) ડો. પી. ડી. ગુણે મહાશયનો મત નીચે મુજબ છે. ''બલ (stress) અથવા સ્વરાઘાત/સ્વરભાર (accent) : કોઈ પણ શબ્દના બધા અક્ષર સરખા મહત્ત્વના નથી હોતા. પ્રાયઃ એમાંથી કોઈ એકને પ્રમુખતા આપવામાં આવે છે. આવું અનેક પ્રકારે કહી શકાય છે. જેમકે અક્ષર નું વિશિષ્ટ સૂરમાં અથવા અધિક બલની સાથે ઉચ્ચારણ કરીને જર્મનીના ઉત્તરીય પ્રદેશોમાં આ બન્ને એક સાથે આવી શકે છે. દા.ત. vater શબ્દમાં. આ શબ્દના પ્રથમ અક્ષર (va) માં કેવળ બલ જ નહીં, પણ સૂર પણ છે. અક્ષર ની આ વિશિષ્ટતા સ્વરાઘાત (accent) કહેવાય છે. બીજા અર્થાત્ સૂર (pitch accent) ને સંગીતાત્મક સ્વરાઘાત પણ કહે છે. સંસ્કૃત અને અધિકાંશ ભારત જર્મનિક (ભારત–યુરોપીય) ભાષાઓ મૂળભૂત રીતે સંગીતાત્મક હતી. ઋજિસ્વન્। ગાયત્રમ્ ઇન્દ્રઃ । ઇન્દ્રાગ્ની । માં સંગીતાત્મક સ્વરાઘાત છે.''*

(૨) પ્રોફે. એ. મેકડોનલનો મત નીચે મુજબ છે. વેદના સ્વરની યોજના આરોહ–અવરોહને ધોરણે થયેલી હતી. પાણિનિની પછીના સમય સુધી સંસ્કૃત સ્વરની આ યોજના કાયમ રહી હતી. (પણ જેવી રીતે ખ્રિસ્તી સંવતની શરૂઆત પછી પ્રાચીન યવનોની આરોહ–અવરોહના ધોરણની સ્વરયોજનાને બદલે ધીરે ધીરે ઉચ્ચારભારના ધોરણની સ્વરયોજનાનો સ્વીકાર કરવામાં આવ્યો; તેવી રીતે) ઈસવીસનના સાતમા સૈકામાં અને (ઘણું લાંબા વખત ઉપર) સંસ્કૃત સ્વર યોજનામાં પણ એવા જ પ્રકારનો ફેરફાર થતો ગયો. પણ અસલની યાવની (= યુરોપીય)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાષામાં આરોહ–અવરોહ પ્રમાણે ભાષામાં જે અક્ષર ઉપર હાલની યાવની ભાષામાં પણ ઉચ્ચારભાર પ્રમાણેનો સ્વર આવે છે, ત્યારે સંસ્કૃત શબ્દોનો હાલનો ઉચ્ચાર વૈદિક સમયના સ્વર સાથે કંઈ પણ સંબંધ ધરાવતો નથી. પરંતુ કંઈક લેટિન ભાષાની પેટે છેલ્લા બે કે ત્રણ અક્ષરના વજન ઉપર જ આધાર રાખે છે. ઉદા. ત. ઉપાન્ત્ય સ્વર જો લાંબો હોય તો તો તેના ઉપર ભાર મૂકાય છે. જેમકે – कालिदास (એ શબ્દમાં दा ઉપર ભાર આવે છે). અથવા ઉપાન્ત્યની પહેલાંના સ્વર, ઉપર ભાર મૂકાય છે. જેમકે, ब्राह्मणः અથવા हिमालयः । (અહીં ब्र અને म ઉપર ભાર આવે છે. (લૌકિક) સંસ્કૃત સ્વરમાં આ ફેરફાર થયો તે પ્રાકૃતની અસરને લીધે થયો. પ્રાકૃતમાં ઉચ્ચારભાર પ્રમાણેનો સ્વર ઘણા પ્રાચીન સમયથી પ્રચાર પામેલો હતો. ખ્રિસ્તી સંવતના કેટલાક સૈકાઓ આગળથી જ એ સ્વર પ્રાકૃતમાં દાખલ થયો હતો, એની જ અસર સંસ્કૃત ઉપર થઈ હોવી જોઈએ : (સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ–મેકડોનલ, અનુ. મો. પા. દવે, સૂરત, ૧૯૬૮, પૃ. ૬૩–૬૪).

* * *

* Stress or Accent – But all the syllables of a word are not of the same value. Usually some one of them is brought into prominence. This could be effected in different ways : by uttering the syllable in a particular tone or with greater stress. In the north of Germany, for example, both these coincide; e.g vater – the first syllable carries not only the stress but the pitch. This special treatment of a syllable is called accent. The letter or pitch accent is also called musical accent. Sanskrit and most of the Indo Germanic languages had originally musical tone. e.g. ऋजश्वन्, गायत्रम् इन्द्रः इन्द्राग्नी–where accent is musical. Gune P. D. ' **An Introduction of the Comparative philology** (.7).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૯

67. ધ્વનિ : સામાન્ય રીતે બે કે બેથી વધારે પદાર્થોના અથડાવાથી ઉત્પન્ન થનારા અવાજને 'ધ્વનિ' (અથવા શબ્દ) કહેવામાં આવે છે. પશુ—પક્ષીઓના કંઠમાંથી નીકળતા અવાજને પણ 'ધ્વનિ' કહેવાય છે. એ જ પ્રમાણે, મનુષ્યોના કંઠમાં નીકળતા અવાજને પણ 'ધ્વનિ' કહે છે. આને 'વાચિક—ધ્વનિ' પણ કહેવાય છે. (આ ઉપરાંત, આનંદવર્ધને વ્યંગ્યાર્થને પણ "કાવ્યનો આત્મા—ધ્વનિ" કહ્યો છે.) પરંતુ ભાષાવિજ્ઞાનીઓને માટે માનવના 'ધ્વનિયન્ત્ર' = મુખમાંથી નીકળેલા અવાજનું મહત્ત્વ છે; અને તેઓ તેવા અવાજને જ 'ધ્વનિ' કહેવા તૈયાર છે. ભાષાવિજ્ઞાનીઓની દૃષ્ટિએ ધ્વનિનું શાસ્ત્રીય—લક્ષણ આ પ્રમાણે બાંધી શકાય :—

"મનુષ્યના શ્વાસ—ઉચ્છ્વાસની મદદથી મુખવિવરમાં રહેલા નિશ્ચિત (કંઠ, તાલ્વાદિ) સ્થાન અને (આભ્યંતર તથા બાહ્ય) પ્રયત્ન વડે ઉત્પન્ન થતાં; તથા શ્રવણેન્દ્રિય દ્વારા તે જ સ્વરૂપે ગ્રહણ થતાં અવાજના આંદોલનોને 'ધ્વનિ' કહે છે."

ધ્વનિની ઉત્પત્તિ કેવી રીતે થાય છે ? એ રસપ્રદ વિષય છે. પાણિનીય શિક્ષામાં લખ્યું છે કે —

आत्मा बुद्धया समेत्यार्थान् मनो युङ्क्ते विवक्षया ।
मनः कायाग्निमाहन्ति स प्रेरयति मारुतम् ॥
मारुतस्तूरसि चरन् मन्द्रं जनयते स्वरम् ।
... ...
सोदीर्णो मूर्ध्न्यभिहतो वक्त्रमापद्य मारुतः ।
वर्णाञ्जनयते, (तेषां विभागः पञ्चधा स्मृतः) ॥ (६—९)

અર્થાત્ "વક્તાનો આત્મા બુદ્ધિની સાથે જોડાઈને, જે પદાર્થો—અર્થો meanings નો સાક્ષાત્કાર કરે છે, અને અભિવ્યક્ત કરવાની ઈચ્છા (વિવક્ષા)થી મનને પ્રયોજે છે. મન શારીરિક શક્તિને પ્રેરે છે અને તે શારીરિક શક્તિ અંદરના વાયુને ('પ્રાણ' નામના વાયુને) પ્રેરે છે, ત્યાર પછી, તે વાયુ ઉરમાં—ફેફસામાં—ગતિશીલ થઈને મન્દ્ર—સામાન્ય—સ્વર (ધ્વનિ)ને ઉત્પન્ન કરે છે. આ ઉપર ચઢેલો અને મૂર્ધા (= મસ્તક)માં અથડાયેલો વાયુ, મુખ વિવર (= મોંની બખોલ)માં પ્રવેશ કરીને વર્ણોને જન્માવે છે; (આ વર્ણોના પ્રકાર પાંચ છે)." આ રીતે, પાણિનીય શિક્ષા અનુસાર ધ્વનિની ઉત્પત્તિ—આત્મા, બુદ્ધિ, મન, (પ્રાણ)વાયુ અર્થાત્ શ્વાસ/ઉચ્છ્વાસ; ઉર (હૃદય = ફેફસાં, શ્વાસનળી અને સ્વરન્ત્રીઓ), મૂર્ધા (મસ્તક) તથા વક્ત્ર (મુખવિવર) (= મુખવિવરમાં આવેલાં ઉચ્ચારણ સ્થાનો અને કરણ) વગેરેથી થાય છે. આમાંથી આત્મા, બુદ્ધિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને મનને બાદ કરીને બાકીના બધા જ અવયવોને વાગ્યન્ત્ર/ધ્વનિયન્ત્ર કે ઉચ્ચારણાવયવો કહેવામાં આવેલ છે.

'ન્યાયસૂત્ર' ઉપરના ભાષ્યમાં વાત્સાયને '(વર્ણોનું) ઉચ્ચારણ' એટલે શું ? – તે સમજાવતાં લખ્યું છે કે

किमिदमुच्चारणं नामेति । विवक्षाजनितेन प्रयत्नेन कोष्ठ्यस्य वायोः प्रेरितस्य कण्ठताल्वाद्यभिघातः यथास्थानं प्रतिघाताद् वर्णाभिव्यक्तिः ॥



ઉચ્ચારણ–અવયવો

૧. Nose– નાસિકા
૨. Nasal Cavity–નાસિકાવિવર
૩. Roof–મૂર્ધા
૪. Nasal Pharynx–નાસિકાવિવર (Passage)
૫. Hard palate–કઠોર તાલુ
૬. Soft palate–કોમલ તાલુ
૭. Front of Tongue–જીહ્વા ફલક
૮. Uvula– અલિજિહ્વા (પડ જીભ)
૯. Back of Tongue–પશ્ચ જીહ્વા
૧૦. Pharynx–ગલબિલ (ગ્રસનિકા)/કંઠવિવર
૧૧. Root of Tongue–જિહ્વામૂલ
૧૨. Epiglottis–અભિકાકલ
૧૩. Food pipe–અન્નનળી
૧૪. Vocal cords–સ્વરતન્ત્રિ
૧૫. Wind pipe–શ્વાસનળી
૧૬. Glottis–કાકલ–સ્વરયંત્ર
૧૭. Larynx on Adams apple–સ્વરયંત્ર
૧૮. Tongue–જીભ
૧૯. Teeth Ridges–વર્ત્સ (= દંતમૂલ)
૨૦. Teeth–દાંત
૨૧. Lips–ઓઠ
૨૨. Blade and Tip of Tongue–જિહવાગ્ર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

68. ધ્વનિઓનું દ્વિવિધ વર્ગીકરણ : ધ્વનિઓ (વર્ણો)ના મુખ્યત્વે બે પ્રકાર પડે છે : (૧) સ્વરધ્વનિઓ અને (૨) વ્યંજનધ્વનિઓ. સ્વર અને વ્યંજન વિષે પતંજલિ કહે છે કે – स्वयं राजन्ते इति स्वराः, अन्वग् भवति व्यञ्जनम् । (१–२–३० सूत्रभाष्यम्) ''સ્વર સ્વતન્ત્ર રૂપે શોભે છે તથા વ્યંજન તેમનું (સ્વરોનું) અનુસરણ કરે છે'', અર્થાત્ જે ધ્વનિઓ સ્વતંત્ર રીતે = અન્ય ધ્વનિઓની મદદ વિના, ઉચ્ચારી શકાતા હોય તેમને સ્વરધ્વનિઓ કહેવાય છે. આ દૃષ્ટિએ વ્યંજનો સ્વતંત્ર નથી; તેમના ઉચ્ચારણમાં સ્વરધ્વનિઓની મદદ લેવી પડે છે.

આધુનિક ભાષાવૈજ્ઞાનિકોએ 'સ્વર'ની વ્યાખ્યા નીચે મુજબ આપી છે : ''સ્વરો ઘોષયુક્ત (voiced) ધ્વનિઓ છે. તેમના ઉચ્ચારણમાં કોઈ પણ જાતના અંતરાય કે ઘર્ષણ (friction) વિના શ્વાસ મુખવિવરમાંથી બહાર નીકળે છે. વળી, મુખવિવરમાં આવેલાં ઉચ્ચારણ સ્થાનોની સાથે જીભનો સ્પર્શ કે ઘર્ષણ થતું નથી.'' બીજા શબ્દોમાં, સ્વરોની જો વિશેષતાઓ નોંધાવી હોય તો–૧. બધા સ્વરો સઘોષ હોય છે. આથી સ્વરોના ઉચ્ચારણમાં સ્વરતન્ત્રિઓમાં અપેક્ષાકૃત વધારે કંપન થાય છે. ૨. જીભ કે ઓષ્ઠનો ક્યાંય સ્પર્શ થતો નથી. ૩. સ્વરોનું ઉચ્ચારણ ઘણીવાર સુધી કરી શકાય છે અને તેઓ પ્રમાણમાં કંઈક વધારે દૂર સુધી સાંભળી શકાય છે. ૪. સ્વરો વ્યંજનોની મદદ વિના ઉચ્ચારી શકાય છે. ૫. સ્વરાઘાત (accent) વહન કરવાની ક્ષમતા કેવળ સ્વરોમાં જ હોય છે. ૬. સ્વરો એકલા અને વ્યંજનોમાં ભળી જઈને એમ બન્ને રીતે 'અક્ષર' (syllable) બનાવે છે.

હવે, સ્વર સિવાયના બીજા જે કોઈ ધ્વનિઓ હોય તે 'વ્યંજન' કહેવાય છે. મુખવિવરમાંથી નીકળતા વાયુનો થોડોઘણો અવરોધ કે સંઘર્ષ થતાં વ્યંજનોનું ઉચ્ચારણ થાય છે. આ વ્યંજનો 'ઘોષ' અને 'અઘોષ' એમ બે પ્રકારના જોવા મળે છે. વ્યંજનોની વિશેષતાઓ આ પ્રમાણે છે : ૧. સ્વરોની મદદ વિના વ્યંજનો ઉચ્ચારી શકાતા નથી. ૨. વ્યંજનોના ઉચ્ચારણ વખતે મુખવિવરમાંથી વાયુ ક્યાંકને ક્યાંક રોકાય છે અથવા સંઘર્ષ કરે છે. ૩. વ્યંજનોનું ઉચ્ચારણ લાંબીવાર સુધી કરી શકાતું નથી. ૪. વ્યંજનો સાંભળવામાં વધારે પડતા પરિસ્ફુટ નથી પણ હોતા, આથી દૂર સુધી સ્પષ્ટ સાંભળી પણ શકતા નથી. ૫. વ્યંજનો સ્વરાઘાત વહન કરી શકતા નથી. ૬. માત્ર વ્યંજનોથી 'અક્ષર' બની શકતો નથી.

69. સ્વરધ્વનિઓનું વર્ગીકરણ : સ્વરધ્વનિઓનું વર્ગીકરણ અનેક રીતે કરવામાં આવે છે. જેમકે, (૧) માત્રાની દૃષ્ટિએ–સ્વરોના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ભેદો પાડવામાં આવ્યા છે. એક માત્રાવાળા સ્વરને 'હ્રસ્વ' (દા.ત. अ) કહેવામાં આવે છે. બે માત્રાવાળા સ્વરને 'દીર્ઘ' (દા.ત. आ) કહેવામાં આવે છે, તથા ત્રણ માત્રાવાળા સ્વરને 'પ્લુત' (દા.ત. હે કૃષ્ણ ૩ ! અહીં સંબોધનમાં 'ણ'માંનો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अ ત્રણ માત્રાવાળો ઉચ્ચારાય છે. તેને 'પ્લુત') કહેવાય છે. (૨) જીભની સ્થિતિને આધારે–સ્વરધ્વનિઓ ત્રણ ભાગમાં વહેંચી શકાય છે. સ્વરોના ઉચ્ચારણમાં જીભનો અગ્રભાગ, મધ્યભાગ અને પશ્ચભાગ થોડોઘણો ઊંચો અથવા નીચો થાય છે; આને આધારે इ ई ए–ને અગ્રસ્વર કહ્યા છે; अ ને મધ્યસ્વર તથા आ, उ, ऊ, ओ ને પશ્ચસ્વર કહ્યા છે.

*

આધુનિક ભાષાવૈજ્ઞાનિકોએ માનસ્વર, આદર્શસ્વર, મૂલસ્વર અથવા આધારસ્વરોની સંખ્યા આઠની નક્કી કરી છે. માનસ્વરો (Cardinal vowel) ની ઉચ્ચારણ સ્થિતિને પ્રદર્શિત કરવા માટે, આજે જે 'સ્વર–ચતુર્ભુજ' નામના ચિત્રનો પ્રચાર છે, તે પ્રોફેસર ડેનિયલ જોન્સે બનાવ્યો છે. આ માનસ્વરોનું મહત્ત્વ એ છે કે તેમના આધારે જુદી જુદી ભાષાઓના સ્વરની ઉચ્ચારણસ્થિતિને બરાબર સમજી શકાય છે.

તાલુસ્તાન



આ ચતુર્ભુજની પહેલી રેખાના સ્વરો (इ ए ऐ અને आ) અગ્રીમ સ્થાનીય–'અગ્રસ્વરો' કહેવામાં આવે છે. આ અગ્રસ્વરોના ઉચ્ચારણમાં જીભ આગળ વધતી હોય છે. इ ના ઉચ્ચારણમાં જીભની સ્થિતિ ઉચ્ચતમ હોય છે અને अ ના ઉચ્ચારણમાં નિમ્નતમ. આ જ પ્રમાણે, પશ્ચ સ્થાનીય–પશ્ચસ્વરો (उ, ओ, ओ અને आ) – ના ઉચ્ચારણમાં જીભ પાછળ ખેંચાયેલી હોય છે; વધારે ચોક્કસ કહીએ તો આ સ્વરોના ઉચ્ચારણમાં પાછળનો ભાગ કોમલ તાલુની તરફ ઊંચો થાય છે. મધ્યસ્થાનીય–અર્થાત્ કેન્દ્રીય સ્વર अ (e) ના ઉચ્ચારણ સમયે જીભ સામાન્ય સ્થિતિમાં પડી રહે છે તથા તે કેન્દ્રીય સ્વરની પશ્ચ પ્રકૃતિ अ (v) ના ઉચ્ચારણમાં ઓઠોની ચંચળતા પણ જોવા મળે છે.

*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) अ, (आ), इ (ई), उ (ऊ), ऋ અને लृ– આ પાંચને 'સમાનાક્ષર સ્વર કહ્યા છે. તથા ए, ऐ, ओ અને औ– આ ચારને 'સન્ધ્યક્ષરૈં સ્વર કહ્યા છે (આમાંથી ए અને ओ ને કેટલાક આચાર્યોએ સમાનાક્ષર સ્વર' કહ્યા છે.)

(૪) સ્થાનની દૃષ્ટિએ – अ, आ ને કંઠ્ય; इ, ई, ए અને ऐ ને તાલવ્ય (અથવા ए, ऐ ને કંઠતાલવ્ય); उ, ऊ, ओ અને औ ને ઓષ્ઠ્ય (અથવા ओ, औ ને કંઠોષ્ઠ્ય) કહ્યા છે. ऋ ॠ અને लृ અનુક્રમે મૂર્ધન્ય અને દન્ત્ય કહેવાયા છે. પરંતુ ભાષા વૈજ્ઞાનિક દૃષ્ટિએ ऋ, ॠ અને लृ સ્વર र् અને ल् ના 'અક્ષર' સંઘટનાકારી રૂપ ગણાયાં છે; સ્વતન્ત્ર સ્વર નહીં.

70. સ્થાન અને પ્રયત્નને આધારે વ્યંજનધ્વનિઓનું વર્ગીકરણ :

ઉચ્ચારણ સ્થાન : ફેફસામાંથી ઉત્પન્ન થયેલો અને શ્વાસનળીમાંથી પ્રવાહિત થઈને આવતો ઉચ્છ્વાસ વાગ્યન્ત્રમાં જે જગ્યાએ રોકાઈને કે સંકીર્ણ થઈને 'ધ્વનિ'નું સ્વરૂપ ધારણ' કરે છે. આ ઉચ્છ્વાસ જે સ્થાન–અવયવ–માં રોકાયો કે સંકીર્ણ થયો હોય તે, જે તે ધ્વનિનું સ્થાન ગણાય છે. (વાગ્ યન્ત્રનું જે અવયવ ગતિશીલ થઈને, ઉચ્ચારણ–સ્થાન સુધી જઈને વાયુને અવરોધે છે, તે અવયવને કરણ કહેવાય છે.) સ્થાનભેદની દૃષ્ટિએ વ્યંજનોનું વર્ગીકરણ આ પ્રમાણે છે :–

૧. **क વર્ગ** ના ધ્વનિઓને સંસ્કૃત વૈયાકરણોએ કંઠ્ય કહ્યા છે. પ્રાતિશાખ્યોમાં એનું સ્થાનું જિહ્વામૂલ ગણાવાયું છે. क વર્ગના ઉચ્ચારણમાં જિહ્વાનું મૂળ કોમલતાલુ (velum) ને સ્પર્શે છે. આધુનિક દૃષ્ટિએ તેમને કોમલતાલવ્ય (Guttural or Velor) કહેવાયા છે.

૨. **च વર્ગ** ના ધ્વનિઓ તાલુ સ્થાનમાંથી નિષ્પન્ન થાય છે. આના ઉચ્ચારણમાં જીભની વચ્ચેનો ભાગ કઠોરતાલુના બન્ને છેડાઓને સ્પર્શે છે. આથી સંસ્કૃતમાં તે શુદ્ધતાલવ્ય ધ્વનિઓ છે. (પરંતુ આધુનિક ભારતીય ભાષાઓમાં તે ધ્વનિઓ 'સોષ્મ સ્પર્શ' (affricates) બની ગયા છે.

૩. **ट વર્ગ** ના ધ્વનિઓને મૂર્ધન્ય કહ્યા છે. પરંતુ પ્રાતિશાખ્યકારો અને આધુનિક ધ્વનિશાસ્ત્રીઓ તેને પ્રતિવેષ્ટિત (retroflex) ધ્વનિ કહે છે. કેમકે આ ધ્વનિઓના ઉચ્ચારણમાં જીભનો અગ્રભાગ ઊંધો વળીને કઠોરતાલુના કોઈપણ ભાગને સ્પર્શે છે. આને જીભનું 'પ્રતિવેષ્ટિતત્વ' કહે છે. આ જ રીતે, વૈદિક ळ, ळ्ह ધ્વનિઓ પ્રતિવેષ્ટિત (flapped retroflex) કહેવાય છે.

૪. **त વર્ગ** ના ધ્વનિઓ દન્ત્ય છે.

૫. **प વર્ગ** ના ધ્વનિઓ દ્વયોષ્ઠ્ય છે. (બન્ને હોઠની મદદથી આ ધ્વનિઓ ઉચ્ચારાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. ङ्, ञ्, ण्, म् न्—આ પાંચને 'અનુનાસિક' ધ્વનિઓ કહ્યા છે. કેમકે આ ધ્વનિઓના ઉચ્ચારનો આરંભ તેમના તે તે સ્થાનોમાંથી થાય છે અને પછી (अनु) નાસિકામાંથી પણ વાયુ નીકળે છે.

न् નું સ્થાન દંત નાસિકા ગણાયું છે, પણ વાસ્તવિક રીતે જોતાં તેનું સ્થાન વર્સ્વ *(teeth ridge) છે. (= ઉપરના દાંતની પાછળનો થોડોક ખરબચડો ભાગ).

૭. य् व् र् ल् ને સંસ્કૃત વૈયાકરણોએ અન્તઃસ્થ (અર્ધસ્વર semi vowels) કહ્યા છે. પરંપરાગત રીતે य તાલવ્ય છે, व् દંતોષ્ઠ્ય છે, र् મૂર્ધન્ય અને ल् દન્ત્ય છે. પરંતુ આધુનિક દૃષ્ટિએ કેટલાકના મતે न् તાલવ્ય છે અથવા વર્સ્થ (Alveolar) છે, व् દ્વયોષ્ઠ્ય છે, તથા આ બેનું 'અક્ષર' સંઘટનાકારી इ અને उ માને છે. र् અને ल् ને દ્રવિત liquid तरल ધ્વનિઓ કહ્યા છે. વધારે ચોકસાઈથી કહેતાં र् ન 'લુંઠિત' (rolled) અને ल् ને 'પાર્શ્વિક' કહેવા પડે એમ છે.

૮. श् ष् स् ધ્વનિઓ ક્રમશઃ તાલવ્ય, પ્રતિવેષ્ટિત (મૂર્ધન્ય) અને દન્ત્ય સોષ્મ–ઊષ્માક્ષરો–છે.

૯. અઘોષ ह (:) વિસર્ગ રૂપે લખાય છે અને ઘોષ ह કંઠ્ય Guttural (અથવા ઉરસ્ય) (Pumonic) કહેવાયો છે.

ઉચ્ચારણ પ્રયત્ન મુખ્યત્વે બે પ્રકારના છે : આભ્યંતરને અને બાહ્ય :

૧. આસ્ય અર્થાત્ મુખવિવરમાં જે પ્રયત્ન થાય છે, તેને આભ્યંતર પ્રયત્ન કહે છે. જીભ દ્વારા મુખવિવરમાં ધ્વનિઓના સ્થાનને જે સ્પર્શ થાય છે તે આ આભ્યંતરપ્રયત્નમાં આવી જાય છે. આભ્યંતર પ્રયત્નના આધારે સ્વરોનો પ્રયત્ન કેવળ વિવૃત જ હોય છે. વ્યંજન ધ્વનિઓના ઉચ્ચારણમાં આંઠ પ્રકારના આભ્યંતર પ્રયત્નો નોંધાયા છે. સ્પર્શ, સંઘર્ષ, સ્પર્શ–સંઘર્ષી, અનુનાસિક, પાર્શ્વિક, લુંઠિત, ઉત્ક્ષિપ્ત તથા અર્ધસ્વર. (આમાંના કેટલાક પ્રયત્નોનો ઉલ્લેખ ઉપર 'સ્થાન'માં પણ આવી ગયો છે.) ૨. મુખવિવર (આસ્ય) ની 'બહાર' અર્થાત્ સ્વરતન્ત્રી, ઉર (કાકલ, શ્વાસનળી, ફેફસાં)માં થનારા પ્રયત્નને બાહ્ય પ્રયત્ન કહે છે. (= મોંની બખોલસિવાય અન્યત્ર થતો પ્રયત્ન.) નાસિકા પણ મુખવિવરની બહાર ગણાય છે. આ રીતે બાહ્ય પ્રયત્નના ત્રણ ભેદ પડશે (૧) સ્વરતન્ત્રીસંબંધી બાહ્ય પ્રયત્ન, (૨) ઉરસંબંધી બાહ્ય પ્રયત્ન અને (૩) નાસિકાસંબંધી બાહ્ય પ્રયત્ન.

* કેટલાક લોકો ભ્રાંતિથી અને 'વર્ત્સ' કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નાસિકા સંબંધી બાહ્ય પ્રયત્ન.

(૧) સ્વર તન્ત્રી સંબંધી બાહ્ય પ્રયત્ન.

ઘોષ (= નાદ)	અઘોષ (= શ્વાસ)
– બધા જ સ્વરો	– क, ख । च, छ । त थ । ट ठ । प फ ।
– ग घ ङ। ज झ ञ् ।	– श ष स
– ड ढ ण । ब भ म ।	
– य र ल व ह	

(૨) ઉર સંબંધી બાહ્ય પ્રયત્ન

અલ્પ પ્રાણ	મહાપ્રાણ
– દરેક વર્ગના પ્રથમ,	– દરેક વર્ગના બીજા અને ચોથા વર્ણો
– તૃતીય અને પંચમ વર્ણો	– ह, ह् (:)
– તથા र्	

(૩) નાસિકા સંબંધી બાહ્ય પ્રયત્ન

અનુનાસિક	નિરનુનાસિક
– ङ ण ञ न म	– દરેક વર્ગના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા વર્ણો
– यँ, वँ, लँ, ं (અનુસ્વાર)	– બધા સ્વરો, અન્તઃસ્થો
– બધા સ્વરો સાનુનાસિક अँ, इँ વગેરે બની શકે છે.	– ઊષ્માક્ષરો, વિસર્ગ

71. વૈદિક ધ્વનિ–સમૂહ

સ્વર

સમાનાક્ષર – अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ए ओ – ૧૧

સંધ્યક્ષર – ऐ (अइ), औ (अउ) – ૨

વ્યંજન

સ્પર્શ – क ख ग घ ङ (કંઠ્ય)
च छ ज झ ञ (તાલવ્ય)
ट ठ ड (ळ), ढ (ळ्ह) ण (મૂર્ધન્ય)
त थ द ध न (દન્ત્ય)
प फ ब भ म (ઓષ્ઠ્ય) ૨૭

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અન્તઃસ્થ —	य व र ल	૪
અઘોષ સંઘર્ષી —	श ष स	૩
ઘોષ ઊષ્મ —	ह	૧
અઘોષ ઊષ્મ —	: (વિસર્ગ), ≍ क ≍ प (જિહ્વામૂલીય) (ઉપધ્માનીય)	૩
શુદ્ધ અનુનાસિક —	ं (અનુસ્વાર)	૧
	કુલ ધ્વનિઓ :	૫૨

નોંધ :— લૌકિક સંસ્કૃતમાં આમાંથી ૪૮ ધ્વનિઓ સચવાઈ રહ્યા છે. ळ, क् ह, ≍ क ≍ प — આ ચાર ધ્વનિઓ વપરાતા બંધ થઈ ગયા છે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૧૦

72. પ્રાચીન ભારતીય આર્યભાષા (વૈદિક અને સંસ્કૃત)નો પરવર્તી વિકાસ: ભારત–યુરોપીય ભાષાકુળના સતમ્ વર્ગની ચાર શાખાઓમાંથી પહેલી શાખા તે 'ભારત–ઈરાની' શાખા છે (જુઓ પેરેગ્રાફ ૩૫) આ શાખાના બે પ્રતિનિધિ ગ્રન્થો 'ઋગ્વેદ' અને અવેસ્તા' છે. આમાંથી ઋગ્વેદની ભાષા (= પ્રાચીન ભારતીય આર્યભાષા)નો કેવો પરવર્તી વિકાસ થયો ? તે હવે જોઈશું. ઉપલક દૃષ્ટિએ એમ કહેવાય છે કે વૈદિક સંસ્કૃતમાંથી લૌકિક સંસ્કૃત ભાષા ઉતરી આવી છે, અને સમય જતાં ધીમે ધીમે તેમાંથી પાલિ, પ્રાકૃત, અપભ્રંશ વગેરે મધ્યકાલિક આર્યભાષાઓ ઉતરી આવી અને છેલ્લે તબક્કે અપભ્રંશમાંથી આધુનિક ભારતીય આર્યભાષાઓ બંગાળી, મરાઠી, હિન્દી, ગુજરાતી વગેરે ઉતરી આવી છે. પરંતુ આ વિષે થોડીક નકશી–થોડીક શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારણા કરવાની જરૂર છે.

ભાષાને આપણે અસ્ખલિત વહેતા નદીના પ્રવાહ જોડે સરખાવી શકીએ. નદીના પ્રવાહમાંથી 'રસ્તામાં વચ્ચે વચ્ચે નાનામોટા સરોવરો બનતા જાય (અને તેટલા અંશે તે સરોવરમાંનુ પાણી બંધીયાર–સ્થિર થતું જાય), પણ નદીનો મુખ્ય પ્રવાહ તો હંમેશા આગળને આગળ વધતો જ જાય છે. (અને એમાં કોઈ પ્રકારના સમુદ્રને મળવાનું લક્ષ્ય પણ હોતું નથી ! તે ભાષારૂપી નદીનો પ્રવાહ તો અનાદિ અનંત કાળ સુધી આગળને આગળ વહેવા માટે જ સર્જાયેલો છે–અને આ એની વિશેષતા છે.) એ જ પ્રમાણે, 'ભારત યુરોપીય ભાષાકુળ નામના નંદ (એક અતિ વિશાળ જલપ્રવાહ)નું પૂર્વની દુનિયામાં અને પશ્ચિમની દુનિયામાં બે મુખ્ય ફાંટાઓમાં–બે મોટી નદીઓમાં–(સતમ્–વર્ગ અને કેન્તુમ્ વર્ગમાં) વિભાજન થયું સતમ્ વર્ગની ભાષાનદીનું ફરી પાછું ચાર પ્રવાહોમાં વિભાજન થયું; જેમાંનો એક પ્રવાહ તે ભારત–ઈરાની શાખા. આ શાખાના ફરી પાછા બે વિભાગો થાય છે. એક ઈરાનિયન અને બીજો આર્યન ફાંટો. ભારતમાં પંજાબના રસ્તે પ્રવેશેલા આર્યો રોજબરોજના વ્યવહારમાં જે ભાષા વાપરતા, અને આજે પણ જે ભાષાને વાપરી રહ્યા છે તેને આપણે 'ભારતીય આર્ય જનભાષા' કહીશું. આ જનભાષામાંથી કાલક્રમે સાહિત્યિક ભાષાનું એક સરોવર બંધાય છે. ભાષા સાહિત્યની જનભાષાની અપેક્ષાએ પ્રમાણમાં નિયમબદ્ધ થઈને આવતી હોય છે. અને એક સીમિત વર્તુલમાં પ્રચલિત રહે છે. જ્યારે ઉપરનો વ્યવહારોપયોગી જનભાષાનો મુખ્યપ્રવાહ તો અસ્ખલિતપણે આગળને આગળ વધતો રહે છે. જેમ કે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભારતીય આર્યભાષાનો પ્રવાહ



આમાં રોજબરોજના વ્યવહારની–બોલચાલની ભાષા હંમેશા વિકાસશીલ હોય છે; પણ સાહિત્યની ભાષાનો વિકાસ અટકી જાય છે. આમ એક સાહિત્યિક ભાષામાંથી બીજી સાહિત્યિક ભાષાનો વાસ થતો નથી. જ્યારે બોલચાલની ભાષા તો સતત વિકસતી/રૂપાંતરિત થતી હોવાને કારણે અન્ય સાહિત્યિક ભાષાઓનું નિર્માણ કરતી રહે છે. ડૉ. પી. ડી. ગુણેએ કહ્યું છે કે–"વેદો અને પંડિતોની ભાષાની સાથે સાથે જ એટલે સુધી કે વૈદિક મન્ત્રોની રચનાના સમયમાં પણ એક એવી ભાષા પ્રચલિત હતી કે જે પંડિતોની સંસ્કૃત ભાષા કરતાંય વધારે વિકસિત–વિકાસશીલ–હતી. આ ભાષામાં મધ્યકાલિક ભારતીય બોલીઓની પ્રાચીનતમ અવસ્થા (જેને પાલિ અવસ્થા કહેવામાં આવી છે)ની પ્રમુખ વિશેષતાઓ પ્રવર્તમાન હતી." આ દૃષ્ટિએ જ પ્રાચીન ભારતીય આર્યભાષા–વૈદિક, સંસ્કૃત ભાષાનો (નીચે દર્શાવેલો) પરવર્તી વિકાસ થયો છે એમ સમજવાનું છે.

73. ભારતીય આર્યભાષાઓના અસ્ખલિત વહેતા પ્રવાહને કાલની દૃષ્ટિએ ત્રણ ભાગમાં વહેંચી શકાય છે.

(૧) પ્રાચીન ભારતીય આર્યભાષાઓ લગભગ (ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૫૦૦ સુધી)

(૨) મધ્યકાલિક ભારતીય આર્યભાષાઓ (ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. ૧૦૦૦ સુધી) અને

(૩) આધુનિક ભારતીય આર્યભાષાઓ જેમાં દક્ષિણ ભારતની દ્રાવિડિયન ભાષા કુળની ભાષાઓનો સમાવેશ થતો નથી) ઈ.સ. ૧૦૦૦થી આજદિન સુધી).

'પ્રાચીન ભારતીય આર્યભાષા' એટલે વૈદિક અથવા 'છાન્દસ' ભાષા તેનો પ્રતિનિધિ ગ્રન્થ તે 'ઋગ્વેદ' છે એમ આગળ ઉપર જણાવ્યું છે. આ ઋગ્વેદની સાથે સાથે યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ; બ્રાહ્મણગ્રન્થો અને પ્રાચીન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપનિષદોની ભાષાને પણ 'વૈદિકભાષા' જ કહેવામાં આવે છે. પરંતુ આ બધાની ભાષા એકસરખી નથી. ઋગ્વેદના બીજા મંડળથી નવમા મંડળ સુધીની ભાષા જ અતિપ્રાચીન છે; તથા અવેસ્તાની ઈરાનિયન (ઉપશાખાની) અત્યધિક નજીક છે. બીજા યજુર્વેદાદિની ભાષા કાલક્રમે બદલાતી જતી ભાષા છે. છતાંય આ ઋગ્વેદ અને બીજા વેદગ્રન્થોની ભાષાઓમાંથી 'વૈદિક ભાષા'ની કેટલીક વિશેષતાઓ ઉપસી આવે છે. આ વિશેષતાઓને આધારે જ વૈદિક સંસ્કૃતથી લૌકિક સંસ્કૃતને જુદું પાડી શકાય છે, બીજા શબ્દોમાં કહીએ તો વૈદિક સંસ્કૃતમાંથી કાલક્રમે વિકસેલા/રૂપાંતરિત થયેલા લૌકિક સંસ્કૃતભાષાના સ્વરૂપને તપાસી શકાય છે.

વૈદિક ભાષામાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત—એવા ત્રણ સ્વરો જોવા મળે છે. આથી આ ભાષામાં સંગીતાત્મક સ્વરાઘાત (?) હતો એવું જણાય છે. આ સ્વરાઘાત કે સ્વરભારને જોઈને વેદની ભાષામાં અર્થનિર્ણય થતો હતો. કેમકે સ્વરભેદે અર્થભેદ જોવા મળતો હતો. લૌકિક સંસ્કૃતમાં આ સ્વરભારની વ્યવસ્થા સચવાઈ નથી.

વૈદિક ભાષામાં ળ અને લ્‌ હ ધ્વનિઓ જોવા મળે છે, જે લૌકિક સંસ્કૃતમાં ઊતરી આવ્યા નથી. એ જ પ્રમાણે, (અવેસ્તાની જેમાં) વેદનાં લ્‌ ના સ્થાનમાં રેફ (ર્‌) નો પ્રયોગ જોવા મળે છે; જ્યારે લૌકિક સંસ્કૃતમાં લ્‌ નો પ્રચાર વધ્યો જણાય છે. વૈદિક પદરચના પણ અનેકરૂપતાથી ભરેલી છે. દા.ત. પ્રથમા વિભક્તિ દ્વિવચનમાં देवा અને देवौ; પ્રથમા વિભક્તિ બહુવચનમાં जनाः અને जनासः, તૃતીયા વિભક્તિ બહુવચનમાં देवैः અને देवेभिः જેવાં બબ્બે રૂપ મળે છે. લૌકિક સંસ્કૃતમાં આ શબ્દોનું આવું રૂપ વૈવિધ્ય સુરક્ષિત રહ્યું નથી. વેદમાં હેત્વર્થ કૃદન્તના ૧૫–૧૬ પ્રત્યયો વપરાય છે, પણ લૌકિક સંસ્કૃત આ બધામાંથી કેવળ એક પ્રત્યય/તુમુન્‌/બચ્યો છે. ૦-- कृ ધાતુના (આઠમો ગણ) करोति । कुरुते જેવાં રૂપોની સાથે (નવમા ગણમાં) कृणोति । कृणुते । રૂપો પણ વેદમાં મળે છે, લૌકિક સંસ્કૃતમાં નહીં. વૈદિક ભાષાના પ્રયોગોમાં જોવા મળતી અનેક રૂપતા એવું સૂચવે છે કે તેમાં તત્કાલિક અનેક બોલીઓ સંમિશ્રિત થઈ ગઈ હશે. આમાં દેશ ભિન્નતા અને કાલ ભિન્નતાએ પણ ભાગ ભજવ્યો હશે. છતાંય વેદની સંહિતામાં તે સમયની જનભાષાનું એક પરિનિષ્ઠિત સાહિત્યિક રૂપ આપણને આજે ઉપલબ્ધ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ જનભાષાનો પ્રવાહ આગળ વધતાં વધતાં, બીજું એક સાહિત્યિક રૂપ ધારણ કરે છે, (જેમાં વૈદિક ભાષાનું થોડું–ઘણું પરિવર્તિત સ્વરૂપ ઊતરી આવ્યું) તેને આપણે 'લૌકિક સંસ્કૃત' એવું નામ આપીએ છીએ. આ લૌકિક સંસ્કૃતમાં વાલ્મીકિ, વ્યાસ અને કાલિદાસ જેવાની જગત્ વિખ્યાત અમર સાહિત્યિક કૃતિઓ તથા અનેક શાસ્ત્રગ્રંથો રચાયા છે. લગભગ ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં મહર્ષિ પાણિનિએ અષ્ટાધ્યાયી વ્યાકરણ રચીને આ ભાષાને કાયમી સ્થિરતા બક્ષી. લૌકિક સંસ્કૃત ભાષામાં વેદના ळ અને ल् ह જેવા ધ્વનિઓ, /–तुमुन/ સિવાયના બાકીના બધા જ હેત્વર્થ કૃત્ પ્રત્યયો, लेट् लकार = સંકેતાર્થ વગેરેનો લોપ થયો. ઉપસર્ગોનો સ્વતંત્રપ્રયોગ પણ બંધ થયો. दर्शत (सुन्दर), अमूर (बुद्धिमान) मूर (मूढ) જેવા અનેક વૈદિક શબ્દોનો પ્રયોગ બંધ પડ્યો; અને ઘણા વૈદિક શબ્દોના અર્થ બદલાઈ ગયા કે સંકોચાઈ ગયા. દા.ત. વેદમાં न = ''ના જેવું'' (ઉપમાર્થક) અને ''નહીં'' (નિષેધાર્થક) હતો, પણ લૌકિક સંસ્કૃતમાં આમાંથી બીજો અર્થ જ ચાલુ રહ્યો. असुर શબ્દ વેદમાં શક્તિશાળી (દેવતા) અર્થમાં હતો, તે લૌકિક સંસ્કૃતમાં રાક્ષસનો વાચક બની ગયો. क्षिति શબ્દનો (વેદમાં) 'ઘર', 'નિવાસ સ્થાન' એવો અર્થ થતો હતો, પણ પાછળથી (લોકમાં) તે 'પૃથિવી' અર્થમાં પ્રયોજાવા લાગ્યો. ઉદાત્તાદિ સ્વરભાર લૌકિક સંસ્કૃતમાંથી નીકળી ગયો વગેરે પરિવર્તનો આવી ગયા.

74. આ લૌકિક સંસ્કૃત ભાષામાં સદીઓ સુધી ઉત્તમોત્તમ ગ્રન્થોની રચના થતી રહી છે. પરંતુ સાહિત્યિક સંસ્કૃત ભાષાની સાથે સાથે ચાલતી જનભાષાનો પ્રવાહ આગળ વધતાં કાલક્રમે સામાન્ય રૂપે જેને 'પ્રાકૃત' કહી શકાય તેવી મધ્યકાલિક ભારતીય આર્યભાષાઓ સાહિત્યિક ભાષા તરીકે આકાર પામી. આ 'પ્રાકૃત'નું ત્રણ ભાગમાં વિભાજન થઈ શકે છે : (૧) પ્રથમ–પ્રાકૃત–જેમાં પાલિ અને શિલાલેખની પ્રાકૃત ભાષાઓ આવે છે. (૨) દ્વિતીય પ્રાકૃત–જેમાં અનેક પ્રકાર જોવા મળે છે. જેમકે, માગધી, અર્દ્ધમાગધી, મહારાષ્ટ્રી, શૌરસેની અને પૈશાચી (૩) તૃતીય પ્રાકૃત–જેને 'અપભ્રંશ' કહેવામાં આવી છે.

આ અપભ્રંશ પણ અનેક પ્રકારની હતી. ત્યાર પછી ભારતીય આર્યજન-ભાષાનો પ્રવાહ આગળ જ વધતાં કાલક્રમે આધુનિક ભારતીય આર્યભાષાઓ– જેવી કે, બંગાળી, મરાઠી, હિન્દી, ગુજરાતી વગેરેનો વિકાસ થયો છે. ભારતીય આર્યભાષાઓના આ મોટા જટાજૂટનો ઐતિહાસિક વિકાસ અહીં અપ્રસ્તુત છે.

75. પ્રાચીન ભારતીય રૂપરેખા આર્યભાષાનો પરવર્તી વિકાસ દર્શાવતી રૂપરેખા જોઈશું :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભારત–યુરોપીય ભાષાકુળ

- સતમ્ વર્ગની (ચારમાંની એક) ભારત–ઈરાની શાખા
  - વેદ
    - વેદ → લૌકિક સંસ્કૃત → પ્રાકૃત
      - પ્રથમ પ્રાકૃત
        - પાલિ
        - શિલાલેખોનું પ્રાકૃત
      - દ્વિતીય પ્રાકૃત
        - માગધી
        - અર્દ્ધમાગધી
        - મહારાષ્ટ્રી
        - શૌરસેની
        - પૈશાચી
      - તૃતીય પ્રાકૃત (અપભ્રંશ)
        - ૧. માગધી → ૧. બિહારી, ૨. બંગાળી, ૩. ઉડિયા, ૪. અસમીયા
        - ૨. અર્ધમાગધી → ૫. પૂર્વી હિન્દી
        - ૩. મહારાષ્ટ્રી → ૬. મરાઠી
        - ૪. ખસ → ૭. પહાડી
        - ૫. વ્રાચડ → ૮. સિન્ધી
        - ૬. શૌરસેની → ૯. પશ્ચિમી, ૧૦. રાજસ્થાની, ૧૧. ગુજરાતી
        - ૭ પૈશાચી → ૧૨. પંજાબી, ૧૩. લહંદા
  - અવેસ્તા
- કેન્તુમ્ વર્ગ

(આ ૧૩ ભાષાઓ આધુનિક ભારતીય–આર્યભાષાઓ છે.)

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat